ભાજપના નેતા તુહિન સિંહાએ પણ યાદવની ટીકા કરી હતી, તેમની ટિપ્પણીઓને "ધિક્કારપાત્ર" ગણાવી હતી અને તેમના પર રાજકારણમાં સ્વ-નિર્મિત મહિલાઓનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો. જોકે, યાદવે તેમની ટિપ્પણીનો બચાવ કર્યો હતો, અને દલીલ કરી હતી કે તેઓ મહિલાઓ દ્વારા થતા પ્રણાલીગત શોષણને ઉજાગર કરી રહ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો સહિત ઘણી મહિલાઓ, સંસ્થાઓ અને કાર્યસ્થળોમાં ઉત્પીડનનો સામનો કરે છે અને રાજકારણીઓ અને અન્ય શક્તિશાળી વ્યક્તિઓ ઘણીવાર જવાબદાર હોય છે. તેમણે ગુરૂ ગોવિંદ સિંહ અને રાજા રામ મોહન રોય જેવા ઐતિહાસિક વ્યક્તિઓનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમણે મહિલા અધિકારોની હિમાયત કરી હતી, તેમના દલીલને સમર્થન આપતા કહ્યું કે ભારતીય સમાજ લાંબા સમયથી લિંગ અસમાનતા સાથે સંઘર્ષ કરી રહ્યો છે.

સાંસદે આરોપ લગાવ્યો હતો કે સ્ત્રી ભ્રૂણહત્યા, ઘરેલુ હિંસા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના પ્રતિનિધિત્વનો અભાવ જેવા મુદ્દાઓ સામાજિક સમસ્યાઓને પ્રતિબિંબિત કરે છે. તેમણે આ ચિંતાઓને રાજકીય નેતાઓ, અધિકારીઓ અને પ્રભાવશાળી સંસ્થાઓને સંડોવતા વ્યાપક પ્રણાલીગત નિષ્ફળતાઓ સાથે જોડી હતી.

એક વાઈરલ વીડિયોમાં, તેઓ દલિત લોકો અને અત્યંત પછાત વર્ગો (EBC)ના લોકોની દુર્દશા વિશે વાત કરતા પણ સાંભળવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, એક પણ EBC ઉદ્યોગપતિ નથી. સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં દલિતની માત્ર એક પુત્રી જજ બની છે. તેઓ સેનામાં નથી, પોલીસમાં નથી, મીડિયા ચેનલના માલિક પણ નથી... એક પણ EBC નથી, એક પણ SC-ST નથી. એક પણ EBC કોઈ મઠમાં નથી, એક પણ દલિત કોઈ મઠ કે મંદિરના ટ્રસ્ટમાં નથી. દલિતો અને EBCના અધિકારો વિશે વાત કરવા માટે કોઈ નથી તેવો દાવો કરતાં યાદવે સામાન્ય મહિલાઓના દરજ્જાને ઉત્થાનની માંગ કરી હતી.

# પિતા એક ઉત્પાદક, માતા એક ગૃહિણી અને પુત્ર 'નેશનલ ટોપર' બન્યો... જાણો કેવી રીતે આદિત્ય ગુપ્તાએ JEE મેઈનમાં ૩૦૦માંથી ૩૦૦ ગુણ મેળવ્યા

(એજન્સી) તા.૨૨

આદિત્ય ગુપ્તાએ JEE મેઈન ૨૦૨૬ના સત્ર ૨માં ટોપ કરવા માટે સંપૂર્ણ ૧૦૦ પર્સન્ટાઈલ હાંસલ કર્યું છે. તેમની સફળતાની વાર્તા સંપૂર્ણ તૈયારી, યોગ્ય વ્યૂહરચના, સુસંગતતા અને મજબૂત માનસિક શિસ્તનું ઉદાહરણ આપે છે. આ સફર દરમિયાન, તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે વ્યક્તિએ અંતિમ પરિણામ કરતાં વધુ પ્રયત્નો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. JEE મેઈન જેવી કઠોર પરીક્ષામાં ટોપ મેળવવું એ કોઈ નાની સિદ્ધિ નથી, પરંતુ દિલ્હીના રહેવાસી આદિત્ય ગુપ્તાએ ખરેખર ઈતિહાસ રચ્યો છે! તેમણે JEE મેઈન ૨૦૨૬ ના બીજા સત્રમાં ૩૦૦ માંથી સંપૂર્ણ ૩૦૦ ગુણ મેળવીને ઓલ ઈન્ડિયા રેંક (AIR) ૧ મેળવ્યો. આ સફળતા તેમની સખત મહેનત, શિસ્તબદ્ધ દિનચર્યા, ગોખણપટ્ટી શીખવાને બદલે ખ્યાલોને સમજવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું અને દબાણ હેઠળ પણ શાંત રહેવાની ક્ષમતાનું પરિણામ છે. આ પ્રક્રિયા દરમિયાન, તેમણે પુનરોચ્ચાર કર્યો કે વ્યક્તિએ પરિણામ કરતાં પ્રયત્નોને પ્રાથમિકતા આપવી જોઈએ.

**૧૨ કલાક અભ્યાસ અને સઘન તૈયારી**

તેની તૈયારીના અંતિમ દિવસોમાં, આદિત્યએ પોતાની સંપૂર્ણ શક્તિ તેના અભ્યાસમાં રેડી દીધી. તેણે દિવસમાં ૧૨ કલાક તેના પુસ્તકો માટે સમર્પિત કર્યા. જો કે, તેના અભિગમનું નોંધપાત્ર પાસું એ હતું કે તે શોર્ટકટ કે માત્ર યુક્તિઓનો પીછો કરતો ન હતો; તેના બદલે, તેનું સંપૂર્ણ ધ્યાન તેણે જે કંઈ પણ અભ્યાસ કર્યું હતું તેની



ઊંડી અને સંપૂર્ણ સમજ મેળવવા પર રહ્યું. તેણે પોતાની વર્ગ નોંધોને ઘણી વખત સુધારી કે દરેક ખ્યાલ તેના મનમાં સ્પષ્ટ થઈ ગયો. સરળ શબ્દોમાં કહીએ તો, તેણે શોર્ટકટને બદલે સાચો રસ્તો પસંદ કર્યો અને સખત મહેનત દ્વારા તે રસ્તો સહેલો લાગ્યો. દૈનિક મોક ટેસ્ટે તેની તૈયારીને વધુ મજબૂત બનાવી.

**આ વિષય પર વિશેષ ધ્યાન**

તેની તૈયારીના અંતિમ તબક્કા દરમિયાન, આદિત્યએ અકાર્બનિક રસાયણશાસ્ત્ર પર વિશેષ ધ્યાન આપ્યું. ઘણા વિદ્યાર્થીઓ આને એક એવા વિષય તરીકે માને છે જેને ગોખણપટ્ટીની જરૂર હોય છે અને ઘણીવાર તેને અવગણવાનું પસંદ કરે છે; જો કે, આદિત્ય તેને સંભવિત જેકપોટ તરીકે જોતો હતો. તેનું માનવું હતું કે જો કોઈ આ વિષય પર મજબૂત પ્રભુત્વ સ્થાપિત કરી શકે છે, તો તે ટૂંકા સમયમાં સૌથી વધુ ગુણ મેળવવા માટે સક્ષમ વિભાગ બની શકે છે. તેને ખ્યાલ આવી ગયો હતો કે આ ઉચ્ચ સ્કોરિંગ ક્ષેત્રમાં રોકાયેલી સખત મહેનત જ તેના રેંકને ઉંચાઈઓ સુધી પહોંચાડી શકે છે - અને તે જ બન્યું.

**વિજય પાછળનો વાસ્તવિક હીરો**

આ લાંબી સફર દરમિયાન, આદિત્યની સૌથી મોટી શક્તિ શીખવાની તેની અતૃપ્ત ભૂખ અને તેના પ્રિયજનોનો અતૂટ ટેકો હતો. આદિત્ય માટે, આ બે વર્ષ ક્યારેય બોજ જેવા લાગ્યા નહીં. તેણે ફક્ત રેસ જીતવા માટે અભ્યાસ કર્યો ન હતો; તેના બદલે, તેણે અભ્યાસ કર્યો કારણ કે તેને ખરેખર નવી વસ્તુઓ શીખવાનો આનંદ આવતો હતો. આ જ જિજ્ઞાસા તેના અંતિમ તણાવ દૂર કરનાર તરીકે કામ કરતી હતી. જ્યારે તમે તમારા કાર્યને પ્રેમ કરવાનું શરૂ કરો છો, ત્યારે થાક અને તણાવ સ્વાભાવિક રીતે જ રસ્તામાં આવી જાય છે. તે તેની સફળતાનો શ્રેય તેના માતાપિતા, શિક્ષકો અને શાળા તરફથી તેના તૈયારીના તબક્કા દરમિયાન મળેલા સતત સમર્થનને આપે છે. તેના પિતા ઉત્પાદન ક્ષેત્રમાં કામ કરે છે, જ્યારે તેની માતા ગૃહિણી છે. તેઓ તેની સફળતા અને તેની મુશ્કેલીઓ બંનેમાં પ્રેરણાના સ્ત્રોત તરીકે તેની સાથે ઉભા રહ્યા. તેણે વધુમાં ઉમેર્યું કે તેના શિક્ષકો અને વિદ્યામંદિર વર્ગોએ તેને સામનો કરેલા દરેક પડકારને સરળ બનાવવામાં મદદ કરી - પછી ભલે તે મોટો હોય કે નાનો. તેમણે તેમને જટિલ વિષયો સમજવામાં મદદ કરી જ નહીં, પરંતુ જ્યારે પણ શૈક્ષણિક કાર્યભાર એક અદમ્ય પર્વત જેવો લાગતો ત્યારે તેમને જરૂરી પ્રોત્સાહન પણ પૂરૂં પાડ્યું.

# સના ફરહીને વ્યવસાયિક સૂઝબૂઝથી શાર્ક ટેન્ક ઈન્ડિયાના જજને પ્રભાવિત કર્યા

(એજન્સી) મુંબઈ, તા.૨૨

સોની ટીવીનો લોકપ્રિય બિઝનેસ રિયાલિટી શો 'શાર્ક ટેન્ક ઈન્ડિયા' ઉભરતા સાહસિકો માટે એક મોટું પ્લેટફોર્મ બની રહ્યો છે. તાજેતરમાં શાર્ક ટેન્ક ઈન્ડિયાની બીજી સીઝનમાં ઔરંગાબાદની ૨૩ વર્ષીય મુસ્લિમ મહિલા ઉદ્યોગસાહસિક સના ફરહીન શેખે પોતાની મક્કમતા અને વ્યવસાયિક સૂઝબૂઝથી શોના તમામ જજિસના દિલ જીતી લીધા હતા. સનાએ તેના સ્ટાર્ટઅપ 'Forevermodest.in' દ્વારા ફેશન ઉદ્યોગમાં એક નવી ક્રાંતિ લાવવાનો પ્રયાસ કર્યો છે.

સનાએ પોતાની સફર વિશે જણાવતા કહ્યું કે, તેને આ વ્યવસાય શરૂ કરવાનો વિચાર ત્યારે આવ્યો જ્યારે તેને પોતાની રમતગમતની પ્રવૃત્તિઓ માટે યોગ્ય મોડેસ્ટ (મર્યાદિત અને સભ્ય) સ્પોર્ટ્સવેર શોધવામાં મુશ્કેલી પડી રહી હતી. રસપ્રદ વાત એ છે કે, સના પોતે ફેન્સિંગ (તલવારબાજી)માં ચેમ્પિયન રહી ચૂકી છે. સ્નાતક થયા પછી, તેણે ગ્રાહકોને 'પસંદગીની શક્તિ' આપવા માટે 'ફોરએવર મોડેસ્ટ' (FM) બ્રાન્ડની શરૂઆત કરી. આ કામમાં તેને તેની માતા, જે પોતે ફેશન ડિઝાઈનર છે, તેમનો



**ફેશન ઉદ્યોગમાં નવી ક્રાંતિ લાવતી મુસ્લિમ ઉદ્યોગ સાહસિક**

પૂરો સહયોગ મળી રહ્યો છે.

શો દરમિયાન સનાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ફેશન ઉદ્યોગ હાલમાં મોડેસ્ટ ક્લોધિંગમાં પૂરતા વિકલ્પો આપી રહ્યો નથી. તેની બ્રાન્ડ વિશ્વની પ્રથમ એવી મોડેસ્ટ ક્લોધિંગ બ્રાન્ડ હોવાનો દાવો કરે છે જે કેઝ્યુઅલ વેર, સ્પોર્ટ્સવેર અને ઓફિસ વેર પૂરા પાડે છે, તેમજ હવે તે સ્વિમવેર પર પણ કામ કરી રહી છે. સનાના કલેક્શનમાં આધુનિક શૈલી અને પરંપરાગત સૌંદર્ય શાસ્ત્રનું અદભૂત મિશ્રણ જોવા મળે છે, જે મહિલાઓને સ્ટાઈલિશ છતાં મર્યાદિત પોશાકના વિકલ્પો આપે છે. સનાની બ્રાન્ડની ખાસિયત તેની પરવડે તેવી કિંમત અને 'કસ્ટમાઈઝ્ડ સાઈઝ' (ગ્રાહકની જરૂરિયાત મુજબના માપ) છે, જે જોઈને જજિસ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ૨૦૨૧માં શરૂ થયેલી આ કંપનીએ અત્યાર સુધીમાં ૨,૭૬૧થી વધુ ઉત્પાદનોનું વેચાણ કર્યું છે. સનાએ સ્પષ્ટ કર્યું હતું કે, મોડેસ્ટ ફેશન કોઈ ખાસ સમુદાય માટે નથી, પરંતુ જે કોઈ પણ મર્યાદિત પોશાકમાં આરામદાયક અનુભવે છે તે દરેક માટે છે. તેની આ સ્પષ્ટ દૃષ્ટિ અને જુસ્સાને કારણે શોના તમામ શાર્ક્સે તેને રોકાણ માટે ઓફર આપી હતી.

# વડોદરામાં મુખ્યમંત્રીના કોન્વોય વચ્ચે પોલીસ પર હુમલો

## સસ્પેન્ડ કરાવવાની ધમકી આપનાર મહિલા સહિત ૩ સામે ગુનો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૨

વડોદરા શહેરમાં મુખ્યમંત્રીના પ્રવાસ દરમિયાન ગોઠવાયેલા વીવીઆઈપી બંદોબસ્ત વચ્ચે કાયદો અને વ્યવસ્થાને પડકારતી ઘટના સામે આવી છે. ટ્રાફિક નિયંત્રણ દરમિયાન પોલીસકર્મી સાથે ગેરવર્તન અને હુમલો કરવામાં આવતા મહિલા સહિત ત્રણ લોકો સામે સમા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. સમા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ અજીતસિંહ લક્ષ્મણસિંહ દ્વારા નોંધાયેલી ફરિયાદ મુજબ, મુખ્યમંત્રીના વડોદરા પ્રવાસને પગલે દુમાડ ચોકડી બ્રિજ નીચે ટ્રાફિક નિયંત્રણ માટે વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અમદાવાદ એક્સપ્રેસ હાઈવે તરફથી આવતા વાહનોને કોન્વોય પસાર થાય ત્યાં સુધી રોકી વ્યવસ્થા જાળવવામાં આવી રહી હતી. ગઈકાલે રાત્રે આશરે ૯:૨૬ વાગ્યે કંટ્રોલ રૂમ તરફથી બંદોબસ્ત પૂર્ણ થવાનો સંદેશ મળ્યા બાદ પણ પોલીસ નિયમ મુજબ ટ્રાફિક સંભાળી રહી હતી. તે દરમિયાન હોન્ડા પેશન બાઈક પર સવાર એક વ્યક્તિએ પોલીસના ઈશારા છતાં વાહન ન રોકતા આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે અટકાવતા જ બાઈક સવાર ઉશ્કેરાઈ ગયો અને ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. બાદમાં તેની સાથે રહેલા અન્ય યુવાન તેમજ ઈકો કારમાંથી ઉતરેલા બે મહિલા અને એક પુરુષે મળીને પોલીસકર્મી સાથે ઝપાઝપી કરી હુમલો કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ અન્ય પોલીસ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા અને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. એક આરોપીને તાત્કાલિક કસ્ટડીમાં લઈ પોલીસ સ્ટેશન ખસેડાયો હતો. આ દરમિયાન એક મહિલાએ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી પોલીસને સસ્પેન્ડ કરાવવાની ધમકી પણ આપી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીઓએ પોતાના નામ કૌશિક બિપિન પટેલ, પ્રેમલ કૌશિક પટેલ અને ફાલ્ગુની કૌશિક પટેલ (રહે. ગણેશપુરા, તા. વાઘોડિયા) હોવાનું જણાવ્યું હતું. સમા પોલીસે ત્રણેય સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ગોધરા તાલુકાના પઢિયાર ગામમાં

# ચૂંટણી બૂથ ધરાવતી શાળાનું વીજ જોડાણ અજાણ્યો શખ્સ કાપી ગયો

(સંવાદદાતા દ્વારા) ગોધરા, તા.૨૨

ગોધરા તાલુકાના પઢિયાર ગામના અંદરના મુવાડા પ્રાથમિક શાળામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં MGVCLના નામે આવેલા એક ભેજાબાજ શખ્સે શાળાનું વીજ જોડાણ કાપી નાખતા કાળઝાળ ગરમીમાં માસૂમ વિદ્યાર્થીઓ અને શિક્ષકો મુશ્કેલીમાં મુકાયા હતા. આ શખ્સે સ્માર્ટ મીટર લગાવવાના આવનાર ઈસમે શાળા બંધ થયા બાદ વિજકનેકશન કાપી નાખ્યાનુ બહાર આવ્યું છે. ગોધરાના પઢીયાર ગામની પ્રાથમિક શાળામાં ધો.૧થી ૫ના બાળકો અભ્યાસ કરે છે. ૧૮ એપ્રિલે શાળામાં એક અજાણ્યો ઈસમ આવ્યો હતો. તેણે પોતાની ઓળખ MGVCLના કર્મચારી તરીકે આપી 'જૂના મીટરની જગ્યાએ સ્માર્ટ મીટર લગાવવાનું છે' તેમ કહી કામગીરી શરૂ કરવાની વાત કરી હતી. જોકે, સતર્ક આચાર્યે તેની પાસે આઈ - કાર્ડની માંગણી કરતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો અને ત્યાંથી રવાના થઈ ગયો હતો. બાદમાં સાંજે તક જોઈને આ અજાણ્યા શખ્સે શાળાનું વીજ કનેક્શન ગેરકાયદે રીતે કાપી શાળાનું વીજ કનેકશન ગેરકાયદે રીતે કાપી નાખ્યું હતું. રવિવારની રજા બાદ સોમવારે જ્યારે શાળા ખુલી ત્યારે લાઈટ અને પંખા બંધ હોવાથી વિદ્યાર્થીઓ પરસેવે રેબઝેબ થયા હતા.

# માલપુર : ઠગાઈથી વ્યથિત વૃદ્ધાનો આપઘાત SOGએ બે રીઢા ઠગોને દબોચ્યા

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૨૨

અરવલ્લી જિલ્લાના માલપુર પંથકમાં માનવતાને શર્મસાર કરતી એક ઘટના સામે આવી છે. ત્રણ ઠગબાજોએ એક નિર્દોષ વૃદ્ધાને વિશ્વાસમાં લઈ તેમના કિંમતી ઘરેણાં પડાવી લેતા, આઘાતમાં સરી પડેલી વૃદ્ધાએ ઝેરી દવા પીને પોતાનું જીવન ટૂંકાવ્યું છે. આ બનાવને પગલે જિલ્લા પોલીસ તંત્ર એકશનમાં આવ્યું હતું અને ગણતરીના કલાકોમાં બે મુખ્ય આરોપીઓને ઝડપી પાડ્યા છે. ઘટનાની વિગત મુજબ, ત્રણ શખ્સોએ એક વૃદ્ધાને વાતોમાં ભોળવી તેમનો વિશ્વાસ જીત્યો હતો અને તેમની પાસેથી અંદાજે ૧ કિલો ચાંદીના કડલા પડાવીને ફરાર થઈ ગયા હતા. પોતાની આજીવનની મૂડી સમાન ઘરેણાં ગુમાવ્યાનું દુઃખ સહન ન થતા, વૃદ્ધાએ અંતિમ પગલું ભરી આત્મહત્યા કરી લીધી હતી. જેના પગલે રોષ અને શોકની લાગણી પ્રસરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી જિલ્લા



પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ તપાસના આદેશ આપ્યા હતા. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની ટીમે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ શરૂ કરી હતી. પોલીસને બાતમી મળી હતી કે આરોપીઓ GJ 31 AB 5480 નંબરની એક્ટિવા પર મોડાસા તરફ જઈ રહ્યા છે. આ બાતમીના આધારે સર્વોદયનગર ડુંગરી વિસ્તારમાં નાકાબંધી ગોઠવી પોલીસે શંકાસ્પદ એક્ટિવાને રોકી હતી. જેમાં સવાર બે શખ્સોની પૂછપરછ કરતા સમગ્ર ગુનાનો પર્દાફાશ થયો હતો. ઝડપાયેલા આરોપીઓમાં ૧.દેવાભાઈ ઉર્ફે ભાટિયા ધીરાભાઈ સલાટ, ૨.દિલીપભાઈ મોહનભાઈ સલાટની ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી ૨.૫૦ લાખની કિંમતના ૧ કિલો ચાંદીના કડલા અને ૫૦ હજારની એક્ટિવા મળી કુલ રૂા.૩ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલો ત્રીજો આરોપી અર્જુન ઉર્ફે અજય રાઠોડને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

### ડ્રેનેજ લાઈન ચોકઅપ થઈ જતાં રોગચાળાની ભીતિ

# વઢવાણ ખાતે અબોલપીર ચોક વિસ્તારમાં ડ્રેનેજના પાણી લોકોના ઘરોમાં ભરાયા

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૨૨

વઢવાણ અબોલપીરના ચોક વિસ્તારમાં ડ્રેનેજ પાણી ભરાઈ ચૂક્યા છે અને આ ગંદા પાણી લોકોના ઘર સુધી ભરાઈ જતા સ્થાનિક લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે ગંદા પાણીમાંથી પસાર થવા માટે પણ મજબૂર બનવું પડ્યું છે એક તરફ કરોડો રૂપિયાનું સેનિટેશન વિભાગ પાછળ મહાનગરપાલિકા દર વર્ષે આંધણ કરી રહી છે ત્યારે પ્રાથમિક લેવલના જે પ્રશ્નો છે તે નિરાકરણ માટે પણ સેનિટેશન વિભાગ નિષ્ફળ નિવડ્યું હોય તે પ્રકારના ઘાટ સર્જાઈ જવા પામ્યું છે. વોર્ડ નંબર ૧૩માં છેલ્લા પાંચ વર્ષથી ભાજપની પેનલ સત્તા ઉપર રહેલી હતી અને આમ છતાં પણ વોર્ડ નંબર ૧૩માં ભાજપના કાર્યકરો દ્વારા એક પણ સારૂ કાર્ય અબોલ પીર ચોક વિસ્તારમાં કરવામાં આવ્યું ન હોવાનું હાલમાં અબોલ પીર ચોકમાં રહેવાસી અને જનતામાં સાંભળવા મળી રહ્યું છે ત્યારે અબોલ પીર ચોકમાં રહેતા શારદાબેન જણાવી રહ્યા છે કે છેલ્લા પાંચ વર્ષથી ભાજપનું શાસન હતું



(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

અને આમ છતાં પણ એક પણ ભાજપનો કાર્યકર મકાનમાં ગટરોના પાણી ઘૂસી જાય અને ફોન કરવામાં આવે છતાં પણ એક પણ કાર્યકર જોવા માટે કે તે પાણીનો ગટરનો નિકાલ કરવા માટે આવ્યો હોય તેવું આજ દિન સુધી જોવા મળ્યું નથી. જ્યારે આ અંગે આ જ વિસ્તારના રહેવાસી બાનુબેન કાજી જણાવી રહ્યા છે કે નાની ભોયણ શેરી આવેલી છે અને આ શેરીમાં એક પણ સફાઈ કામદાર સફાઈ કરવા માટે ક્યારે આવ્યા નથી કે ગટરો છેલ્લા કેટલાય સમયથી તૂટી ગઈ છે અને ગટરો ક્યારે બની હશે તે પણ મને ખબર નથી કારણ કે મારા લગ્ન થયા તેને પણ આજે ૪૫ વર્ષ થયા છતાં આ શેરીમાં ગટરનું કામકાજ કરવામાં આવ્યું નથી અને જ્યારે પાણીનો વારો હોય છે ત્યારે ફરજિયાત પણે આખાય ખાંચામાં પાણી ભરાઈ રહે છે અને ફરજિયાત પણે લોકોને પણ ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે ત્યારે આ જ વિસ્તારના સુશીલાબેન મકવાણા જણાવી રહ્યા છે કે છેલ્લા પાંચ વર્ષમાં અબોલ પીર ચોક વિસ્તારનો વિકાસ થયો જ નથી.

# ભરૂચમાં પોલીસ અને હોમગાર્ડ જવાનોનું બેલેટ પેપરથી મતદાન

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૨

ભરૂચમાં આવનાર ચૂંટણીને ધ્યાનમાં રાખીને ફરજ પર તૈનાત પોલીસ કર્મચારીઓ તેમજ હોમગાર્ડ જવાનો માટે વિશેષ મતદાન વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવાની મહત્વપૂર્ણ જવાબદારી સંભાળતા આ કર્મચારીઓ પોતાનો મતાધિકાર ગુમાવી ન બેસે તે માટે બેલેટ પેપર દ્વારા મતદાન કરવાની સુવિધા આપવામાં આવી હતી. આ મતદાન પ્રક્રિયા ભરૂચ એસપી કચેરીના ગ્રાઉન્ડ નજીક આવેલી નિર્ધારિત કચેરી ખાતે શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. વહેલી સવારથી જ પોલીસ જવાનો અને હોમગાર્ડ સભ્યો મતદાન કરવા માટે હાજર રહ્યા હતા અને નિયમોનું પાલન કરીને પોતાનો મત નોંધાવ્યો હતો. સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને વ્યવસ્થિત રીતે પૂર્ણ થાય તે માટે જરૂરી તમામ આયોજન અને સુરક્ષા વ્યવસ્થાઓ પણ તંત્ર દ્વારા કરવામાં આવી હતી. ચૂંટણી ફરજ દરમિયાન પણ પોતાના લોકશાહી હક્કનો ઉપયોગ કરવા માટે જવાનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. લોકશાહીના પર્વમાં સક્રિય ભાગ લઈ પોલીસ અને હોમગાર્ડ જવાનોએ ફરજ સાથે સાથે પોતાની નાગરિક જવાબદારી પણ નિભાવી હતી.

# ચાંદોદમાં નાળાના સમારકામ મુદ્દે તંત્રની બેધારી નીતિથી ઉગ્ર જનરોષ !

## પ્રતિબંધ માત્ર એસ.ટી. બસોની સેવા માટે જ સીમિત !

(સંવાદદાતા દ્વારા)
ડભોઈ, તા.૨૨

દક્ષિણ પ્રયાગ તીર્થક્ષેત્ર તરીકે ઓળખાતા ચાંદોદમાં છેલ્લા નવ માસથી નાળાના સમારકામને લઈ ભારદારી વાહનો પર મૂકાયેલા પ્રતિબંધને લઈને તંત્રની બેધારી નીતિ સામે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. પ્રશ્નના નિરાકરણમાં સ્થાનિક નેતાગીરી પણ નિષ્ફળ સાબિત થતા ગ્રામજનોમાં અસંતોષ વધતો જાય છે. માહિતી મુજબ, તંત્ર દ્વારા ભારદારી વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પરંતુ આ પ્રતિબંધ હાલમાં માત્ર એસટી બસ સુધી જ સીમિત રહી ગયો હોવાનું જણાઈ રહ્યું છે. બીજી તરફ તંત્રના પોતાના વાહનો, ખાનગી ભારદારી વાહનો તેમજ ગેરકાયદે રેતી વહન કરતા ડમ્પરો દિવસ-રાત નાળામાંથી અવરજવર કરી રહ્યા છે. આથી તંત્રની કાર્યશૈલી સામે પ્રશ્નચિહ્ન ઊભું થયું છે.

ચાંદોદના બસ સ્ટેન્ડ સુધી એસટી બસોની આવન-જાવન ફરી શરૂ થાય તે માટે ગ્રામજનો દ્વારા અનેક રજૂઆતો કરવામાં આવી છે, છતાં આજદિન સુધી કોઈ સકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી. પરિણામે હવે નગરજનોમાં રોષ વધતો જઈ રહ્યો છે.

સ્થાનિક નાગરિકો, વિદ્યાર્થીઓ અને યુવાનો દ્વારા વોટ્સએપ ગ્રુપો તેમજ અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તંત્ર અને સ્થાનિક નેતાગીરીની ટીકા કરવામાં આવી રહી છે. લોકો ખુલ્લેઆમ પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. આ છૂપો રોષ આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રતિક્રિયા સ્વરૂપે બહાર આવે તેવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

નવ મહિનાનો લાંબો સમય પસાર થઈ ગયો હોવા છતાં નાળાના સમારકામની કામગીરીનો આરંભ થયો નથી. આથી સર્વત્ર એક જ માંગ ઉઠી રહી છે કે જ્યાં સુધી સમારકામ શરૂ ન થાય ત્યાં સુધી ચાંદોદના બસ સ્ટેન્ડ સુધી લોકલ અને એક્સપ્રેસ એસટી બસોની સેવા પૂર્વવત્ શરૂ કરવામાં આવે. સ્થાનિકોનો આક્ષેપ છે કે તંત્રની મનસ્વી અને બેધારી નીતિના કારણે સામાન્ય જનતાને અકારણે મુશ્કેલીઓ ભોગવવી પડી રહી છે. હવે તંત્ર તાત્કાલિક યોગ્ય નિર્ણય લઈ સમસ્યાનું સમાધાન કરે તેવી માંગ ઉઠી રહી છે.

# જૂનાગઢમાં આઈપીએલ મેચ ઉપર ઓનલાઈન સટ્ટો રમતો યુવક ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢના ઈન્દ્રેશ્વર રોડ પર આવેલા વેદાંત એપાર્ટમેન્ટ પાસે પોલીસે દરોડો પાડી ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમી રહેલા દોલતપરાના એક શખ્સને ઝડપી પાડી મોબાઈલ કબજે લીધો હતો. ક્રાઈમ બ્રાન્ચની ટીમ સોમવારે રાત્રે શહેરમાં પેટ્રોલીંગમાં હતી, ત્યારે બાતમી મળી હતી કે દોલતપરામાં આવેલ વેદાંત એપાર્ટમેન્ટના બ્લોક નં.૧૦૬માં રહેતો દીપકગીરી મનસુખગીરી મેઘનાથી એપાર્ટમેન્ટની નીચે પોતાના મોબાઈલ ઉપર ક્રિકેટ મેચનો જુગાર રમી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે રેઈડ પાડી હતી. જેમાં દીપકગીરી મુંબઈ ઈન્ડિયન્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાઈ રહેલી ૨૦-૨૦ ક્રિકેટ મેચ ઉપર ઓનલાઈન આઈડી દ્વારા હાર-જીતનો જુગાર રમતો હતો. તેના મોબાઈલમાં સાઈટ પર આઈડી મળી આવ્યું હતું. જેમાં રૂપિયા ૨,૧૪૦.૬૧નું બેલેન્સ જોવા મળ્યું હતું. શખ્સે કબૂલાત કરી હતી કે તેણે યુ-ટ્યુબ પર જાહેરાત જોઈને આ આઈડી મેળવ્યું હતું પોલીસે યુવકની મોબાઈલ ફોન સાથે અટક કરી હતી.

# કઠલાલના બદલપુરમાં કિશોરી સાથે દુષ્કર્મ કરનાર આધેડ ઈસમને ૨૫ વર્ષની કેદ

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૨૨

કઠલાલ તાલુકાના બદલપુર આઠ મહિના પહેલા એક ચાલીસ વર્ષીય ઈસમે બાજુની શાળામાં અભ્યાસ કરતી એક ૧૪ વર્ષીય સગીરા પર લાલચ આપી પટાવી ફોસલાવી પોતાના ઘરે લઈ જઈ અવારનવાર દુષ્કર્મ કર્યો હતો. આ બનાવમાં કપડવંજ કોર્ટે આરોપી ઈસમને દોષિત ઠેરવીને ૨૫ વર્ષની કેદની સજા ફટકારી છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ મૂળ બદલપુરનો અને હાલ અમદાવાદના સીગવા ખાતે રહેતો ૪૦ વર્ષીય રાજુભાઈ કાળીદાસ રોહિતે તા.૨૦/૮/૨૫થી તારીખ ૬/૯/૨૫ દરમિયાન એક સગીરા જ્યારે હાઈસ્કૂલથી રિશેષના સમયે બહાર નીકળતી ત્યારે તેને ખાવાની ચીજવસ્તુઓના પડીકા આપવાની લાલચ આપી હતી. સગીરાની નિર્દોષતાનો લાભ લઈ આરોપી તેને પટાવી ફોસલાવી બદલપુર ખાતેના પોતાના ઘરે લઈ ગયો હતો. ત્યાં ઘરના પાછળના રૂમમાં સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી તેની મરજી વિરૂદ્ધ વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું.

આ મામલે કઠલાલ પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ.ની વિવિધ કલમો તેમજ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જેની ચાર્જશીટ કોર્ટમાં મૂકી હતી. આ કેસ કપડવંજ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં આરોપી વિરૂદ્ધ ગુનો સાબિત થયો હતો. સ્પેશિયલ જજ કે.એસ. પટેલે આરોપી રાજુભાઈ કાળીદાસ રોહિતને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ દોષિત જાહેર કરી ૨૫ વર્ષની કેદની સજાનો આખરી હુકમ કર્યો છે.

# મહીસાગર જિલ્લામાં ૪૧ જેટલા રેડ ઝોન અને યલો ઝોન વિસ્તારો જાહેર

(સંવાદદાતા દ્વારા)
લુણાવાડા, તા.૨૨

મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી.વી. લટા દ્વારા જાહેરનામું બહાર પાડીને જિલ્લામાં આવેલા ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્ત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને 'રેડ ઝોન' અને 'યલો ઝોન' તરીકે જાહેર કર્યા છે. મહીસાગર જિલ્લાના કુલ ૪૧ ઝોન પૈકી ૨૨ને 'રેડ ઝોન' અને ૧૯ને 'યલો ઝોન' જાહેર કરવામાં આવ્યા છે.

યલો ઝોનમાં મહીસાગર ડિસ્ટ્રિક્ટ કોર્ટ (૨૦૦ મીટર), એસ.પી. ઓફિસ અને કલેક્ટર કચેરી મહીસાગર (૨૦૦ મીટર), લુણાવાડા (૨૦૦ મીટર), કોઠંબા, બાલાસિનોર, વીરપુર અને સંતરામપુર (દરેક ૧૦૦ મીટર) ખાતેના ટેલિફોન એક્સચેન્જો, મધવાસ મહી નદીનો પુલ (૫૦૦ મીટર), લુણાવાડા ખાતેનો પાનમ નદીનો પુલ (૫૦૦ મીટર), આગરવાડા મહી નદીનો પુલ (૫૦૦ મીટર), સંતરામપુર ખાતેનો છીબોટા નદીનો પુલ (૫૦૦ મીટર), કડાણા ખાતેનો ઘોડિયાર પુલ (૫૦૦ મીટર), લુણાવાડા સિવિલ હોસ્પિટલ (૫૦૦ મીટર), ખાનપુર ખાતેનો ભાદર ડેમ (૫ કિમી), લુણાવાડા, બાલાસિનોર અને સંતરામપુર ખાતેના વોટર સપ્લાય પ્લાન્ટ (દરેક ૫૦૦ મીટર), લુણાવાડા ખાતે પોલીસ હેડક્વાર્ટર મહીસાગર (૫૦૦ મીટર) અને બાલાસિનોર ખાતે જે.કે. સિમેન્ટ વર્ક્સ (૫૦૦ મીટર)નો સમાવેશ થાય છે.

રેડ ઝોનમાં સાવદાસ ના મુવાડા (૫૦૦ મીટર), લુણાવાડા (૫૦૦ મીટર), કોઠંબા (૫૦૦ મીટર), મોવાસા (૫૦૦ મીટર), વરધરી (૫૦૦ મીટર), સાચકપુર (૫૦૦ મીટર), લીમડીયા (૫૦૦ મીટર), બકોર (૫૦૦ મીટર), ખાનપુર (૫૦૦ મીટર), ડીટવાસ (૫૦૦ મીટર), સંતરામપુર (૫૦૦ મીટર), લીમડા મુવાડી (૫૦૦ મીટર), વાલાખેડી (૫૦૦ મીટર), પાંડવા (૫૦૦ મીટર), જોરાપુરા (૫૦૦ મીટર), ભાથલા (૫૦૦ મીટર), બાલાસિનોર (૫૦૦ મીટર) અને વીરપુર (૫૦૦ મીટર) ખાતેના ઈલેક્ટ્રિક પાવર સબ સ્ટેશન ૬૬ કેવી; તેમજ કડાણા ખાતે કડાણા હાઈડ્રો-ઈલેક્ટ્રિક પાવર સ્ટેશન (૫ કિમી), વણાકબોરી ખાતે ઓરેવા પાવર સ્ટેશન (૫ કિમી), કડાણા ડેમ (૫ કિમી) અને વણાકબોરી ડેમ (૫ કિમી)નો સમાવેશ થાય છે. આ જાહેરનામું પ્રકાશનની તારીખથી તા.૨૨/૦૬/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

### ઈંગ્લિશ દારૂની ૪૮૮ બોટલ ઝડપાઈ

# સિહોર નજીક કારમાં ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરતા બે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૨૨

ભાવનગર પેરોલ ફર્લોસ્કવોડનાં પોલીસ સ્ટાફના માણસો ભાવનગર શહેર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન સ્ટાફને બાતમી મળેલ કે નેસડા ગામે હીરનગર જવાના રસ્તા ઉપર એક સફેદ કલરની આઈ-૨૦ ફોર વ્હીલ ઊભેલ છે અને તેમાં ગેરકાયદેસર ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ છે. અને બે માણસો આ દારૂ સગેવગે કરે છે. જે આધારે તપાસ કરતાં યુવરાજ ઉર્ફે શિવરાજભાઈ હકુભાઈ ખાચર રહે.લોયાગામ, તા.સાયલા તથા મિલનભાઈ સોમનાથભાઈ રાઠોડ ખોડીયારનગર, ખાખરીયાના પાટીયા પાસે, શિહોર, ફોર વ્હીલની પાછળની સીટ તથા ડીકીમાંથી ઈંગ્લીંશ દારૂના જથ્થા સાથે મળી આવેલ. બંને શખ્સોની પુછપરછ કરતા આ દારૂનો જથ્થો અલકુભાઈ ભાંભડા રહે. ભાણેજડા તા.સાયલા તથા ઉદયભાઈ ધાંધલ રહે.થાન પાસેથી લાવેલ હતા અને આ દારૂ વિપુલભાઈ કલાભાઈ ડાંગર રહે. નેસડા ગામ તા.સિહોર તથા મહેશભાઈ દેવશીભાઈ જોટાણા રહે. સિહોર તથા જયરાજભાઈ શિવાભાઈ મોરી રહે.ફુલવાડી વિસ્તાર વડીયા સિહોરને વેચાણથી આપવાનો હતો.તેમ જણાવેલ પોલીસે દારૂની બોટલો કુલ નંગ-૪૮૮ કિ.રૂા.૨,૪૮,૦૯૬/- તથા બે મોબાઈલ ફોન કિ.રૂા.૧૦,૦૦૦/- તથા સફેદ કલરની હ્યુડાઈ કંપનીની ૧૨૦ આસ્થા કાર કિ.રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂા. ૭, ૫૮,૦૯૬નો મુદામાલ જપ્ત કરી સિહોર પોલીસ મથકમાં સાતેય શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી કાર્યવાહી હાથ ધરી હતી.

# કરજણમાં પેટ્રોલિંગ દરમિયાન દેશી તમંચા સાથે બે યુવકો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૨

વડોદરા ગ્રામ્ય પોલીસે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ભયમુક્ત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે 'ઓપરેશન પરાક્રમ' નામનું વિશેષ અભિયાન શરૂ કર્યું છે. આ કામગીરી દરમિયાન પી.કે. સોઢા (પોલીસ ઈન્સ્પેક્ટર, SOG વડોદરા ગ્રામ્ય)ના માર્ગદર્શન હેઠળ પી.જે. પટેલ અને એચ.એમ. જાળીયા (પોલીસ સબ ઈન્સ્પેક્ટર) સહિતની ટીમોએ અલગ-અલગ દળો બનાવી જિલ્લાભરમાં સક્રિય તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન કરજણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન SOG ટીમને બાતમી મળી હતી કે બે ઈસમો મોટરસાયકલ નંબર GJ-06-SN-3659 પર ગેરકાયદેસર હથિયાર સાથે અઝી કુરાલીથી ગણપતપુરા તરફ જઈ રહ્યા છે. બાતમીના આધારે કુરાલી ગામની સીમમાં વોચ ગોઠવી કાર્યવાહી કરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન મોબીનભાઈ મતાભાદ અને અમીનભાઈ હકીમભાઈ ગજુ (સિંધી) નામના બે ઈસમોને દેશી હાથ બનાવટના તમંચા સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.

# ચોક્કસ દુકાનેથી યુનિફોર્મ કે સ્ટેશનરી ખરીદવા માટે સ્કૂલો દબાણ નહીં કરી શકે

## વડોદરા ડીઈઓ કચેરી દ્વારા શાળાઓને પરિપત્ર પાઠવાયો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૨

નવુ શૈક્ષણિક વર્ષ શરુ થાય તે પહેલ જ ડીઈઓ કચેરી દ્વારા સ્કૂલોને ચીમકી આપવામાં આવી છે.ડીઈઓ કચેરીએ સ્કૂલોને એક પરિપત્ર પાઠવીને સૂચના આપી છે કે, વિદ્યાર્થીઓને ચોક્કસ દુકાનો પરથી યુનિફોર્મ, પુસ્તકો અને સ્ટેશનરી ખરીદવા માટે દબાણ કરવું નહીં અને જો આ બાબતે કોઈ ફરિયાદ મળશે તો આરટીઈ એક્ટના નિયમો પ્રમાણે સ્કૂલો સામે કાર્યવાહી કરવામાં આવશે. દર વર્ષે વેકેશન પૂરુ થવાનું હોય તેના પંદર દિવસ અગાઉથી વાલીઓ અને વિદ્યાર્થીઓ નવા શૈક્ષણિક વર્ષ માટે ખરીદી કરવા નીકળતા હોય છે. દર વર્ષે કેટલીક સ્કૂલો યુનિફોર્મ અને બીજી વસ્તુઓ ચોક્કસ દુકાનેથી જ ખરીદવામાં આવે તે માટે વાલીઓ અને વિદ્યાર્થીઓ પર દબાણ કરતી હોવાની ફરિયાદો ઉઠતી હોય છે. કેટલીક સ્કૂલો પાઠય પુસ્તકો સિવાય ખાનગી પ્રકાશનના પુસ્તકો પણ અભ્યાસક્રમમાં સામેલ કરે છે અને તે પુસ્તકો ખરીદવા વાલીઓ અને વિદ્યાર્થીઓને ફરજ પાડે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ડીઈઓ કચેરી દ્વારા અત્યારથી પરિપત્ર કરવામાં આવ્યો હોવાનું મનાય છે. જોકે સ્કૂલો સામે વાલીઓ ફરિયાદ કરે તો અસરકારક કાર્યવાહી થશે કે કેમ તે એક સવાલ છે.

### સંવેદનશીલ મથકો પર સુરક્ષા જવાનોની વિશેષ નજર રહેશે

# ખેડા જિલ્લામાં ૧,૭૭૩ મતદાન મથકો પર ૯ હજાર કર્મચારીઓ તૈનાત કરાશે

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૨૨

ખેડા જિલ્લામાં આગામી તા.૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. ખેડા જિલ્લામાં કુલ ૧,૭૭૩ મતદાન મથકો પર અંદાજે ૯ હજાર જેટલા સરકારી કર્મચારીઓ ફરજ બજાવશે. આ ચૂંટણી પ્રક્રિયા સવારે ૭થી સાંજના ૬ વાગ્યા સુધી ચાલશે, જેમાં કુલ ૧૪,૭૨,૨૮૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આ મતદારોમાં ખેડા જિલ્લા પંચાયતના ૧૧,૯૭,૫૫૫ મતદારો, નડિયાદ મહાનગરપાલિકાના ૧,૯૬,૧૬૨ મતદારો અને ચાર નગરપાલિકા (કપડવંજ, કઠલાલ, ઠાસરા અને કણજરી) ના ૭૮,૫૬૮ મતદારોનો સમાવેશ થાય છે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દરેક મતદાન મથક પર પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે, જ્યારે સંવેદનશીલ મથકો પર સુરક્ષા જવાનોનો વધારાનો સ્ટાફ તૈનાત કરી વિશેષ નજર રાખવામાં આવશે. તમામ ૧,૭૭૩ મથકો પર ઈવીએમ (વિજાણુ મતદાન યંત્રો) દ્વારા મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## ભાવનગરનો દારૂનો ધંધાર્થી પાસામાં જેલભેગો

ભાવનગર, તા.૨૨

ભાવનગર, લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વિદેશી દારૂની ગેરકાયદેસર પ્રવૃતિમાં સંડોવાયેલ ઈસમ વિરૂદ્ધ પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર તરફ મોકલી આપવામાં આવેલ હતી. જે અંગે જિલ્લા મેજીસ્ટ્રેટે પાસા દરખાસ્ત માન્ય રાખી પાસા વોરંટ ઈશ્યુ કરી હર્ષદ જાદવભાઈ રાંધાણી (ઉ.વ.૨૭ રહે. ઈંટોના ભઠ્ઠા પાસે, રાંદલનગર, કુંભારવાડા, ભાવનગર)ને (સાબરમતી જેલ, અમદાવાદ) મોકલી આપવામાં આવેલ છે.

**ધાર્મિક કાર્યક્રમ**

## આણંદની મસ્જિદે સરવરિયા ખાતે ગ્યારવીહ અને છઠ્ઠીની ઉજવણી

આણંદ શહેરમાં ખાનકાહ શરીફ યોગી સ્વામી સોસાયટીનાં ઉપક્રમે તેમજ હઝરત શેરે ચરોતર શૈખુલકુર્રા પીરે તરીકત શબ્બીરહુશેન કાદરી સરવરીની ખાનકાહ દ્વારા તા.૨૬/૪/૨૬ને રવિવારના રોજ સવારે ૮થી ૧ દરમિયાન મસ્જિદે સરવરી બગદાદ નગર આણંદ ખાતે જશ્નએ ગ્યારવીહ શરીફ અને છઠ્ઠી શરીફ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મોઈનુદ્દીન ચીસ્તી (રહે.) મનાવવામાં આવશે. આ પ્રસંગે શૈખુલકુર્રા પીરે તરીકત શબ્બીરહુશૈન કાદરી બાવા હલ્કએ જિક્ર તેમજ મિલાદ અને તકરીર ફરમાવશે, ફાતેહાખ્વાની તેમજ શીજરાશરીફ પઢવામાં આવશે તેમ હઝરત કારી બાપુએ જણાવ્યું છે.

# JEE પરીક્ષાનું પરિણામ : વડોદરાના ૮૦ ઉપરાંત વિદ્યાર્થીઓના ૯૯ કરતાં વધારે પર્સેન્ટાઈલ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૨

આઈઆઈટી સહિતની પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટે લેવાતી જેઈઈ મેઈન પરીક્ષાના બીજા એટેમ્પ્ટનું પરિણામ જાહેર થયું હતું. આ પરિણામમાં વડોદરાના ૮૦ કરતા વધારે વિદ્યાર્થીઓએ ૯૯ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. ૨૦૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ જેઈઈ એડવાન્સ માટે ક્વોલિફાય થયા છે. શહેરના વિદ્યાર્થી દેવ પ્રજાપતિએ ઓલ ઈન્ડિયા રેક્ર ૬૬ પ્રાપ્ત કર્યો છે જ્યારે વેદાંત દેશમાનાએ ભારતમાં ૬૪૦મુ સ્થાન મેળવ્યું છે.આખા દેશમાંથી લગભગ ૧૦.૪૬ લાખ જેટલા વિદ્યાર્થીઓએ જેઈઈ મેઈનના બીજા સેશનની પરીક્ષા આપી હતી. ૯૯.૯૯ પર્સેન્ટાઈલ, ઓલ ઈન્ડિયા રેક્ર ૬૬ મેળવનાર દેવ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, સફળતા મેળવવાનો સરળ નિયમ એ છે કે, બે વર્ષ સતત તૈયારી કરો. હું ક્લાસના હોય ત્યારે ૧૦ કલાક વાંચતો હતો. સોશ્યલ મીડિયાનો ઉપયોગ વોટસએપ પૂરતો જ સિમિત રાખ્યો હતો. મનોરંજન માટે યુ ટ્યુબ પર ટ્રાવેલ બ્લોક જોતો હતો. જેઈઈ એડવાન્સ માટે કયો રેક્ર આવશે તે વિચારીને તૈયારી નથી કરી રહ્યો. કારણ કે તેનાથી વધારાનું દબાણ આવતું હોય છે. મારા પિતા કેમિકલ એન્જિનિયર છે.

# ભાવનગરમાં સમૂહશાદી સમારોહ યોજાયો ૧૨ દુલ્હા-દુલ્હનો નિકાહના બંધનથી જોડાયા



(સંવાદદાતા દ્વારા) ભાવનગર, તા.૨૨

ભાવનગર શહેરના શાહગોરા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૯મો સમૂહશાદી સમારોહ ભાવનગર શહેરના વડવા તલાવડી, બ્રાહ્મણ જ્ઞાતિની વાડીમાં સમૂહશાદી સમારોહ યોજાયો હતો. આ સમૂહશાદીમાં ૧૨ દુલ્હા-દુલ્હનો નિકાહના બંધનથી જોડાયા હતા. આલીમો અને મૌલાનાએ નિકાહ પઢાવી ખાસ દુઆઓ કરી હતી. સંસ્થા અને સખીદાતાઓના સહયોગથી દુલ્હનોને ઘરવખરીની જરૂરી ચીજવસ્તુઓ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે શાહગોરા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ સૈયદ સિરાજુદ્દીનબાપુ ચીસ્તી, સૈયદ શબ્બીરબાપુ, પૂર્વ નગરસેવક કાળુભાઈ બેલીમ, અનવરખાન પઠાણ, પૂર્વ મેયર પારૂલબેન ત્રિવેદી, રજાક કુરેશી, પ્રણવભાઈ મહેતા ઉર્ફે મોન્ટુભાઈ, ઈલાબેન ડોડીયા તેમજ મોટી સંખ્યામાં આગેવાન, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાહગોરા ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, આગેવાનો, કાર્યકરોએ સારી જહેમત ઉઠાવી હતી.

# હાઈકોર્ટનો ચુકાદો : બાપુનગરની બે શાળાઓની માન્યતા રદ કરવાનો ૨૦૧૫નો આદેશ રદ, બે દાયકા બાદ પુનઃ શરૂ થવાનો માર્ગ મોકળો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨

બાપુનગર વિસ્તારમાં આવેલી હોલીચાઈલ્ડ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ અને સુગનાબાઈ હિન્દી મીડિયમ પ્રાઈમરી સ્કૂલ માટે છેલ્લા ૨૦ વર્ષથી ચાલી રહેલી કાયદેસરની લડાઈનો અંત આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટે વર્ષ ૨૦૧૫માં આ શાળાઓની માન્યતા રદ કરવાના રાજ્ય સરકારના આદેશને ફગાવી દીધો છે. જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈ દ્વારા આપવામાં આવેલા આ ચુકાદાથી સુગનાબાઈ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ શાળાઓને નવજીવન મળ્યું છે, જેમાં એક સમયે ૧,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. આ વિવાદની શરૂઆત ઓગસ્ટ ૨૦૦૪માં થઈ હતી, જ્યારે શાળામાં ૩૯ જેટલા 'ડમી શિક્ષકો' હોવાનું કૌભાંડ અને આર્થિક ગેરરીતિઓ સામે આવી હતી. આ ઘટનાને પગલે સત્તાધારીઓએ તાત્કાલિક અસરથી શાળાની માન્યતા રદ કરી હતી અને ટ્રસ્ટીઓ શશીબાલા શર્મા, મુરલીધર શર્મા, હેમાંગિની શર્મા અને વાઈસ પ્રિન્સિપાલ મધુબાલા મહેતા વિરૂદ્ધ ફોજદારી ગુનાઓ દાખલ કર્યા હતા. નોંધનીય છે કે, તાજેતરમાં જ ટ્રાયલ કોર્ટે ડમી શિક્ષક પાસે પેપર ચેક કરાવવાના એક કિસ્સામાં ડમી શિક્ષક સુરેખા રાય, વાઈસ પ્રિન્સિપાલ મહેતા અને ટ્રસ્ટી શશીબાલાને દોષિત ઠેરવી ત્રણ વર્ષની સજા પણ ફટકારી છે.

હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન જસ્ટિસ દેસાઈએ અવલોકન કર્યું હતું કે રાજ્ય સત્તાધારીઓએ 'કુદરતી ન્યાયના સિદ્ધાંતો'નું ઉલ્લંઘન કર્યું છે. અગાઉ કોર્ટે ૨૦૧૫માં નવી તપાસ (ડી નોવો ઈન્ક્વાયરી) કરવાનો આદેશ આપ્યો હતો, પરંતુ રાજ્ય સરકારે ટ્રસ્ટને નવી કારણદર્શક નોટિસ આપ્યા વગર જ તપાસ પ્રક્રિયા પૂર્ણ કરી દીધી હતી. અદાલતે આ બાબતની આકરી ટીકા કરતા જણાવ્યું કે, જ્યારે અદાલત કોઈ દિશા-નિર્દેશ આપે ત્યારે સરકાર તેનો અમલ પોતાની પસંદગી મુજબ 'પસંદગીયુક્ત' રીતે કરી શકે નહીં. ટ્રસ્ટે તપાસમાં ભાગ લીધો હોવાથી તેનો વાંધો ઉઠાવવાનો હક જતો રહ્યો છે તેવી સરકારની દલીલને પણ કોર્ટે ફગાવી દીધી હતી. અદાલતે વધુમાં નોંધ્યું હતું કે તપાસ અહેવાલ પણ કાયદાકીય રીતે ખામીયુક્ત હતો, કારણ કે તેમાં પ્રાથમિક શિક્ષણના નિયમ ૧૦૯ મુજબ માન્યતા રદ કરવાની કોઈ સ્પષ્ટ ભલામણ કરવામાં આવી ન હતી. આ કેસમાં મહત્વનો વળાંક ત્યારે આવ્યો જ્યારે જિલ્લા શિક્ષણાધિકારીએ (DEO) તૈયારી દર્શાવી કે જો ટ્રસ્ટ આધુનિક સુરક્ષા અને શૈક્ષણિક ધોરણોનું પાલન કરવાની ખાતરી આપે, તો શાળાઓ પુનઃ શરૂ કરવા અંગે વિચારી શકાય. આના પ્રતિસાદરૂપે, મેનેજિંગ ટ્રસ્ટી શશીબાલા શર્માએ એફિડેવિટ દાખલ કરીને ફાયર સેફ્ટી (NOC), બિલ્ડિંગ યુઝ (BU) પરમિશન, શિક્ષણનો અધિકાર (RTE) અને દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારના કાયદાઓનું ચુસ્તપણે પાલન કરવાની બાંયધરી આપી હતી.

છેલ્લા ૨૦ વર્ષથી પેન્ડિંગ ફોજદારી કેસ અંગે સ્પષ્ટતા કરતા હાઈકોર્ટે જણાવ્યું હતું કે, માત્ર ફોજદારી ટ્રાયલ લાંબી ચાલતી હોવાને કારણે શાળાના સંચાલનમાં કાયમી અવરોધ ઊભો કરી શકાય નહીં. ૨૦૧૫નો માન્યતા રદ કરવાનો આદેશ વહીવટી પ્રક્રિયાની ખામીઓને કારણે ટકી શકે તેમ નથી. આમ, હાઈકોર્ટે વહીવટી વિલંબને બાજુ પર રાખીને શૈક્ષણિક ભવિષ્ય અને ન્યાયી પ્રક્રિયાને પ્રાધાન્ય આપતા શાળાઓની માન્યતા પુનઃ સ્થાપિત કરવાનો આદેશ આપ્યો છે.

### પૂર્વ કર્મચારી જ નીકળ્યો માસ્ટરમાઈન્ડ

# રૂા.૩૦ લાખથી વધુની ચાંદીની લૂંટનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો, પાંચ આરોપીઓ ઝડપાયા

## ડીસા-ધાનેરા હાઈવે પર અમદાવાદના કર્મચારીઓને આંતરી લૂંટ ચલાવનાર ગેંગને મુદ્દામાલ સાથે એલ.સી.બી.એ દબોચી લીધી

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૨

બનાસકાંઠા જિલ્લાના ડીસા-ધાનેરા હાઈવે પર ટેટોડા ગામ નજીક ફિલ્મી ઢબે થયેલી લાખોની લૂંટનો ભેદ ઉકેલવામાં બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB)ને મોટી સફળતા મળી છે. પોલીસે ગણતરીના કલાકોમાં ૫ આરોપીઓની ધરપકડ કરી રૂા.૨૫ લાખની ચાંદી અને વાહનો સહિત કુલ રૂા.૩૪.૧૨ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

આ અંગેની વિગત એવી છે કે, અમદાવાદની 'મેક્સિમમ એન્ટરપ્રાઈઝ' નામની પેઢીમાં કામ કરતા કર્મચારીઓ ગત તા. ૨૧/૦૪/૨૦૨૬ના રોજ પોતાની અલ્ટો કારમાં ચાંદીના દાગીના લઈ ધાનેરાના વેપારીઓને આપવા જઈ રહ્યા હતા. આ દરમિયાન ટેટોડા ગામ પાસે એક ટાટા અલ્ટ્રોઝ કારમાં આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ કર્મચારીઓની કાર રોકી, લાકડીઓથી માર મારી રૂા. ૨૬.૯૮ લાખની કિંમતની ૧૩ કિલોથી વધુ ચાંદી, ટેબ્લેટ અને મોબાઈલ ફોન મળી કુલ રૂા.૩૦.૩૬ લાખની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા જ બનાસકાંઠા રેન્જ આઈ.જી. પરીક્ષિતા રાઠોડ અને એસ.પી. પ્રશાંત સુંબેના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પી.આઈ. ડી.એમ. રાઠોડ અને તેમની ટીમે અલગ-અલગ ૭ ટીમો બનાવી તપાસ તેજ કરી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે આરોપીઓને ટ્રેક કર્યા હતા. નાકાબંધી દરમિયાન આરોપીઓએ પોલીસ પર પોતાની કાર અથડાવી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે જહેમત ઉઠાવી ૪ આરોપીઓને સ્થળ પરથી દબોચી લીધા હતા. પોલીસના જણાવ્યા મુજબ પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. આ લૂંટનો મુખ્ય સૂત્રધાર ભરતભાઈ લક્ષ્મણભાઈ રબારી છે, જે અગાઉ આ જ પેઢીમાં કામ કરતો હતો. તેને પેઢીના રૂટ અને કિંમતી સામાનની તમામ માહિતી હોવાથી તેણે અન્ય સાગરીતો સાથે મળીને આ લૂંટનું કાવતરૂં ઘડ્યું હતું.

# અમદાવાદ મ્યુનિ. કોર્પો.ના બહેરામપુરા-વોર્ડ નં.૩૫ના 'તમારા ઉમેદવારોને ઓળખો'

## કોંગ્રેસ



**ઉમેદવારનું નામ : કમરૂદ્દીન રહેમાનીગુલખાન પઠાણ**
**અભ્યાસ : બી.કોમ. એલ.એલ.બી.**
**વ્યવસાય : એડવોકેટ**

૧૯૮૫થી જ રાજકારણમાં કાર્યરત છે. તેઓ ૨૦૧૯માં મ્યુનિ. કોર્પોરેશનના બહેરામપુરા વોર્ડમાં પ્રથમવાર પેટાચૂંટણીમાં કોંગ્રેસ તરફથી ઊભા રહ્યા હતા અને ૧૦,૦૦૦ વોટની ભારે સરસાઈથી ચૂંટાઈ આવ્યા હતા. તેમણે મ્યુનિ. કોર્પોરેશનમાં પણ જોબ કરી છે. કમરૂદ્દીન પઠાણે રાજકીય કારકિર્દીની સાથે સામાજિક ક્ષેત્રે ઘણા સેવાકીય કામો પણ કર્યા છે. તેઓ વર્ષોથી દરરોજ સવારે પોતાના કાર્યાલયમાં આવી લોકોના કામો કરતા રહે છે. તેમના ભાઈ પૂર્વ કોર્પોરેટર મર્હૂમ સિરાઝખાન પઠાણના સેવાકીય પ્રવૃત્તિના સિલસિલાને જારી રાખ્યો હોવાનું જણાવતા કમરૂદ્દીન પઠાણ હાલમાં જે સેવાકીય કામો કરી રહ્યા છે તે વધુ સારી રીતે કરી શકાય અને પ્રજાના પ્રશ્નોનો નિકાલ થાય તે માટે ચૂંટણી લડી રહ્યા હોવાનું જણાવ્યું હતું. મ્યુનિ. સ્કૂલ, પાણીના બોર, પાણીની ટાંકી, પાર્ટી પ્લોટ, સીએચસી, કોમ્યુનિટી સેન્ટર વગેરે સ્થાપવાના વચન સાથે તેઓ લોકોને અપીલ કરે છે કે બહુમતીથી કોંગ્રેસની પેનલને ચૂંટી કાઢે.

**ઉમેદવારનું નામ : જરીનાબીબી અસલમભાઈ શેખ**
**અભ્યાસ : ધો.૯ સુધી**
**વ્યવસાય : હાઉસવાઈફ**

રાજકીય ક્ષેત્રે ૨૦૧૫થી જોડાયેલા છે. આમ તો મૂળ વતન યુ.પી.માં પિતાના વારસામાં રાજકીય અનુભવ મળેલ છે. ૨૦૧૫માં જરીનાબીબી કોંગ્રેસમાંથી ચૂંટણી લડી મ્યુનિ.કાઉન્સિલર



બન્યા હતા તે બાદ હવે ફરી એકવાર તેમને કોંગ્રેસ પક્ષે ચૂંટણી લડવાની તક આપી છે. તેઓ મહિલાઓને રોજગાર મળી રહે તે માટે વિવિધ કોર્સ કરાવવા સહિતની મદદ કરતા રહે છે. તે ઉપરાંત પણ સેવાકીય પ્રવૃત્તિ જારી રાખી છે. કોંગ્રેસના ચારેય ઉમેદવારો મળી લોકોની સેવા કરવા અને પ્રજાકીય સુવિધાના કામો કરવાના ધ્યેય સાથે ચૂંટણી લડી રહ્યા હોવાનું જણાવતા જરીનાબીબીએ પણ પાણીની ટાંકી, સ્કૂલ, નવા પાણીના બોર તેમજ અન્ય સુવિધાના કામો કરવાનું મતદારોને વચન આપતા મતોનું વિભાજન ના થાય અને કોંગ્રેસની આખી પેનલ જીતે તે માટે તેમણે મતદારોને અપીલ કરી છે.

**ઉમેદવારનું નામ : હબીબભાઈ ઈમામુદીન શેખ**
**અભ્યાસ : ધો.૨ સુધી**
**વ્યવસાય : જમીન લે-વેચ**

૨૦૦૫થી હબીબ શેખ એનસીપીમાં રાજકીય રીતે જોડાયેલા હતા અને પ્રદેશ ઉપપ્રમુખ સુધીના હોદ્દાઓ પણ સંભાળી ચૂકયા છે. તેઓ એનસીપી છોડી ૨૦૧૯માં કોંગ્રેસમાં



જોડાયા હતા. એનસીપીમાંથી તેઓ ત્રણેક વખત મ્યુનિ. કોર્પો.માં ચૂંટણી લડી ચૂક્યા છે. તેઓ હોસ્પિટલોમાં તથા ગરીબોને દવા વગેરેમાં સેવા આપવા સાથે અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરતા રહે છે. લોકોની સેવા કરવાના એક માત્ર ઉદ્દેશ્ય સાથે પોતે ચૂંટણી લડી રહ્યા હોવાનું જણાવતા હબીબ શેખે પક્ષના મેનિફેસ્ટો મુજબના કામો તથા તે સિવાયના પ્રજાકીય અધૂરા કામો પૂર્ણ કરવાનું વચન આપે છે. આ સાથે મતદારો એક થઈ મતદાન કરે અને અમારી પેનલને એક મોકો આપવા જીત અપાવે તેવી લોકોને અપીલ પણ કરી છે.



**ઉમેદવારનું નામ :- દીનાબેન ચંદ્રકાંતભાઈ પરમાર**
**અભ્યાસ : ધો.૮ સુધી**
**વ્યવસાય : રેડીમેન્ટ ગાર્મેન્ટ**

૧૯૯૫થી પોતે રાજકારણમાં કાર્યરત હોવાનું જણાવતા દીનાબેને જણાવ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષથી કોંગ્રેસના તેઓ સક્રિય રીતે કામગીરી કરી રહ્યા છે. હાલમાં શહેર મહિલા કોંગ્રેસ ઉપપ્રમુખનો હોદ્દો સંભાળી રહ્યા છે. તેઓ રાજકીય સેવાની સાથે સામાજિક રીતે પણ સેવાકીય પ્રવૃત્તિઓ કરતા રહે છે. દર ૧૪મી એપ્રિલે આંબેડકર જયંતીએ તેઓ ૧૨૦૦થી ૧૫૦૦ બહેનોને કિટનું વિતરણ કરે છે. મહિલાઓના ઘણા બધા પ્રશ્નો હોય છે અને તેમાં ઘણા એવા હોય છે કે જે મહિલા મહિલાને જ કહી શકે છે તે સહિતના પ્રશ્નોના નિકાલ લાવવાના ઉદ્દેશ્ય સાથે ચૂંટણી લડી રહ્યા હોવાનું જણાવતા દીનાબેન પરમારે ઘરેલુ હિંસા, મહિલા શિક્ષણ, બાળકો વગેરે ક્ષેત્રે કામો કરવા તથા અધૂરા રહેલા વિકાસના અને પ્રજાકીય સુખાકારીના કામો કરવાનું વચન આપતા લોકોને ચૂંટી કાઢવાની તેમણે અપીલ પણ કરી છે.

## AIMIM



**ઉમેદવારનું નામ : અઝીઝ સૈયદ**
**અભ્યાસ : ધો.૧૦ સુધી**
**વ્યવસાય : ફ્રૂટ્સનો વેપાર**

છેલ્લા ચાર વર્ષથી AIMIM (મીમ) સાથે જોડાઈને કામગીરી કરી રહ્યા છે. અઝીઝ સૈયદ હ્યુમન પાવર ઓફ ઈન્ડિયા ચેરીટેબલ ટ્રસ્ટ નામની સંસ્થા સાથે જોડાઈને સેવાકીય પ્રવૃત્તિ પણ કરે છે. આ ઉપરાંત UCC, વકફ, તીન તલાક, હિઝાબ સહિતના મુસ્લિમ સમાજના ઈશ્યૂઓ તેમજ અન્ય સામાજિક તથા જાહેર જનતાને લગતા પ્રશ્નો મુદ્દે આંદોલનો-રજૂઆતો-દેખાવો સહિતની કામગીરી સતત કરતા રહ્યા છે. મુસ્મિલ સમાજમાં લીડરશીપ માટે તથા લોકોની સેવા કરવાના અને કોર્પોરેટર તરીકે કામગીરી વધુ સારી રીતે કરી શકાય તેવા ઉદ્દેશ્ય સાથે ચૂંટણી રહ્યા હોવાનું જણાવતા અઝીઝ સૈયદ લોકોના સુખાકારીના પ્રશ્નોના નિકાલ સાથે સેવાકીય પ્રવૃત્તિ વધુ સારી રીતે કરવાનું વચન આપતા લોકોને જણાવે છે કે, જે રીતે ૧૦૮ અને પોલીસની ૧૧૨ સર્વિસ છે તે રીતે લોકો માટે હરહંમેશ ઉપલબ્ધ બની રહેવા માંગુ છું અને એટલે જ લોકો સેવા માટે એક તક આપે તેવો સંદેશ તેમણે મતદારોને પાઠવ્યો છે.

**ઉમેદવારનું નામ :- ભાનુબેન પરમાર**
**અભ્યાસ :- ધોરણ-૭ પાસ**
**વ્યવસાય :- ગારમેન્ટ ઉદ્યોગ**

ભાનુબેનના પતિ અરવિંદભાઈ પરમાર છેલ્લા ૧૫ વર્ષથી AIMIM (મીમ) અને પ્રમુખ સાબીરભાઈ કાબલીવાલા સાથે જોડાયેલા છે. ભાનુબેન આ ચૂંટણી જંગમાં ઝંપલાવી પ્રથમવાર



રાજકીય ક્ષેત્રે પદાર્પણ કરી રહ્યા છે. તેઓએ પતિ સાથે રહી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ જરૂરથી કરી છે. ભાનુબેન સમાજની અનો મહિલાઓ સહિત લોકોના કામો કરવાના ધ્યેય સાથે ચૂંટણી લડી રહ્યા હોવાનું જણાવે છે. જે લોકો સંઘર્ષમાં છે તેમના અને ઘણાં બધાં લોકો મુશ્કેલ સ્થિતિમાં જીવન જીવી રહ્યા છે તેઓ માટે કામગીરી કરવાનું તેઓ વચન આપી રહ્યા છે. છેલ્લા ૫૦ વર્ષથી જેઓ પર ભરોસો કર્યો જીતાડ્યા તેઓએ કોઈ ખાસ કામગીરી કરી નથી ત્યારે અમોને એક તક આપો અમો બદલાવ લાવીશું તેવું વિશ્વાસસભર રીતે ભાનુબેન લોકોને સંદેશ પાઠવી રહ્યા છે.

**ઉમેદવારનું નામ :- મોઈનખાન પઠાણ**
**અભ્યાસ :- B.A. L.L.B.**
**વ્યવસાય :- એડવોકેટ**

છ મહિના પહેલા તેમણે AIMIM (મીમ) જોઈન્ટ કર્યું હતું. આ અગાઉ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાયા ન હતા. સમાજ સેવા ક્ષેત્રે તેઓ છેલ્લા કેટલાક સમયથી કાર્યરત છે વકીલની પ્રેક્ટીસ દરમ્યાન



જરૂતમંદોને મદદરૂપ થવા ઉપરાંત વ્યાજના ચક્કરમાં ફસાયેલ ૨૦૦ જેટલી દીકરીઓને મુક્ત કરાવવાની સમગ્ર કાર્યવાહીમાં સાથે રહ્યા. તેમજ UCC, વકફ, હિજાબ, સ્લોટર હાઉસ જેવા મુદ્દાઓ પર પણ અન્યો સાથે મળી કામગીરી કરી હતી. વિવિધ સુવિધાના અભાવ અને પ્રશ્નોને લઈ પ્રજા ત્રસ્ત છે ત્યારે પ્રજાજનોની સેવા કરવાના એકમાત્ર ઉદ્દેશ્ય સાથે ચૂંટણી લડી રહ્યા હોવાનું જણાવતા મોઈન ખાન પઠાણ વિસ્તારમાં બાળકો માટે રમતનું મેદાન, સ્માર્ટ સ્કૂલો, ગાર્ડન, પાણીની ટાંકી વગેરે સુવિધાની જરૂર હોઈ તે માટે પ્રયાસો કરવાના વચન આપે છે. આ ઉપરાંત તેઓ યુવાઓને સેવા કરવાનો મોકો આપો તેવી અપીલ પણ મતદારોને કરી રહ્યા છે.



**ઉમેદવારનું નામ : રેશમાબાનું શેખ**
**અભ્યાસ : SSC સુધી**
**વ્યવસાય : હાઉસવાઈફ**

સૌપ્રથમ કોંગ્રેસમાં કામ કર્યું. તેમના પતિ શમશુદ્દીન શેખ ૩૦ વર્ષથી રાજકારણમાં સક્રિય છે. કોંગ્રેસમાં રહી ત્રણ વાર ચૂંટણીની ટિકિટ માંગી હતી પરંતુ મળી ન હતી. પતિ સાથે રેશમાબાનુએ કોંગ્રેસમાં કામ કર્યા બાદ બંને પતિ-પત્ની કોંગ્રેસ છોડી AIMIM (મીમ)માં ૨૦૨૧માં જોડાયા હતા. અસ્તિત્વ મહિલા વિકાસ અધિકાર સમિતિ નામની સંસ્થા સાથે જોડાઈને તેમજ અન્ય રીતે પણ સેવાકીય પ્રવૃત્તિ કરતા રહ્યા છે. દાણીલીમડાના ઓવરબ્રિજ માટે રજૂઆતો લડત ચલાવવામાં સાથે રહ્યા હતા. વિસ્તારના લોકોમાં હાલત સુધરે તેમના કામો થાય તે માટે ચૂંટણી લડી રહ્યા છે. રેશમાબાનુએ પીવાનું પાણી, હોસ્પિટલ, સ્કૂલ સહિતની સુવિધાઓ વધારવા તથા અન્ય પ્રજાકીય કામો કરવાનું લોકોને વચન આપી રહ્યા છે. તે સાથે પ્રજાના બધા કામો થાય અને સાચા પ્રતિનિધિઓની લોકોને જરૂર છે ત્યારે મતદારો અમને ચૂંટી કાઢે તેવી તેમણે અપીલ કરી છે.

## ભાજપ



**ઉમેદવારનું નામ : નિલમબેન વિનયભાઈ બોરીસા**
**અભ્યાસ : ધો.૧૨, ટીચર ટ્રેનિંગ કોર્ષ**
**વ્યવસાય : શિક્ષક**

છેલ્લા ૨૨ વર્ષથી શિક્ષક તરીકેની ખાનગી શાળામાં નોકરી કરી રહેલ નિલમબેન ૧૨-૧૫ વર્ષથી રાજકારણમાં સક્રિય છે. સંઘમાં પાંચ વર્ષથી સ્વંય સેવિકા અને મહિલા મોરચામાં વોર્ડ પ્રમુખ રહેવા સાથે વિવિધ રાજકીય ઈવેન્ટનો હિસ્સો બન્યા છે. સામાજિક સેવા ક્ષેત્રે પણ તેમણે ઘણી પ્રવૃત્તિઓ કરી છે. મહિલાઓને ધંધો કરવા માટે વિવિધ કોર્ષ વગેરેની મદદ કરવામાં ધ્યાન આપેલ છે વિસ્તારના બાળકો તથા નારી-સંરક્ષણ ક્ષેત્રે કામગીરી કરવા સાથે લોકોના કામ કરવાના ઉદ્દેશ્ય સાથે ચૂંટણી લડી રહ્યાનું તેઓ જણાવે છે. મહિલાઓ માટે શિક્ષણ, તેમની સુરક્ષા, તેમને લગતા વિવિધ પ્રશ્નોનો નિકાલ, માત્ર વાયદા નહિ કામ કરવાના વચનો તેમણે લોકોને આપ્યા છે. સમગ્ર વિસ્તારને અગ્રેસર લાવવા અને બધા સાથે મળી વોર્ડ માટે કામ કરી શકીએ, વિકાસ કરી શકીએ તે માટે એક તક આપવા તેઓ લોકોને વિનંતી કરે છે.

**ઉમેદવારનું નામ : ભરતભાઈ મસરાજી સરગરા (ભાટી)**
**અભ્યાસ : ધો.૯ સુધી**
**વ્યવસાય : વેપાર (કાપડનો)**

૧૯૮૪થી ભાજપમાં સક્રિય રીતે જોડાયેલા છે અગાઉ ૧૯૮૦માં કોંગ્રેસમાં હતા તે પછીથી ભાજપમાં જુદા-જુદા હોદ્દા (ઉપપ્રમુખ, મહામંત્રી, યુવાપ્રમુખ વગેરે) સંભાળી રાજકીય ક્ષેત્રે વિવિધ કાર્યક્રમો, આંદોલનોમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત તેઓ વિધવાઓને સહાય, સમૂહ લગ્ન, બાળકોમાં ચોપડા-પુસ્તક વિતરણ, દવાખાના-સારવાર



સહિતની વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરતા રહ્યા છે. છેલ્લા ૨૫-૩૦ વર્ષથી કોંગ્રેસ બહેરામપુરા વોર્ડમાં જીતતી હોવા છતાં અન્ય વિકલ્પ કરતા સ્પષ્ટ ભેદ અહીં દેખાય છે. તેને લઈને ચૂંટણી લડવાનો ધ્યેય ધરાવું છું તેમ જણાવતાં ભરતભાઈએ કહ્યું કે, તેઓ આ વિસ્તારની સુવિધાના પ્રશ્નોના નિકાલની સાથે રમતનું મેદાન, ગાર્ડન અસામાજિક પ્રવૃત્તિઓ પર રોક લગાવવા સહિતના લોકોને વચનો આપી રહ્યા છે. ભાજપ કોમવાદમાં માનતી નથી. પરંતુ કામને મહત્ત્વ આપે છે, લોકોનો આર્થિક વિકાસ થાય અને ૨૪ કલાક લોકોની સેવામાં અવેલેબલ રહી સેવા કરી શકીએ તે માટે અમને એક તક આપવા લોકોને અપીલ કરૂ છું એમ તેમણે અંતમાં જણાવ્યું હતું.

**ઉમેદવારનું નામ : મનીષાબેન મનીષકુમાર પરમાર**
**અભ્યાસ : B.COM**
**વ્યવસાય : હાઉસવાઈફ**

છેલ્લા ૧૨ વર્ષથી રાજકીય રીતે પ્રવૃત્ત મનીષાબેન પ્રારંભથી જ ભાજપમાં જોડાયેલ છે. ૨૦૨૧માં જમાલપુર વોર્ડમાંથી મ્યુનિ. કોર્પો.ની ચૂંટણી લડ્યા હતા. રાજકીય કારકિર્દી દરમિયાન વિવિધ હોદ્દા પર રહી આંદોલનો, SIR કામગીરી, BLA-2 વગેરેની કામગીરી કરી છે. આ



સાથે કોવિડમાં અનાજ-પાણી પહોંચાડવાથી લઈને મહિલાઓના કામો, દવાખાના વગેરેમાં સેવાકીય કાર્યો કરતા રહ્યા છે. વોર્ડમાં વર્ષોથી કોંગ્રેસ છે ત્યારે કોંગ્રેસ હારશે તો જ વિકાસ થશે અને વિકાસ કરવા માટે જ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હોવાનું જણાવતા મનીષાબેને વધુમાં કહ્યું કે, લોકોના ગટર-પાણી સહિતના મુખ્ય મુદ્દાઓનો નિકાલ આવે, મહિલાઓના પ્રશ્નો હલ થાય રૂઢિચુસ્ત મહિલાઓને મળી અમારી સાથે જોડવા ઉપરાંત બહાર લાવવા વગેરે કામોના વચનો મતદારોને આપી રહ્યા છીએ. તેઓ લોકોને 'સૌનો સાથ સૌનો વિકાસ'ની જેમ અમને સાથ આપો તો વિકાસ શક્ય બનશે તે માટે એક તક આપવા તેમણે મતદારોને વિનંતી કરી છે.



**ઉમેદવારનું નામ :- હરીશભાઈ બબાભાઈ મકવાણા**
**અભ્યાસ :- B.com (જર્નાલિઝ્મ)**
**વ્યવસાય :- કોન્ટ્રાક્ટર (પાક્ષિક ચલાવે છે)**

રાજકારણમાં ૨૦૦૨થી જોડાયેલ છે. પ્રારંભથી જ ભાજપમાં છે અને યુવા મોરચામાં વોર્ડ મંત્રી, અનુસુચિત જાતિ મોરચા શહેર મંત્રી સહિતના ઘણા હોદ્દા સંભાળ્યા છે. બેરલ માર્કેટ વિસ્તારમાં ત્રણ વર્ષથી ગટર-ડ્રેનેજ સહિતના વિવિધ કામો કર્યા છે સમાજ સેવાકીય પ્રવૃતિઓ પણ સતત કરતા આવે છે. બહેરામપુરા વોર્ડ દલિત-મુસ્લિમ બહુમતીવાળો વિસ્તાર છે. અહીં ભાજપનો ડર બતાવી મત લેવામાં આવે છે ત્યારે હું લોકોને કહું છે કોમને નહીં કામને મત આપજો અને તે આશયથી જ ચૂંટણી લડી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

વોર્ડની નવી વસ્તીમાં નવી પાણીની ટાંકી, વરસાદી પાણીનો નિકાલ, ગટર લાઈન નેટવર્ક સહિતના નવા વિકાસના કામો કરવાના વચન લોકોને આપી રહ્યા હોવાનું જણાવતા તેઓ કામ કરવા માટે, સેવા કરવા માટે અમને પાંચ વર્ષ તક આપજો, જો યોગ્ય ના લાગે તો પાંચ વર્ષ પછી બદલી નાંખજો એવી લોકોને અપીલ કરી રહ્યા છે.

## AAP



**ઉમેદવારનું નામ : શાહેદાબાનું સરફરાઝ અન્સારી**
**અભ્યાસ : ધો.૧૨ સુધી**
**વ્યવસાય : હાઉસવાઈફ**

રાજકારણમાં પ્રથમવાર શાહેદાબાનુંએ આ ચૂંટણી જંગમાં ઝંપલાવવા સાથે પ્રવેશ કર્યો છે. તેમના પતિ સરફરાઝ અન્સારી ૨૦૨૧થી રાજકારણમાં છે તેઓ પ્રથમ AIMIM (મીમ)માં હતા ચાર વર્ષ કામ કરી છોડી દીધું હતું. તે બાદ "આપ" પાર્ટીમાં જોડાયા પતિ સાથે રહી શાહેદાબાનું વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે મેડિકલ કેમ્પ, SIR ઝૂંબેશ, કિટ-વિતરણ વગેરે કરતા રહ્યા છે. રાજકીય પ્રવૃત્તિ ચૂંટણી વગેરેનું -થોડું-ઘણું અગાઉ નોલેજ હતું પરંતુ ચૂંટણીમાં ઊભા રહેતા ઘણું-બધું નોલેજ પોતે મેળવી લીધું હોવાનું જણાવતા શાહેદાબાનું એ કહ્યું કે, છેલ્લા ૧૦-૧૧ વર્ષથી વિસ્તારની સ્થિતિ જોઈ બહુ દુઃખ થાય છે અને તેને લઈને જ ચૂંટણી લડવાનો ઉદ્દેશ્ય ધરાવું છું. તેઓ દિલ્હીના આપ પાર્ટીના મોડેલની જેમ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ સાથે વિકાસ કરવાનું તેમજ ધોરણ ૧થી ૧૨ સુધીની સરકારી નવી સ્કૂલ, ગાર્ડન, પાણીની નવી ટાંકીની સાથે શુદ્ધ પાણી પૂરૂં પાડવાના વચનો લોકોને આપી રહ્યા છે. આ સાથે સમગ્ર વિસ્તારનો સારો એવો વિકાસ થાય તે માટે અમને એક તક આપો તેવી અપીલ પણ તેમણે લોકોને કરી છે.

**ઉમેદવારનું નામ : ઈરફાનભાઈ શેખ**
**અભ્યાસ : SSC સુધી**
**વ્યવસાય : ગારમેન્ટ જોબ વર્ક**

૨૦૨૧થી જ "આપ" પાર્ટી સાથે જોડાયેલ છે આ અગાઉ કોઈપણ પક્ષ સાથે જોડાયા ન હતા અમદાવાદ શહેર અને જિલ્લા લેવલે વિવિધ હોદ્દા પર રહી પ્રોટેસ્ટ વગેરેની એક્ટિવીટી કરેલ છે આ સાથે પોતાનું 'ફસ્ટ હેલ્પ' નામનું NGO પણ તેઓ ચલાવે છે અને તેના થકી વિધવાઓને મદદ, બ્લડ ડોનેશન



કેમ્પ, મેડિકલ કેમ્પ સહિત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતા રહે છે સમગ્ર વિસ્તારની કથળતી જતી ચિંતાજનક સ્થિતિને લઈ દિલ્હીમાં 'આપ' મોડેલ જોઈ તેમાં જોડાયો અને તે પ્રમાણે અહી કામગીરી કરવાના ઉદ્દેશ્ય સાથે ચૂંટણી લડી રહ્યા હોવાનું જણાવતા ઈરફાન શેખ સ્વચ્છ-શુદ્ધ પાણી, આરોગ્ય ક્ષેત્ર, રોડ-રસ્તા સહિતની સુવિધાના કામો ૯૦ દિવસમાં કરવાના વચનો લોકોને આપી રહ્યા છે. ૩૦-૩૦ વર્ષથી વોર્ડની જે હાલત છે તે માટે જવાબદાર નેતાઓને તમારા મતથી ખતમ કરી નવા વિકાસ માટે તક આપવા પ્રજાને તેમણે વિનંતી કરી છે.

**ઉમેદવારનું નામ : મકસુદભાઈ મલેક**
**અભ્યાસ : SSC**
**વ્યવસાય : વેપાર-શેર બજાર**

૧૯૯૨થી કોંગ્રેસ પક્ષમાં રહી કામ કરનાર મકસુદભાઈએ ૨૦૨૧માં કોંગ્રેસ છોડ્યું અને ૨૦૨૨થી AIMIM(મીમ)માં જોડાયા ત્યાં પણ બે વર્ષ રહી કામગીરી કર્યા બાદ હવે છેલ્લા છ માસથી "આપ" પાર્ટીમાં જોડાયા છે. ત્રણેય પક્ષમાં રાજકીય ક્ષેત્રે કામગીરી કરનાર મકસુદભાઈ સમાજ સેવાની પણ ઘણી



પ્રવૃત્તિઓ કરતા રહ્યા છે. તેઓ સિવિલ ડિફેન્સમાં ૧૯૯૨થી છે અને હાલમાં દાણીલીમડા ડિવિઝન ઈન્ચાર્જ તરીકે કાર્યરત છે તેમને રાષ્ટ્રપતિ એવોર્ડ પણ મળેલ છે. આ વિસ્તારના સૌથી મોટા ગંદા પાણીના અને પાણીની અછતના પ્રશ્નને લઈ ચૂંટણી જંગમાં ઊભા રહ્યા હોવાનું જણાવતા તેમણે સમગ્ર વિસ્તાર ૮૦૦થી ૯૦૦ TDSનું પાણી પીવે છે. તેમજ અહીં પાણીની તંગી પણ ઘણી છે. ત્યારે સૌથી વધુ ફોક્સ તેના પર કરવાનું તેઓ વચન આપે છે. આ સાથે જ શુદ્ધ પાણી, શુદ્ધ અભ્યાસ અને શુદ્ધ દવા એ અમારી પાર્ટીનું સૂત્ર છે કામ છે તે કરવા માટે અમને એક તક આપશો તેવી તેમણે અપીલ કરી છે.

## SDPI



**ઉમેદવારનું નામ : મુફ્તી અબ્દુલ્લાહ**
**અભ્યાસ : ધો.૬ અને ઈસ્લામિક-સ્કોલર (મુફ્તી)**
**વ્યવસાય : હોઝિયરીનો વેપાર**

છેલ્લા સાત વર્ષથી સાઉથ ઈન્ડિયામાં વર્ચસ્વ ધરાવતી SDPI પાર્ટીમાં જોડાયેલા છે. હાલમાં તેઓ ગુજરાત પ્રદેશના પ્રમુખ છે. આ સિવાય અન્ય કોઈ પક્ષમાં અગાઉ પણ જોડાયેલ નથી વિવિધ હોદ્દા સાથે પક્ષમાં રહી રાજકીય ક્ષેત્રે પ્રવૃત્તિ કરવા ઉપરાંત તેઓ સતત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરતા રહે છે. પાણી ભરાવવાના દિવસોમાં લોકોને ખોરાક પહોંચાડવાથી લઈને હોસ્પિટલો વગેરેમાં સેવાકીય પ્રવૃત્તિ કરી રહેલ છે. મ્યુનિ. કોર્પોરેશનની તમામ સુવિધા લોકોને મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે ચૂંટણી લડી રહ્યા હોવાનું જણાવતા મુફ્તી અબ્દુલ્લાહે જણાવ્યું હતું કે, મ્યુનિ. કોર્પોરેશનની વિવિધ સ્કીમ લોકો સુધી પહોંચાડવા તથા પ્રાથમિક સુવિધાના કામો કરવા સહિતના વચનો લોકોને તેઓ આપી રહ્યા છે. બહેરામપુરા વોર્ડમાં ૨૦ વર્ષથી કોંગ્રેસ છે પરંતુ પાણી સહિતના ઘણા બધા કામો યોગ્ય રીતે થઈ શક્યા નથી. તે બધી જ ફેસેલિટી મળી રહે. તે માટે અમને એક તક આપો તેવો સંદેશ મતદારોને તેમણે આપ્યો છે.

# ટ્રમ્પે ઈરાની પ્રસ્તાવ રજૂ ન થાય ત્યાં સુધી યુદ્ધવિરામ વાટાઘાટો પૂર્ણ કરવાની મુદત લંબાવી

(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે શાંતિ વાટાઘાટો માટે વધુ સમય આપવા માટે ઈરાન સાથે યુએસ યુદ્ધવિરામ લંબાવ્યો છે. ટ્રમ્પે મધ્યસ્થી પાકિસ્તાનને આ વિનંતી માટે શ્રેય આપતા અને ઈરાનના નેતૃત્વને દરખાસ્ત માટે સંમત થવા માટે વધુ સમય આપવાની જરૂરિયાત પર ભાર મૂકતા બે અઠવાડિયાના યુદ્ધવિરામના અંતને અનિશ્ચિત સમય માટે આ યુદ્ધવિરામ લંબાવ્યો છે, પરંતુ તેમણે કહ્યું કે ઈરાનના બંદરો પર યુએસ નાકાબંધી ચાલુ રહેશે. ટ્રમ્પે અગાઉ સંકેત આપ્યો હતો કે તેઓ યુદ્ધવિરામ લંબાવશે નહીં અને જ્યારે તે સમાપ્ત થાય ત્યારે ફરીથી બોમ્બમારો શરૂ કરવાની ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે, મેં આપણી સેનાને નાકાબંધી ચાલુ રાખવા અને અન્ય તમામ બાબતોમાં, તૈયાર અને સક્ષમ રહેવાનો નિર્દેશ આપ્યો છે, અને ઈરાનનો પ્રસ્તાવ રજૂ ન થાય ત્યાં સુધી યુદ્ધવિરામ લંબાવવામાં આવે છે. ઈરાને ટ્રમ્પની આ જાહેરાતના જવાબમાં તાત્કાલિક કોઈ જાહેર ટિપ્પણી કરી નથી. ટ્રમ્પની આ જાહેરાત પછી પણ પાકિસ્તાન દ્વારા આયોજિત શાંતિ મંત્રણાનું ભાવિ અસ્પષ્ટ છે. વ્હાઈટ હાઉસના એક અધિકારીએ પુષ્ટિ આપી હતી કે ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ મંગળવારે અગાઉના આયોજન મુજબ વાટાઘાટો માટે પાકિસ્તાન જશે નહીં, કારણ કે ઈરાની દરખાસ્ત રજૂ કરવામાં આવી નથી. વ્યક્તિગત બેઠકો અંગેના કોઈપણ અપડેટ્સ વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરવામાં આવશે. ઈસ્લામાબાદમાં વાટાઘાટોના પ્રથમ રાઉન્ડથી, ટ્રમ્પે ઈરાની બંદરોની નાકાબંધીની જાહેરાત કરી છે, જ્યારે તેહરાને ફરીથી હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું છે. યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટે મંગળવારે જણાવ્યું હતું કે ઈરાનને ટેકો પૂરો પાડતા નેટવર્ક્સ સામે વોશિંગ્ટનના પ્રયાસોના ભાગ રૂપે તેના દળોએ "સ્ટેટલેસ મંજૂર" જહાજને અટકાવ્યું હતું અને તેને કબજે કર્યું હતું. AFPએ આ જહાજને ઈરાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા જહાજ તરીકે ઓળખાવ્યું છે. બંને પક્ષોએ એકબીજા પર યુદ્ધવિરામ ભંગનો આરોપ લગાવ્યો છે. ઈરાની રાજધાનીના રહેવાસીઓ કહે છે કે સરકાર દ્વારા યુદ્ધવિરામ અને યુદ્ધની અસર છતાં જીવન વધુ ખરાબ થયું છે. આ યુદ્ધથી અમને ખૂબ જ મુશ્કેલી પડી રહી છે અને પરિસ્થિતિ ભયંકર છે. નિષ્ણાતોએ



જણાવ્યું હતું કે ઈરાનનું બિન-પ્રતિબદ્ધ જાહેર વલણ વોશિંગ્ટન પર દબાણ લાવવાનો પ્રયાસ છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેનો હાલની મડાગાંઠ હવે ક્ષમતાઓનો સંઘર્ષ નથી, પરંતુ રાજકીય સહનશક્તિ અને સોદાબાજીના લાભનો સંઘર્ષ છે. ચાલુ અનિશ્ચિતતા છતાં, સંઘર્ષને સમાપ્ત કરવા માટે સોદાની આશાઓ વચ્ચે મંગળવારે શેરબજારમાં વધારો થયો હતો. યુદ્ધના બીજા મોરચે, ઈઝરાયેલ અને લેબેનોન, જેમના કોઈ રાજદ્વારી સંબંધો નથી, તેઓ ગુરુવારે વોશિંગ્ટનમાં નવી વાટાઘાટો કરશે. શુક્રવારે બંને રાષ્ટ્રો વચ્ચે ૧૦ દિવસનો અલગ યુદ્ધવિરામ થયો હતો અને તેમાં હિઝબુલ્લાહનો પણ સમાવેશ થયો હતો. હળવી હિંસા ચાલુ રહી છે અને ઈઝરાયેલની સેનાએ નાગરિકોને દક્ષિણ લેબેનોનના ડઝનબંધ ગામોમાં પાછા ફરવા સામે ચેતવણી આપી હતી. ઈઝરાયેલી સેનાએ જણાવ્યું હતું કે "હિઝબુલ્લાહ આતંકવાદી સંગઠને લેબેનોનમાં તેના સૈનિકો પર ઘણા રોકેટ છોડ્યા હતા અને જે લોન્ચરથી રોકેટ છોડવામાં આવ્યા હતા તે લોન્ચર પર હુમલો કર્યો હતો. લેબેનોન પર ઈઝરાયેલી હુમલાઓમાં યુદ્ધની શરૂઆતથી ઓછામાં ઓછા ૨,૪૫૪ લોકો માર્યા ગયા છે. હિઝબુલ્લાહે જણાવ્યું હતું કે તેણે મંગળવારે ઉત્તર ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો, જે ઈઝરાયેલી દ્વારા યુદ્ધવિરામના ઉલ્લંઘનનો બદલો હતો.

## ટ્રમ્પે યુદ્ધવિરામ લંબાવવા માટે પાકિસ્તાનના અસીમ મુનીરને શ્રેય આપ્યો

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનની વિનંતી પછી ઈરાન યુદ્ધવિરામ લંબાવ્યો છે, જેમાં અસીમ મુનીર અને શેહબાઝ શરીફની અપીલનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને ઈરાન દ્વારા એકીકૃત દરખાસ્ત રજૂ ન થાય ત્યાં સુધી હોર્મુઝ નાકાબંધી અને લશ્કરી તૈયારી જાળવી રાખવાની જાહેરાત કરી છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે ઈરાન સાથે યુદ્ધવિરામ લંબાવવાની જાહેરાત કરી, કહ્યું કે જ્યાં સુધી ઈરાની નેતાઓ એકીકૃત દરખાસ્ત રજૂ ન કરે અને ચાલુ ચર્ચાઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી તે યથાવત રહેશે. ટ્રમ્પે કહ્યું કે આ નિર્ણય પાકિસ્તાન દ્વારા વધુ લશ્કરી કાર્યવાહીમાં વિલંબ કરવા અને રાજદ્વારી માટે સમય આપવાની વિનંતીને અનુસરીને લેવામાં આવ્યો છે. ટ્રમ્પે કહ્યું કે આ નિર્ણય અસીમ મુનીર અને વડાપ્રધાન શેહબાઝ શરીફ સહિત પાકિસ્તાનના નેતૃત્વની સીધી અપીલ બાદ લેવામાં આવ્યો હતો. મેં અમારી સેનાને નાકાબંધી ચાલુ રાખવા અને અન્ય તમામ બાબતોમાં, તૈયાર અને સક્ષમ રહેવાનો નિર્દેશ આપ્યો છે, અને તેથી જ્યાં સુધી તેમનો પ્રસ્તાવ રજૂ ન થાય અને ચર્ચાઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી યુદ્ધવિરામ લંબાવીશ.

ઈરાનના મુખ્ય વાટાઘાટકાર અને સંસદીય સ્પીકરના સલાહકાર, મોહમ્મદ બાકર ગાલિબાફે મંગળવારે જણાવ્યું હતું કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો યુદ્ધવિરામ લંબાવવાનો નિર્ણય સંભવિત અચાનક હુમલો કરવા માટે "સમય મેળવવાનું કાવતરું" છે. આ સલાહકારે ચેતવણી આપી હતી કે ઈરાની બંદરો પર સતત યુએસ નાકાબંધી બોમ્બમારા જેવી જ છે અને તેનો લશ્કરી જવાબ આપવો જોઈએ.



ટ્રમ્પ દ્વારા યુદ્ધવિરામ લંબાવવાનો કોઈ અર્થ નથી; હારનાર પક્ષ શરતો નક્કી કરી શકતો નથી. પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે X પર એક પોસ્ટમાં યુદ્ધવિરામ લંબાવવા બદલ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો, અને કહ્યું કે આ નિર્ણયથી રાજદ્વારી પ્રયાસો ચાલુ રહેશે. મારા વ્યક્તિગત અને ફિલ્ડ માર્શલ સૈયદ અસીમ મુનીર વતી, હું રાષ્ટ્રપતિ ટ્રમ્પનો હૃદયપૂર્વક આભાર માનું છું કે તેમણે ચાલુ રાજદ્વારી પ્રયાસો માટે યુદ્ધવિરામ લંબાવવાની અમારી વિનંતીને ઉદારતાથી સ્વીકારી છે. આશા છે કે બંને પક્ષો યુદ્ધવિરામનું પાલન કરશે અને ઈસ્લામાબાદમાં યોજાનારી આગામી વાટાઘાટોમાં વ્યાપક "શાંતિ કરાર" તરફ કામ કરશે.

# અમેરિકાના મિસાઈલ ભંડાર ખતમ થઈ રહ્યા છે; ઈરાન પાસે હજુ પણ હજારો મિસાઈલો છે : પેન્ટાગોન

**પેન્ટાગોને એક અહેવાલ જારી કર્યો છે જે ઈરાનની લશ્કરી ક્ષમતાઓના વિનાશ અંગે રાષ્ટ્રપતિ ટ્રમ્પના દાવાઓથી વિપરીત છે. તેમાં જણાવાયું છે કે ઈરાન પાસે હજુ પણ હજારો બેલિસ્ટિક મિસાઈલો અને લોન્ચર છે, જ્યારે અમેરિકા પાસે THAAD, પેટ્રિઓટ અને ટોમાહોક મિસાઈલોનો ભંડાર ઝડપથી ખતમ થઈ ગયો છે**

(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨

ઈરાન સાથે તાજેતરના લશ્કરી તણાવ વચ્ચે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સની ગુપ્તચર એજન્સીએ એક મુખ્ય મૂલ્યાંકનમાં જણાવ્યું હતું કે ઈરાન નોંધપાત્ર લશ્કરી ક્ષમતાઓ જાળવી રાખવાનું ચાલુ રાખે છે. તેમાં નોંધ્યું હતું કે ઈરાન મજબૂત સ્થિતિમાં છે, ખાસ કરીને બેલિસ્ટિક મિસાઈલો અને લોન્ચરના ક્ષેત્રમાં. દરમિયાન, ઈરાને દેશભરમાં આયોજિત સરકાર તરફી રેલીઓ દરમિયાન તેની બદ્ર અને ખોરમશહર-૪ બેલિસ્ટિક મિસાઈલોનું પ્રદર્શન કર્યું છે. તેનાથી વિપરીત, યુએસ મીડિયા અહેવાલોએ ચેતવણી આપી છે કે ઈરાન સામેની કાર્યવાહી દરમિયાન મિસાઈલોના ભારે ઉપયોગથી અમેરિકન ભંડારમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે ભવિષ્યમાં કોઈપણ મોટા સંઘર્ષની સ્થિતિમાં સંભવિત જોખમ ઊભું કરી શકે છે. તેનાથી વિપરીત, રાષ્ટ્રપતિ ટ્રમ્પ સતત દાવો કરી રહ્યા છે કે ઈરાનની લશ્કરી ક્ષમતાઓ પહેલાથી જ નાશ પામી છે.

પેન્ટાગોનના ગુપ્તચર અહેવાલ મુજબ, અમેરિકા અને ઈઝરાયલ દ્વારા હુમલાઓ છતાં, ઈરાન હજુ પણ હજારો મિસાઈલો અને એક-માર્ગી હુમલો કરનારા ડ્રોન જાળવી રાખે છે. તાજેતરના મૂલ્યાંકનો દર્શાવે છે કે ઈરાનના લગભગ અડધા મિસાઈલ લોન્ચર અકબંધ છે, અને તેની બેલિસ્ટિક મિસાઈલ ક્ષમતા પ્રાદેશિક ખતરો ઉભો કરી રહી છે. ઈરાને તેના મિસાઈલો અને લોન્ચરને છુપાવ્યા અને વિખેરી નાખ્યા છે, જેના કારણે તેમને સંપૂર્ણપણે નાશ કરવાનું મુશ્કેલ બન્યું છે.

મંગળવાર રાત્રે (૨૧ એપ્રિલ), ઈરાને રાષ્ટ્રવ્યાપી રેલીઓ દરમિયાન તેની લશ્કરી શક્તિનું પ્રદર્શન કર્યું. તેહરાનના એક અગ્રણી ચોકમાં બદ્ર બેલિસ્ટિક મિસાઈલ પ્રદર્શિત કરવામાં આવી હતી, જ્યારે અન્ય સ્થળે ખોરમશહર-૪ બેલિસ્ટિક મિસાઈલ પ્રદર્શિત કરવામાં આવી હતી. મિસાઈલોમાંથી એક સાથે જોડાયેલા ફોટોગ્રાફમાં કતાર સ્થિત કંપની રાસગેસને સંભવિત લક્ષ્ય તરીકે ઓળખવામાં આવી હતી. તેવી જ રીતે, શિરાઝ, તબ્રીઝ અને ઝાંજન જેવા શહેરોમાં પણ શસ્ત્રોનું જાહેર પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ઈરાનમાં, ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયા પછી દરરોજ સરકાર તરફી રેલીઓ થઈ રહી



છે. આ રેલીઓ દરમિયાન, લોકો ઈરાની ધ્વજ લહેરાવે છે અને "અમેરિકા મૃત્યુ" ના નારા લગાવે છે. તેહરાનમાં, પ્રદર્શનકારીઓએ મેજર જનરલ માજિદ મૌસાવીની પ્રશંસા કરી અને તેમને તેલ અવીવ પર હુમલો કરવા વિનંતી કરી. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ પણ ચેતવણી આપી છે કે જો તેના ગલ્ફ પડોશીઓ યુનાઈટેડ સ્ટેટ્સ અથવા તેના સાથી દેશોને ઈરાન સામે હુમલા કરવા માટે તેમના પ્રદેશ અને સુવિધાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપે, તો સમગ્ર મધ્ય પૂર્વમાં તેલ ઉત્પાદન બંધ થઈ જશે. માજિદ મૌસાવીએ ફાર્સ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે, "આપણા પડોશીઓએ સમજવું જોઈએ કે જો તેમના વ્યૂહાત્મક પ્રદેશો અને સુવિધાઓનો ઉપયોગ આપણા વિરોધીઓ દ્વારા કરવામાં આવશે, તો તેઓ મધ્ય પૂર્વમાં તેલ ઉત્પાદનને વિદાય આપી શકે છે."

**યુએસ શસ્ત્રોની અછત અંગે ચિંતિત**

બીજી બાજુ, યુએસ લશ્કરી ભંડારો અંગે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. CNNના અહેવાલ મુજબ, યુએસ સૈન્યએ ઈરાન સામે સાત અઠવાડિયા લાંબા સંઘર્ષ દરમિયાન તેની મહત્વપૂર્ણ મિસાઈલ ઈન્વેન્ટરીનો નોંધપાત્ર ભાગ ખર્ચ કર્યો છે. સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝ (CSIS) ના વિશ્લેષણ મુજબ:

- ઓછામાં ઓછા ૪૫% ચોકસાઈ-સ્ટ્રાઈક મિસાઈલોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- ઓછામાં ઓછી ૫૦% THAAD મિસાઈલો (બેલિસ્ટિક મિસાઈલોને અટકાવવા માટે રચાયેલ) ખર્ચવામાં આવી છે.
- લગભગ ૫૦% પેટ્રિઅટ એર ડિફેન્સ ઈન્ટરસેપ્ટર મિસાઈલોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- લગભગ ૩૦% ટોમાહોક મિસાઈલો
- ૨૦%થી વધુ લાંબા અંતરની સંયુક્ત એર-ટુ-સરફેસ સ્ટેન્ડઓફ મિસાઈલો
- આશરે ૨૦% SM-3 અને SM-6 મિસાઈલોનો ઉપયોગ

CSISના નિષ્ણાત માર્ક કેન્સિયનએ જણાવ્યું હતું કે, "વધુ વપરાશે પશ્ચિમ પેસિફિક ક્ષેત્રમાં વધતી જતી નબળાઈનો ખુલાસો કર્યો છે. આ સ્ટોકને ફરીથી ભરવામાં એક થી ચાર વર્ષ લાગશે, અને તેમને જરૂરી સ્તર સુધી લાવવામાં ઘણા વધુ વર્ષો લાગશે." અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે ચીન જેવી નજીકના સમકક્ષ શક્તિ સામે વર્તમાન સ્ટોક અપૂરતો છે અને પુનર્ગઠનમાં ત્રણ થી પાંચ વર્ષ લાગી શકે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે તાજેતરમાં મિસાઈલ ઉત્પાદન વધારવા માટે કોન્ટ્રાક્ટ આપ્યા છે, પરંતુ ડિલિવરીમાં સમય લાગશે. પેન્ટાગોનના મુખ્ય પ્રવક્તા સીન પાર્નેલે પુષ્ટિ આપી હતી કે યુએસ સૈન્ય પાસે રાષ્ટ્રપતિના નિર્દેશો પર કાર્ય કરવા માટે જરૂરી બધું છે. જોકે, ટ્રમ્પના દાવાઓથી વિપરીત, નિષ્ણાતો માને છે કે ભંડારમાં ઘટાડો એ એક વાસ્તવિક પડકાર છે.

ઈરાન સાથેના સંઘર્ષ પછી આ પરિસ્થિતિ ઊભી થઈ, જે દરમિયાન યુ.એસ.એ ઈરાનના હવાઈ સંરક્ષણ, મિસાઈલ સ્થળો અને અન્ય ઠેકાણાઓ પર હુમલા શરૂ કર્યા. ઈરાને બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોનથી જવાબ આપ્યો, જેના પરિણામે બંને બાજુએ સંસાધનોનો ભારે ખર્ચ થયો.

વિશ્લેષકો માને છે કે ઈરાનની મિસાઈલ ક્ષમતાઓ પ્રાદેશિક ખતરો બની રહી છે, જ્યારે યુ.એસ.એ તાત્કાલિક તેના ભંડારને મજબૂત બનાવવાની જરૂર છે જેથી નવો સંઘર્ષ થાય તો તૈયારી સુનિશ્ચિત કરી શકાય.

# હોર્મુઝમાં ઈરાન દ્વારા ગોળીબાર બાદ ભારત જતા બે જહાજો સહિત ૩ જહાજ કબજે લેવાયા

**પાકિસ્તાનની વિનંતી પર ટ્રમ્પ દ્વારા યુદ્ધવિરામ લંબાવવામાં આવ્યો હોવા છતાં યુએસ-ઈરાન તણાવ હજુ પણ ઉકેલાયેલ નથી**

(એજન્સી) તા.૨૨

ઈરાને કહ્યું કે તેણે બુધવાર, ૨૨ એપ્રિલના રોજ ત્રણ વાણિજ્યિક જહાજો પર ગોળીબાર કર્યા બાદ હોર્મુઝ સ્ટ્રેટમાં બે કાર્ગો જહાજો જપ્ત કર્યા છે, જેનાથી મહત્વપૂર્ણ શિપિંગ લેનમાં તણાવ વધ્યો છે અને યુએસ-ઈરાન વાટાઘાટોને પુનર્જીવિત કરવાના પ્રયાસો જટિલ બન્યા છે. યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (UKMTO) અનુસાર, વાણિજ્યિક જહાજોને લગતી સ્ટ્રેટમાં અને તેની આસપાસ અલગ અલગ ઘટનાઓ નોંધાઈ છે. ઓમાનના ઉત્તરપૂર્વમાં એક કન્ટેનર જહાજ IRGC ગનબોટ દ્વારા નજીક આવી ગયું અને તેના પર ગોળીબાર કરવામાં આવ્યો, જેના કારણે પુલને ભારે નુકસાન થયું. કોઈ આગ કે પર્યાવરણીય અસરની જાણ થઈ નથી અને બધા ક્રૂ સભ્યો સુરક્ષિત હતા. બીજી ઘટનામાં, ઈરાનથી લગભગ આઠ નોટિકલ માઈલ પશ્ચિમમાં એક આઉટબાઉન્ડ કાર્ગો જહાજ પર પાણીમાં રોકવામાં આવતા પહેલા હુમલો થયો હોવાની જાણ થઈ. UKMTOએ કહ્યું કે બધા ખલાસીઓને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. ઈરાની રાજ્ય સાથે જોડાયેલા મીડિયાએ પાછળથી અહેવાલ આપ્યો કે MSC ફ્રાન્સેસ્કા અને એપામિનોન્ડાસ તરીકે ઓળખાતા બે જહાજોને રિવોલ્યુશનરી ગાર્ડની કસ્ટડીમાં લેવામાં આવ્યા છે અને તેમને ઈરાન લઈ જવામાં આવી રહ્યા છે. મરીનટ્રાફિકના ડેટા અનુસાર, લાઈબેરિયા-ધ્વજવંદન કન્ટેનર જહાજ એપામિનોન્ડાસ, દુબઈના જેબેલ અલીથી ગુજરાત જઈ રહ્યું હતું. અલગ ઈરાની આઉટલેટ્સે જણાવ્યું હતું કે ત્રીજું જહાજ, યુફોરિયા, ઈરાની કિનારે ફસાઈ ગયું હતું. સ્વતંત્ર પુષ્ટિ તાત્કાલિક ઉપલબ્ધ નથી. IRGC નેવીએ હોર્મુઝમાં કડક કાર્યવાહીની ચેતવણી આપી છે. રિવોલ્યુશનરી ગાર્ડ નેવીએ કહ્યું છે કે તેના દળો હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા હિલચાલને નિયંત્રિત કરતા નિયમોનું ઉલ્લંઘન કરતી કોઈપણ કાર્યવાહી સાથે કાયદેસર અને મજબૂત રીતે વ્યવહાર કરશે. વોશિંગ્ટન પોસ્ટે યુએસ લશ્કરી અધિકારીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે નાકાબંધી શરૂ થયા પછી નૌકાદળ અમલીકરણ કામગીરીએ ઓછામાં ઓછા ૨૮ જહાજોને પાછા ફરવાની ફરજ પાડી છે. ઈરાને કહ્યું છે કે વોશિંગ્ટન તેની નૌકાદળ નાકાબંધી હટાવ્યા પછી જ તે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વાટાઘાટો ફરી શરૂ કરશે, જે નાજુક યુદ્ધવિરામ તણાવ વચ્ચે એક મજબૂત રાજદ્વારી સ્થિતિનો સંકેત આપે છે. અલ જઝીરાએ પાકિસ્તાની સરકારી સૂત્રને ટાંકીને અહેવાલ આપ્યો છે કે વડાપ્રધાન શેહબાઝ શરીફ ઈરાની પ્રતિનિધિમંડળને વાટાઘાટોમાં પાછા લાવવા માટે મંત્રીઓ સાથે સલાહ-સૂચન કરી રહ્યા છે. સૂત્રએ જણાવ્યું હતું કે શરીફ ઈરાની પ્રતિનિધિમંડળને ટેબલ પર પાછા



લાવવા માટેના વિકલ્પો શોધવા માટે વિદેશ અને ગૃહ પ્રધાનોને મળવાની અપેક્ષા રાખે છે. ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધવિરામ અનિશ્ચિત સમય માટે લંબાવવાની જાહેરાત કર્યા પછી બુધવારે તેલના ભાવમાં ઘટાડો થયો. નેટવર્ક મોનિટરિંગ ગ્રુપ નેટબ્લોક્સે જણાવ્યું હતું કે મેટ્રિક્સ દર્શાવે છે કે ઈરાન ૧,૨૭૨ કલાકથી વધુ સમય સુધી ચાલેલા રાષ્ટ્રવ્યાપી ઈન્ટરનેટ બ્લેકઆઉટના ૫૪મા દિવસમાં પ્રવેશી ગયું છે. જૂથે કહ્યું કે સતત બંધ અપ્રમાણસર હતું અને જમીન પર માનવાધિકાર ઉલ્લંઘનના કથિત ઉલ્લંઘનને છુપાવી રહ્યું હતું. ઈરાનના શિક્ષણ પ્રધાન અલીરેઝા કાઝેમીએ જણાવ્યું હતું કે યુએસ-ઈઝરાયેલી હુમલાઓમાં નુકસાન પામેલી ૧,૩૦૦ શાળાઓમાંથી ૭૭૫ શાળાઓનું સમારકામ કરવામાં આવ્યું છે, કાઝેમીએ જણાવ્યું હતું કે લગભગ ૨૦ શાળાઓ નાશ પામી હતી, જેમાં સૌથી વધુ નુકસાન તેહરાન, કરમાનશાહ, ઈસ્ફહાન અને હોર્મોઝગન પ્રાંતોમાં થયું હતું. તેમણે ઉમેર્યું હતું કે સૌથી વધુ નુકસાન પામેલી શાળાઓનું સમારકામ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. બ્લૂમબર્ગે એનાલિટિક્સ ફર્મ વોર્ટેક્સાના શિપિંગ ડેટાને ટાંકીને અહેવાલ આપ્યો છે કે યુએસ પ્રતિબંધ છતાં ઈરાન ક્રૂડ ઓઈલ નિકાસ ચાલુ રાખે છે, ટેક્રો પ્રતિબંધોને બાયપાસ કરીને વૈશ્વિક બજારો સુધી પહોંચવામાં સફળ રહે છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે હોર્મોઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે ઈરાન "આર્થિક રીતે તૂટી રહ્યું છે". ટ્રુથ સોશિયલ પોસ્ટમાં, તેમણે દાવો કર્યો હતો કે તેહરાન ઈચ્છે છે કે જળમાર્ગ તાત્કાલિક ફરીથી ખોલવામાં આવે અને "રોકડ માટે ભૂખ્યો" હતો, એએફપીના અહેવાલ મુજબ. ઈરાનના ન્યાયતંત્રે જણાવ્યું હતું કે એક નાગરિક સંવેદનશીલ માહિતી પ્રસારિત કરવા બદલ દોષિત ઠર્યો હતો અહેવાલો અનુસાર, ઈઝરાયેલની મોસાદ ગુપ્તચર એજન્સીને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે.

## IRGC દ્વારા જપ્ત કરાયેલા બે જહાજોમાંથી ભારત જતું જહાજ, ઈરાન લઈ જવામાં આવી રહ્યું છે

**અર્ધ-સત્તાવાર રાજ્ય સમાચાર એજન્સી તસ્નીમ અનુસાર, IRGC નૌકાદળે જણાવ્યું હતું કે બે 'ઉલ્લંઘન કરનારા જહાજો' જપ્ત કર્યા છે અને તેમને ઈરાની કિનારા પર સ્થાનાંતરિત કર્યા છે**

હોર્મુઝ સ્ટ્રેટ પાર કરવાનો પ્રયાસ કરી રહેલા બે જહાજોને ઈરાનના IRGC દ્વારા "નેવિગેશન સિસ્ટમમાં છેડછાડ કરવા અને હોર્મુઝ સ્ટ્રેટમાં સલામતીને જોખમમાં મૂકવા" બદલ જપ્ત કરવામાં આવ્યા છે અને રાજ્ય મીડિયા અનુસાર તેમને ઈરાન લઈ જવામાં આવી રહ્યા છે. "બે ઉલ્લંઘન કરનારા જહાજો, 'MSC-FRANCESCA' (ઝાયોનિસ્ટ શાસન સાથે જોડાયેલા) અને 'EPAMINODES,' જે જરૂરી પરવાનગી વિના સંચાલન કરીને અને નેવિગેશન સિસ્ટમ સાથે છેડછાડ કરીને દરિયાઈ સુરક્ષાને જોખમમાં મૂકતા હતા, IRGC નૌકાદળે એક નિવેદનમાં જણાવ્યું હતું. "હોર્મુઝ સ્ટ્રેટમાં વ્યવસ્થા અને સલામતીનું ઉલ્લંઘન એ અમારી લાલ રેખા છે." આ જહાજોને MSC-FRANCESCA અને EPAMINONDES તરીકે ઓળખવામાં આવી છે. મરીનટ્રાફિક વેબસાઈટ અનુસાર, લાઈબેરિયાના ધ્વજ હેઠળ વહાણ ચલાવતું કન્ટેનર જહાજ EPAMINONDES - દુબઈના જેબેલ અલીથી ગુજરાત તરફ જઈ રહ્યું હતું. આજે વહેલી સવારે, હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાન દ્વારા ઓછામાં ઓછા ત્રણ કન્ટેનર જહાજો પર હુમલો કરવામાં આવ્યો હતો. પ્રથમ હુમલાની પુષ્ટિ કરતા, યુકે મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટર (UKMTO)એ જણાવ્યું હતું કે ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ની ગનબોટે ઓમાનથી લગભગ ૧૫ નોટિકલ માઈલ ઉત્તરપૂર્વમાં એક કન્ટેનર જહાજ પર ગોળીબાર કર્યો હતો. બીજી ઘટનામાં UAE સ્થિત કંપનીની માલિકીની પનામા-ધ્વજવાળી યુફોરિયાનો સમાવેશ થાય છે, જેના પર ઈરાનથી લગભગ આઠ નોટિકલ માઈલ પશ્ચિમમાં હુમલો કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. UKMTOએ જણાવ્યું હતું કે ક્રૂને કોઈ નુકસાન થયું નથી અને જહાજને કોઈ નુકસાન થયું નથી. પનામા-ધ્વજવાળી MSC ફ્રાન્સેસ્કાને પણ ઈરાનના કિનારેથી લગભગ છ નોટિકલ માઈલ દૂર નિશાન બનાવવામાં આવ્યું હતું જ્યારે હોર્મુઝ સ્ટ્રેટથી ઓમાનના અખાતમાં દક્ષિણ તરફ જઈ રહ્યું હતું. મેરીટાઈમ ઈન્ટેલિજન્સ ફર્મ વેનગાર્ડના જણાવ્યા અનુસાર, જહાજે તેના હલ અને રહેઠાણના વિસ્તારોને નુકસાન પહોંચાડ્યું હોવાનો અહેવાલ આપ્યો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે યુદ્ધવિરામ સમાપ્ત થવાના કલાકો પહેલા લંબાવ્યો હતો અને ઉમેર્યું હતું કે જ્યાં સુધી ઈરાન સંઘર્ષને કાયમી ધોરણે સમાપ્ત કરવા માટે "એકરૂપ દરખાસ્ત" રજૂ ન કરે ત્યાં સુધી યુદ્ધવિરામ ચાલુ રહેશે. પાકિસ્તાનમાં વાટાઘાટોનો બીજો રાઉન્ડ સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો, પરંતુ વ્હાઈટ હાઉસે ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સની ઈસ્લામાબાદની આયોજિત યાત્રા સ્થગિત કરી દીધી કારણ કે ઈરાને વાટાઘાટો ફરી શરૂ કરવાના પ્રયાસોને નકારી કાઢ્યા હતા. ઈરાને યુદ્ધવિરામ લંબાવવાનો સ્વીકાર કર્યો પરંતુ એવું કહ્યું નહીં કે તેહરાન યુદ્ધનો અંત લાવવા માટે વાટાઘાટોના નવા રાઉન્ડમાં હાજરી આપવા તૈયાર છે.

# યુદ્ધવિરામ છતાં લેબેનોનના બેકા ખીણ પર ઈઝરાયેલી હુમલામાં એક વ્યક્તિનું મોત : મીડિયા

(એજન્સી) બેરૂત, તા.૨૨

ઈઝરાયેલ અને ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ વચ્ચે ચાલી રહેલા યુદ્ધવિરામ છતાં બુધવારે લેબેનોનના બેકા પ્રદેશ પર ઈઝરાયેલી હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને બે અન્ય ઘાયલ થયા હતા, એમ લેબેનોનના રાજ્ય મીડિયાએ અહેવાલ આપ્યો હતો. 'પશ્ચિમ બેકામાં અલ-જાબુરની બહાર વહેલી સવારે દુશ્મન ડ્રોન દ્વારા કરવામાં આવેલા હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને બે અન્ય ઘાયલ થયા હતા,' લેબેનોનની રાજ્ય સંચાલિત રાષ્ટ્રીય સમાચાર એજન્સી (NNA)એ અહેવાલ આપ્યો હતો. હિઝબુલ્લાહે મંગળવારે જણાવ્યું હતું કે, તેણે 'સ્પષ્ટ' ઈઝરાયેલી યુદ્ધવિરામ ઉલ્લંઘનના જવાબમાં ઉત્તર ઈઝરાયેલમાં એક સ્થળ પર રોકેટ અને હુમલો ડ્રોન છોડ્યા હતા, જેમાં તેણે કહ્યું હતું કે, 'નાગરિકો પર હુમલા અને તેમના ઘરો અને ગામડાઓનો વિનાશ' સામેલ છે. ઈઝરાયેલી સૈન્યએ તે દિવસે કહ્યું હતું કે, હિઝબુલ્લાહે દક્ષિણ લેબેનોનમાં તૈનાત સૈનિકો પર 'ઘણા રોકેટ છોડ્યા' હતા અને સૈન્યએ જવાબમાં લોન્ચર પર હુમલો કર્યો હતો. NNAએ બુધવારે ઈઝરાયેલના હાલમાં કબજા હેઠળના દક્ષિણ નગરોમાં ઈઝરાયેલી તોપમારો અને તોડફોડની જાણ કરી હતી. ૨ માર્ચે હિઝબુલ્લાહ તેના સમર્થક ઈરાનના સમર્થનમાં મધ્ય-પૂર્વ યુદ્ધમાં પ્રવેશ્યા પછી, ઈઝરાયેલે લેબેનોનમાં મોટા



હુમલા કર્યા અને દક્ષિણમાં આક્રમણ કર્યું. શુક્રવારથી શરૂ થયેલા યુદ્ધવિરામ છતાં ઈઝરાયેલી સૈનિકો હજુ પણ દક્ષિણ લેબેનોનમાં સક્રિય છે, સંરક્ષણ પ્રધાન ઈઝરાયેલ કાત્ઝે રવિવારે કહ્યું હતું કે, જો ધમકી આપવામાં આવશે તો તેઓ 'સંપૂર્ણ બળ'નો ઉપયોગ કરશે. યુદ્ધવિરામની શરતો હેઠળ, ઈઝરાયેલ કહે છે કે, તે 'આયોજિત, નિકટવર્તી અથવા ચાલુ હુમલાઓ' સામે કાર્યવાહી કરવાનો અધિકાર અનામત રાખે છે.

# ઈઝરાયેલી પૂર્વ વરિષ્ઠ અધિકારીઓ કહે છે કે, નેતાન્યાહુ સરકારે દેશને 'હાઈજેક' કર્યો, ઈરાન યુદ્ધમાં નિષ્ફળ ગયા

(એજન્સી) તા.૨૨

મંગળવારે ઈઝરાયેલના ત્રણ પૂર્વ વરિષ્ઠ અધિકારીઓએ વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુની સરકારની આકરી ટીકા કરતા કહ્યું કે, તેમણે દેશને 'હાઈજેક' કર્યો છે અને ઈરાન સામેના યુદ્ધમાં નિષ્ફળ ગયા છે. 'ઈઝરાયેલની સ્વતંત્રતાની ૭૮મી વર્ષગાંઠની પૂર્વસંધ્યાએ (હિબ્રુ કેલેન્ડર મુજબ), આપણે કડવાશ સાથે કહેવાની ફરજ પડી છેઃ ઈઝરાયેલને એક એવા શાસન દ્વારા હાઈજેક કરવામાં આવ્યું છે જે રાજ્યના સંસાધનોને પોતાની ખાનગી મિલકત માને છે,' પૂર્વ આર્મી ચીફ ઓફ સ્ટાફ ડેન હાલુત્ઝ અને મોશે યાલોને હારેટ્ઝ અખબારમાં એક લેખમાં લખ્યું. તેઓએ સરકારને 'તેના નાગરિકોની વાસ્તવિકતાથી સંપૂર્ણપણે અલગ, નેતાન્યાહુ, તેમની પત્ની (સારા) અને મીરી રેગેવ (પરિવહન મંત્રી)ની વ્યક્તિગત મિલકત હોય તેવું વર્તન કરતી' તરીકે વર્ણવી. ઓક્ટોબરમાં અપેક્ષિત સામાન્ય ચૂંટણીઓનો ઉલ્લેખ કરતા તેઓએ ઉમેર્યું, 'અમે જનતાને દેશનો નિયંત્રણ પાછો મેળવવા માટે હાકલ કરીએ છીએ.' યાલોન, ચીફ ઓફ સ્ટાફ તરીકે સેવા આપવા ઉપરાંત અગાઉ સંરક્ષણ મંત્રીનું પદ સંભાળી ચૂક્યા છે. પૂર્વ વડાપ્રધાન એહુદ બરાકે હારેટ્ઝમાં એક અલગ લેખમાં લખ્યું હતું કે, 'દુશ્મનોને પીડાદાયક ફટકો પડ્યો, જેનાથી તેઓ બધા નબળા પડી ગયા.' તેમણે ઉમેર્યું હતું કે, 'યુદ્ધનો કોઈ પણ ઉદ્દેશ્ય પ્રાપ્ત



થયો નથી. હમાસ હજુ પણ ગાઝામાં છે અને હિઝબુલ્લાહ લેબેનોનમાં છે.' ઈઝરાયેલે આ ક્ષેત્રમાં અનેક લશ્કરી ઝુંબેશ ચલાવી છે. ૨ માર્ચથી લેબેનોન પર તેના હુમલાઓમાં ૨૨૯૪ લોકો માર્યા ગયા છે, ૭૫૪૪ ઘાયલ થયા છે અને ૧૦ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે, યુદ્ધનો અંત લાવવા માટે કોઈ કરાર થઈ શકે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# મણિપુરમાં શાંતિ સ્થાપવામાં સરકાર કેમ સતત નિષ્ફળ રહે છે ?

ઉત્તરપૂર્વનું અત્યંત સંવેદનશીલ બની ચૂકેલું રાજ્ય મણિપુર આમ તો છેલ્લા ત્રણેક વરસથી સળગી રહ્યું છે. વચમાં થોડો સમય રાહતરૂપ રહ્યો હતો પરંતુ હવે અશાંતિ અને અંધાધૂંધી આ રાજ્યમાં પાછી ફરી છે અને સ્થિતિ સુધરવાને બદલે વણસતી હોવાનો અંદાજ આવી રહ્યો છે. ત્રણેક વર્ષ પહેલા ભાજપની સરકારે કૂકી અને મૈઈતેઈ વચ્ચે અનામત બાબતે થયેલા સંઘર્ષને ઉકેલવામાં થાપ ખાધી અને પછી જે મણિપુરની હાલત થઈ એ સર્વવિદિત છે. વર્ષોથી હળીમળીને રહેતા કૂકી અને મૈઈતેઈ સમુદાય વચ્ચે પછી એવા વેરનાં વાવેતર થયા કે તેનું ઝેર આજે પણ મણિપુરને ડંખી રહ્યું છે. વળી હિંસા વકર્યા બાદ તેને ડામવામાં પણ ભાજપની રાજ્ય અને કેન્દ્ર બંને સરકારો ઊણી ઉતરી જેના માઠાં પરિણામ આજે મણિપુર તેમજ દેશ ભોગવી રહ્યો છે. મણિપુરમાં થોડા દિવસોની સામાન્ય સ્થિતિ બાદ હાલમાં હિંસાની ઘટનાઓ ફરી સામે આવી છે. સરકાર દાવો કરે છે કે અસામાજિક તત્વો જવાબદાર છે, પરંતુ એ વાતને નકારી શકાય નહીં કે રાજ્યના લોકોમાં અસંતોષને કારણે વિરોધ પ્રદર્શનો ફરી શરૂ થયા છે, જે ચોક્કસપણે સુમેળભર્યા વાતાવરણ માટે ચિંતાનો વિષય છે. ગયા શુક્રવારે, ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લામાં હજારો લોકોએ પ્રતિબંધક આદેશોનું ઉલ્લંઘન કર્યું અને મશાલ રેલી કાઢી, જેના કારણે સુરક્ષા કર્મચારીઓ સાથે હિંસક અથડામણ થઈ. સ્થાનિક રહેવાસીઓ તાજેતરમાં એક ઘર પર થયેલા બોમ્બ હુમલાનો વિરોધ કરી રહ્યા હતા જેમાં બે બાળકોના મોત થયા હતા. પ્રશ્ન એ છે કે શું સુરક્ષા એજન્સીઓ રાજ્યમાં પરિસ્થિતિ સંવેદનશીલ અને તંગ હોવા છતાં તેમની ફરજો યોગ્ય રીતે નિભાવવામાં નિષ્ફળ રહી છે? જો નહીં, તો પછી સરકાર અને વહીવટીતંત્ર સામે લોકોનો ગુસ્સો કેમ વધી રહ્યો છે ? ઉલ્લેખનીય છે કે ગત ૭ એપ્રિલે મણિપુરના બિષ્ણુપુર જિલ્લામાં એક ઘર પર થયેલા બોમ્બ હુમલામાં બે નિર્દોષ બાળકોના મોત થયા હતા. આ ઘટના સામે સ્થાનિક વિરોધ દરમિયાન હિંસક અથડામણમાં ત્રણ લોકો માર્યા ગયા હતા. લોકો આ બાળકોની હત્યા માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. આ સ્થિતિમાં, સુરક્ષા અધિકારીઓએ સ્થાનિક લોકોને વિશ્વાસમાં લેવા અને તપાસ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે નિષ્ઠાવાન પ્રયાસો કરવા જરૂરી છે. નવાઈની વાત તો એ છે કે જ્યારે સરકાર પોતે સ્વીકારે છે કે રાજ્યમાંના ઘણા ભાગોમાં પરિસ્થિતિ સંવેદનશીલ રહે છે, તો કોઈપણ અનિચ્છનીય ઘટના પછી સુરક્ષા એજન્સીઓમાં સંવેદનશીલતાનો અભાવ કેમ દેખાય છે? રાજ્યમાં હિંસાની વધતી જતી ઘટનાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે પરિસ્થિતિ રાખ નીચે ઢંકાયેલી ચિનગારી જેવી છે, જે તક મળતાં જ આગમાં ફેરવાઈ શકે છે. તેથી, સરકાર અને સુરક્ષા દળોએ કાયદામાં લોકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે પ્રામાણિક, ખુલ્લા અને નિષ્પક્ષ જાહેર સંવાદને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમજ હવે ભવિષ્યમાં પરિસ્થિતિ અગાઉ જેવી વણસે નહિ એની પૂરેપૂરી તકેદારી રાખવી જોઈએ.

# બંગાળ ચૂંટણીમાં ટક્કર કઠિન : મમતા સામે પડકાર, ભાજપ પર પણ પ્રહાર



## જવાહર સિરકાર બંગાળમાં SIRના કારણે ભાજપે કેવી રીતે પોતાને જ નુકસાન કર્યું તે અંગે વાત કરે છે

આ વિશેષ ઈન્ટરવ્યુમાં, તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના પૂર્વ સાંસદ જવાહર સિરકાર કહે છે કે ભાજપે બંગાળમાં મોટી સંખ્યામાં હિન્દુ મતદારોના નામ કાઢીને પોતાને જ નુકસાન પહોંચાડ્યું છે. તેઓ સમજાવે છે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા કારણે ૯૦ લાખથી વધુ મતદારોના નામ દૂર થયા છે, જેના કારણે મુસ્લિમો, માતુઆ સમુદાય અને TMCના મજબૂત વિસ્તારો પર ભારે અસર પડી છે. તેઓ આક્ષેપ કરે છે કે ૨૦૨૬ની ચૂંટણી પહેલા જીતનો અંતર ઘટાડવા માટે આ SIR યોજના બનાવવામાં આવી છે, જેના કારણે પશ્ચિમ બંગાળમાં સત્તા વિરોધી લાગણી વધુ મજબૂત બની શકે છે. શું આ SIR અને મતદારોની સફાઈ બંગાળના રાજકીય ભવિષ્યને બદલી નાખશે? જવાહર સિરકાર કહે છે કે મમતા બેનરજી ચિંતિત છે કારણ કે ભાજપે કમ્પ્યુટર ડેટાનો ઉપયોગ કરીને એવા મતવિસ્તારોને નિશાન બનાવ્યા છે જ્યાં તેઓ પહેલા જીત્યા હતા અથવા જીતવાની શક્યતા હતી, અને મતદારોના નામ કાઢવાથી જીતનો અંતર ઘટાડવામાં આવ્યો છે.પરંતુ, તેઓ આગળ કહે છે કે ભાજપે રાજ્યમાં ઘણા હિન્દુ મતદારોના નામ કાઢીને એવું પગલું લીધું છે જે અંતે તેમના માટે જ નુકસાનકારક સાબિત થયું છે, જેની તેમને અપેક્ષા નહોતી.

સપ્ટેમ્બર ૨૦૨૪માં, જવાહર સિરકારે આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ટ્રેઈની ડોક્ટર પર થયેલા કથિત બળાત્કાર અને હત્યા કેસને લઈને TMCના સાંસદ પદેથી રાજીનામું આપ્યું હતું, જેનાથી મોટો વિવાદ થયો હતો.આ ઘટનાના પછી મહિલાઓના નેતૃત્વમાં એક મોટું આંદોલન શરૂ થયું, સિરકાર કહે છે કે છેલ્લા ઘણા વર્ષોમાં બંગાળમાં જોવામાં આવેલું સૌથી મોટું પરિવર્તન હતું. તેઓ ઉમેરે છે કે TMC સરકારે આ આંદોલનને અવગણ્યું, જેના કારણે ભ્રષ્ટાચાર સામે લોકોમાં પહેલેથી જ ઊભી થયેલી નારાજગી વધુ તેજ બની.

આગામી ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી અંગે પૂછવામાં આવ્યું ત્યારે સિરકાર કહે છે કે આ વખતેનું વાતાવરણ ઘણું નિરાશાજનક છે. તેઓ કહે છે કે SIR નામની આ ગેરયોજિત પ્રક્રિયાના કારણે લોકોમાં ઉદાસીનતા છે. કેટલાક લોકો કહી શકે કે બંગાળમાં મતદાન ગોટાળા નવી વાત નથી, પરંતુ ઈતિહાસમાં પહેલી વાર મતદાર યાદીમાં આ રીતે મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા છે.

શરૂઆતમાં, લોકો માનતા હતા કે ચૂંટણી પંચ (ECI) દ્વારા કરવામાં આવતો "સઘન સુધારો" એક સામાન્ય અને સારું પગલું છે, કારણકે આવું કામ સમયાંતરે થાય છે. પરંતુ પછી સમજાયું કે આ સામાન્ય સુધારો નથી.૨૦૦૨માં થયેલા સઘન સુધારાથી અલગ, હાલ જે પ્રક્રિયા ચાલી રહી છે તેને "ખાસ સઘન સુધારો" કહેવામાં આવી રહ્યો છે. આ શબ્દને કોઈ કાનૂની માન્યતા નથી. સામાન્ય રીતે "સઘન સુધારો", "આંશિક સુધારો" અથવા "ખાસ સુધારો" થાય છે. "ખાસ સુધારો" ખાસ પરિસ્થિતિઓમાં, જેમ કે પૂર અથવા આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં, ટૂંકા સમય માટે કરવામાં આવે છે.

સિરકારના કહેવા પ્રમાણે, આ "ખાસ સઘન સુધારો" વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દ્વારા બનાવવામાં આવ્યો છે અને તેમાં ઘણી સમસ્યાઓ છે. નવી ગણતરી પ્રક્રિયા, કઠિન ઓળખ પુરાવાની માંગ અને અન્ય શરતોને કારણે સામાન્ય નાગરિકો પર જ ભાર પડ્યો છે, જ્યારે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દૂર કરવાનો હેતુ હતો.

**આ SIR અન્ય રાજ્યો કરતા કેવી રીતે અલગ છે?**

૧૯૫૦ના દાયકામાં પહેલી ચૂંટણીઓથી લઈને અત્યાર સુધી, મુખ્ય ચૂંટણી કમિશનર (CEC)નો મુખ્ય ઉદ્દેશ એ રહ્યો છે કે વધુમાં વધુ યોગ્ય નાગરિકો મતદાર યાદીમાં સામેલ થાય. પરંતુ આ વખતે, ચૂંટણી પ્રક્રિયામાં લોકોના નામ ઉમેરવાને બદલે તેમને યાદીમાંથી કાઢવા પર વધુ ભાર મૂકાયો છે.

ચૂંટણીમાં સમયાંતરે સુધારા જરૂરી હોય છે, કારણ કે લોકો સ્થળ બદલતા હોય છે, કેટલાક લોકોનું અવસાન થાય છે અને નવા મતદારો ઉમેરવાના રહે છે. પરંતુ હાલ જે પ્રક્રિયા ચાલી રહી છે તેનું પ્રમાણ અને વ્યાપ ખૂબ જ ચિંતાજનક છે. એવું લાગે છે કે ચૂંટણી પંચ (ECI) એક એવી મશીન જેવી બની ગઈ છે, જેનો મુખ્ય ઉદ્દેશ માત્ર મોટા પ્રમાણમાં નામો કાઢવાનો જ છે.

આ સમસ્યા માત્ર પશ્ચિમ બંગાળ પૂરતી મર્યાદિત નથી. ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા અન્ય રાજ્યોમાં પણ મોટી સંખ્યામાં નામો કાઢી નાખવામાં આવ્યા છે. છતાં, બંગાળમાં SIR ખાસ કરીને વધુ વિવાદાસ્પદ બન્યું છે, કારણ કે તેમાં સ્પષ્ટ વાંધા દેખાય છે.

હવે સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કરીને કહ્યું છે કે જેમણે સમયસર અપીલ કરી છે, તેઓ મતદાન કરી શકશે. પરંતુ માત્ર ૧૯ અપીલ ટ્રિબ્યુનલ છે, અને તેઓનું નેતૃત્વ ભૂતપૂર્વ હાઈકોર્ટના ન્યાયાધીશો કરે છે. જો દરેક અપીલ પર માત્ર બે મિનિટનો સમય પણ આપવામાં આવે, તો પણ ૩૪.૫ લાખ અપીલોનો નિકાલ કરવો શક્ય નથી.

**બંગાળમાં SIR સામે વધુ વિરોધ કેમ છે?**

આ પ્રક્રિયાએ મતદારોની સંખ્યામાં એટલો મોટો ઘટાડો કર્યો છે કે તે ઈરાદાપૂર્વક નિશાન બનાવવામાં આવ્યું હોય એવું લાગે છે, ખાસ કરીને મુસ્લિમ સમુદાયને, જે રાજ્યની કુલ વસ્તીના આશરે ૨૭ ટકા છે અને અન્ય રાજ્યોની સરખામણીમાં વધુ છે.

સુપ્રીમ કોર્ટના રેકોર્ડ મુજબ, ૩૪.૫ લાખ લોકોએ અપીલ કરી છે. તેનો અર્થ એ છે કે એટલા લોકોના નામ પર વિવાદ છે અને તેઓ હાલ મતદાન કરી શકતા નથી, કારણ કે તેમની અપીલ બાકી છે.

મારા મતે, આ સંખ્યામાં વધુ ૧૦થી ૧૫ લાખ લોકો ઉમેરવા જોઈએ. એટલે કુલ અસરગ્રસ્ત લોકોની સંખ્યા આશરે ૫૦ લાખ સુધી પહોંચી શકે છે.

કારણ એ છે કે ઘણા ગરીબ, મજૂર વર્ગના અથવા ઓછા શિક્ષિત લોકોને ખબર પણ નહીં પડે કે તેમના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે, જ્યાં સુધી તેઓ મતદાનના દિવસે બૂથ પર ન જાય.

આ રીતે, અપીલ કરનારાઓ સહિત, કુલ કાઢી નાખવામાં આવેલા મતદારોની સંખ્યા ૯૦ લાખથી વધુ થઈ શકે છે.

ચૂંટણી દરમિયાન આટલો મોટો ઘટાડો પહેલાં ક્યારેય જોવા મળ્યો નથી અને આ આંકડાઓને નજીકથી જોવાથી એવું લાગે છે કે SIR પાછળનો હેતુ શંકાસ્પદ છે.

**બંગાળમાં SIR પાછળનો હેતુ શું છે અને તેને કેવી રીતે અમલમાં મૂકવામાં આવ્યો છે?**

મારા મતે, આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ લઘુમતી સમુદાયોને નિશાન બનાવવાનો છે. મેં "દુર્ભાવના" શબ્દ ઉપયોગ કર્યો છે કારણ કે મોટા ભાગના નામો સરહદી જિલ્લાઓમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. જો તમે બાંકુરા, બીરભૂમ, હુગલી, હાવડા જેવા મુખ્યત્વે હિન્દુ વસ્તી ધરાવતા વિસ્તારોમાં જુઓ, તો ત્યાં ઓછા નામો કાઢવામાં આવ્યા છે. જ્યારે મુર્શિદાબાદ, માલદા, દિનાજપુર, નાદિયા અને દક્ષિણ ૨૪ પરગણા જેવા મુસ્લિમ વસ્તી વધુ ધરાવતા વિસ્તારોમાં નામો અસામાન્ય રીતે વધુ કાઢવામાં આવ્યા છે.

સુપ્રીમ કોર્ટના આંકડા મુજબ, કુલ ૯૧ લાખ નામોમાંથી લગભગ ૩૪ ટકા નામ મુસ્લિમોના છે. જ્યારે બંગાળમાં મુસ્લિમ વસ્તી લગભગ ૨૭ ટકા છે, એટલે તેમની વસ્તી પ્રમાણે કરતાં લગભગ ૭ ટકા વધુ નામો કાઢવામાં આવ્યા છે.

મુસ્લિમ વિરોધી વલણ RSS-BJPના હિન્દુત્વ આધારિત રાજકારણનો એક મહત્વનો ભાગ છે. તેઓ બંગાળમાં મુસ્લિમ વસ્તીની ઐતિહાસિક હાજરીને સ્વીકારતા નથી. હકીકતમાં, બંગાળ હંમેશાં એક ઉદાર પ્રદેશ રહ્યો છે, જેના કારણે ઘણા મુસ્લિમો પૂર્વ પાકિસ્તાન ગયા નહોતા અને અહીં જ રહ્યા. તેથી બંગાળમાં મુસ્લિમ વસ્તી હંમેશા નોંધપાત્ર રહી છે.

**શું આ ફક્ત વિચારધારા કે ચૂંટણીલક્ષી પગલું છે?**

ભાજપ અને RSS માનતા હોય છે કે મુસ્લિમો તેમને મત આપતા નથી. તેથી તેઓ માને છે કે રાજ્યમાં તેમની હારનું એક મોટું કારણ ૨૭ ટકા મુસ્લિમ મતદારો છે, જે ઘણા વિસ્તારોમાં તેમના જીતના અંતરને અસર કરે છે. આશરે ૭૨ મતવિસ્તારો એવા છે જ્યાં મુસ્લિમ વસ્તી પ્રભાવશાળી છે. તેથી ભાજપે આ વિસ્તારોને ખાસ નિશાન બનાવીને મતદારોના નામ કાઢવાની પ્રક્રિયા પર ભાર મૂક્યો છે, જેથી ઓછા મુસ્લિમ મતદારો મતદાન કરી શકે.

ઉદાહરણ તરીકે, મુર્શિદાબાદ જિલ્લાના શમશેરગંજ મતવિસ્તારમાં (નંબર ૫૬), આંકડા દર્શાવે છે કે ન્યાયિક પ્રક્રિયા હેઠળ આવેલા ૯૧ ટકા નામો નામંજૂર કરવામાં આવ્યા છે. આ અસામાન્ય છે. કોઈ કહી શકે કે આ નિર્ણય ન્યાયિક અધિકારી દ્વારા લેવાયો છે, RSS અથવા BJP દ્વારા નહીં. પરંતુ હકીકતમાં, નામો કાઢવામાં આવ્યા એ મહત્વનું છે, અને સત્તામાં રહેલી સરકારની મંજૂરી વગર આ શક્ય નથી.

**પરંતુ શું ફક્ત મુસ્લિમ મતદારો જ અસરગ્રસ્ત છે?**

ના, હિન્દુ મતદારો પણ મોટી સંખ્યામાં અસરગ્રસ્ત થયા છે. કુલ ૯૦ લાખથી વધુ કાઢી નાખેલા નામોમાંથી ૬૩ ટકા કરતાં વધુ હિન્દુઓના છે. આ ભાજપ માટે "સ્વ-ધ્યેય" સમાન છે, કારણ કે કદાચ તેમણે આ પરિણામની અપેક્ષા નહોતી રાખી.

આ દર્શાવે છે કે તેઓ બંગાળની સામાજિક રચનાને સંપૂર્ણ રીતે સમજતા નથી. અહીં હિન્દુ અનુસૂચિત જાતિના ઘણા લોકો છે, જેમને માતુઆ સમુદાય તરીકે ઓળખવામાં આવે છે, અને તેઓ પૂર્વ બાંગ્લાદેશમાંથી આવ્યા છે.

નાદિયા, દક્ષિણ ૨૪ પરગણા અને સરહદી વિસ્તારોમાં રહેતા માતુઆઓ લાંબા સમયથી પોતાને હિન્દુ શરણાર્થી તરીકે ઓળખાવે છે, જેઓ ધાર્મિક ત્રાસથી બચવા અહીં આવ્યા હતા. મોદી સરકારે ઝછછ કાયદા દ્વારા તેમને નાગરિકતા આપવાનો વચન આપ્યું હતું, જેનાથી માતુઆ મતદારોને આકર્ષવામાં સફળતા મળી હતી.

પરંતુ હવે સરકાર તેના અમલમાં નિષ્ફળ રહી છે. લગભગ એક કરોડ લોકોમાં કેટલાને નાગરિકતા મળી તે સ્પષ્ટ નથી. અંદાજે કાઢી નાખેલા ૬૩ ટકા હિન્દુ નામોમાં મોટો ભાગ માતુઆ સમુદાયનો હોઈ શકે છે.

આ કારણે, માતુઆ સમુદાયના ઘણા મતદારો ભાજપ સામે અસંતોષ વ્યક્ત કરી શકે છે. એક તરફ સરકાર પોતાનું વચન પૂરૂં કરી શકી નથી, અને બીજી તરફ, ચૂંટણી પ્રક્રિયામાં મોટી સંખ્યામાં તેમના નામો કાઢી નાખવામાં આવ્યા છે.

**તો, શું આથી સ્ઝને ફાયદો થશે? અને મતદારોના નામ કાઢી નાખવાની અસર શું થશે?**

હાલમાં મમતા બેનરજી સ્પષ્ટ રીતે ચિંતિત દેખાય છે. કારણ કે ભાજપે કમ્પ્યુટર આધારિત માહિતીથી એવા મતવિસ્તારોને નિશાન બનાવ્યા છે જ્યાં TMC જીતતી હતી અથવા જીતવાની સંભાવના હતી, અને મતદારોના નામ કાઢવાથી જીતનો અંતર ઓછો થઈ શકે છે. આ મુદ્દો હું જ ઉઠાવતો નથી, પરંતુ જસ્ટિસ જોયમલ્યા બાગચીએ પણ વારંવાર આ પ્રશ્ન ઉઠાવ્યો છે.

તેમણે કહ્યું છે કે જો જીતનો અંતર માત્ર ૨ ટકા હોય અને ૧૫ ટકા મતદારોના નામ કાઢી નાખવામાં આવે, તો પરિણામ પર મોટો પ્રભાવ પડશે. મમતા બેનરજી પણ કદાચ આ જ બાબતને લઈને ચિંતિત છે કે આ આંકડા તેમના વિરુદ્ધ જઈ શકે છે.

આ ઉપરાંત, બંગાળમાં લાંબા સમયથી સત્તા વિરોધી લહેર ચાલી રહી છે, જે આ ચૂંટણીમાં પણ અસરકારક બની શકે છે.

હજુ સ્પષ્ટ નથી કે આ પરિસ્થિતિથી ભાજપને ફાયદો થશે કે પછી સત્તા વિરોધી મતદારો, જેમ કે અપક્ષ, કોંગ્રેસ અથવા CPI(M)ના ઉમેદવારોને લાભ મળશે. કેટલાક મતવિસ્તારોમાં આ શક્યતા જરૂર છે.

સ્થાનિક સ્તરે, કાઉન્સિલરથી લઈને ધારાસભ્યો સુધી ભ્રષ્ટાચારના આરોપો જોવા મળે છે. ઘણા લોકો માને છે કે સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવેલા જાહેર સેવકો હવે મોટા મકાનો, ફ્લેટ અને મોંઘી કારો ધરાવે છે. આ પ્રકારની વાતો બંગાળમાં સામાન્ય બની ગઈ છે. તેથી, કેટલાક મતદારો આ વખતે TMCને મત ન આપવાનું પસંદ કરી શકે છે અને અન્ય વિકલ્પો શોધી શકે છે.

**શું સત્તા વિરોધી લાગણી વિચારધારા કરતાં વધુ પ્રભાવશાળી બની રહી છે?**

પાછલી ચૂંટણીમાં મમતા બેનરજી વારંવાર કહેતી હતી કે બંગાળની સંસ્કૃતિ જોખમમાં છે, અને લોકો પોતાની સંસ્કૃતિ બચાવવા માટે તેમને મત આપે. આ વિચાર હિન્દી-હિન્દુ-હિન્દુત્વ વિચારધારાના વિરોધમાં હતો, જે બંગાળી ઓળખ સાથે મેળ ખાતો નથી.

પરંતુ આ વખતે શક્ય છે કે આ દલીલ એટલી અસરકારક ન રહે. સંસ્કૃતિ હજુ જોખમમાં હોવા છતાં, લોકો કદાચ TMC સિવાયના અન્ય પક્ષોને મત આપવાનું પસંદ કરે. ઘણા મતદારો એવું માને છે કે જો તેઓ ભાજપને મત નથી આપતા, તો તેઓ TMC સિવાય અન્ય કોઈને મત આપી શકે છે, ભલે તે સરકાર ન બનાવે, પરંતુ તેમને સંતોષ મળે છે.

**શું આરજી કર આંદોલનનો પણ આ પરિસ્થિતિ પર પ્રભાવ પડ્યો છે?**

હા, TMCએ આ આંદોલનને અવગણવું ન જોઈએ હતું. આ બંગાળમાં છેલ્લા ઘણા વર્ષોમાં જોવાયેલું સૌથી મોટું આંદોલન હતું. ખાસ કરીને મહિલાઓ મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવી હતી, જે આશ્ચર્યજનક હતું, કારણ કે TMC સામાન્ય રીતે મહિલાઓમાં લોકપ્રિય છે.

આ આંદોલન લગભગ ત્રણ મહિના સુધી ચાલ્યું. ઘણા લોકોને લાગ્યું કે સરકાર દ્વારા ન્યાય મળ્યો નથી, જેના કારણે ભ્રષ્ટાચાર અને તંત્રની ખામીઓ અંગેની નારાજગી વધુ વધી.

૧૪ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ, સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ, અંદાજે ૫૦થી ૬૦ લાખ લોકો રસ્તા પર ઉતરી આવ્યા અને સરકાર વિરુદ્ધ વિરોધ કર્યો. આ સત્તા વિરોધી લાગણીનો મોટો પુરાવો હતો. આ વિરોધ મુખ્યમંત્રીની વ્યક્તિગત કામગીરી સામે નહોતો, પરંતુ પાર્ટીમાં ફેલાયેલા ભ્રષ્ટાચાર સામે હતો.

**સરકારી યોજનાઓનો ચૂંટણી પર કેટલો પ્રભાવ પડશે?**

લક્ષ્મી ભંડાર, સ્વાસ્થ્ય સાથી અને યુવા સહાય જેવી યોજનાઓનો ચૂંટણી પર કેટલો પ્રભાવ પડશે તે કહેવું મુશ્કેલ છે.

પ્રથમ, આ યોજનાઓ હોવા છતાં, ઘણી મહિલાઓ આરજી કર આંદોલન દરમિયાન સરકાર વિરુદ્ધ રસ્તા પર ઉતરી આવી હતી અને ન્યાયની માંગ કરી હતી. કેટલાકે તો "ફરી ક્યારેય નહીં" જેવી પ્રતિજ્ઞા પણ લીધી હતી.

બીજું, TMC આ સંદેશ આપવા પ્રયાસ કરે છે કે જો તેઓ સત્તામાં નહીં રહે, તો આ લાભ બંધ થઈ જશે. પરંતુ હવે ઘણા લોકો સમજી ગયા છે કે કોઈ પણ સરકાર આવે, આ પ્રકારની યોજનાઓ ચાલુ જ રહેશે.

ઉદાહરણ તરીકે, કેન્દ્ર સરકારની મફત અનાજ યોજના કોઈ પણ સરકાર બંધ કરશે નહીં, કારણ કે તે કરોડો લોકો માટે જરૂરી છે. આ પ્રકારની સહાય હવે વ્યવસ્થાનો ભાગ બની ગઈ છે.

જોકે, આ યોજનાઓ હજુ પણ લોકપ્રિય છે. કેટલાક લોકો માને છે કે જો મમતા બેનરજી સત્તામાં નહીં રહે, તો કેટલાક વર્ગોને નુકસાન થઈ શકે છે. તેથી, આ મુદ્દો બંને રીતે અસર કરી શકે છે.

**શું તમને લાગે છે કે જો ભાજપ બંગાળમાં SIR પર આધાર રાખે, તો તેને ચૂંટણીમાં વધુ ફાયદો થયો હોત?**

હા, જો આ પ્રક્રિયાને યોગ્ય રીતે સંચાલિત કરવામાં આવી હોત, તો સત્તા વિરોધી એક મજબૂત લહેર ઊભી થઈ શકતી હતી. પરંતુ તેના બદલે, ૨૦૦૨થી ૨૦૨૬ સુધીની આખી વસ્તીને શંકાની નજરે જોવાનું વલણ અપનાવવામાં આવ્યું છે. આ એક એવી માનસિકતા દર્શાવે છે જેમાં લોકો પોતાને પીડિત તરીકે રજૂ કરે છે.

તે જ સમયે, મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) સત્તાના પ્રભાવ હેઠળ કામ કરતા જણાય છે. તેમની આ "વફાદારી" ફક્ત બંગાળમાં જ નહીં, પરંતુ ભાજપ માટે પણ વધારે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

હાલની સ્થિતિમાં એવું લાગે છે કે આ સમગ્ર પ્રક્રિયાનો સૌથી મોટો ભોગ સામાન્ય મતદારોને જ બનવો પડી રહ્યો છે.

- રાખી બોઝ

(સૌ. : ધ ક્વિન્ટ.કોમ)

### ત્રણ સામે ગુનો નોંધાયો

# રાજુલાના ઘારેશ્વર ગામે પ્રેમ પ્રકરણમાં નિર્દયી મારકૂટ બાદ યુવકનું સારવાર દરમ્યાન મોત

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૨

રાજુલા તાલુકાના ઘારેશ્વર ગામે પાંચ દિવસ પહેલા બનેલી મારામારીની ઘટના હવે હત્યામાં પલટાઈ છે. પ્રેમ સંબંધના મુદ્દે યુવકને પટ્ટા અને દોરી વડે નિર્દયી રીતે માર મારવામાં આવ્યો હતો, જેના કારણે સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. ત્રણ શખ્શો સામે પોલીસે હત્યાની ફરિયાદ નોંધી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મૃતક દિનેશભાઈ ટભાભાઈ સોલંકી (ઉં.વ.૩૫) રહે. ઘારેશ્વરનું મોત થયું હોવાનું સામે આવ્યું છે આ બનાવ અંગે મૃતકના ભાઈ નરશીભાઈ ટભાભાઈ સોલંકી દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ, લગભગ એક વર્ષ પહેલા મૃતકનો તેના કુટુંબના ભાઈ ભનુભાઈની દિકરી સોનલ સાથે પ્રેમ સંબંધ હતો અને તેને મોરબી લઈ ગયો હતો. આ બાબતે આરોપીઓ સાથે જૂનું મનદુઃખ ચાલતું હતું અને તેઓ વારંવાર ધમકીઓ આપતા હતા.

તા.૧૮/૦૪/૨૦૨૬ના રોજ મૃતક મોરબીથી ભાક્ષી-૧ ગામે મજૂરી માટે આવ્યો હતો અને સાહેદ કાળુભાઈની વાડીમાં રોકાયો હતો. રાત્રે ત્રણેય આરોપીઓ મૃતકને વાડીથી થોડે દૂર લઈ ગયા હતા. ત્યાં આરોપીઓએ "તમે અમારી બહેનને ભગાડી અમારી આબરૂ બગાડી છે" કહી ગાળો આપી હુમલો કર્યો હતો. આરોપી રાજેશ ઉર્ફ રાકેશ ભનુભાઈ સોલંકીએ પટ્ટા વડે, સુરસિંહ ભનુભાઈ સોલંકીએ દોરી વડે અને કેવલભાઈએ પણ પટ્ટા વડે મૃતકને લગભગ બે કલાક સુધી અતિશય મુંઢમાર માર્યો હતો. જેના કારણે શરીરે ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. પછી આરોપીઓ મૃતકને વાડી પાસે મૂકી ફરાર થઈ ગયા હતા. ગંભીર હાલતમાં મૃતકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું.

# રવાપર ગામે સાદાઈથી આસાન નિકાહનું આયોજન સફળ થયું

### ઈત્તિહાદુલ મુસ્લેમીન-એ-હિન્દ અંજાર દ્વારા જરૂરી સામગ્રી ભેટ અપાઈ

અંજાર, તા.૨૨

ઈત્તિહાદુલ મુસ્લેમીન-એ-હિન્દ ટ્રસ્ટ દ્વારા જરૂરતમંદ યુગલના 'આસાન નિકાહ કાર્યક્રમ' અંતર્ગત ચોથા નિકાહ યોજાયા હતા. તા.૧૯/૦૪/૨૦૨૬ના રોજ નખત્રાણા તાલુકાના રવાપર ગામ મધ્યે મસ્જિદ ખાતે રવાપર ગામના સૈયદ પરિવારની દીકરી તથા લખપત તાલુકાના વર્માનગરના સૈયદ પરિવારના દીકરાના નિકાહ યોજાયા હતા.

ઈતેહાદુલ મુસ્લેમીન એ હિન્દ ટ્રસ્ટ-અંજાર દ્વારા -'આસાન નિકાહ કાર્યક્રમ' અંતર્ગત આ ચોથા નિકાહ હતા સંસ્થાનો હેતુ દરેક સમાજના લગ્નને નામે થતી દેખા દેખી અને શાદી - વિવાહ મા લાખો-કરોડો બિન જરૂરી ખર્ચ સામે એક સાદગી વાળી નિકાહ જેના માટે ઈસ્લામના અંતિમ પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ) સાહેબ દ્વારા જે નિકાહ માટે આસાન તરિકો બતાવ્યો છે. તે મુજબ ઓછા ખર્ચે અને સમયના બચાવ સાથે મસ્જિદ કે મહોલ્લામાં પરિવારની હાજરીમાં કોઈ પ્રકારના ફુઝુલ ખર્ચ કે કુરિવાજોથી દૂર રહી માત્ર નિકાહની અદાયગી કરી અને દુલ્હા અને દુલ્હનના હક્કમાં દુઆ કરી સંપન્ન થવી એજ સૌથી શ્રેષ્ઠ નિકાહ હોય છે. સંસ્થા દ્વારા તમામ ધર્મ - સમાજના લોકો માટે આસાન - લગ્ન- શાદી- નિકાહ કરવા માંગતા હોય તો સંસ્થાના પ્રમુખ હાજી મોહમ્મદભાઈ આગરીયા મો.૯૯૦૯૦ ૯૯૭૮૬ પર સંપર્ક કરવા જણાવ્યુ છે.

### શહેરના મધ્યમાં આવેલ વિસ્તારના લોકોનો વેરો મનપા સ્વીકારતી નથી

# સુરેન્દ્રનગર : ગણપતિ ફાટસર વિસ્તારને મનપામાં સમાવવા માંગ

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૨

વઢવાણના ગણપતિ ફાટસર વિસ્તારમાં ૩૦૦૦ મકાનોના વેરા માટે રહીશો જાય છે પરંતુ મહાનગરપાલિકાની અસ્પષ્ટતાથી રહેવાસીઓમાં ભય ઉભો થયો છે. સુરેન્દ્રનગર શહેરના મધ્ય વિસ્તારમાં આવેલ ગણપતિ ફાટસર વિસ્તારને લઈને એક ચિંતાજનક પરિસ્થિતિ છે.

અંદાજે ૩૦૦૦થી વધુ મકાનો ધરાવતા આ વિસ્તારમાં રહેવાસીઓ જ્યારે મહાનગરપાલિકાની કચેરીએ વેરો ભરવા જાય છે, ત્યારે અધિકારીઓ દ્વારા એવો જવાબ આપવામાં આવે છે કે તમારો વિસ્તાર પાલિકાની હદમાં આવતો નથી. વિચારવા જેવી બાબત એ છે કે શહેરના મધ્યભાગમાં આવેલો વિસ્તાર હોવા છતાં મહાનગરપાલિકા વેરો સ્વીકારવા તૈયાર નથી.

આ અંગે વઢવાણ અસ્મિતા મંચના રાજેન્દ્રસિંહ જાદવ, ગંભીરસિંહ વગેરેએ જણાવ્યું હતું કે ગણપતિ ફાટસર વિસ્તારના રહેવાસીઓમાં ઉઠેલા મુખ્ય પ્રશ્નો : જો વિસ્તાર પાલિકાની હદમાં નથી, તો તેની વહીવટી જવાબદારી કોણ લેશે ? વર્ષોથી લોકો અહીં વસવાટ કરે છે, તો વિસ્તારનો કાયદેસર દરજ્જો શું છે ? મનપામાં સમાવેશની અસ્પષ્ટતાથી મિલકતે અંગે કાનૂની મુશ્કેલી થશે. રસ્તા, પાણી, ગટર અને સ્ટ્રીટલાઈટ જેવી સુવિધાઓ અંગે પણ અસ્પષ્ટતા જોવા મળી રહી છે. સ્થાનિક લોકોએ માંગણી કરી છે કે મહાનગરપાલિકા તાત્કાલિક આ મુદ્દે સ્પષ્ટતા કરે અને જો વિસ્તાર પાલિકા હદમાં આવતો ન હોય તો તેને હદમાં સમાવેશ કરવા જરૂરી કાર્યવાહી કરવામાં આવે. સાથે જ રહેવાસીઓને કાયદેસર માર્ગદર્શન અને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી પણ માંગ ઉઠી રહી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ..........

ગુજરાત ટુડે

# મણિપુરમાં શાંતિ સ્થાપવામાં સરકાર કેમ સતત નિષ્ફળ રહે છે ?

ઉત્તરપૂર્વનું અત્યંત સંવેદનશીલ બની ચૂકેલું રાજ્ય મણિપુર આમ તો છેલ્લા ત્રણેક વરસથી સળગી રહ્યું છે. વચમાં થોડો સમય રાહતરૂપ રહ્યો હતો પરંતુ હવે અશાંતિ અને અંધાધૂંધી આ રાજ્યમાં પાછી ફરી છે અને સ્થિતિ સુધરવાને બદલે વણસતી હોવાનો અંદાજ આવી રહ્યો છે. ત્રણેક વર્ષ પહેલા ભાજપની સરકારે કૂકી અને મૈઈતેઈ વચ્ચે અનામત બાબતે થયેલા સંઘર્ષને ઉકેલવામાં થાપ ખાધી અને પછી જે મણિપુરની હાલત થઈ એ સર્વવિદિત છે. વર્ષોથી હળીમળીને રહેતા કૂકી અને મૈઈતેઈ સમુદાય વચ્ચે પછી એવા વેરનાં વાવેતર થયા કે તેનું ઝેર આજે પણ મણિપુરને ડંખી રહ્યું છે. વળી હિંસા વકર્યા બાદ તેને ડામવામાં પણ ભાજપની રાજ્ય અને કેન્દ્ર બંને સરકારો ઊણી ઉતરી જેના માઠાં પરિણામ આજે મણિપુર તેમજ દેશ ભોગવી રહ્યો છે. મણિપુરમાં થોડા દિવસોની સામાન્ય સ્થિતિ બાદ હાલમાં હિંસાની ઘટનાઓ ફરી સામે આવી છે. સરકાર દાવો કરે છે કે અસામાજિક તત્વો જવાબદાર છે, પરંતુ એ વાતને નકારી શકાય નહીં કે રાજ્યના લોકોમાં અસંતોષને કારણે વિરોધ પ્રદર્શનો ફરી શરૂ થયા છે, જે ચોક્કસપણે સુમેળભર્યા વાતાવરણ માટે ચિંતાનો વિષય છે. ગયા શુક્રવારે, ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લામાં હજારો લોકોએ પ્રતિબંધક આદેશોનું ઉલ્લંઘન કર્યું અને મશાલ રેલી કાઢી, જેના કારણે સુરક્ષા કર્મચારીઓ સાથે હિંસક અથડામણ થઈ. સ્થાનિક રહેવાસીઓ તાજેતરમાં એક ઘર પર થયેલા બોમ્બ હુમલાનો વિરોધ કરી રહ્યા હતા જેમાં બે બાળકોના મોત થયા હતા. પ્રશ્ન એ છે કે શું સુરક્ષા એજન્સીઓ રાજ્યમાં પરિસ્થિતિ સંવેદનશીલ અને તંગ હોવા છતાં તેમની ફરજો યોગ્ય રીતે નિભાવવામાં નિષ્ફળ રહી છે? જો નહીં, તો પછી સરકાર અને વહીવટીતંત્ર સામે લોકોનો ગુસ્સો કેમ વધી રહ્યો છે ? ઉલ્લેખનીય છે કે ગત ૭ એપ્રિલે મણિપુરના બિષ્ણુપુર જિલ્લામાં એક ઘર પર થયેલા બોમ્બ હુમલામાં બે નિર્દોષ બાળકોના મોત થયા હતા. આ ઘટના સામે સ્થાનિક વિરોધ દરમિયાન હિંસક અથડામણમાં ત્રણ લોકો માર્યા ગયા હતા. લોકો આ બાળકોની હત્યા માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. આ સ્થિતિમાં, સુરક્ષા અધિકારીઓએ સ્થાનિક લોકોને વિશ્વાસમાં લેવા અને તપાસ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે નિષ્ઠાવાન પ્રયાસો કરવા જરૂરી છે. નવાઈની વાત તો એ છે કે જ્યારે સરકાર પોતે સ્વીકારે છે કે રાજ્યમાંના ઘણા ભાગોમાં પરિસ્થિતિ સંવેદનશીલ રહે છે, તો કોઈપણ અનિચ્છનીય ઘટના પછી સુરક્ષા એજન્સીઓમાં સંવેદનશીલતાનો અભાવ કેમ દેખાય છે ? રાજ્યમાં હિંસાની વધતી જતી ઘટનાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે પરિસ્થિતિ રાખ નીચે ઢંકાયેલી ચિનગારી જેવી છે, જે તક મળતાં જ આગમાં ફેરવાઈ શકે છે. તેથી, સરકાર અને સુરક્ષા દળોએ કાયદામાં લોકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે પ્રામાણિક, ખુલ્લા અને નિષ્પક્ષ જાહેર સંવાદને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમજ હવે ભવિષ્યમાં પરિસ્થિતિ અગાઉ જેવી વણસે નહિ એની પૂરેપૂરી તકેદારી રાખવી જોઈએ.

# બંગાળ ચૂંટણીમાં ટક્કર કઠિન : મમતા સામે પડકાર, ભાજપ પર પણ પ્રહાર



## જવાહર સિરકાર બંગાળમાં SIRના કારણે ભાજપે કેવી રીતે પોતાને જ નુકસાન કર્યું તે અંગે વાત કરે છે

**આ** વિશેષ ઈન્ટરવ્યુમાં, તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના પૂર્વ સાંસદ જવાહર સિરકાર કહે છે કે ભાજપે બંગાળમાં મોટી સંખ્યામાં હિન્દુ મતદારોના નામ કાઢીને પોતાને જ નુકસાન પહોંચાડ્યું છે. તેઓ સમજાવે છે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા કારણે ૯૦ લાખથી વધુ મતદારોના નામ દૂર થયા છે, જેના કારણે મુસ્લિમો, માતુઆ સમુદાય અને TMCના મજબૂત વિસ્તારો પર ભારે અસર પડી છે. તેઓ આક્ષેપ કરે છે કે ૨૦૨૬ની ચૂંટણી પહેલા જીતનો અંતર ઘટાડવા માટે આ SIR યોજના બનાવવામાં આવી છે, જેના કારણે પશ્ચિમ બંગાળમાં સત્તા વિરોધી લાગણી વધુ મજબૂત બની શકે છે. શું આ SIR અને મતદારોની સફાઈ બંગાળના રાજકીય ભવિષ્યને બદલી નાખશે? જવાહર સિરકાર કહે છે કે મમતા બેનરજી ચિંતિત છે કારણ કે ભાજપે કમ્પ્યુટર ડેટાનો ઉપયોગ કરીને એવા મતવિસ્તારોને નિશાન બનાવ્યા છે જ્યાં તેઓ પહેલા જીત્યા હતા અથવા જીતવાની શક્યતા હતી, અને મતદારોના નામ કાઢવાથી જીતનો અંતર ઘટાડવામાં આવ્યો છે.પરંતુ, તેઓ આગળ કહે છે કે ભાજપે રાજ્યમાં ઘણા હિન્દુ મતદારોના નામ કાઢીને એવું પગલું લીધું છે જે અંતે તેમના માટે જ નુકસાનકારક સાબિત થયું છે, જેની તેમને અપેક્ષા નહોતી. સપ્ટેમ્બર ૨૦૨૪માં, જવાહર સિરકારે આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ટ્રેઈની ડોક્ટર પર થયેલા કથિત બળાત્કાર અને હત્યા કેસને લઈને TMCના સાંસદ પદેથી રાજીનામું આપ્યું હતું, જેનાથી મોટો વિવાદ થયો હતો.આ ઘટનાના પછી મહિલાઓના નેતૃત્વમાં એક મોટું આંદોલન શરૂ થયું, સિરકાર કહે છે કે છેલ્લા ઘણા વર્ષોમાં બંગાળમાં જોવામાં આવેલું સૌથી મોટું પરિવર્તન હતું. તેઓ ઉમેરે છે કે TMC સરકારે આ આંદોલનને અવગણ્યું, જેના કારણે ભ્રષ્ટાચાર સામે લોકોમાં પહેલેથી જ ઊભી થયેલી નારાજગી વધુ તેજ બની. આગામી ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી અંગે પૂછવામાં આવ્યું ત્યારે સિરકાર કહે છે કે આ વખતેનું વાતાવરણ ઘણું નિરાશાજનક છે. તેઓ કહે છે કે SIR નામની આ ગેરયોજિત પ્રક્રિયાના કારણે લોકોમાં ઉદાસીનતા છે. કેટલાક લોકો કહી શકે કે બંગાળમાં મતદાન ગોટાળા નવી વાત નથી, પરંતુ ઈતિહાસમાં પહેલી વાર મતદાર યાદીમાં આ રીતે મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા છે. શરૂઆતમાં, લોકો માનતા હતા કે ચૂંટણી પંચ (ECI) દ્વારા કરવામાં આવતો "સઘન સુધારો" એક સામાન્ય અને સારું પગલું છે, કારણકે આવું કામ સમયાંતરે થાય છે. પરંતુ પછી સમજાયું કે આ સામાન્ય સુધારો નથી.૨૦૦૨માં થયેલા સઘન સુધારાથી અલગ, હાલ જે પ્રક્રિયા ચાલી રહી છે તેને "ખાસ સઘન સુધારો" કહેવામાં આવી રહ્યો છે. આ શબ્દને કોઈ કાનૂની માન્યતા નથી. સામાન્ય રીતે "સઘન સુધારો", "આંશિક સુધારો" અથવા "ખાસ સુધારો" થાય છે. "ખાસ સુધારો" ખાસ પરિસ્થિતિઓમાં, જેમ કે પૂર અથવા આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં, ટૂંકા સમય માટે કરવામાં આવે છે.

સિરકારના કહેવા પ્રમાણે, આ "ખાસ સઘન સુધારો" વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દ્વારા બનાવવામાં આવ્યો છે અને તેમાં ઘણી સમસ્યાઓ છે. નવી ગણતરી પ્રક્રિયા, કઠિન ઓળખ પુરાવાની માંગ અને અન્ય શરતોને કારણે સામાન્ય નાગરિકો પર જ ભાર પડ્યો છે, જ્યારે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દૂર કરવાનો હેતુ હતો.

**આ SIR અન્ય રાજ્યો કરતા કેવી રીતે અલગ છે?**

૧૯૫૦ના દાયકામાં પહેલી ચૂંટણીઓથી લઈને અત્યાર સુધી, મુખ્ય ચૂંટણી કમિશનર (CEC)નો મુખ્ય ઉદ્દેશ એ રહ્યો છે કે વધુમાં વધુ યોગ્ય નાગરિકો મતદાર યાદીમાં સામેલ થાય. પરંતુ આ વખતે, ચૂંટણી પ્રક્રિયામાં લોકોના નામ ઉમેરવાને બદલે તેમને યાદીમાંથી કાઢવા પર વધુ ભાર મૂકાયો છે.

ચૂંટણીમાં સમયાંતરે સુધારા જરૂરી હોય છે, કારણ કે લોકો સ્થળ બદલતા હોય છે, કેટલાક લોકોનું અવસાન થાય છે અને નવા મતદારો ઉમેરવાના રહે છે. પરંતુ હાલ જે પ્રક્રિયા ચાલી રહી છે તેનું પ્રમાણ અને વ્યાપ ખૂબ જ ચિંતાજનક છે. એવું લાગે છે કે ચૂંટણી પંચ (ECI) એક એવી મશીન જેવી બની ગઈ છે, જેનો મુખ્ય ઉદ્દેશ માત્ર મોટા પ્રમાણમાં નામો કાઢવાનો જ છે.

આ સમસ્યા માત્ર પશ્ચિમ બંગાળ પૂરતી મર્યાદિત નથી. ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા અન્ય રાજ્યોમાં પણ મોટી સંખ્યામાં નામો કાઢી નાખવામાં આવ્યા છે. છતાં, બંગાળમાં SIR ખાસ કરીને વધુ વિવાદાસ્પદ બન્યું છે, કારણ કે તેમાં સ્પષ્ટ વાંધા દેખાય છે.

હવે સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કરીને કહ્યું છે કે જેમણે સમયસર અપીલ કરી છે, તેઓ મતદાન કરી શકશે. પરંતુ માત્ર ૧૯ અપીલ ટ્રિબ્યુનલ છે, અને તેઓનું નેતૃત્વ ભૂતપૂર્વ હાઈકોર્ટના ન્યાયાધીશો કરે છે. જો દરેક અપીલ પર માત્ર બે મિનિટનો સમય પણ આપવામાં આવે, તો પણ ૩૪.૫ લાખ અપીલોનો નિકાલ કરવો શક્ય નથી.

**બંગાળમાં SIR સામે વધુ વિરોધ કેમ છે?**

આ પ્રક્રિયાએ મતદારોની સંખ્યામાં એટલો મોટો ઘટાડો કર્યો છે કે તે ઈરાદાપૂર્વક નિશાન બનાવવામાં આવ્યું હોય એવું લાગે છે, ખાસ કરીને મુસ્લિમ સમુદાયને, જે રાજ્યની કુલ વસ્તીના આશરે ૨૭ ટકા છે અને અન્ય રાજ્યોની સરખામણીમાં વધુ છે. સુપ્રીમ કોર્ટના રેકોર્ડ મુજબ, ૩૪.૫ લાખ લોકોએ અપીલ કરી છે. તેનો અર્થ એ છે કે એટલા લોકોના નામ પર વિવાદ છે અને તેઓ હાલ મતદાન કરી શકતા નથી, કારણ કે તેમની અપીલ બાકી છે. મારા મતે, આ સંખ્યામાં વધુ ૧૦થી ૧૫ લાખ લોકો ઉમેરવા જોઈએ. એટલે કુલ અસરગ્રસ્ત લોકોની સંખ્યા આશરે ૫૦ લાખ સુધી પહોંચી શકે છે. કારણ એ છે કે ઘણા ગરીબ, મજૂર વર્ગના અથવા ઓછા શિક્ષિત લોકોને ખબર પણ નહીં પડે કે તેમના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે, જ્યાં સુધી તેઓ મતદાનના દિવસે બૂથ પર ન જાય.

આ રીતે, અપીલ કરનારાઓ સહિત, કુલ કાઢી નાખવામાં આવેલા મતદારોની સંખ્યા ૯૦ લાખથી વધુ થઈ શકે છે.

ચૂંટણી દરમિયાન આટલો મોટો ઘટાડો પહેલાં ક્યારેય જોવા મળ્યો નથી અને આ આંકડાઓને નજીકથી જોવાથી એવું લાગે છે કે SIR પાછળનો હેતુ શંકાસ્પદ છે.

**બંગાળમાં SIR પાછળનો હેતુ શું છે અને તેને કેવી રીતે અમલમાં મૂકવામાં આવ્યો છે?**

મારા મતે, આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ લઘુમતી સમુદાયોને નિશાન બનાવવાનો છે. મેં "દુર્ભાવના" શબ્દ ઉપયોગ કર્યો છે કારણ કે મોટા ભાગના નામો સરહદી જિલ્લાઓમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. જો તમે બાંકુરા, બીરભૂમ, હુગલી, હાવડા જેવા મુખ્યત્વે હિન્દુ વસ્તી ધરાવતા વિસ્તારોમાં જુઓ, તો ત્યાં ઓછા નામો કાઢવામાં આવ્યા છે. જ્યારે મુર્શિદાબાદ, માલદા, દિનાજપુર, નાદિયા અને દક્ષિણ ૨૪ પરગણા જેવા મુસ્લિમ વસ્તી વધુ ધરાવતા વિસ્તારોમાં નામો અસામાન્ય રીતે વધુ કાઢવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના આંકડા મુજબ, કુલ ૯૧ લાખ નામોમાંથી લગભગ ૩૪ ટકા નામ મુસ્લિમોના છે. જ્યારે બંગાળમાં મુસ્લિમ વસ્તી લગભગ ૨૭ ટકા છે, એટલે તેમની વસ્તી પ્રમાણે કરતાં લગભગ ૭ ટકા વધુ નામો કાઢવામાં આવ્યા છે. મુસ્લિમ વિરોધી વલણ RSS-BJPના હિન્દુત્વ આધારિત રાજકારણનો એક મહત્વનો ભાગ છે. તેઓ બંગાળમાં મુસ્લિમ વસ્તીની ઐતિહાસિક હાજરીને સ્વીકારતા નથી. હકીકતમાં, બંગાળ હંમેશાં એક ઉદાર પ્રદેશ રહ્યો છે, જેના કારણે ઘણા મુસ્લિમો પૂર્વ પાકિસ્તાન ગયા નહોતા અને અહીં જ રહ્યા. તેથી બંગાળમાં મુસ્લિમ વસ્તી હંમેશા નોંધપાત્ર રહી છે.

**શું આ ફક્ત વિચારધારા કે ચૂંટણીલક્ષી પગલું છે?**

ભાજપ અને RSS માનતા હોય છે કે મુસ્લિમો તેમને મત આપતા નથી. તેથી તેઓ માને છે કે રાજ્યમાં તેમની હારનું એક મોટું કારણ ૨૭ ટકા મુસ્લિમ મતદારો છે, જે ઘણા વિસ્તારોમાં તેમના જીતના અંતરને અસર કરે છે. આશરે ૭૨ મતવિસ્તારો એવા છે જ્યાં મુસ્લિમ વસ્તી પ્રભાવશાળી છે. તેથી ભાજપે આ વિસ્તારોને ખાસ નિશાન બનાવીને મતદારોના નામ કાઢવાની પ્રક્રિયા પર ભાર મૂક્યો છે, જેથી ઓછા મુસ્લિમ મતદારો મતદાન કરી શકે.

ઉદાહરણ તરીકે, મુર્શિદાબાદ જિલ્લાના શમશેરગંજ મતવિસ્તારમાં (નંબર ૫૬), આંકડા દર્શાવે છે કે ન્યાયિક પ્રક્રિયા હેઠળ આવેલા ૯૧ ટકા નામો નામંજૂર કરવામાં આવ્યા છે. આ અસામાન્ય છે. કોઈ કહી શકે કે આ નિર્ણય ન્યાયિક અધિકારી દ્વારા લેવાયો છે, RSS અથવા BJP દ્વારા નહીં. પરંતુ હકીકતમાં, નામો કાઢવામાં આવ્યા એ મહત્વનું છે, અને સત્તામાં રહેલી સરકારની મંજૂરી વગર આ શક્ય નથી.

**પરંતુ શું ફક્ત મુસ્લિમ મતદારો જ અસરગ્રસ્ત છે?**

ના, હિન્દુ મતદારો પણ મોટી સંખ્યામાં અસરગ્રસ્ત થયા છે. કુલ ૯૦ લાખથી વધુ કાઢી નાખેલા નામોમાંથી ૬૩ ટકા કરતાં વધુ હિન્દુઓના છે. આ ભાજપ માટે "સ્વ-ધ્યેય" સમાન છે, કારણ કે કદાચ તેમણે આ પરિણામની અપેક્ષા નહોતી રાખી.

આ દર્શાવે છે કે તેઓ બંગાળની સામાજિક રચનાને સંપૂર્ણ રીતે સમજતા નથી. અહીં હિન્દુ અનુસૂચિત જાતિના ઘણા લોકો છે, જેમને માતુઆ સમુદાય તરીકે ઓળખવામાં આવે છે, અને તેઓ પૂર્વ બાંગ્લાદેશમાંથી આવ્યા છે.

નાદિયા, દક્ષિણ ૨૪ પરગણા અને સરહદી વિસ્તારોમાં રહેતા માતુઆઓ લાંબા સમયથી પોતાને હિન્દુ શરણાર્થી તરીકે ઓળખાવે છે, જેઓ ધાર્મિક ત્રાસથી બચવા અહીં આવ્યા હતા. મોદી સરકારે ઝછછ કાયદા દ્વારા તેમને નાગરિકતા આપવાનો વચન આપ્યું હતું, જેનાથી માતુઆ મતદારોને આકર્ષવામાં સફળતા મળી હતી.

પરંતુ હવે સરકાર તેના અમલમાં નિષ્ફળ રહી છે. લગભગ એક કરોડ લોકોમાં કેટલાને નાગરિકતા મળી તે સ્પષ્ટ નથી. અંદાજે કાઢી નાખેલા ૬૩ ટકા હિન્દુ નામોમાં મોટો ભાગ માતુઆ સમુદાયનો હોઈ શકે છે.

આ કારણે, માતુઆ સમુદાયના ઘણા મતદારો ભાજપ સામે અસંતોષ વ્યક્ત કરી શકે છે. એક તરફ સરકાર પોતાનું વચન પૂરું કરી શકી નથી, અને બીજી તરફ, ચૂંટણી પ્રક્રિયામાં મોટી સંખ્યામાં તેમના નામો કાઢી નાખવામાં આવ્યા છે.

**તો, શું આથી સ્ઝને ફાયદો થશે? અને મતદારોના નામ કાઢી નાખવાની અસર શું થશે?**

હાલમાં મમતા બેનરજી સ્પષ્ટ રીતે ચિંતિત દેખાય છે. કારણ કે ભાજપે કમ્પ્યુટર આધારિત માહિતીથી એવા મતવિસ્તારોને નિશાન બનાવ્યા છે જ્યાં TMC જીતતી હતી અથવા જીતવાની સંભાવના હતી, અને મતદારોના નામ કાઢવાથી જીતનો અંતર ઓછો થઈ શકે છે. આ મુદ્દો હું જ ઉઠાવતો નથી, પરંતુ જસ્ટિસ જોયમલ્યા બાગચીએ પણ વારંવાર આ પ્રશ્ન ઉઠાવ્યો છે.

તેમણે કહ્યું છે કે જો જીતનો અંતર માત્ર ૨ ટકા હોય અને ૧૫ ટકા મતદારોના નામ કાઢી નાખવામાં આવે, તો પરિણામ પર મોટો પ્રભાવ પડશે. મમતા બેનરજી પણ કદાચ આ જ બાબતને લઈને ચિંતિત છે કે આ આંકડા તેમના વિરુદ્ધ જઈ શકે છે.

આ ઉપરાંત, બંગાળમાં લાંબા સમયથી સત્તા વિરોધી લહેર ચાલી રહી છે, જે આ ચૂંટણીમાં પણ અસરકારક બની શકે છે.

હજુ સ્પષ્ટ નથી કે આ પરિસ્થિતિથી ભાજપને ફાયદો થશે કે પછી સત્તા વિરોધી મતદારો, જેમ કે અપક્ષ, કોંગ્રેસ અથવા CPI(M)ના ઉમેદવારોને લાભ મળશે. કેટલાક મતવિસ્તારોમાં આ શક્યતા જરૂર છે.

શાર્દુલ અમરચંદ મંગલદાસ એન્ડ કંપની (આશરે રૂા.૧૨-રૂા.૧૮ લાખ વાર્ષિક) : મૂળ અમરચંદ મંગલદાસના વિભાજન પછી, SAMએ વિવાદ નિવારણ અને સ્પર્ધા કાયદામાં એક મહત્ત્વપૂર્ણ પેઢી છે. તે ડીલ-મેકિંગ માટે લીગ ટેબલમાં સતત ટોચ પર છે અને ભારતમાં કાર્યરત ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓ માટે પસંદગી છે. સિરિલ અમરચંદ મંગલદાસ (આશરે રૂા.૧૨ - રૂા.૧૮ લાખ વાર્ષિક) : ભારતની સૌથી મોટી પૂર્ણ-સેવા કંપની તરીકે, CAM બેંકિંગ, ફાઈનાન્સ અને M&Aમાં એક ટાઈટન કંપની છે. એક સદીથી વધુ સમયના વારસા સાથે, તે ક્રોસ-બોર્ડર વ્યવહારોને હેન્ડલ કરવા અને વૈશ્વિક કાનૂની બજારમાં પ્રખ્યાત છે. AZB & પાર્ટનર્સ (આશરે રૂા.૧૦-૧૬ લાખ વાર્ષિક) : ઝિયા મોદી દ્વારા સ્થાપિત, AZB ઉચ્ચ-અંતિમ M&A અને ખાનગી ઈક્વિટી છે. આ કંપની તેની કઠોર કાર્ય સંસ્કૃતિ અને પાવરહાઉસ પ્રતિષ્ઠા માટે જાણીતી છે, જે ભારતમાં સૌથી મહત્ત્વપૂર્ણ નિયમનકારી અને કોર્પોરેટ બાબતો પર સલાહ આપે છે. ખૈતાન એન્ડ કંપની (આશરે રૂા.૧૨ - રૂા.૧૭ લાખ વાર્ષિક) : ભારતની સૌથી જૂની અને સૌથી પ્રતિષ્ઠિત કંપનીઓ પૈકી એક, ખૈતાન એન્ડ કંપની પરંપરાગત મૂલ્યોને આધુનિક



કાનૂની પ્રથાઓ સાથે જોડાયેલી છે. તેઓ બૌદ્ધિક સંપદા, કર અને રિયલ એસ્ટેટ સહિત વિવિધ ક્ષેત્રોમાં ફ્રેશર્સ માટે વ્યાપક તાલીમ ગ્રાઉન્ડ પ્રદાન કરે છે. ટ્રાઈલીગલ (આશરે રૂા.૧૦ - રૂા.૧૫ લાખ વાર્ષિક) : ટ્રાઈલીગલ તેના પારદર્શક, મેરિટોક્રેટિક ઓલ-ઈક્વિટી ભાગીદારી મોડેલ માટે પ્રખ્યાત છે. તે દેશના કેટલાક ઉચ્ચતમ એન્ટ્રી-લેવલ રિટેનર્સ ઓફર કરીને ટોચની પ્રતિભાને આકર્ષે છે, જે TMT, ઉર્જા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જટિલ કોર્પોરેટ પુનર્ગઠનમાં નિષ્ણાત છે.

# ટીએમસીએ આરોપ લગાવ્યો છે કે ભાજપે પ્રથમ તબક્કાની ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળમાં મતદારોના પરિવહન માટે રેલવેનો દુરૂપયોગ કર્યો, ચૂંટણી પંચને અપીલ કરી

## ફરિયાદમાં આ પગલાને મતદારોને પ્રભાવિત કરવા અને ચૂંટણી પરિણામોને પ્રભાવિત કરવાના હેતુથી પ્રચાર તરીકે વર્ણવવામાં આવ્યું છે

(એજન્સી) કોલકાતા, તા.૨૨

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) એ બુધવારે ભાજપ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે પાર્ટીએ રાજ્ય વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા પહેલા ૪૮ કલાકના મૌન સમયગાળા દરમિયાન સુરતથી પશ્ચિમ બંગાળ સુધી ખાસ ટ્રેનોની વ્યવસ્થા કરી હતી અને ચૂંટણી પંચ પાસેથી કડક કાર્યવાહીની માંગ કરી હતી.

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીને લખેલા પત્રમાં, ટીએમસી સાંસદ ડેરેક ઓ'બ્રાયને દાવો કર્યો હતો કે ભાજપ અને તેના ગુજરાત એકમે મતદાન કરવા પરત ફરતા સ્થળાંતરિત કામદારો માટે ખાસ ટ્રેન સેવાઓની સુવિધા આપી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે આ વ્યવસ્થામાં મફત મુસાફરી તેમજ ભોજન અને નાસ્તોનો સમાવેશ થતો હતો, તેને આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન ગણાવ્યું હતું.

ઓ'બ્રાયને X પર એક પોસ્ટનો ઉલ્લેખ કર્યો હતો જેમાં એક પ્રસ્થાન કરતી ટ્રેનનો વીડિયો દર્શાવવામાં આવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમાં મતદારોને પશ્ચિમ બંગાળ લઈ જવા માટે ભાજપ સમર્થિત વ્યવસ્થા દર્શાવવામાં આવી હતી. ફરિયાદ મુજબ પોસ્ટમાં સૂચવવામાં આવ્યું હતું કે ગુજરાત ભાજપના



સભ્યો મુસાફરો સાથે હતા અને તેમને ટીએમસી વિરૂદ્ધ મતદાન કરવા માટે આગ્રહ કરી રહ્યા હતા. ટીએમસી નેતાએ દલીલ કરી હતી કે ભારતીય રેલ્વે, કેન્દ્ર સરકાર હેઠળ હોવાથી, રાજકીય હેતુઓ માટે ઉપયોગ કરી શકાતી નથી. તેમણે વધુમાં આરોપ લગાવ્યો હતો કે આ વ્યવસ્થા રાજ્ય-નિયંત્રિત સંસાધનોનો દુરુપયોગ સમાન છે અને ભાજપને અયોગ્ય ચૂંટણી લાભ પૂરો પાડે છે.

ફરિયાદમાં આ પગલાને મતદારોને પ્રભાવિત કરવા અને ચૂંટણી પરિણામોને પ્રભાવિત કરવાના હેતુથી કરવામાં આવેલ પ્રચાર તરીકે વર્ણવવામાં આવ્યું હતું. તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે જો ભાજપે ખાનગી રીતે ખર્ચ ઉઠાવ્યો હોય, તો પણ ચૂંટણી દરમિયાન મતદારોને મફત પરિવહન અને સંબંધિત સેવાઓ પૂરી પાડવાથી ચૂંટણી પંચના માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થશે.

ઓ'બ્રાયને વધુમાં આરોપ લગાવ્યો હતો કે અહેવાલિત વ્યવસ્થાઓ જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ બહુવિધ "ભ્રષ્ટ પ્રથાઓ" બનાવે છે. તેમણે લાંચ, અયોગ્ય પ્રભાવ અને મતદારોના ગેરકાયદેસર પરિવહન સંબંધિત જોગવાઈઓનો ઉલ્લેખ કર્યો હતો, દલીલ કરી હતી કે આ ક્રિયાઓ ચૂંટણી અધિકારોના મુક્ત ઉપયોગમાં દખલ કરે છે.

પત્રમાં ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની જોગવાઈઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે ચૂંટણી દરમિયાન અયોગ્ય પ્રભાવ કાયદા હેઠળ સજાપાત્ર ગુનો છે.

તાત્કાલિક હસ્તક્ષેપની હાકલ કરતા, ટીએમસીએ ચૂંટણી પંચને ભાજપ અને તેના સભ્યોને કારણદર્શક નોટિસ જારી કરવા, જરૂર પડે ત્યાં કાનૂની કાર્યવાહી શરૂ કરવા અને કથિત વ્યવસ્થાઓ સંબંધિત કોઈપણ ખર્ચનો ચૂંટણી ખર્ચના રેકોર્ડમાં સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી કરી. ચાલુ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આવી ઘટનાઓને રોકવા માટે સુરક્ષા પગલાં લેવાની પણ વિનંતી કરી.

# FedEx એ IIT-મદ્રાસ સાથે બેંગલુરૂમાં ભારતનું પ્રથમ ઈન્ટ્રા-સિટી ડ્રોન ડિલિવરી ટ્રાયલ પૂર્ણ કર્યું

(એજન્સી) તા.૨૨

એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટેશન ફર્મ ફેડરલ એક્સપ્રેસ કોર્પોરેશન (FedEx) એ મંગળવારે જણાવ્યું હતું કે તેણે IIT-મદ્રાસ સાથે સહયોગથી બેંગલુરૂમાં ભારતનું પ્રથમ ઈન્ટ્રા-સિટી ડ્રોન ડિલિવરી ફ્લાઈટ ટ્રાયલ પૂર્ણ કર્યું છે.

ફેડએક્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, IIT મદ્રાસ ખાતે FedEx SMART સેન્ટરના સંશોધન માળખા હેઠળ આ ટ્રાયલ હાથ ધરવામાં આવ્યા હતા.

હવાઈ કોરિડોરના વિગતવાર વિશ્લેષણ દ્વારા, કેન્દ્રએ સ્થાપિત કર્યું કે ૫૩ કિમીની રોડ મુસાફરી, જે સામાન્ય રીતે ૬૦ મિનિટથી વધુ સમય લે છે, તેને ૩૯-૪૨ કિમીના એરિયલ રૂટ દ્વારા બદલી




## ટ્રાયલ દરમિયાન, આનાથી વન-વે ટ્રાન્ઝિટ સમય લગભગ ૨૧ મિનિટ સુધી ઘટી ગયો - જે સમય-નિર્ણાયક લોજિસ્ટિક્સમાં સ્ટેપ-ચેન્જ સુધારાની સંભાવના દર્શાવે છે

શકાય છે. ટ્રાયલ દરમિયાન, આનાથી વન-વે ટ્રાન્ઝિટ સમય લગભગ ૨૧ મિનિટ સુધી ઘટી ગયો - જે સમય-નિર્ણાયક લોજિસ્ટિક્સમાં સ્ટેપ-ચેન્જ સુધારાની સંભાવના દર્શાવે છે, તે જણાવ્યું હતું. ફ્લાઈટ પાથમાં એરપોર્ટ યલો અને રેડ ઝોન દ્વારા સંકલિત નેવિગેશનનો સમાવેશ થતો હતો, જેમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા તમામ જરૂરી પરવાનગીઓ આપવામાં આવી હતી.

"આ સીમાચિહ્નરૂપ ફેડએક્સ સ્માર્ટ સેન્ટરના એર કાર્ગો ઑપ્ટિમાઈઝેશન, ઈલેક્ટ્રિક વાહન એકીકરણ અને અદ્યતન માંગ આગાહીમાં વ્યાપક સંશોધન એજન્ડાને પ્રતિબિંબિત કરે છે," ફેડએક્સ ટુગેધર ખાતે માર્કેટિંગ, ગ્રાહક અનુભવ અને મધ્ય પૂર્વ, ભારતીય ઉપખંડ અને આફ્રિકા (MEISA) માટે એર નેટવર્કના વાઈસ પ્રેસિડેન્ટ નીતિન નવનીત તાતીવાલાએ જણાવ્યું હતું. આ પ્રયાસો શિક્ષણ, ઉદ્યોગ અને નીતિ નિર્માતાઓ સાથે ભાગીદારીમાં ભવિષ્ય માટે તૈયાર, સ્થિતિસ્થાપક અને ટકાઉ સપ્લાય ચેઈન ઈકોસિસ્ટમને આકાર આપવા પર કેન્દ્રિત છે, એમ તેમણે ઉમેર્યું.

# ભાજપ સરકાર બનાવે એ કોઈ ઈચ્છતું નથી : મમતા

## બેનરજીએ કેન્દ્રમાંથી ભાજપની આગેવાની હેઠળની NDA સરકારને ઉથલાવી પાડવા માટે વિપક્ષી પક્ષોને એક સાથે આવવા વિનંતી કરી હતી

(એજન્સી) કોલકાતા, તા.૨૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ મંગળવારે કહ્યું કે કોઈ પણ ભાજપ સરકાર બનાવે એ ઈચ્છતું નથી, અને તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે TMC સતત ચોથી વખત રાજ્યમાં સત્તામાં આવશે. બેનરજીએ કેન્દ્રમાંથી ભાજપની આગેવાની હેઠળની NDA સરકારને ઉથલાવી પાડવા માટે વિરોધી પક્ષોને એક સાથે આવવા પણ વિનંતી કરી. અમે ૨૦૨૯માં દિલ્હીમાંથી ભાજપને ઉથલાવી દઈશું.

TMCના વડાએ પૂર્વ મેદિનીપુર જિલ્લાના હલ્દિયા ખાતે એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા કથિત નાણાકીય અનિયમિતતાઓ અને અન્ય મુદ્દાઓ પર ટીએમસી શાસન સામે ભાજપની 'ચાર્જશીટ' માટે ટીકા કરતા, મુખ્યમંત્રીએ કહ્યું કે તેઓ હલ્દિયા ડોક સંકુલ અને નજીકના ઔદ્યોગિક વિસ્તારમાં "કટ મની" (કમિશન) લેવા બદલ ભાજપ સામે 'ચાર્જશીટ' પણ જારી કરી રહ્યા છે. બેનરજીએ કહ્યું કે રાજ્યમાં અનેક ઉદ્યોગો આવી રહ્યા છે અને આરોગ્ય સુવિધાઓને અપગ્રેડ કરવામાં આવી રહી છે. ઉત્તર ૨૪-પરગણાના જગદ્દલમાં બીજી એક રેલીને સંબોધતા, બેનરજીએ કહ્યું કે તેમણે ક્યારેય એવી ચૂંટણી જોઈ નથી જેમાં આટલા બધા કેન્દ્રીય દળો, નિરીક્ષકો અને અન્ય અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા હોય. ઉત્તર કોલકાતાના જોરાસાંકોમાં, તેમણે મતદાનના દિવસો પહેલા મોટરસાયકલ ચલાવવા પર પ્રતિબંધ લાદવા બદલ ચૂંટણી પંચની ટીકા કરી. તેમણે કહ્યું કે, જો લોકોને તેમની



મોટરસાયકલ બહાર લઈ જવાની મંજૂરી ન હોય તો તેઓ કેવી રીતે મુસાફરી કરશે, કામ પરથી ઘરે કેવી રીતે જશે?" બાંકુરામાં એક રેલીમાં, ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજીએ ભાજપ પર તેના વચનો પૂરા કરવામાં "નિષ્ફળ" હોવાનો આરોપ લગાવ્યો, અને જણાવ્યું કે શાસક પક્ષની કલ્યાણકારી યોજનાઓ અવિરત ચાલુ રહેશે. જેઓ મૂળભૂત વચનો પૂરા કરી શક્યા નથી તેમના પર કલ્યાણકારી લાભો પૂરા કરવા માટે વિશ્વાસ કરી શકાય નહીં.

# દિલ્હીના ત્રિનગરમાં ધાર્મિક વિભાજન : મુસ્લિમો પર હુમલા, RWAનું ટેકઓવર; નવા મંદિરનું નિર્માણ અને ડુક્કર જેવા પ્રાણીઓની ઉપસ્થિતિ

## દિલ્હીના ઓંકાર નગર બ્લોક Bના રહેવાસીઓ માટે, ૨૦૨૩માં એક નવો વળાંક આવ્યો હતો. સ્થાનિક RWAના સભ્યોને યોગ્ય પ્રક્રિયા વિના દૂર કરવામાં આવ્યા હતા અને એક નવી સંસ્થાએ કાર્યભાર સંભાળ્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

ઓંકાર નગરના બ્લોક બીમાં એક સાંકડી ગલીમાંથી પસાર થતાં અબ્દુલ બારીનો હિન્દુ પુરુષોના એક જૂથે તેનો પીછો કર્યો. બારીનો ગુનો શું હતોઃ બે હિન્દુ મહિલાઓના પરિવાર સાથે સીસીટીવી ફૂટેજ શેર કરવાનો હતો. તેમણે યુવાન હિન્દુ પુરુષોના એક જૂથ દ્વારા હેરાનગતિનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, "મેં ફૂટેજ શેર કર્યા કારણ કે એક મહિલાને હેરાન કરવામાં આવી રહી હતી. મેં બસ એટલું જ કર્યું. પરંતુ હવે મારો પીછો કરવામાં આવી રહ્યો છે. એવું લાગે છે કે બે હિન્દુ પરિવારો વચ્ચેના અથડામણમાં મુસ્લિમ હોવાના કારણે મને નિશાન બનાવવામાં આવી રહ્યો છે. ગલી નંબર ૩ના કેટલાક હિન્દુ રહેવાસીઓએ વિસ્તારમાં ડુક્કર રાખવાનું શરૂ કર્યા પછી ત્રિનગર ચર્ચામાં આવ્યું છે. મુસ્લિમ પરિવારો દ્વારા આ પગલાને તેમને ત્યાંથી જવા માટે દબાણ કરવા તરીકે જોવામાં આવ્યું છે. બાયલેનની દિવાલો પર ટૂંક સમયમાં હિન્દુ દેવતા વિષ્ણુના ત્રીજા અવતાર વરાહના પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા. આ તણાવ વધતો ગયો અને હિંસાના બનાવો નોંધાયા, ત્યારે વિસ્તારમાં સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા. અને રહસ્યમય સંજોગોમાં ભૂંડોના મૃત્યુ પછી, ઓનલાઈન આક્ષેપો અને પ્રતિઆક્ષેપો થયા. હિન્દુ પરિવારોએ દાવો કર્યો હતો કે મુસ્લિમોએ ભૂંડોને મારી નાખ્યા હતા, જ્યારે મુસ્લિમ રહેવાસીઓએ કહ્યું હતું કે પ્રાણીઓને મારનારા હિન્દુઓ હતા. આરડબ્લ્યુએના પ્રમુખ તરુણ ધીમન અને જનરલ સેક્રેટરી કમ જોઈન્ટ સેક્રેટરી સચિન શર્માના ઘરની બહાર વરાહના બાર ફૂટના પોસ્ટર હજુ પણ લટકાવેલા છે, જેમાં ઘણા હિંદુ ઘરોની દિવાલો પર નાના આવૃત્તિઓ દેખાય છે. આ એક તણાવ ઓછો થતો ગયો તેમ બીજો એક મુદ્દો ઉભરી આવ્યો. આ વખતે, બે હિંદુ મહિલાઓએ છેડતીનો આરોપ લગાવ્યો. તામણી ફરિયાદ નોંધાવનાર બે મહિલાઓએ જણાવ્યું હતું કે તેઓ તેમના લગ્ન પહેલા ઓંકાર નગરમાં તેમની કાકીને મળવા જઈ રહી હતી. પરિસ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે કાકીએ છોકરાઓને - યશ શર્મા, આરાધ્યા શર્મા, કુશલ શર્મા અને આયુષ શર્મા તરીકે ઓળખાતા - તેમના ઘરની બહાર પાર્ક કરેલી તેની સ્કૂટીમાંથી નીચે ઉતરવાનું કહ્યું હતું. મહિલાઓનો આરોપ છે કે શરૂઆતમાં પુરુષો એક બાજુ હટી ગયા હતા, પરંતુ ટૂંક સમયમાં જ તેઓએ તેમના પર અને તેમની કાકી સાથે દુર્વ્યવહાર શરૂ કરી દીધો હતો. તેમના દ્વારા દાખલ કરાયેલી ફરિયાદમાં મહિલાઓનો આરોપ છે કે આ કોઈ અલગ ઘટના ન હતી, પરંતુ વારંવાર થતી હેરાનગતિનો એક ભાગ હતો. તેઓ કહે છે કે પુરુષો કેટલાક સમયથી તેમને પરેશાન કરી રહ્યા હતા, અપશબ્દો બોલી રહ્યા હતા અને અશ્લીલ ટિપ્પણીઓ કરી રહ્યા હતા. તેઓ પરિણામથી ડરતા નથી, કારણ કે તેમને ઉપરથી ટેકો છે. સ્થળ પર હાજર બારીએ પરિવારને હકીકતો સ્થાપિત કરવામાં મદદ કરવા માટે તેમના એક કેમેરામાંથી સીસીટીવી ફૂટેજ આપ્યા. જો કે, તે ટૂંક સમયમાં બારી, ધીમન અને શર્મા વચ્ચે સંઘર્ષ બની ગયો હતો. દિલ્હીના ત્રિનગરમાં હિન્દુ અને મુસ્લિમ સમુદાયો વચ્ચે ધાર્મિક તકરાર છેલ્લા દોઢ વર્ષથી સતત થઈ રહી છે. મુસ્લિમ રહેવાસીઓ અને કેટલાક હિન્દુ પરિવારોના મતે, દુશ્મનાવટ એક મોટા પેટર્નનો ભાગ છે. તે પડોશી વિવાદ જેવું લાગે છે, પણ તાજેતરની ઘટનાઓ મુસ્લિમો પ્રત્યે માળખાકીય આક્રમણ તરફ નિર્દેશ કરે છે. બે દાયકાથી વધુ સમયથી આ વિસ્તારમાં રહેતા અમાન અલીએ કહ્યું કે "આ કંઈ નથી. તેઓ લગભગ તેમની નફરત અને તેઓ જે રીતે તેને વ્યક્ત કરે છે તેના પર ગર્વ અનુભવે છે. તેઓ તેમના બાળકોને શીખવે છે, અને આ અસ્વસ્થતા ઊભી કરે છે. અમે હવે સુરક્ષિત અનુભવતા નથી. અન્ય મુસ્લિમ પરિવારો પણ આ ડરને સમર્થન આપે છે. ઘણા લોકો કેટલાક હિન્દુ પરિવારો કરતાં આ પડોશમાં લાંબા સમય સુધી રહેતા હોવાનો દાવો કરે છે, છતાં તેમને સતત તેમની ઓળખ અને 'વફાદારી' સાબિત કરવા માટે કહેવામાં આવે છે.



બારીને પીછો કરવાનો તાજેતરનો વાયરલ વીડિયો તણાવ કેવી રીતે વધ્યો છે તેનું એક ઉદાહરણ છે, પરંતુ રહેવાસીઓ કહે છે કે પરિસ્થિતિ વધુ જટિલ છે. આ બાબત વસ્તી વિષયક છે. અમે આ વખતે તેને બદલાવા દઈશું નહીં. અમે હિન્દુઓ ઘણા લાંબા સમયથી બહાર ગયા છીએ. આ વખતે, અમે જ તેમને બહાર કાઢવા માટે મજબૂર કરીશું. આ જૂથે મુસ્લિમ રહેવાસીઓ પર મુશ્કેલી અને ખલેલ પહોંચાડવાનો, બાળકોને ધમકાવવાનો અને મહિલાઓને હેરાન કરવાનો આરોપ લગાવ્યો હતો. અલી માટે, ઓંકાર નગરમાં - બ્લોક Cથી બ્લોક Bમાં - સ્થળાંતર કરવું એક જરૂરિયાત હતી. પરિવાર વધી રહ્યો હતો અને તેમને વધુ જગ્યાની જરૂર હતી. તેમણે કહ્યું કે મિલકત કાનૂની માધ્યમથી હસ્તગત કરવામાં આવી હતી, જેના પુરાવા માટે દસ્તાવેજો હતા. જ્યારે તેઓ ૨૦૨૨માં સ્થળાંતર થયા, ત્યારે પરિવારના સભ્યો મુશ્કેલીની અપેક્ષા રાખતા ન હતા અને થોડા સમય માટે, જીવન રાબેતા મુજબ ચાલ્યું. પછી પરિસ્થિતિ બદલાવા લાગી. સ્થાનિકો કહે છે કે, RWAમાં અચાનક પરિવર્તન આવ્યું. ૨૦૨૩માં, સભ્યો વિનોદ ખારી, પરવીન જૈન, અમિત ગર્ગ, વિજય મિત્તલ અને પ્રતાપ સિંહ ભાટીને કથિત રીતે યોગ્ય પ્રક્રિયા વિના દૂર કરવામાં આવ્યા હતા અને એક નવી સંસ્થાએ કાર્યભાર સંભાળ્યો હતો. પૂર્વ પ્રમુખ પ્રતાપ સિંહ ભાટીએ કહ્યું કે, આ આખી બાબત અસ્પષ્ટ હતી, કોઈ યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું ન હતું. અમને ખબર પડે તે પહેલાં, અમને RWAમાંથી દૂર કરવામાં આવ્યા હતા અને તરુણ ધીમાનના વડા તરીકે એક નવી સંસ્થા રચાઈ હતી. ધીમાનના મતે, પહેલાની સંસ્થા વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગયા પછી નવી RWAની સ્થાપના કરવામાં આવી હતી. સચિન શર્મા, અશ્વિની શર્મા અને મનીષ કરબલા નવી સંસ્થાના સભ્યો છે. રમઝાન ૨૦૨૫ દરમિયાન, જ્યારે અલીના ઘરની બહાર નમાઝ અદા કરવામાં આવી રહી હતી ત્યારે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને વીડિયો શૂટ કરવામાં આવ્યા હતા, ત્યારે તણાવ સૌપ્રથમ દેખાયો હતો. હિન્દુ પરિવારોનો આરોપ છે કે ઉત્સવની મેળાવડાનો હેતુ તણાવ ઉશ્કેરવાનો હતો. પોલીસને બોલાવવામાં આવી હતી, અને મામલો ઉકેલવા માટે ઘણા લોકોને સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. અલીનો દાવો છે કે આખરે તેમના પરિવારને ફરીથી આવા ઉજવણી ન કરવા કહેવામાં આવ્યું હતું. તેઓ આરોપ લગાવે છે કે, RWAના સભ્યો દ્વારા નિશાન બનાવવાની એક પદ્ધતિ હતી. થોડા સમય પછી, તેમના પિતાને તેમના ઘરને "ગેરકાયદેસર બાંધકામ"ની કાનૂની નોટિસ મોકલવામાં આવી. અલીનો દાવો છે કે આ પડોશમાં સમાન માળખાકીય રીતે અયોગ્ય સેંકડો અન્ય ઘરો છે, છતાં RWA અમલીકરણ પસંદગીયુક્ત દેખાતું હતું. ઓંકાર નગરના ગલી નંબર ૩માં ૨૦૨૫માં પોતાનું ઘર ખરીદનાર અબ્દુલ બારી સામે પણ આવી જ ધાકધમકીનો ઉપયોગ થયો હતો. કુમારે આરોપ લગાવ્યો કે, મૂળ હિન્દુ માલિક ક્યારેય પોતાનું ઘર વેચવા માંગતો ન હતો. બારીએ પ્રોપર્ટી ડીલર સાથે મળીને તે માણસને છેતર્યો અને મિલકત પોતાના નામે કરાવી હતી. બારીએ કહ્યું કે, મુખ્યત્વે હિન્દુ વિસ્તારમાં મિલકત ધરાવતા થોડા મુસ્લિમ પરિવારોમાંના એક હોવાને કારણે, હેરાનગતિ વધતી ગઈ. તેમના ઘરને તોડી પાડવાની નોટિસો ઘણી વખત આપવામાં આવી હોવાનો આરોપ છે. આ વિસ્તારના અન્ય ઘણા મુસ્લિમ પરિવારોને 'ગેરકાયદેસર બાંધકામો' અંગે નોટિસો જારી કરવામાં આવી હતી. દબાણ વધારવા માટે, એવા પોસ્ટરો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા જેમાં એવા ઘરના નંબરો દર્શાવવામાં આવ્યા હતા જેની સામે કેસ નોંધાયા હતા અને લોકોને સલાહ આપવામાં આવી હતી કે તેઓ તે ઘરોના રહેવાસીઓ સાથે કોઈપણ મિલકતના વ્યવહારોમાં ભાગ ન લે. બારીએ કહ્યું હતું કે, ૨૦૨૫ના મધ્ય સુધીમાં, ત્રાસે માનસિક વળાંક લીધો, વસાહતમાં કેટલાક હિન્દુ પરિવારો તેમના ઘરની સામે ડુક્કરો ફરવા લાગ્યા અને તેમને "સુલતાન" અને "અબ્દુલ" જેવા નામો આપવામાં આવ્યા હતા. હિન્દુ પરિવારો હવે કહે છે કે આ મુસ્લિમોને અસ્વસ્થ કરવા અને આખરે તેમને વિસ્તાર છોડી દેવા માટે છે. ઈન્સ્ટાગ્રામ પર ૩૦ લાખથી વધુ વ્યૂઝ ધરાવતો એક વીડિયો, જેમાં એક માણસ કહેતો દેખાય છે, "દરેક ગલીમાં ભૂંડ ફરશે, અને દરેક ગલીમાં એક મંદિર હશે. દિલ્હી શુદ્ધ થશે અને આ બધા લોકો ચાલ્યા જશે" ઈન્સ્ટાગ્રામ પર આ ક્લિપને ૩૦ લાખથી વધુ વ્યૂઝ મળ્યા છે. ઓનલાઈન સામે આવેલી બીજી એક તારીખ વગરની ક્લિપમાં, જે કથિત રીતે ગુપ્ત રીતે રેકોર્ડ કરવામાં આવી હતી, તેમાં RWA સભ્યો અને હિન્દુ રહેવાસીઓ ગોયલના ઘરની અંદર બેઠા હોય તેવું દેખાય છે. ગોયલ અને તેના પતિ, વીરેન્દ્ર કુમાર ગોયલ, જૂથને શાંત કરવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. RWA સભ્યો ઈમામ સાથે જોવા મળ્યા બદલ ગોયલ પાસેથી સમજૂતી માંગે છે, ત્યારે વીરેન્દ્ર કહે છે કે આ એક જૂની વાત છે જે અજાણતા બની હતી. આ ભૂલને સુધારવાના પ્રયાસમાં, કાર્યક્રમના પોસ્ટરો તાત્કાલિક દૂર કરવામાં આવ્યા હતા. પડદા પાછળ શું બન્યું તે હજુ અસ્પષ્ટ છે. ગોયલ માટે, હિન્દુ પરિવારો ફક્ત તેમની ફરિયાદો વ્યક્ત કરી રહ્યા હતા. અમે ત્રિનગરના દરેક પરિવાર સાથે સમાન રીતે સાથે છીએ. અસગર ઈમામ ભારતીના ઘરની બહાર જે બન્યું તે મારા હિન્દુ ભાઈઓ અને મારા વચ્ચેનો મામલો છે. તેણીએ કહ્યું કે વસ્તી વિષયક પરિવર્તન એક વાસ્તવિક ચિંતા છે અને કેટલાક હિન્દુ પરિવારોની ચિંતાઓ વાસ્તવિક છે. જ્યારે તમે તમારી આસપાસ સમાન વિકાસ થતો જુઓ છો, ત્યારે લોકો ચિંતિત અને રક્ષણાત્મક લાગે તે સ્વાભાવિક છે. એક મહિના કરતાં પણ ઓછા સમય પછી, ૧૮ જાન્યુઆરીના રોજ, ન્યાયાધીશ પંચમુખી મંદિરનો શિલાન્યાસ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ ઉજવણી સાથે ઉજવવામાં આવ્યો હતો, જેમાં હિન્દુ પરિવારોએ દાવો કર્યો હતો કે આ સ્થળ એક સમયે મંદિરનું ઘર હતું. મુસ્લિમોને આ વિસ્તાર છોડી દેવાની વિનંતી કરવા અંગે અવાજ ઉઠાવનારા શર્માની માતાએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે તેમના કાર્યને અનેક જમણેરી સંગઠનોનું સમર્થન છે. અમને બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને હિન્દુ સેના જેવા જૂથોનો મજબૂત ટેકો છે. હિન્દુ સેનાના વડા વિષ્ણુ ગુપ્તા માટે, આ 'હિન્દુ હિજરત' અટકાવવા માટે છે. તેમણે કહ્યું કે, મને નથી લાગતું કે કોઈને ડુક્કરથી સમસ્યા હોવી જોઈએ. હકીકતમાં, હું માનું છું કે દેશના દરેક હિન્દુ પરિવારે મુસ્લિમોને તેમના વિસ્તારોમાંથી દૂર કરવા માટે તેને રાખવાનું વિચારવું જોઈએ. તે હિન્દુ હિજરત તરીકે આપણે જે જોઈએ છીએ તેને રોકવાનો એક માર્ગ છે.

**ધ પ્રિન્ટે VHP અને બજરંગ દળના પ્રતિનિધિઓનો સંપર્ક કર્યો પરંતુ હજુ સુધી કોઈ પ્રતિભાવ મળ્યો નથી**

દરેક વ્યક્તિ આ વિસ્તારમાં થયેલા નવા વિકાસ સાથે સહમત નથી. ૨૩ માર્ચે પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં, રહેવાસી વૈભવ પંચાલ કહે છે કે નવું મંદિર તેમની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે કારણ કે તે ગટર ઉપર બનેલું હોવાનું માનવામાં આવે છે. પરંતુ કામચલાઉ ટીન છત અને માર્બલ ટાઈલ્સ સાથે મંદિર હજુ પણ છે. દરરોજ સવારે ૫થી ૧૧ વાગ્યા સુધી લાઉડસ્પીકર પર હનુમાન ચાલીસા અને અન્ય ભજનો ગાવામાં આવે છે. સાંજે પણ આ જ રીતનું પાલન થાય છે. અમાન અલી દ્વારા અવાજ ઓછો કરવાની વિનંતીઓનો વિરોધ કરવામાં આવ્યો છે. ૨૦ ફેબ્રુઆરીના રોજ, તણાવ ઝડપથી વધી ગયો. રહેવાસીઓના મતે, તે સવારે ઈમામ અને કેટલાક હિન્દુ પરિવારો વચ્ચે થયેલી ઝઘડો ઝડપથી કાબુ બહાર નીકળી ગયો હતો. સીસીટીવી ફૂટેજમાં મનીષ અને કેટલાક અન્ય રહેવાસીઓ ધીમાનના ઘરમાંથી લાકડીઓ કાઢતા જોવા મળ્યા હતા. પોલીસને બોલાવવામાં આવી હતી, પરંતુ રહેવાસીઓએ કહ્યું કે તાત્કાલિક કોઈ ઉકેલ આવી શક્યો નથી. પરિસ્થિતિની ગંભીરતા અને વધુ વણસવાની આશંકાને ધ્યાનમાં રાખીને, ઈમામે પાછળથી કેશવ પુરમના એસએચઓને સત્તાવાર ફરિયાદ દાખલ કરી, જેમાં આરોપ લગાવ્યો કે તેમના જીવને જોખમ છે. ઈમામના પરિવારે કહ્યું કે તેમને કેટલાક અધિકારીઓએ અસ્થાયી રૂપે ઘર છોડીને તણાવ ઓછો થાય ત્યાં સુધી રાહ જોવાની સલાહ આપી હતી. આ એક મુશ્કેલ નિર્ણય હતો, પરંતુ અમને અમારા જીવનો ડર હતો. તેથી અમે અમારા પિતાને અમારા ગામમાં પાછા મોકલી દીધા હતા. પરંતુ ભય હવે એકલ ઘટનાઓ કે ચોક્કસ તહેવારો પૂરતો મર્યાદિત નથી. પરિવારનો આરોપ છે કે તે એ હદે વિસ્તરી ગયો છે કે તેમની સાથે પરોક્ષ રીતે જોડાયેલા લોકો પણ આ ઘટનામાં ફસાઈ રહ્યા છે. ૨૧ ફેબ્રુઆરીના રોજ, એક જૂથે કથિત રીતે એક ઈંડા વેચનારની ગાડીને નુકસાન પહોંચાડ્યું અને તેનો નાશ કર્યો. તે સમયે હાજર કામદાર, અમિતે કહ્યું કે તે વિવાદમાં સામેલ નથી અને તેમને વધતા તણાવથી દૂર રહેવાનું કહેવામાં આવ્યું હતું. હિન્દુ રહેવાસીઓએ દાવો કર્યો હતો કે તે સ્ટોલ એ જગ્યા હતી જ્યાં મુસ્લિમ પુરુષો મહિલાઓને હેરાન કરતા હતા અને અન્ય લોકો સાથે દુર્વ્યવહાર કરતા હતા. તે સમયે કૌટુંબિક જવાબદારી માટે ગાડીનો માલિક બહાર હતો, તે આગ્રહ રાખે છે કે તેણે કંઈ ખોટું કર્યું નથી અને કારણ વગર તેને નિશાન બનાવવામાં આવી રહ્યો છે. ઈંડાના સ્ટોલના માલિક સુભાષ રાઠોડ લખે છે કે, મેં અહીં ૩૫-૪૦ વર્ષથી આ વ્યવસાય ચલાવ્યો છે. કોઈએ ક્યારેય ફરિયાદ કરી નથી. પરંતુ હવે મારી આજીવિકા બરબાદ થઈ ગઈ. શા માટે? મને ખબર નથી. સુભાષ રાઠોડ છ લોકોના પરિવારનું ગુજરાન ચલાવે છે, જેમાં એક બીમાર માતા પણ સામેલ છે.

આ ઘટનાની વિડિઓ ક્લિપ્સમાં ઘણા વ્યક્તિઓ દેખાય છે. વિક્રેતાનો પરિવાર દાવો કરે છે કે એફઆઈઆરમાં આ વ્યક્તિઓના ફોટા અને નામ જોડવામાં આવ્યા છે, છતાં પોલીસે કોઈ નામનો સમાવેશ કર્યો નથી. પરિવાર એવો પણ આરોપ લગાવે છે કે અત્યાર સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. તેઓ એવો પણ દાવો કરે છે કે કેસમાં નોંધાયેલ એફઆઈઆર અસ્પષ્ટ છે, જેમાં સ્થળાંતર કામદાર અમિતને ફરિયાદી તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે અને આરોપીને ફક્ત "અજાણ્યા વ્યક્તિઓ" તરીકે દર્શાવવામાં આવ્યો છે. વરિષ્ઠ અધિકારીઓ સહિત અનેક ફરિયાદો છતાં, પરિવાર કહે છે કે તેઓ હજુ પણ કાર્યવાહીની રાહ જોઈ રહ્યા છે. અધિકારીઓનો દાવો છે કે કંઈ ખોટું નથી. તે પડોશનો નાનો મામલો હતો. સમાચાર અહેવાલોએ તેને તેના કરતા વધુ ગંભીર બનાવ્યું છે. પરંતુ જમીન પરનો મૂડ કંઈક અલગ જ વાર્તા કહે છે. લોકો મંદિરની બહાર બેસે છે અને બાળકો ગલીઓમાં રમે છે, તેમ છતાં મુસ્લિમ પરિવારો કહે છે કે તે સતત તપાસ અને શંકાના વાતાવરણમાં રહી રહ્યા છે. અમને આયોજિત રીતે બહાર ધકેલી દેવામાં આવી રહ્યા છે. "જેહાદીઓ" અને "આતંકવાદીઓ" વિશેના આરોપ એ પડોશમાં રોજિંદા વાતચીતનો ભાગ બની ગયા છે. ઈમામ અને બારી જેવા પરિવારો, જેમની પાસે લાંબા સમયથી આ વિસ્તારમાં મિલકતો છે, તેઓ ભવિષ્યની ચિંતા કરે છે, કેટલાક ભાડૂઆતો પહેલાથી જ ત્યાંથી જતા રહ્યા છે. બારીના ઘરમાં રહેતો એક ભાડૂઆત અચાનક ત્યાંથી ચાલ્યો ગયો અને કહ્યું કે હવે તેઓ ભયના વાતાવરણમાં રહી શકશે નહીં.

### ચૂંટણી પ્રચાર વચ્ચે ભાજપના ઉમેદવારનો ઘેરાવ

# વડોદરાના વોર્ડ-૧૯માં 'કામ નહીં તો વોટ નહીં'ના નારા સાથે જનતાનો ઉગ્ર રોષ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૨

વડોદરામાં સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણી પૂર્વે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ખાસ કરીને સત્તાધારી પક્ષ ભાજપના ઉમેદવારોને અનેક વિસ્તારોમાં જનતાના રોષનો સામનો કરવો પડી રહ્યો છે. તાજેતરમાં વડોદરાના વોર્ડ નંબર ૧૯માં પ્રચાર માટે નીકળેલા ભાજપના ઉમેદવાર નિમિશા પંચાલ ને સ્થાનિક રહીશોએ આડે હાથ લીધા હતા અને પાયાની સુવિધાઓના અભાવે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. મકરપુરા વિસ્તારમાં આવેલી આમ્રપાલી રેસિડેન્સી અને તેની આસપાસના વિસ્તારોમાં જ્યારે ભાજપના ઉમેદવારો પ્રચાર માટે પહોંચ્યા, ત્યારે મહિલાઓએ તેમને ઘેરી લીધા હતા. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી જીત્યા બાદ કાઉન્સિલરો પાંચ વર્ષ સુધી દેખાતા નથી અને માત્ર મતો મેળવવા માટે જ સોસાયટીઓમાં આવે છે. ઉમેદવાર નિમિશા પંચાલ સામે રહીશોએ પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો, જેમાં એક મહિલાએ આકરા શબ્દોમાં ટકોર કરતા કહ્યું કે, "તમે નવા પરણીને આવેલા વહુની જેમ 'અમે નવા છીએ' તેવું બહાનું ન કાઢી શકો; તમે પહેલા કાર્યકર્તા તો હતા જ, તો વોર્ડની સમસ્યાઓનો અભ્યાસ કેમ નથી કર્યો ?" ચૂંટણીના આ માહોલમાં વડોદરાના વોર્ડ નંબર ૧૯ ની જનતાનો આ મિજાજ દર્શાવે છે કે હવે મતદારો માત્ર પક્ષના નામે નહીં, પણ કામના આધારે જ વોટ આપવાના મુડમાં છે. શાસક પક્ષ માટે આગામી દિવસોમાં આ જનતાનો રોષ ચૂંટણી પરિણામો પર મોટી અસર કરી શકે તેમ છે. સ્થાનિક રહીશોએ તેમની મુખ્ય સમસ્યાઓ વિશે જણાવ્યું હતું કે, પાણીની સમસ્યા એ છેલ્લા ૧૫ વર્ષથી આ વિસ્તારમાં પાણીનો પ્રચંડ પ્રશ્ન છે. કોર્પોરેશનનો વેરો ભરવા છતાં પાણીનું પ્રેશર એટલું ઓછું હોય છે કે અંડરગ્રાઉન્ડ ટાંકીમાં પણ પાણી પહોંચતું નથી. લોકોએ નાછૂટકે પોતાના ખર્ચે બોર બનાવીને પાણી મેળવવું પડે છે. સોસાયટીના રસ્તાઓ છેલ્લા ૧૫ દિવસથી ખોદીને રાખવામાં આવ્યા છે, જેના કારણે અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. આ ઉપરાંત, ટીપી સ્કીમ હેઠળના રસ્તાઓ છેલ્લા ૧૦ વર્ષથી પહોળા કરવામાં આવ્યા નથી, જેથી ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાય છે. સ્થાનિકોએ એવો ગંભીર આક્ષેપ પણ કર્યો હતો કે પ્રોપર્ટી કાર્ડ મેળવવા માટે તેમની પાસે લાંચ માંગવામાં આવે છે અને તંત્ર દ્વારા કોઈ સહકાર મળતો નથી.

# ગીર સોમનાથ જિલ્લામાં પરવાનગી વગર ડ્રોન (UAV)ના ઉપયોગ પર પ્રતિબંધ

(સંવાદદાતા દ્વારા)

પ્રભાસપાટણ, તા.૨૨

ગીર સોમનાથ જિલ્લામાં અનેક પવિત્ર યાત્રાધામ સ્થળનો સમાવેશ થાય છે. તેમજ આ જિલ્લો લાંબો દરિયાકિનારો ધરાવતો હોવાથી સુરક્ષાની દ્રષ્ટિએ પણ અગત્યનો છે. જિલ્લામાં આવેલ ક્રિટિકલ સ્ટ્રેટેજિકલ મહત્વ ધરાવતા કુલ ૩૪ સ્થળોને ઈન્સ્ટોલેશન રેડ ઝોન/યેલો ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેશ આલ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી આ તમામ સ્થળોએ પરવાનગી વગર ડ્રોન (UAV)ના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામા અનુસાર, જિલ્લાના રેડ ઝોન, ગ્રીન ઝોન અને યેલ્લો ઝોનમાં મૂકવામાં આવેલા કુલ ૩૪ સ્થળોએ સક્ષમ અધિકારીની પરવાનગી વગર ડ્રોનનો ઉપયોગ ન થાય તે અનુસાર નિયંત્રણ મૂકવામાં આવ્યા છે. આ સ્થળોમાં સોમનાથ મંદિર, ભાલકા મંદિર, સ્પેશિયલ બ્યૂરો ઓફિસ (સુત્રાપાડા), કોસ્ટગાર્ડ સ્ટેશન(વેરાવળ), વેરાવળ-તાલાલા-ઉના સબ જેલ, વેરાવળ-ઉના જિલ્લા ન્યાયાલય, કલેક્ટર ઓફિસ(ઈણાજ), જિલ્લા પોલીસવડાની કચેરી, વેરાવળ અને છારા બંદર, વેરાવળ-પ્રભાસપાટણ ૬૬ કે.વી. સબસ્ટેશન, કંસારી-ટિંબડી ૨૨૦ કે.વી. સબસ્ટેશન, ૧૩૨ કે.વી.સબસ્ટેશન તાલાલા, વેરાવળ રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, સિવિલ હોસ્પિટલ, લાઈટ હાઉસ, માઈક્રોવેવ ટાવર, ઈન્ડિયન રેયોન ઉદ્યોગ, વોટર ટેક્ક, લોકોશેડ, તાલાળા હિરણ ડેમ-૨, નવાબંદર લાઈટ હાઉસ, માઈક્રોવેવ ટાવર ઉના, અંબુજા સિમેન્ટ કોડિનાર, સિદ્ધિ સિમેન્ટ સૂત્રાપાડા, જી.એચ.સી.એલ. સુત્રાપાડા, ઉના બ્રિજ નં.૩૪૦ સહિતના સ્થળનો સમાવેશ થાય છે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું તા.૨૬ એપ્રિલથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

# ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણી માટે મતદાન મથકો મતદાન માટે સજ્જ

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૨૨

ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણી માટે આવતીકાલે ગુરૂવારે સવારે ૭-૦૦ કલાકથી ૪૬ ગામોનાં ૩૦૬ મતદાન મથકો પર મતદાન થનાર હોઈ બુધવારે કલેકટરની ઉપસ્થિતિમાં ઈવીએમ મશીન અને મતદાન સામગ્રી સાથે પોલીંગ સ્ટાફ મતદાન મથકો પર જવા રવાનાં થયા હતા અને પોલીંગ સ્ટાફે મતદાન મથકો પર પહોંચ્યા બાદ બુથમાં મત કુટીર તૈયાર કરી મતદાનની તમામ તૈયારીઓ પૂર્ણ કરી હતી. ઉમરેઠ વિધાનસભાના ૪૬ ગામો ખાતે ૩૦૬ મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે. આ મતદાન મથકો ખાતે બુધવારના રોજ ઓડ સ્થિત ડી.એમ. પટેલ આર્ટસ કોલેજ અને એસ.એસ પટેલ કોમર્સ કોલેજ ખાતે રીસીવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટરથી ઈવીએમ સહિતનું ચૂંટણી અંગેનું તમામ સાહિત્ય અને સામગ્રી ભારતના ચૂંટણી પંચ દ્વારા નિમણૂંક પામેલા જનરલ ઓબ્ઝર્વર માતા દિન મીણા અને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં રવાના કરવામાં આવી હતી.



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

મતદાન મથકો ખાતે પોલીંગ સ્ટાફએ પહોંચ્યા બાદ બુથ ખાતે મતકુટીર તૈયાર કરી તમામ તૈયારીઓ પૂર્ણ કરી હતી અને દરેક મતદાન મથકોને મતદાન માટે સજ્જ કરી દેવામાં આવ્યા હતા. ઉમરેઠ વિધાનસભા મતદાર વિભાગની આ પેટા ચૂંટણીમાં કુલ ૨,૪૫,૬૨૩ મતદારો નોંધાયેલા છે. લોકશાહીના આ પર્વમાં કુલ ૧,૩૪૮ મતદાન સ્ટાફની નિમણૂંક કરવામાં આવી છે, જેમાં ૩૩૭ પ્રિસાઈડીંગ ઓફીસર, ૩૩૭ મદદનીશ પ્રિસાઈડીંગ ઓફીસર અને ૩૩૭ પોલીંગ ઓફીસર તેમજ ૩૩૭ મહિલા પોલીંગ ઓફીસર ફરજ બજાવશે. સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયામાં આશરે ૧૫૦૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ કાર્યરત છે અને ૧૯ જેટલા નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. આ ચૂંટણી પ્રક્રિયાને સુચારૂ અને નિષ્પક્ષ રાખવા ઈવીએમ અને વીવીપેટ મશીનોનું પરિવહન કરતા ૭૩ વાહનો અને ૩૬ એસ.ટી. બસોને GPS દ્વારા ટ્રેક કરવામાં આવશે તથા ચૂંટણી પંચની સૂચના મુજબ તમામ ૩૦૬ મતદાન મથકો પર અંદર અને બહાર વેબકાસ્ટિંગ સુવિધા ઉપલબ્ધ રહેશે. આ ચૂંટણીની મતગણતરી બીજેવીએમ કોલેજ વલ્લભ વિદ્યાનગર ખાતે આગામી તારીખ ૪ મેના રોજ કરવામાં આવનાર છે.

# સુરતના ઉદ્યોગપતિની પત્નીનો ઘરે ફાંસો ખાઈ આપઘાત

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૨

સુરતમાં સુભાષનાગરના બંગલા નંબર ૬૫માં રહેતી ખ્યાતિ અભિષેક કેજરીવાલે પોતાના બંગલોના ત્રીજા માળે આવેલા બેડરૂમમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, ખ્યાતિ જમ્યા બાદ આરામ કરવા માટે તે પોતાના બેડરૂમમાં ગઈ હતી. સામાન્ય રીતે તે સાંજે રૂમની બહાર આવી જતી હોય છે, પરંતુ મોડે સુધી બહાર નહીં આવતા પરિવારે તેના પતિને ફોન કરીને જાણ કરી હતી કે તે હજુ સુધી બહાર આવી નથી. ત્યારબાદ પરિવારના સભ્યોએ બીજી ચાવી વડે રૂમ ખોલ્યો ત્યારે ખ્યાતિએ પોતાના દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ લીધો હોવાનું જણાયુ હતું. મૃતક ખ્યાતિનો પરિવાર પ્લાસ્ટિકના દાણાના વ્યવસાય સાથે સંકળાયેલો છે અને આર્થિક રીતે સધ્ધર છે. જોકે, ઘટનાસ્થળેથી પોલીસને હજુ સુધી કોઈ સુસાઇડ નોટ મળી નથી, જેને કારણે આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. આ ઘટનાની જાણ થતાં ઓફિસનો સ્ટાફ તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો, આત્મહત્યા પાછળનું સચોટ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ઉમરા પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### દીવાલ પત્રો પર કાળો કૂચડો ફેરવાયો

# વડોદરામાં આચારસંહિતાનો ભંગ

## ૧૦૦થી વધુ હોર્ડિંગ્સ, બેનરો ઉતારી લેવાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૨

સ્થાનિક સ્વરાજ્ય અને વડોદરા પાલીકાની ચૂંટણી આગામી ૨૬ના યોજાશે. આ અંગે શહેરમાં ચૂંટણી આચાર સંહિતાનો કડક અમલ અગાઉથી જ શરૂ થઈ ગયો છે ત્યારે આચાર સંહિતાના ભંગની શક્યતા અંગે શહેરના વિવિધ વિસ્તારમાંથી ૧૦૦થી વધુ હોર્ડિંગ્સ, બેનરો ઉતારી લેવાયા હતા જ્યારે દિવાલ પત્રો પર કાળો કુચડો ફેરવી દેવાયો હતો. ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્ય અને વડોદરા મહાનગર પાલિકાની ચૂંટણી આગામી તા.૨૬, રવિવારે યોજાશે. આ અંગે ચૂંટણી પંચ દ્વારા અગાઉથી આચાર સંહિતા લાગુ કરવામાં આવી છે ત્યારે વડોદરા પાલિકાના કોમર્શિયલ વિભાગની આગેવાનીમાં અને જુદા જુદા વોર્ડના ઝોનલ અધિકારી દ્વારા ચૂંટણી આચાર સંહિતાના ભંગ અંગે ૧૦૦થી વધુ હોર્ડિંગ્સ, બેનરો ઉતારી લેવાયા હતા. આ ઉપરાંત દિવાલો પર લગાવાયેલા પત્રો અને વિવિધ સૂત્રો બાબતે તંત્ર દ્વારા કાળો કૂચડો લગાવી દેવામાં આવ્યો હતો.

### ગોધરામાં પોલિંગ સ્ટાફે કર્યું મતદાન

ગોધરા, તા.૨૨

ગોધરા નગરપાલિકાની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ફરજ પર તૈનાત કર્મચારીઓ અને સુરક્ષાકર્મીઓ માટે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. આ પ્રક્રિયામાં કુલ ૩૨૪ જેટલા પોસ્ટલ બેલેટ નોંધાયા હોવાનું સત્તાવાર સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. ચૂંટણી દરમિયાન ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ, પોલીસ જવાનો તેમજ હોમગાર્ડના જવાનો પોતાનો મતાધિકાર ગુમાવી ન બેસે તે માટે ચૂંટણી પંચ દ્વારા આ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ અંતર્ગત ગોધરા ખાતે ખાસ મતદાન મથક ઉભું કરી તમામ ફરજ પરના કર્મચારીઓને મતદાનની સુવિધા પૂરી પાડવામાં આવી હતી.

# અંકલેશ્વર પાલિકાની ચૂંટણીમાં ૧૨ મતદાન મથકો અતિસંવેદનશીલ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર નગર સેવા સદનની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સઘન તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. શહેરના રાજકીય માહોલમાં ઉત્સાહ સાથે હવે મતદાન માટેનો માહોલ ગરમાયો છે. કુલ ૯ વોર્ડની ૩૬ બેઠકો માટે અંદાજે ૧૦૦ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે.

મતદાન પ્રક્રિયા સુચારૂ રીતે પૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. શહેરના કુલ ૪૮ મતદાન મથકોમાંથી ૧૨ મથકોને અતિસંવેદનશીલ અને ૧૬ મથકોને સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા છે, જ્યાં સુરક્ષા માટે ખાસ નજર રાખવામાં આવશે. ચૂંટણી કામગીરી માટે ૨૬૫ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. ઉપરાંત, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૯૪ જેટલા પોલીસકર્મીઓ અને અધિકારીઓ ફરજ પર રહેશે. આ ચૂંટણીમાં કુલ ૪૭,૬૨૪ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. મતદાન શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજાય તે માટે તંત્ર દ્વારા તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે.

# વડોદરા મનપાની ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓએ મતદાન કર્યું



(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૨

વડોદરામાં આગામી તારીખ ૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનારી વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી અન્વયે, ચૂંટણી પ્રક્રિયામાં સીધી કે આડકતરી રીતે રોકાયેલા કર્મચારીઓ પોતાના મતાધિકારનો સુગમતાપૂર્વક ઉપયોગ કરી શકે તે હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જે કર્મચારીઓએ અગાઉથી ટપાલ દ્વારા મતદાન કરવા માટે અરજી કરી હતી અને જેમને નિયત પ્રક્રિયા મુજબ ઘરના સરનામે મતપત્ર પ્રાપ્ત થયા હતા, તેવા કર્મચારીઓ માટે આજ રોજ પ્રતાપનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે વિશેષ ફેસીલીટેશન સેન્ટરો કાર્યરત કરવામાં આવ્યા હતા. આ ફેસીલીટેશન સેન્ટરો ખાતે સવારે ૯:૦૦થી સાંજે ૬:૦૦ કલાક સુધી મતદાનની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ હતી. વહીવટી સરળતા અને સુચારૂ વ્યવસ્થાના ભાગરૂપે વોર્ડ નંબર ૧થી ૧૨ના કર્મચારીઓ માટે પોલીસ તાલીમ કેન્દ્ર, પ્રતાપનગર પોલીસ હેડક્વાર્ટર અને વોર્ડ નંબર ૧૩થી ૧૯ના કર્મચારીઓ માટે આંગણવાડી કેન્દ્ર, પ્રતાપનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી હતી. ચૂંટણી ફરજ જેવી મહત્વની કામગીરીમાં વ્યસ્ત રહેનારા કર્મચારીઓએ આ સુવિધાનો મહત્તમ લાભ લઈ ઉત્સાહપૂર્વક પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

# ગોધરાના રગડિયા પ્લોટમાં ૩ દિ'થી લો-વોલ્ટેજ મુદ્દે રહીશો પરેશાન

(સંવાદદાતા દ્વારા)

ગોધરા, તા.૨૨

ગોધરા શહેરમાં કાળઝાળ ગરમી વચ્ચે વીજળીની સમસ્યા સર્જાઈ છે. શહેરના રગડિયા પ્લોટ અને હુદા મસ્જિદ વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી લો-વોલ્ટેજની ગંભીર સમસ્યાથી રહીશો પરેશાન છે. આના કારણે ઘરના ઉપકરણો કામ કરતા બંધ થઈ ગયા છે.

ભર ઉનાળે તાપમાન ઊંચું હોવાથી પંખા અને કુલર ન ચાલતા વૃદ્ધો, બાળકો અને બીમાર વ્યક્તિઓની હાલત કફોડી બની છે. જેથી સ્થાનિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગઈકાલે મોડી રાત્રે લોડ વધવા અથવા ટેકનિકલ ખામીને કારણે વીજ કેબલોમાં આગ લાગવાની ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં જ MGVCLની ટીમ સ્થળ પર પહોંચી હતી અને મોડી રાત્રે વીજ કેબલ બદલવાની તેમજ રિપેરિંગની કામગીરી હાથ ધરી હતી. સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે દર ઉનાળામાં આવી પરિસ્થિતિ સર્જાય છે. તેઓ કામચલાઉ રિપેરિંગને બદલે કાયમી ઉકેલની માંગ કરી રહ્યા છે. જો વહેલી તકે વીજ ક્ષમતા વધારવામાં નહીં આવે અથવા નવું ટ્રાન્સફોર્મર મૂકવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં લોકોમાં રોષ ફાટી નીકળવાની શક્યતા છે.

# હિંમતનગરના મોતીપુરામાં મગફળી ભરેલ ટ્રક વીજ તારને અડકતાં આગ

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૨

હિંમતનગર તાલુકાના મોતીપુરા વિસ્તારમાં નેશનલ હાઈવે ઓવરબ્રીજના સર્વિસ રોડ પર બુધવારના રોજ મગફળી ભરેલો એક ઓવરલોડ ટ્રક અચાનક આગની લપેટમાં આવી ગયો હતો. ટ્રકમાં મગફળીની બોરીઓ ઓવરલોડ ભરેલી હોવાને કારણે તે ઉપરથી પસાર થતાં વીજળીના તારને અડકી હતી. વીજ તાર મગફળીની બોરીઓને અડકતાં તણખા ઉડ્યા હતા, જેના કારણે થોડી જ વારમાં ટ્રકમાં આગ ફાટી નીકળી હતી. જેના પગલે તે વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો અને હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક પણ પ્રભાવિત થયો હતો. આ દરમિયાન, પાછળથી આવતો બીજો ઓવરલોડ ટ્રક સમયસર રોકાઈ જતાં મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની બે ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ભારે જહેમત બાદ ફાયર ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ટ્રકમાં ભરેલી મગફળીનો મોટો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હોવાનું પણ જાણવા મળ્યું છે. પોલીસે અને વીજ વિભાગે ઘટનાને ગંભીરતાથી લઈને ટ્રક ચાલક અને વેપારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની તજવીજ શરૂ કરી છે.

# સાબરકાંઠામાં ૮૮૧ હજયાત્રીઓને રસી આપવામાં આવી

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૨

સાબરકાંઠા જિલ્લામાં હજયાત્રીઓ માટેનું રસીકરણ અભિયાન પૂર્ણ થઈ ગયું છે. હિંમતનગરની GMERS સિવિલ હોસ્પિટલમાં કુલ ૮૮૧ હજયાત્રીઓને ૧૧ દિવસના સમયગાળામાં રસી આપવામાં આવી હતી. આ માહિતી હિંમતનગર સિવિલ હોસ્પિટલના RMO ડૉ. વિપુલ જાનીએ આપી હતી. ડૉ. વિપુલ જાનીએ વધુમાં જણાવ્યું હતું કે, રસીકરણની કામગીરી ૯ ફેબ્રુઆરી ૨૦૨૬થી શરૂ થઈ હતી. પ્રથમ તબક્કામાં, સરકારી કોટા હેઠળ હજ પઢવા જતા ૩૪૩ યાત્રીઓને ૯થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ચાર દિવસમાં રસી આપવામાં આવી હતી. ત્યારબાદ, ખાનગી ધોરણે હજ પઢવા જનાર ૫૩૮ હજયાત્રીઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. આ યાત્રીઓને ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ અને પછી ૬ એપ્રિલ ૨૦૨૬થી ૨૨ એપ્રિલ ૨૦૨૬ સુધીના સાત દિવસ દરમિયાન રસી અપાઈ હતી. બુધવારે, રસીકરણના અંતિમ દિવસે ૯૩ હજયાત્રીઓને રસી આપવામાં આવી હતી. આમ, સરકારી અને ખાનગી બંને કોટાના કુલ ૮૮૧ હજયાત્રીઓને ૧૧ દિવસમાં સફળતાપૂર્વક રસીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે.

# સુરત મનપાની સામી ચૂંટણીએ મહિધરપુરામાં દારૂના અડ્ડાઓને પગલે સ્થાનિકોમાં રોષ

## મહિધરપુરા પોલીસ મથકના ૫૦૦ મીટરમાં જ ચાર દારૂના અડ્ડાઓ છતાં પોલીસના આંખ આડા કાન

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૨

સુરત સહિત સમગ્ર રાજ્યમાં ચૂંટણીનો માહોલ ચરમ પર પહોંચ્યો છે. પહેલી વખત ભારતીય જનતા પાર્ટીનાં ઉમેદવારોને લોક સંપર્ક અભિયાન દરમિયાન સ્થાનિક મતદારોનાં વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને પોતાના વિસ્તારમાં ચાલી રહેલા દારૂનાં અડ્ડાઓ અંગે સ્થાનિક મતદારો દ્વારા ઉમેદવારોને અણિયારા સવાલો પૂછવામાં આવી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે મહિધરપુરામાં જાણે દારૂની હાટડીઓ શરૂ કરવા માટે બુટલેગરોમાં હોડ જામી છે. મહિધરપુરા પોલીસ મથકથી ૫૦૦ મીટરનાં અંતરે દારૂનાં અડ્ડાઓ ધમધમી રહ્યા છે.

સતત ત્રણ દાયકાથી સુરતની શાસન ધુરા સંભાળનાર ભાજપનાં રાજમાં શહેરનાં વિકાસની સાથે સાથે અંગે યોજાયેલા આ કાર્યક્રમમાં એક યુવકે નિડરતાથી હર્ષ સંઘવીને પ્રશ્ન કર્યો હતો કે, શહેરમાં અનેક વિસ્તારોમાં દારૂનું વેચાણ થાય છે અને બેફામ અડ્ડાઓ ચાલે છે આ અંગે તમારી સાઈડથી શું કહેવું છે. સામાન્ય રીતે આ પ્રકારનાં સવાલોનો જવાબ આપતી વખતે નેતાઓ બેબાકળાં બની જતાં હોય છે પરંતુ હર્ષ સંઘવીએ આ પ્રશ્નને ખુબ જ ગંભીરતાથી લેવાની સાથે સ્પષ્ટ કહ્યું હતું કે, પોલીસ વિભાગમાં જે કોઈપણ કર્મચારી કે અધિકારી ફૂટેલા છે અથવા તો બુટલેગરો સાથે મિલીભગત રાખે છે તેમની વિરૂદ્ધ સખ્ત કાર્યવાહી કરવામાં આવી રહી છે અને ભવિષ્યમાં પણ આ પ્રકારનાં પગલાં ભરવામાં કોઈ પાછીપાની કરવામાં આવશે નહીં. અલબત્ત, હર્ષ સંઘવીનાં સ્પષ્ટ જવાબ વચ્ચે પણ મહિધરપુરા પોલીસ મથકમાં બુટલેગરો બેફામ બન્યા હોવાનું ફલિત થઈ રહ્યું છે. સામી ચુંટણીએ મહિધરપુરા પોલીસ હદ વિસ્તારમાં દારૂનાં અડ્ડાઓ હવે સ્થાનિકો માટે પણ માથાનો દુ:ખાવો બની રહ્યા છે. હાલત એટલી હદે વિકરાળ બની ચુકી છે કે મહિધરપુરાની ગલીઓમાં બિન્દાસ્ત દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. ૫૦૦ મીટર વિસ્તારમાં જ ત્રણથી ચાર દારૂનાં અડ્ડાઓ પર રોજેરોજ ભારે ભીડનાં દ્રશ્યો પણ સામાન્ય થઈ ચુક્યા છે. ડાંગીર શેરી, ફાલસાવાડી પોલીસ લાઈનની પાછળ, પોલીસ સ્ટેશનની સામે બ્રિજ નીચે, રેલવે સ્ટેશનનાં પાર્સલ વિભાગ સહિત સુમુલ ડેરી રોડ પર પણ દારૂનાં અડ્ડાઓને કારણે સ્થાનિક નાગરિકોનું જીવન દુષ્કર બની ચુક્યું છે.

### વહીવટદારના ભેદી એક્ટિવા ચાલકની તપાસ થશે ?

પોલીસ મથકનાં વહીવટદારનો અત્યંત વિશ્વાસુ એવા એક્ટિવા ચાલકની ફરતે તપાસ કરવામાં આવે તો કંઈ કેટલા કાળા કારનામાઓનો ઘટસ્ફોટ થઈ શકે છે. આ એક્ટિવા ચાલક સાંજ થતાં જ મહિધરપુરા વિસ્તારમાં આવેલા દારૂનાં અડ્ડાઓનાં આંટા ફેરા મારતો જોવા મળે છે. બુટલેગરો અને પોલીસ વચ્ચે સંવાદ સેતુનું કામ કરતા આ એક્ટિવા ચાલક હાલમાં તો મહિધરપુરામાં પોલીસ કરતાં પણ સવાયો હોય તેમ નજરે પડી રહ્યું છે. સ્થિતિ હવે એ હદે પહોંચી છે કે બુટલેગરોને નવા અડ્ડા શરૂ કરવા હોય તો પહેલા આ એક્ટિવા ચાલકને મળવું પડે છે અને ત્યાંથી જ આખો રસ્તો ક્લીયર કરવામાં આવી રહ્યો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

# અંકલેશ્વર : કાળઝાળ ગરમી વચ્ચે મતદાન પ્રક્રિયાના પગલે આરોગ્ય વિભાગ સજ્જ

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વરમાં આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી સંદર્ભે તમામ મતદાન મથકો પર પ્રાથમિક આરોગ્ય સારવાર કીટ તૈયાર કરવામાં આવી છે. અસહ્ય ગરમી વચ્ચે મતદાન હોવાથી તંત્ર દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.

અંકલેશ્વરમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણીનું મતદાન આગામી તા.૨૬ એપ્રિલના રોજ યોજાનાર છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા બહાર પાડેલ એડવાઈઝરી મુજબ અંકલેશ્વર તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા મેડિકલ કીટ અંગેની તૈયારીઓ શરૂ કરી છે. અસહ્ય



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

ગરમી વચ્ચે મતદાન પ્રક્રિયાને ધ્યાને લઈ તંત્ર દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.

અંકલેશ્વર તાલુકા આરોગ્ય અધિકારી ડો.સુશાંત કઠોરવાલાની દેખરેખ હેઠળ આરોગ્ય કર્મચારીઓ દ્વારા પ્રાથમિક સારવાર કીટ તૈયાર કરી રહ્યા છે. આ કીટ તાલુકા, જિલ્લા પંચાયત અને નગર પાલિકાના તમામ મતદાન મથકો ઉપર આપવામાં આવશે. આ કીટમાં જરૂરી દવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે, તા.૨૫ મી એપ્રિલના રોજ ચૂંટણી સામગ્રીના વિતરણની સાથે આ મેડકિલ કીટનું વિતરણ કરવામાં આવશે. સાથે ઉનાળાની આકરી ગરમીના કારણે ઓઆરએસના પાઉચનું પણ વિતરણ કરવામાં આવશે.

# સુરતના ગોરાટમાં મહિલા પર હુમલો કરવા અંગે ભાજપ કાર્યકરો વિરૂદ્ધ રજૂઆત

## સ્થાનિક મહિલાઓ દ્વારા ચૂંટણી નિરીક્ષકને આવેદન પાઠવી ઉગ્ર વિરોધ કર્યો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૨

ભાજપનાં ગઢ ગણાતાં વોર્ડ નં.૧૧ (અડાજણ - ગોરાટ)માં ભારતીય જનતા પાર્ટીનાં ઉમેદવારો અને કાર્યકરો વિરૂદ્ધ સ્થાનિકોનાં આક્રોશ અને સૂત્રોચ્ચારનાં વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે હોબાળો મચી જવા પામ્યો છે. ભાજપનાં ઉમેદવાર હર્ષ મહેતા વિરૂદ્ધ સ્થાનિક વિસ્તારનાં મતદારોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે ત્યારે ગઈ કાલે ચૂંટણી પ્રચાર દરમિયાન મહિલાને ધક્કો મારવાની ઘટનાનાં ઘેરા પ્રત્યાઘાત જોવા મળી રહ્યા છે. આજે ગોરાટ વિસ્તારની મહિલાઓ દ્વારા ચૂંટણી પંચ સમક્ષ લેખિતમાં રજૂઆત કરવાની સાથે ભાજપનાં કાર્યકરો દ્વારા મહિલાઓ પર કરવામાં આવેલ હુમલામાં તાત્કાલિક કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી છે.

ગોરાટ વિસ્તારમાં સામી ચૂંટણીએ ભાજપનાં ઉમેદવારો અને નેતાઓ આ પ્રચાર માટે પહોંચતાં જ સ્થાનિકો દ્વારા ભારે વિરોધ કરવામાં આવતા કાર્યકરો અને સ્થાનિક મહિલાઓ વચ્ચે ધક્કામુક્કીનાં દશ્યો પણ સર્જાયા હતા. જે દરમિયાન ભાજપનાં કાર્યકર દ્વારા મહિલાને ધક્કો મારતાં મહિલા હેબતાઈ ગઈ હતી અને જમીન પર પટકાતાં પટકાતાં સ્હેજ માટે રહી ગઈ હતી. સ્થાનિકોમાં પણ ભાજપનાં ઉમેદવારો અને નેતાઓ સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. સ્થાનિક મહિલાઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, ભાજપનાં કાર્યકરો દ્વારા તેમની સાથે અસભ્ય વર્તન કરવામાં આવ્યું હતું. કપડાં પણ ફાટી ગયા હતા. આ ઘટનાને પગલે હવે અડાજણમાં ભાજપ વિરૂદ્ધ મહિલાઓનો આક્રોશ ચરમ પર પહોંચ્યો છે. જેને પગલે આજે સ્થાનિક વિસ્તારની મહિલાઓ દ્વારા આવેદન પત્ર આપી જવાબદાર ભાજપનાં કાર્યકરો વિરૂદ્ધ આકરાં પગલાં ભરવાની માંગણી કરવામાં આવી છે. અડાજણ વિસ્તારમાં કાગળનો વાઘ સાબિત થઈ રહેલ અશાંત ધારા કાયદાને કારણે સ્થાનિક મતદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અલબત્ત, વોર્ડ નં. ૧૧ (અડાજણ - ગોરાટ)માંભાજપનાંઉમેદવાર હર્ષમહેતા અનેતેના સમર્થકોવિરૂદ્ધ આ વિસ્તારમાં ખાસ રોષ જોવા મળી રહ્યો છે.

### આમોદ નગરમાં પોલીસની ફૂટમાર્ચ

આમોદ, તા.૨૨

આમોદ તાલુકામાં યોજાનારી સ્વરાજ ચૂંટણીને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. ભયમુક્ત વાતાવરણમાં મતદાન યોજાઈ શકે અને જનતા નિર્ભયપણે પોતાનો મતાધિકાર ઉપયોગ કરી શકે તે હેતુસર ડીવાયએસપીના માર્ગદર્શન હેઠળ આમોદ પોલીસ દ્વારા ફૂટ માર્ચ યોજવામાં આવી હતી. ફૂટ માર્ચ દરમિયાન પોલીસ દળે મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી લોકોને સુરક્ષાની ખાતરી આપી હતી. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ્ય ચૂંટણી દરમ્યાન શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ વાતાવરણ રહે તે હેતુથી વિવિધ વિસ્તોરામાં ફૂટ માર્ચ યોજાઇ હતી.

# વડોદરાના વોર્ડ નં.૧૬માં ૧૫૦ જેટલા રહીશો કોંગ્રેસમાં જોડાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૨

વડોદરા પાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૧૬માં કોંગ્રેસના ઉમેદવાર ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થુ)ની પેનલના સમર્થનમાં ૧૫૦ જેટલા નાગરિકો કોંગ્રેસમાં જોડાયા હતા. પાલિકાની ચૂંટણીમાં પ્રચાર હવે અંતિમ ઘડીએ અને જોરશોરથી ચાલી રહ્યો છે. છેલ્લે - છેલ્લે ચૂંટણી પ્રચારમાં હવે વેગ મળતો જોવા મળી રહ્યો છે. ત્યારે વોર્ડ નંબર ૧૬માં કોંગ્રેસના ઉમેદવાર ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થુ)ના સમર્થનમાં તેમના વિસ્તારની શ્રીનાથ એરાઈઝ તથા તેની આજુબાજુની સોસાયટીઓના અંદાજે ૧૫૦ જેટલા નાગરિકો કોંગ્રેસમાં જોડાયા હતા. અહીંના રહીશોએ જણાવ્યું હતું કે, અમારી સોસાયટી તથા આસપાસના વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પાણી તથા અન્ય પ્રાથમિક સુવિધા બાબતે તકલીફ છે, અગાઉ અમે આ મામલે સત્તાધારી પક્ષને વારંવાર રજૂઆત કરી પરંતુ તેનો કોઈ નિવેડો આવ્યો નથી. જે બાદ આ મામલે અમે ચંદ્રકાંત શ્રીવાસ્તવ ભથ્થુભાઈને મળ્યા હતા અને તેમણે યોગ્ય કામગીરીનું આશ્વાસન આપ્યું છે. ચંદ્રકાંત શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા વર્ષોથી હું માત્ર કોર્પોરેટર તરીકે નહીં પરંતુ પોતાની જાતને એક સેવક તરીકે ગણું છું. કોઈ પણ વિસ્તારમાંથી કોઈ પણ વ્યક્તિ મને તેની રજૂઆત માટે આવે તો તુરંત એની યોગ્ય સ્તરે રજૂઆત કરવા સાથે બીજા દિવસે કેવી રીતે કામગીરી શરૂ થાય? તેના પર ભાર આપતો હોઉં છું.


**નામ બદલેલ છે**

: જૂનું નામ :
ચારોલીયા અશરફભાઈ ઈબ્રાહીમભાઈ
: નવું નામ :
ચારોલીયા અસરફભાઈ ઈબ્રાહીમભાઈ
સરનામું : ચારોલીયા વાસ, મદની મસ્જિદ બાજુમાં, મુ.ભીલવણ જિ.પાટણ ૩૮૪૨૮૫

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD GIVEN NAME FROM
PRAJAPATI RASIKLAL MANILAL
TO NEW GIVEN NAME
PRAJAPATI RASIKBHAI MANEELAL
I WILL BE KNOWN AS NEW GIVEN NAME WHICH PLEASE NOTE.
ADD:- BAROT KHADKI, AT&PO.JAMBUSAR. TAL.JAMBUSAR. DIST.BHARUCH. PIN.392150 GUJARAT.

# મતદાનના અધિકારનું સન્માન : હાઈકોર્ટે દાહોદના સરપંચ અને 'આપ'ના ઉમેદવારોને મતદાન માટે આપી ગામમાં પ્રવેશની છૂટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

ગુજરાત હાઈકોર્ટે લોકશાહી પ્રણાલીમાં મતાધિકારના મહત્વને સર્વોપરી ગણતા એક મહત્વનો ચુકાદો આપ્યો છે. દાહોદ જિલ્લાના કાલીમહુડી ગામના સરપંચ રોહિતભાઈ નીનામા સહિત 'આપ'ના બે ઉમેદવારોને આગામી ૨૬મી એપ્રિલના રોજ યોજનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન કરવા માટે જામીનની શરતોમાં મોટી રાહત આપવામાં આવી છે. જસ્ટિસ નિખિલ એસ. કેરીયલે આ મામલે સુનાવણી હાથ ધરીને અરજદારોને નિયત સમય મર્યાદામાં ગામમાં પ્રવેશવાની મંજૂરી આપી છે. સમગ્ર વિવાદની વિગત એવી છે કે, અગાઉ રાજકીય અદાવતને કારણે થયેલા ઘર્ષણ અને મારામારીના કેસમાં દાહોદ સેશન્સ કોર્ટે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ આ તમામ આરોપીઓના શરતી જામીન મંજૂર કર્યા હતા. જોકે, કોર્ટે એવી કડક શરત મૂકી હતી કે ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી આ તમામ લોકોએ કાલીમહુડી ગામમાં પ્રવેશ કરવો નહીં. આ શરતને કારણે ૨૬ એપ્રિલે યોજાનારી ચૂંટણીમાં તેઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તેમ નહોતા, જેને પગલે તેઓએ હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. અરજદારો વતી હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે મતદાન એ બંધારણીય જોગવાઈ હેઠળનો અત્યંત મહત્વનો અધિકાર છે. જે લોકશાહીના પાયામાં છે, તેથી તેમને માત્ર મતદાનના દિવસે ગામમાં પ્રવેશવાની છૂટ મળવી જોઈએ. અદાલતે આ દલીલોને ગ્રાહ્ય રાખતા માનવતાવાદી અને લોકતાંત્રિક અભિગમ અપનાવ્યો હતો. હાઈકોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટતા કરી છે કે ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી અરજદારો મતદાન કરવા માટે ગામમાં પ્રવેશી શકશે. જોકે, અદાલતે આ રાહત આપવાની સાથે કડક તાકીદ પણ કરી છે કે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અરજદારોએ તાત્કાલિક ગામની હદ છોડી દેવાની રહેશે. હાઈકોર્ટે જામીનની આ એક શરતમાં ફેરફાર કર્યો છે, જ્યારે સેશન્સ કોર્ટ દ્વારા લાદવામાં આવેલી અન્ય તમામ શરતો યથાવત રાખવામાં આવી છે. આ ચુકાદાને કારણે હવે રાજકીય અદાવતમાં સંડોવાયેલા આ પ્રતિનિધિઓ પણ લોકશાહીના પર્વમાં સહભાગી થઈ શકશે.

### દિલ્હી અને સુરત વચ્ચે આમ આદમી પાર્ટીના ફંડિંગ પ્રકરણમાં તપાસ તેજ

# પોલિટિકલ ફંડિંગ કેસ : મુખ્ય સૂત્રધાર દિલ્હી ફરાર

### ફંડના વિતરણની જવાબદારી સંભાળતા ૮થી ૧૦ શંકાસ્પદ વ્યક્તિઓ ફરતે તપાસનો ગાળિયો કસાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

દિલ્હી અને સુરત વચ્ચે આમ આદમી પાર્ટીના પોલિટિકલ ફંડિંગ પ્રકરણમાં સુરત પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. દિલ્હીથી મોકલવામાં આવતા ફંડના વિતરણની જવાબદારી સંભાળતા ૮થી ૧૦ વ્યક્તિઓ ફરતે પોલીસે તપાસ કેન્દ્રીત કરી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા જ આમ આદમી પાર્ટી પર સકંજો કસવાનું શરૂ કર્યું છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, આ તમામ વ્યક્તિઓ અલગ-અલગ જવાબદારીઓ નિભાવતા હતા. જોકે, દિલ્હીથી આંગડિયા મારફતે આવતું ફંડ રિસીવ કરનાર પીપલોદનો આકાશ મિશ્રા સુરત પોલીસને હાથતાળી આપીને દિલ્હી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે. સુરત ક્રાઈમ બ્રાંચ અને ઉમરા પોલીસે સ્થાનિક સ્વરાજની ચૂંટણી પ્રચાર વચ્ચે આ પોલિટિકલ ફંડિંગ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો હતો. ફંડ મોકલનાર દિલ્હીના માજી આરોગ્ય મંત્રીના વિશ્વાસુ હિમાંશુ પાહુજાનું નામ મુખ્ય સૂત્રધાર તરીકે ખુલ્યું છે. ફંડ રિસીવર તરીકે પીપલોદના આકાશ મિશ્રા અને અજય તિવારી દ્વારા ફંડ લેવામાં આવતું હતું. પ્રાથમિક તપાસમાં છેલ્લા પાંચ-છ મહિનામાં આંગડિયા મારફતે આશરે રૂા.૧.૨૫ કરોડ મોકલવામાં આવ્યા હોવાની વિગતો બહાર આવી છે. આ કેસમાં ઈક્મટેક્સ વિભાગે પણ ઝંપલાવ્યું છે અને સુરત પોલીસ પાસેથી માહિતી મેળવી અલગથી તપાસ શરૂ કરી છે. પોલીસે આ મામલે આંગડિયા પેઢીના માલિકની પણ પૂછપરછ હાથ ધરી છે.

## સુરત બાદ પંચમહાલમાં આમ આદમી પાર્ટીના ૫૦ લાખ રૂપિયાની હેરાફેરી ઝડપાઈ

આમ આદમી પાર્ટીના ફંડિંગ અને હવાલા કૌભાંડમાં પોલીસ અને ઈક્મટેક્સ વિભાગ તલસ્પર્શી તપાસ કરી રહ્યો છે.દિલ્હીથી સુરત ફંડિંગ કરવા માટે ૮થી ૧૦ જણાની સિન્ડિકેટ સક્રિય હતી. પોલીસે આ સિન્ડિકેટ ફરતે તપાસ કેન્દ્રિત કરી હોવાનું જાણવા મળે છે. ત્યારે પંચમહાલમાં પણ આમ આદમી પાર્ટીના લાખો રૂપિયાની હેરાફેરીનો મામલો સામે આવ્યો છે. ગોધરાની આંગડિયા પેઢી દ્વારા હવાલા મારફતે રૂપિયાની હેરાફેરી મુદ્દે કાર્યવાહી કરવામાં આવી છે. પંચમહાલમાં આમ આદમી પાર્ટીના લાખો રૂપિયાની હેરાફેરીનો મામલો સામે આવ્યો છે. ગોધરાની આંગડિયા પેઢી દ્વારા હવાલા મારફતે રૂપિયાની હેરાફરી પકડાઈ છે. છેલ્લા ૧૫ દિવસમાં ૫૦ લાખથી વધુની રકમની હેરાફેરી નોંધાઈ છે. ગોધરામાં પીએમ આંગડિયા અને એમ પટેલ આંગડિયા મારફતે હેરાફેરી કરવામાં આવતી હતી. મતદારોને પ્રલોભન આપવા હવાલા મારફતે રકમ આવી હોવાની વિગતો સામે આવી છે. આ મુદ્દે વોર્ડ નંબર ૧૧ના ઉમેદવાર અજય વસંતાણી સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. રમણ બારિયા સહિતના કાર્યકરો સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

# જમાલપુ વોર્ડ ૨૯માં કોંગ્રેસનો સંકલ્પ : 'વિકાસ અને પરિવર્તન'ના એજન્ડા સાથે ઉમેદવારો મેદાને




અમદાવાદ, તા.૨૨

જમાલપુર વોર્ડ ૨૯ના કોંગ્રેસ પક્ષના ઉમેદવારો દ્વારા બુધવારે અમદાવાદના લાલ દરવાજા સ્થિત હોટલ રોયલ હાઈનેસ ખાતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને કોંગ્રેસના યુવા નેતા શાહનવાઝ શેખની ઉપસ્થિતિમાં ઉમેદવારોએ જમાલપુરના સર્વાંગી વિકાસ અને પરિવર્તનનો રોડમેપ જાહેર કર્યો હતો. પ્રેસ કોન્ફરન્સમાં વોર્ડ ૨૯ના કોંગ્રેસના ઉમેદવારો ડૉ. નાઝનીન ઠાકોર, ફૈઝ મારફતિયા, મુસ્તાક ખાદીવાલા અને સાનિયા પઠાણએ પોતાની પ્રાથમિકતાઓ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, જનતાના પ્રશ્નોના ત્વરિત ઉકેલ અને વિસ્તારમાં પાયાની સુવિધાઓનો વિકાસ એ તેમનો મુખ્ય સંકલ્પ છે.

ડૉ. નાઝનીન ઠાકોરે આરોગ્ય ક્ષેત્રે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરતા જણાવ્યું કે, જમાલપુરની જનતાને અત્યાધુનિક સ્વાસ્થ્ય સેવાઓ મળી રહે તે માટે તેઓ આરોગ્ય માળખાને વધુ આધુનિક અને સુલભ બનાવશે.

ફૈઝ મારફતિયાએ વિસ્તારની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી, હાઈ-ટેક સ્લોટર હાઉસના નિર્માણ માટે અવાજ ઉઠાવવાની ખાતરી આપી હતી, જેનાથી સ્થાનિક રહીશોને સીધો લાભ થશે.

મુસ્તાક ખાદીવાલાએ તેમના ૧૦ વર્ષના અનુભવી કોર્પોરેટર તરીકે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, તેમના વહીવટી અનુભવનો લાભ જનતાને મળશે અને વિકાસના કાર્યો વધુ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. સાનિયા પઠાણે શિક્ષણ ક્ષેત્રે પરિવર્તન લાવવા માટે તેમણે બંધ પડેલી સરકારી શાળાઓને ફરી શરૂ કરવા અને વોર્ડમાં અંગ્રેજી માધ્યમની આધુનિક શાળાઓ શરૂ કરી ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરૂં પાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને શાહનવાઝ શેખે ઉમેદવારોના સંકલ્પને ટેકો આપતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ જમાલપુરના દરેક નાગરિકની સુખાકારી માટે કટિબદ્ધ છે. તેમણે ઉમેદવારોની નવી એજ્યુકેશન અને હેલ્થ પોલિસીના વિઝનની પ્રશંસા કરી હતી. ઉમેદવારોએ ખાતરી આપી હતી કે, તેઓ જનતાની સમસ્યાઓને વાચા આપી તેને ઉકેલવા માટે તન-મન-ધનથી કાર્ય કરશે.

# ભુવા તરીકે ઓળખ આપી મહિલાઓને ભોળવીને સોનું સેરવી લેતો રીઢો ગુનેગાર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

પોતાની ભુવા તરીકેની ઓળખ આપી નિર્દોષ મહિલાઓને શિકાર બનાવતા રીઢા ગુનેગારને અમદાવાદની LCB ઝોન-૭ પોલીસે ધરપકડ કરી છે. આધ્યાત્મિક શક્તિના બહાને છેતરપિંડી કરતા આ શખ્સ પાસેથી પોલીસે રૂા.૧.૭૫ લાખના સોનાના દાગીના જપ્ત કર્યા છે.

અમદાવાદ ઝોન-૭ LCBની ટીમ જ્યારે પેટ્રોલિંગમાં હતી, ત્યારે મળેલી ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને મુકેશનાથ નટવરનાથ ચૌહાણ (૨૭ વર્ષ, રહે. દહેગામ) નામના શખ્સને ઝડપી પાડ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું કે, આરોપી બનાસકાંઠાના પાલનપુર વેસ્ટ પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ હતો. રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી છેતરપિંડીની ઘટનામાં પણ તે નાસતો ફરતો હતો. અગાઉ તેની સામે અમદાવાદના વાસણા અને રામોલ પોલીસ સ્ટેશનમાં પણ ચોરીના ગુના નોંધાઈ ચૂક્યા છે.

આ ઠગ ભુવો અત્યંત ચાલાકીથી મહિલાઓને ટાર્ગેટ કરતો હતો. રસ્તા પર એકલી જતી મહિલાઓને રોકીને વાતચીત શરૂ કરતો. છેતરીને મહિલાઓ પાસેથી સોનાના દાગીના ઉતરાવી લેતો અને પળવારમાં ફરાર થઈ જતો. ધરપકડ બાદ પોલીસે આરોપી પાસેથી રૂા.૧,૭૫,૦૦૦ની કિંમતની સોનાની કાન સેર સાથેની બે બુટ્ટીઓ રિકવર કરી છે. આ ધરપકડ સાથે પોલીસે પાલનપુર અને રાજકોટના બે વણઉકેલ્યા (અનડિટેક્ટ) ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે.

# રાજ્યમાં પ્રચંડ ગરમી-હીટવેવ સામે સાવચેતી રાખવા નાગરિકો માટે આરોગ્ય વિભાગ દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઈ

### બપોરે ૧૨થી ૩ દરમિયાન કામ વગર બહાર ન નીકળવા સલાહ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

હાલમાં રાજ્યમાં ઉનાળાની પ્રચંડ ગરમી અને હીટવેવના વધતા જતા પ્રકોપને ધ્યાનમાં રાખીને, રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નાગરિકોની સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે અને તમામ જિલ્લા તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોને તેનું ચુસ્ત પાલન કરવા સૂચના અપાઈ છે. વિભાગે સ્પષ્ટ જણાવ્યું છે કે, હાલની પરિસ્થિતિમાં ગરમી સામે સાવચેતી રાખવી અત્યંત જરૂરી બની ગઈ છે, નહીં તો હીટસ્ટ્રોક જેવી ગંભીર સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

ગરમીથી બચવા માટે નાગરિકોને બપોરે ૧૨થી ૪ વાગ્યા સુધી બહાર ન નીકળવા, બહાર જવું જરૂરી હોય તો માથું ઢાંકી રાખવા, હળવા અને સુતરાઉ કપડાં પહેરવા તેમજ પાણી, છાસ, લીંબુ શરબત અને નાળિયેર પાણી જેવા પ્રવાહી વધુ પ્રમાણમાં પીવા સલાહ આપવામાં આવી છે. ખાસ કરીને વડીલો, બાળકો અને સગર્ભા મહિલાઓની વધારાની કાળજી રાખવા ભાર મૂકાયો છે. જો ચક્કર આવવું, માથાનો દુખાવો, વધુ તરસ કે બેભાન થવા જેવા લક્ષણો જણાય તો તરત જ નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા સૂચના આપવામાં આવી છે.

આરોગ્ય વિભાગે હીટવેવ સામે લડવા માટે મજબૂત તૈયારી પણ શરૂ કરી દીધી છે. ૧ માર્ચ ૨૦૨૬થી IHIP પ્લેટફોર્મ દ્વારા હીટસ્ટ્રોકના કેસોનું દૈનિક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને આરોગ્ય કર્મીઓને વિશેષ તાલીમ આપવામાં આવી છે. હવામાન વિભાગની ચેતવણીઓને ધ્યાનમાં રાખીને તમામ જિલ્લાઓમાં 'હીટ-હેલ્થ એક્શન પ્લાન' અમલમાં મુકાયો છે.

હોસ્પિટલોમાં દવાઓ, ORS, IV ફ્લુઈડ્સ અને આઈસ પેકનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવા નિર્દેશ આપવામાં આવ્યા છે. સાથે જ દરેક જિલ્લા અને સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ૫ બેડ અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ૨ બેડના 'હીટ સ્ટ્રોક મેનેજમેન્ટ રૂમ' તૈયાર રાખવામાં આવ્યા છે. ઉનાળામાં વધતા વીજ વપરાશને ધ્યાનમાં રાખીને હોસ્પિટલોમાં ઈલેક્ટ્રિક લોડ ઓડિટ, અગ્નિ સુરક્ષા અને અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા પણ સૂચનાઓ આપવામાં આવી છે. આરોગ્ય વિભાગે નાગરિકોને અનુરોધ કર્યો છે કે, ગરમીને હળવાશથી ન લેતા સાવચેતી રાખે અને માર્ગદર્શિકાનું પાલન કરીને પોતાનું અને પરિવારનું સ્વાસ્થ્ય સુરક્ષિત રાખે.

### વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે પૂર્વ કેબિનેટ મંત્રીનો સંદેશ

# વધુમાં વધુ વૃક્ષારોપણ કરી પૃથ્વીને પ્રદૂષણ મુક્ત કરીએ : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા



અમદાવાદ, તા.૨૨

આજે વિશ્વ પૃથ્વી દિવસ છે. ત્યારે પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સૌને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનવા પ્રતિજ્ઞા લેવા અને વધુમાં વધુ વૃક્ષારોપણ કરી પૃથ્વીને પ્રદૂષણ મુક્ત કરવા હાકલ કરી છે. તેમણે જણાવ્યું છે કે જેને આપણે ધરતી પણ કહીએ છીએ, જેની જાળવણી અને માવજત કરવી પૃથ્વી ઉપરના દરેક વ્યક્તિની ફરજ છે, તો આપણે સૌ આટલું કરીએ.

- પોલિથીન નહીં કપડાની થેલીનો ઉપયોગ કરીએ. અનુભવ અને સંશોધન કહે છે કે પોલિથીન બેગ ઓગળતા વર્ષો લાગે છે.
- પાણીનું લીકેજ, નાનું કે મોટું હોય એને ઠીક કરીએ. દર સેકન્ડે એક ટીપું એટલે વર્ષમાં ૧૧ હજાર લીટર પાણીની બચત થશે.
- ઘરના આંગણામાં કે અગાસીમાં છોડ વાવો, શુદ્ધ હવા મળશે.
- આસપાસના જળ સ્રોતોને ચકાશો, ૬૦ ટકા જળસ્ત્રોત્ર બેદરકારીનો શિકાર છે.
- જાહેર સ્થળોએ વૃક્ષ-છોડ વાવો. એક વૃક્ષ એક વર્ષમાં ૧૧૭ કીલો ઓક્સિજન આપે છે.
- પર્યાવરણ માટે કામ કરતા લોકો અને સંસ્થાઓનો આભાર માનો, અને તેમના કામની કદર કરો.
- સારા મોળા પ્રસંગની યાદગીરીમાં છોડ ભેટમાં આપીએ.
- સોલરની પેનલ એક નાની પેનલ દર વર્ષે ૧૫થી ૨૦ વૃક્ષો જેટલું કાર્બન ઓછું કરે છે.
- આપણે સૌ આ બધું કરીશું તો વહેલું પરિણામ આવશે, સૌને શુદ્ધ હવા પાણી મળશે અને આળસ કરીશું કે "મારે શું" તો બધા ભોગ બનીશું.

# ચાંદખેડામાં બ્રેક ફેલ થતાં BRTS બસ સોસાયટીમાં ઘૂસી : દિવાલને નુકસાન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨



અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં BRTS બસની બ્રેક ફેલ થઈ જવાના કારણે બસ ફ્લેટમાં ઘૂસી ગઈ હતી. ફ્લેટની દીવાલ તોડીને બસ અંદર જતી રહેતાં સ્થાનિક લોકોમાં ભય ફેલાયો હતો. જોકે સવારના સમયે ઘટના બની હતી જેના કારણે પાર્કિંગમાં કોઈ વ્યક્તિ ન હોવાથી મોટી જાનહાની ટળી હતી. સ્થાનિક લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા. બસ દ્વારા ગંભીર અકસ્માત સર્જવામાં આવતા સ્થાનિક લોકોમાં પણ ભારે રોષ ફેલાયો હતો અને સોસાયટીના લોકોએ બસની ચાવી લઈ લીધી હતી. બસની બ્રેક ન વાગી હોવાના કારણે આ ઘટના બની હોવાનું હાલ પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે BRTS તંત્ર દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે અને કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ પગલા લેવામાં આવશે.

મળતી માહિતી મુજબ, બુધવારે સવારે ૮ વાગ્યાની આસપાસ ચાંદખેડા બીઆરટીએસ બસના સર્વિસ સ્ટેશન ડેપોમાંથી બસ બહાર કાઢી અને લઈ જવામાં આવી રહી હતી. બસ ડેપોમાંથી બહાર નીકળી હતી ત્યારે પ્રહલાદ પાર્ક પાસે બસ પહોંચતા તેની બ્રેક ફેલ થઈ ગઈ હોવાના કારણે બસ રોડ પરથી સીધી ફ્લેટના દિવાલ તરફ અથડાઈ ગઈ હતી. બસ ફ્લેટની દિવાલ તોડી અને ફ્લેટના મુખ્ય ભાગ પાસે અથડાઈ હતી જેના કારણે થઈને ફ્લેટનું ભારે નુકસાન થયું હતું. વહેલી સવારે જોરદાર અવાજ આવવાની સાથે જ સ્થાનિક લોકો દોડીને બહાર આવી ગયા હતા.

અમદાવાદ જનમાર્ગ લિમિટેડના અધિકારી રાહુલ શર્માએ જણાવ્યું હતું કે, આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. ટ્રાવેલ ટાઈમ ઓપરેટરની બસ હતી અને જે પણ નુકસાન થયું છે તે કોન્ટ્રાક્ટર પોતાના ખર્ચે કરીને આપશે. બસ ઓપરેટરને ૨ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.



દરિયાપુર ચારવાટ મુકામે કોંગ્રેસ પક્ષના ઉમેદવારોના ચૂંટણી કાર્યાલયનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને કોંગ્રેસ અગ્રણી ઈકબાલ શેખ એડવોકેટના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો અને કોંગ્રેસના કાર્યકરો હાજર રહ્યા હતા.

# આણંદમાં ભૂકંપનો હળવો આંચકો, કેન્દ્રબિંદુ ૩૬ કિલોમીટર દૂર

### ૩.૪ની તીવ્રતાના આંચકાથી ભયનો માહોલ, પાંચ વર્ષમાં બીજી વખત ચરોતરમાં ભૂકંપનું કેન્દ્રબિંદુ જોવા મળ્યું

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૨

આણંદ શહેર અને ઉમરેઠ પંથકમાં આજે સાંજનાં સુમારે ભુકંપનો હળવો આંચકો અનુભવાતા લોકોમાં ભય પ્રસરી જવા પામ્યો હતો, ભુંકપનો આ આંચકો આણંદથી ૩૬ કિલોમીટર દૂર ખેડા જિલ્લાનાં ઠાસરા તાલુકામાં હોવાનું જાણવા મળ્યું છે. આણંદ શહેર અને ઉમરેઠ તાલુકામાં આજે સાંજનાં ૪.૩૫ કલાકે ભુંકપનો હળવો આંચકો આવ્યો હતો,રીકટર સ્કેલ પર ૩.૪નો હળવો આંચકો અનુભવાયો છે. આણંદ, ઉમરેઠ અને ઠાસરા પંથક વચ્ચે આવેલા કાલસર, સુરેલી, બાજીપુરા, ડાકોર, સહિત આસપાસ ૪૦ વધુ ગામોમાં બુધવાર સાંજના સમયે ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ફાળ પડી હતી. જોકે, રાહતની વાત એ છે કે રહેણાંક વિસ્તારોમાં કોઈ જાન-માલનું નુકસાન થયું નથી, ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો ખેતરોમાં વૃક્ષ નીચે આરામ ફરમાવતા ખેડૂતો ધરાધ્રુજારીનો અનુભવ સાથે વૃક્ષોમાં હચચલ અનુભવ વર્તાયો હતો. આ ઘટનાએ ભૂસ્તરશાસ્ત્રીઓ અને સ્થાનિકોમાં ચિંતા જગાવી છે. ખાસ કરીને ઉમરેઠ તાલુકા ૨૦ અને ઠાસરા તાલુકા ૩૦ વધુ ગામોમાં ભૂંકપના સાંજના સમયે સામાન્ય આંચકાની અનુભવ વર્તાઈ હતી. ચરોતર માટે ચિંતાનો વિષય એ છે કે ભૂંકપ કેન્દ્ર ઠાસરાથી ૭ કિમી દૂર કાલસર વચ્ચે દર્શાવવામાં આવ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં બીજી વખત ચરોતરના વિસ્તારમાં ભૂંકપ કેન્દ્ર બિંદુ જોવા મળ્યું છે. જે ચિંતાનો વિષય બની ગયો છે. આ અંગે ડીઝાસ્ટર મામલતદાર જયકિશન સાધુએ કહ્યું હતું કે ભુંકપનાં હળવા આંચકાનો મેસેજ મળતા જ જિલ્લાનાં તમામ તાલુકાઓમાં મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને જાણ કરવામાં આવી હતી જો કે જિલ્લામાં ક્યાંય કોઈ નુકશાન થયું નથી.

### અમદાવાદના લોકશાહી ઈતિહાસને ઉજાગર કરતા ગ્રંથ

# "ગુજરાતનો પ્રથમ ચૂંટણી જંગ, ૧૫ ઑગસ્ટ, ૧૮૮૫નું અમદાવાદ"નું વિમોચન



અમદાવાદ, તા.૨૨

ભારતની પ્રથમ વર્લ્ડ હેરિટેજ અમદાવાદ શહેરના ઈતિહાસમાં વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું. ૨૨ એપ્રિલ, ૧૮૩૧ના રોજ સ્થાપિત દેશની પ્રથમ નાગરિક સંચાલિત સંસ્થા 'ટાઉન વોલ ફંડ કમિટી'ના સ્થાપના દિવસ નિમિત્તે, અમદાવાદના પ્રથમ ચૂંટણી જંગ પર આધારિત ડૉ. રિઝવાન કાદરી સંશોધિત ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું.

"ગુજરાતનો પ્રથમ ચૂંટણી જંગ, ૧૫ ઑગસ્ટ, ૧૮૮૫નું અમદાવાદ" શીર્ષક ધરાવતું આ નવનિર્મિત સંપાદિત પુસ્તક શહેરની વિસરાયેલી ઐતિહાસિક ક્ષણોને તાજી કરે છે. ૧૫ ઓગસ્ટ, ૧૮૮૫ના રોજ યોજાયેલી મ્યુનિસિપલ ચૂંટણીને અમદાવાદના લોકશાહી ઈતિહાસનો પ્રથમ ઔપચારિક પ્રયોગ માનવામાં આવે છે. આ પુસ્તક ૧૯મી સદીના અંતમાં અમદાવાદમાં વહેતા રાજકીય અને સામાજિક પ્રવાહોનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરે છે. તે સમયની ચૂંટણીઓની સામાજિક અસર અને સાંસ્કૃતિક છાપને સમજવા માટે ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરીના સુપ્રસિદ્ધ નાટક 'મ્યુનિસિપલ ઈલેક્શન'માં કરવામાં આવેલા નિરૂપણની પણ તપાસ કરવામાં આવી છે.

અમદાવાદની નાગરિક જોડાણની પરંપરાને માન આપતા, આ પુસ્તકનું વિમોચન ૨૨ એપ્રિલના રોજ નિર્ધારિત કરવામાં આવ્યું છે જે દિવસે ૧૮૩૧માં શહેરમાં પ્રથમ નાગરિક સમિતિની રચના થઈ હતી. આ પુસ્તક માત્ર ઈતિહાસકારો માટે જ નહીં, પરંતુ દરેક અમદાવાદી માટે ગર્વ લેવા જેવી બાબત છે, જે શહેરની લોકશાહીના મૂળિયાં કેટલા ઊંડાં છે તેનો પુરાવો આપે છે. આ વિમોચન કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર, પૂર્વ મ્યુનિસિપલ કમિશનરો, પૂર્વ ઈલેક્શન કમિશનર, શહેરના પ્રબુદ્ધ નાગરિકો અને ઈતિહાસપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ

**પઠાન ઝરીનાબાનુ યુસુફખાન**

થી બદલીને નવું નામ

**પઠાન ઝરીનાબીબી યુસુફખાન**

મૂકવામાં આવેલ છે

3-5 મુસ્લિમ ફળી ગાંગન્ડ ગામ બાવળા અમદાવાદ જિલ્લો-૩૮૨૨૪૦

**જાહેર નોટિસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ધી અંગીરા કો. ઓ. હા. સો. લી., વિજય ચાર રસ્તા, -નવરંગપુરા, અમદાવાદ ૩૮૦૦૦૯, ના સભ્ય શાંતાબેન અંબાલાલ પટેલ / જયકુમાર જગદીશભાઈ પટેલ, ટેનામેન્ટનં.: ૪/૬ અસલ શેરસર્ટિફિકેટ નં.: ૧ પૈકીશેરનં.: ૧ થી ૫ ખોવાઈ ગયેલ હોવાથી ડુપ્લિકેટ સર્ટિફિકેટ મેળવવા અરજી કરવી છે. જો કોઈને આ શેરસર્ટિફિકેટ મળે તો સોસાયટીના હોદેદારો ચેરમેન/સેક્રેટરી ને પરત કરવા વિનંતી. આ અંગે કોઈ પણ વ્યક્તિ ને દાવો, હક કે વાંધો હોય, તો તેમણે આ નોટિસ ના ૧૪ દિવસમાં લેખિત પુરાવા સાથે સોસાયટીના સરનામે જાણ કરવી. મુદત વીત્યાબાદ સોસાયટી બાયલોઝ મુજબ ડુપ્લિકેટ સર્ટિફિકેટ આપવાની કાર્યવાહી કરશે અને ત્યારબાદ કોઈ પણ વાંધો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

લિ. ચેરમેન/સેક્રેટરી શ્રી

તારીખ: ૧૫/૦૪/૨૦૨૬

સ્થળ: અમદાવાદ

સહી/-

પ્રમુખ શ્રી, ચેરમેન શ્રી, સેક્રેટરી શ્રી

# ૨૦૨૧ના કેસમાં નફરતના ગુનાની કલમો કાઢી નાખવા બદલ સુપ્રીમ કોર્ટે યુપી પોલીસને ફટકાર લગાવી

## "કૃપા કરીને તમારા અધિકારીઓને સલાહ આપો, તેઓ મુશ્કેલીમાં મુકાશે. અમને તેમને બોલાવીને ઠપકો આપવામાં કોઈ મજા નથી," બેન્ચે કાયદા અધિકારીને કહ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

તમારા તપાસ અધિકારી આ કોર્ટ સાથે "છુપાછુપી" કેમ રમી રહ્યા છે, સુપ્રીમ કોર્ટે મંગળવાર, ૨૨ એપ્રિલના રોજ ઉત્તર પ્રદેશ સરકાર અને પોલીસને પૂછ્યું, જ્યારે ૨૦૨૧માં નોઈડામાં કથિત નફરત ગુનાના કેસમાં પોલીસે દાખલ કરેલા પાલન સોગંદનામા પર નારાજગી વ્યક્ત કરી જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે ઉત્તર પ્રદેશ તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કે એમ નટરાજને પૂછ્યું કે પોલીસે આ કેસમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩-B કેમ ઉમેરી નથી અગાઉની IPCની કલમ ૧૫૩-B રાષ્ટ્રીય એકતા માટે હાનિકારક આરોપો, દાવાઓના ગુના સાથે છે, તપાસ અધિકારીઓએ સંબંધિત કલમો કેમ લાગુ કરી ન હતી તે તપાસવું જરૂરી છે.

કોર્ટે કહ્યું કે, તપાસ અધિકારીને અગાઉના નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળતા સમજાવવાની જરૂર પડી શકે છે. ઉત્તર પ્રદેશ સરકારનું પ્રતિનિધિત્વ એડિશનલ સોલિસિટર જનરલ કે એમ નટરાજ દ્વારા કરવામાં આવ્યું હતું, તેઓએ કોર્ટના અગાઉના આદેશનું પાલન કરવા માટે વધુ સમય માંગ્યો હતો. આ વિનંતી સ્વીકારીને, બેન્ચે રાજ્યને જરૂરી પગલાં પૂર્ણ કરવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો હતો. કોર્ટે આ કેસને ૧૯ મેના રોજ વધુ સુનાવણી માટે સૂચિબદ્ધ કર્યો છે.

ફેબ્રુઆરીમાં અગાઉની કાર્યવાહીમાં, સુપ્રીમ મુકાશે. અમને તેમને અહી બોલાવીને સજા આપવામાં કોઈ આનંદ આવતો નથી". કોર્ટે કહ્યું કે, તમારા તપાસ અધિકારી આ કોર્ટ સાથે "છુપાછુપી" કેમ રમી રહ્યા છે, સુપ્રીમ કોર્ટે મંગળવાર, ૨૨ એપ્રિલના રોજ ઉત્તર પ્રદેશ સરકાર અને પોલીસને પૂછ્યું, જેમાં ૨૦૨૧માં નોઈડામાં કથિત નફરત ગુનાના કેસમાં પોલીસે દાખલ કરેલા પાલન સોગંદનામા પર નારાજગી વ્યક્ત કરી હતી.

જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે ઉત્તર પ્રદેશ તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કે એમ નટરાજને પૂછ્યું કે પોલીસે આ કેસમાં ભારતીય દંડ સંહિતાની કલમ 153-B કેમ ઉમેરી નથી.

### મુસ્લિમ મૌલવી પર હુમલાનો કેસ : સુપ્રીમ કોર્ટે નોઈડા હેટ ક્રાઈમની તપાસ અંગે પોલીસને પ્રશ્નો કર્યા



### ધાર્મિક રીતે પ્રેરિત આ હુમલામાં યોગ્ય કાનૂની કલમો લાગુ કરવામાં નિષ્ફળતા અંગે સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી

વ્યવહાર કરે છે સુપ્રીમ કોર્ટે નોઈડામાં ૨૦૨૧માં એક મુસ્લિમ મૌલવી પર કથિત હુમલાના કેસના હેન્ડલિંગ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે, અને ઉત્તર પ્રદેશ સરકારને કેસમાં હેટ ક્રાઈમની જોગવાઈઓ ઉમેરવાનું વિચારવાનો નિર્દેશ આપ્યો છે. આ ઘટના જૂન ૨૦૨૧ની છે, જ્યારે મૌલાના કાઝીમ અહમદ શેરવાનીએ આરોપ લગાવ્યો હતો કે નોઈડાથી અલીગઢ જતી વખતે વાહનમાં લિફ્ટ આપ્યા બાદ તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે વાહનમાં કેટલાક વ્યક્તિઓએ તેમની દાઢી ખેંચી, તેમની ટોપી કાઢી અને મુસાફરી દરમિયાન તેમના પર હુમલો કર્યો હતો. દાખલ કરાયેલી અરજી મુજબ, ફરિયાદીએ જણાવ્યું હતું કે શરૂઆતમાં પોલીસ અધિકારીઓ દ્વારા તેમની ફરિયાદની યોગ્ય નોંધણી કરવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો અને કેસ તેના કથિત સાંપ્રદાયિક સ્વભાવને કારણે ગંભીરતાથી લેવામાં આવ્યો ન હતો. સુપ્રીમ કોર્ટના બે જજોની બેન્ચ, જેમાં ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાનો સમાવેશ થાય છે, તેઓએ આ તપાસની પ્રગતિ પર અસંતોષ વ્યક્ત કર્યો હતો. મંગળવારે, કોર્ટે અવલોકન કર્યું હતું કે, અગાઉના નિર્દેશો છતાં, નફરતના ગુના સંબંધિત યોગ્ય કાનૂની જોગવાઈઓ લાગુ કરવામાં આવી ન હતી. આ સુનાવણી દરમિયાન, બેન્ચે કહ્યું કે કથિત ગુનાની પ્રકૃતિ ધાર્મિક લક્ષ્યાંક સાથે સંકળાયેલી હોવાનું જણાય કોર્ટે રાજ્યને નફરત ગુનાની જોગવાઈઓ ઉમેરવાનો વિચાર કરવાનો નિર્દેશ આપ્યો હતો.

અરજદાર મૌલાના શેરવાનીએ નવેમ્બર ૨૦૨૧ માં સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો, જેમાં તેઓએ આરોપ લગાવ્યો હતો કે પોલીસે શરૂઆતમાં તેમની ફરિયાદ યોગ્ય રીતે નોંધવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે નફરતના ગુનાઓનો ભોગ બનેલા લોકો માટે વળતર અને યોગ્ય કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓ સામે કાર્યવાહીની પણ માંગ કરી હતી. જાન્યુઆરી ૨૦૨૩માં પોલીસે ગુનાહિત ધાકધમકી અને ઈજા પહોંચાડવાના આરોપો સહિત એફઆઈઆર નોંધી હતી, જેમાં જણાવ્યું હતું કે આરોપી કથિત રીતે લૂંટનો ઈરાદો ધરાવતા હતા. જોકે, ફરિયાદીએ દલીલ કરી હતી કે હુમલાના સ્વરૂપને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહ્યો છે અને સાંપ્રદાયિક દ્દષ્ટિકોણને અવગણવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકારે કોર્ટને જાણ કરી હતી કે શરૂઆતમાં ફરિયાદ નોંધવામાં નિષ્ફળ રહેવા બદલ અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસનું નિરીક્ષણ ચાલુ છે, જેણે ઘટનાની તપાસમાં યોગ્ય કાનૂની જોગવાઈઓ લાગુ કરવામાં આવી હતી કે નહીં અને ફરિયાદીના અધિકારોનું પૂરતું રક્ષણ કરવામાં આવ્યું હતું કે નહીં તે અંગે ચિંતા વ્યક્ત કરી છે. બેન્ચે કાયદા અધિકારીને કહ્યું કે, "કૃપા કરીને તમારા અધિકારીઓને સલાહ આપો, તેઓ મુશ્કેલીમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કાયદા અધિકારીએ ૧૬ ફેબ્રુઆરીના રોજ તેની સમક્ષ જણાવ્યું હતું કે ફરિયાદમાં દર્શાવેલ આરોપોમાંથી, IPCની કલમ ૧૫૩-B અને ૨૯૫-A હેઠળ સજાપાત્ર ગુનાઓના જરૂરી ઘટકો બહાર કાઢવામાં આવ્યા હતા અને ઉપરોક્ત ગુનાઓ માટે FIR નોંધવી જોઈતી હતી. કલમ ૨૯૫-A એ ઈરાદાપૂર્વક અને દુર્ભાવનાપૂર્ણ કૃત્યો સાથે સંબંધિત છે જેનો હેતુ કોઈપણ વર્ગના ધર્મ અથવા ધાર્મિક માન્યતાઓનું અપમાન કરીને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો છે. મંગળવારે સુનાવણી દરમિયાન, નટરાજે બેન્ચને માહિતી આપી હતી કે ટ્રાયલ કોર્ટે પોલીસને કેસમાં વધુ તપાસ કરવાની મંજૂરી આપી છે, અને પોલીસ જરૂરી જોગવાઈઓ ઉમેરશે. અરજદાર વતી હાજર રહેલા વકીલે જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતે અગાઉ કહ્યું હતું કે IPCની કલમ ૧૫૩-B અને ૨૯૫-A હેઠળના ગુનાઓ FIRમાં ઉમેરવા જોઈતા હતા. કલમ ૧૫૩-B ફરીથી રદ કરવામાં આવી છે. બેન્ચે રાજ્યને પૂછ્યું કે, અમે પ્રતિવાદી દ્વારા દાખલ કરાયેલ પાલન સોગંદનામાથી સંતુષ્ટ નથી. ૩ ફેબ્રુઆરીના રોજ સર્વોચ્ચ અદાલતે રાજ્યને પ્રશ્ન કર્યો હતો કે ૨૦૨૧માં કથિત નફરત ગુનામાં નોંધાયેલી એફઆઈઆરમાં આઈપીસીની યોગ્ય જોગવાઈઓ કેમ લાગુ કરવામાં આવી નથી. નટરાજે અગાઉ કહ્યું હતું કે કેસમાં ચાર્જશીટ પહેલાથી જ દાખલ થઈ ગઈ છે અને પોલીસ સંબંધિત કોર્ટ સમક્ષ વધુ તપાસ માટે અરજી કરશે.

# અમરાવતી સેક્સ સ્કેન્ડલ : મુખ્ય આરોપી અયાન અહમદ પોલીસ કસ્ટડીમાં લંગડાતો જોવા મળ્યો, કોર્ટે ૨૭ એપ્રિલ સુધી રિમાન્ડ લંબાવ્યા

(એજન્સી) અમરાવતી, તા.૨૨

અમરાવતીના પરતવાડા જાતીય શોષણ કેસના મુખ્ય આરોપી અયાન અહમદને બુધવારે જ્યારે પોલીસ સુરક્ષા વચ્ચે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો ત્યારે તે લંગડાતો જોવા મળ્યો હતો. અચલપુરની સેશન્સ કોર્ટે આ મામલે અયાન અહમદ સહિત અન્ય ત્રણ સહ-આરોપીઓની પોલીસ કસ્ટડી ૨૭ એપ્રિલ સુધી લંબાવી દીધી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં અયાન ચાલવામાં ભારે મુશ્કેલી અનુભવી રહ્યો હોય તેવું દેખાય છે, જોકે તેને ઈજા થઈ છે કે અન્ય કોઈ કારણ છે તે હજુ સ્પષ્ટ થયું નથી. આ કેસની ગંભીરતાને જોતા પોલીસ પ્રશાસન દ્વારા અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. ડ્રોન સર્વેલન્સ, બેરીકેડિંગ અને રાયોટ કંટ્રોલ પોલીસના કાફલા સાથે અયાન અહમદ, ઉઝૈર ખાન, મોહમ્મદ સાદ અને તબરેઝ ખાનને કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. આ કેસ યુવતીઓના જાતીય શોષણ અને તેના અશ્લીલ વીડિયો રેકોર્ડ કરવા સાથે જોડાયેલો છે. પોલીસે અત્યાર સુધીમાં મોબાઈલ ફોન, લેપટોપ, ટેબ્લેટ અને હાર્ડ ડિસ્ક સહિતના ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કર્યા છે, જે ફોરેન્સિક



તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

સરકારી વકીલ ધનરાજ નવલેએ કોર્ટને જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ૮ પીડિતોના ૧૮ વીડિયો અને ૩૯ ફોટોગ્રાફ્સ મળી આવ્યા છે. હજુ પણ ડિજિટલ પુરાવાઓ, સોશિયલ મીડિયા ગતિવિધિઓ અને નાણાકીય વ્યવહારોની તપાસ કરવાની બાકી હોવાથી વધુ કસ્ટડી જરૂરી છે. ખાસ કરીને આરોપી પાસે રહેલી લક્ઝરી એસયુવી (SUV) અને તેમાંથી મળી આવેલા હથિયારના સ્ત્રોત અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે. બીજી તરફ, બચાવ પક્ષના વકીલ વકાર અહમદે દલીલ કરી હતી કે પોલીસ પાસે પૂરતો સમય હોવા છતાં નક્કર પુરાવા મળ્યા નથી અને મળી આવેલી બંદૂક માત્ર ખેતીકામ માટે વપરાતી એરગન છે. સુનાવણી દરમિયાન કોર્ટે તપાસની ધીમી ગતિ બાબતે પોલીસની ઝાટકણી કાઢી હતી. કોર્ટે સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે આગામી સુનાવણીમાં પોલીસ નક્કર પુરાવા રજૂ કરે. આ દરમિયાન, પોલીસે પીડિત યુવતીઓ અને તેમના પરિવારોને કોઈ પણ ડર વગર આગળ આવવા અપીલ કરી છે અને ખાતરી આપી છે કે તેમની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે અને તેમને સંપૂર્ણ કાયદાકીય રક્ષણ પૂરૂં પાડવામાં આવશે.

# 'ફાંસી દો ઈસકો' : મેરઠ જિલ્લા અદાલત બહાર હૃદયદ્રાવક દૃશ્યો, 'બ્લુ ડ્રમ' મર્ડર કેસના આરોપીઓને કોર્ટમાં રજૂ કરાયા

(એજન્સી) મેરઠ, તા.૨૨

મેરઠ જિલ્લા અદાલતની બહાર બુધવારે ભારે હોબાળો અને કરૂણ દશ્યો જોવા મળ્યા હતા. ચકચારી 'બ્લુ ડ્રમ' મર્ડર કેસના આરોપીઓને જ્યારે પોલીસ સુરક્ષા વચ્ચે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા, ત્યારે મૃતક સૌરભ રાજપૂતના માતા રેણુ દેવી ભાંગી પડ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં પીડિત માતા ન્યાયની માંગ કરતા અને આરોપીઓને ફાંસીની સજા આપવા માટે આક્રોશ વ્યક્ત કરતા જોવા મળે છે. મુખ્ય આરોપી મુસ્કાન રાજપૂત અને તેના કથિત પ્રેમી સાહિલને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કોર્ટમાં લાવવામાં આવ્યા હતા. આ દરમિયાન મુસ્કાન પોતાની છ મહિનાની પુત્રીને તેડીને કોર્ટમાં પહોંચી હતી. કોર્ટની કાર્યવાહી દરમિયાન બંને આરોપીઓએ પોતાના પર લાગેલા આરોપોને નકારી કાઢ્યા હતા. મુસ્કાને દાવો કર્યો હતો કે તેને મિલકત વિવાદના કારણે ખોટી રીતે ફસાવવામાં આવી રહી છે. આ ઘટના માર્ચ ૨૦૨૫ની છે, જેમાં મર્ચન્ટ નેવીના પૂર્વ અધિકારી સૌરભ રાજપૂતની અત્યંત નિર્મમ રીતે હત્યા કરવામાં આવી હતી. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, મુસ્કાન અને સાહિલે સૌરભને નશીલી દવા આપી ઊંઘમાં જ તેની હત્યા કરી હતી. ત્યારબાદ લાશના ટુકડા કરી તેને સિમેન્ટથી ભરેલા વાદળી રંગના ડ્રમમાં સીલ કરી દીધા હતા, જેથી પછીથી તેનો નિકાલ કરી શકાય. સૌરભ અને મુસ્કાને વર્ષ ૨૦૧૬માં પ્રેમ લગ્ન કર્યા હતા, પરંતુ સમય જતાં તેમના સંબંધોમાં તિરાડ પડી હતી. સૌરભને જ્યારે મુસ્કાન અને સાહિલ વચ્ચેના કથિત પ્રેમ સંબંધની જાણ થઈ, ત્યારે વિવાદો



વધ્યા હતા અને વાત છૂટાછેડા સુધી પહોંચી હતી. સૌરભ તેની પુત્રીના જન્મદિવસે ઘરે પરત ફર્યો હતો તે જ દરમિયાન આ ભયાનક હત્યાકાંડને અંજામ આપવામાં આવ્યો હતો. કોર્ટ પરિસરમાં આક્રંદ કરી રહેલા માતા રેણુ દેવીએ જણાવ્યું કે, "તેમણે મારા દીકરાને મારી નાખ્યો... તે દર મહિને ૫૦,૦૦૦ રૂપિયા આપતો હતો. આ હત્યારાઓને ફાંસી આપવી જોઈએ." તેમણે મુસ્કાનના પરિવારના અન્ય સભ્યો પણ આ કાવતરામાં સામેલ હોવાનો આક્ષેપ કર્યો હતો અને પોલીસની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી હતી.

# બંગાળ ચૂંટણીનો પ્રથમ તબક્કો : કડક સુરક્ષા હેઠળ કલ્યાણ વિરુદ્ધ પરિવર્તનનો મુકાબલો

## ચૂંટણી પંચે જણાવ્યું છે કે, પ્રથમ તબક્કામાં ૧૫૨ મતવિસ્તારોમાં મતદાન થશે, જેમાં લગભગ ૩.૬ કરોડ મતદારો હશે

(એજન્સી) તા.૨૨

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીનો પ્રથમ તબક્કો ૨૩ એપ્રિલે છે. તીવ્ર પ્રચાર, કલ્યાણકારી વચનો, ઓળખની રાજનીતિ અને ભારે સુરક્ષા તૈનાત સાથે એક ઉચ્ચ-દાવની સ્પર્ધામાં ફેરવાઈ ગયો છે. આ લડાઈ ફક્ત બેઠકો માટે નથી પરંતુ સ્પર્ધાત્મક વાર્તાઓ માટે છે. મતદારો મમતા બેનરજીના કલ્યાણ મોડેલને સમર્થન આપે કે શાસન સુધારણા, સમાન નાગરિક સંહિતા (UCC), ઘૂસણખોરી વિરોધી પગલાં અને રોજગાર સર્જન પર કેન્દ્રિત ભાજપની આગેવાની હેઠળના 'પરિવર્તન'ને પસંદ કરે છે.



પહેલા તબક્કા માટે પ્રચાર ૨૧ એપ્રિલે સમાપ્ત થયો. ભારતના ચૂંટણી પંચના ડેટા અનુસાર આ તબક્કામાં ૧૫૨ મતવિસ્તારો મતદાન કરશે, જેમાં ઉત્તર બંગાળના કેટલાક ભાગો અને દક્ષિણના કેટલાક જિલ્લાઓનો સમાવેશ થાય છે, જેમાં લગભગ ૩.૬ કરોડ મતદારો છે. આ સ્પર્ધા ખાવાની આદતો, સરહદ પારથી થતી ઘૂસણખોરી, યુસીસી અને મતદાર યાદીઓ વિશેની ચર્ચાઓ દ્વારા વધુ તીવ્ર બની છે. બંને છાવણીઓએ ચૂંટણીને બંગાળના ભવિષ્ય માટે નિર્ણાયક પસંદગી તરીકે રજૂ કરી છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ સહિતના ભાજપના નેતાઓએ ભ્રષ્ટાચાર, રાજકીય હિંસા અને ઘૂસણખોરી પર શાસક પક્ષ પર નિશાન સાધ્યું છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ તેના કલ્યાણકારી રેકોર્ડનો બચાવ કર્યો અને ભાજપ પર ડર ફેલાવવાનો અને મતદાર યાદીઓમાં છેડછાડ કરવાનો આરોપ લગાવ્યો છે.

ભાજપનું અભિયાન શાસન પરિવર્તન, સરહદ સુરક્ષા અને વિસ્તૃત કલ્યાણકારી વચનો પર કેન્દ્રિત છે. અમિત શાહે કહ્યું કે, બેનરજીનો 'સુકાન સંભાળવાનો સમય સમાપ્ત થઈ ગયો છે' અને જણાવ્યું હતું કે, મુક્ત મતદાન સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય દળો 'દરેક ખૂણે' તૈનાત કરવામાં આવ્યા છે. પાર્ટીએ મહિલાઓ માટે માસિક રૂા.૩૦૦૦ સહાય, છ મહિનાની અંદર યુસીસીનો અમલ, રાજ્ય કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું (ડીએ) બાકી, ૭મા પગાર પંચના લાભો, આયુષ્માન ભારતનો અમલ અને રાજકીય હિંસાની તપાસનું વચન આપ્યું છે.

TMCએ ભાજપની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવીને તેનો જવાબ આપ્યો છે. અભિષેક બેનરજીએ ભાજપ પર 'ખોટા વચનો'નો ઈતિહાસ હોવાનો આરોપ લગાવ્યો, જેમાં બેંક ખાતામાં ૧૫ લાખ રૂપિયા અને વાર્ષિક બે કરોડ નોકરીઓ જેવા અધૂરા વચનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. મમતા બેનરજીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, TMC સત્તામાં પાછી આવશે અને તમામ બેઠકો પર BJPના ઉમેદવાર હોવાના મોદીના દાવા પર પણ નિશાન સાધતા કહ્યું હતું કે, તે થવા માટે તેમને વડાપ્રધાનપદેથી રાજીનામું આપવું પડશે. મુખ્યધ્યાન નંદીગ્રામ પર કેન્દ્રિત છે, જ્યાં સુવેન્દુ અધિકારી TMCના પ્રવિત્રકર સામે છે. પાછલી ચૂંટણીમાં હાઈ-પ્રોફાઈલ બેનરજી-અધિકારી વચ્ચેની લડાઈ પછી આ બેઠક પ્રતીકાત્મક રીતે મહત્ત્વપૂર્ણ રહી છે. અન્ય મતવિસ્તારોમાં સિલિગુડી, દાર્જિલિંગ, કૂચ બિહાર, જલપાઈગુડી, રાયગંજ, ઈસ્લામપુર, બાલુરઘાટ, ઈંગ્લિશ બજાર, જાંગીપુર અને મેખલીગંજનો સમાવેશ થાય છે. બે દાયકાથી વધુ સમય પછી અધીર રંજન ચૌધરી વિધાનસભાના રાજકારણમાં પાછા ફર્યા હોવાથી બહેરામપુર નોંધપાત્ર છે.

ખડગપુરસદર એક અન્ય મુખ્ય યુદ્ધભૂમિ છે, જ્યાં દિલીપ ઘોષ મેદાનમાં છે, જે તેને ભાજપ માટે પ્રતિષ્ઠાનો મુકાબલો છે. મુર્શિદાબાદમાં, સસ્પેન્ડ કરાયેલા TMC ધારાસભ્ય હુમાયુ કબીરનો વિવાદ પણ છે. ૨૧ એપ્રિલના રોજ સાંજે ૬ વાગ્યે મૌન અવધિ શરૂ થઈ હતી, જે દરમિયાન પ્રચાર પર પ્રતિબંધ છે. ઉલ્લંઘન અટકાવવા માટે અધિકારીઓ ઉચ્ચ સતર્ક રહે છે, જ્યારે મતદારો બાહ્ય પ્રભાવ વિના તેમની પસંદગી કરે તેવી અપેક્ષા છે. ચૂંટણી પંચે મતદાન મથકો નજીક પ્રતિબંધિત આદેશોનો કડક અમલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

સુરક્ષા વ્યવસ્થા કડક છે. કેન્દ્રીય દળોની લગભગ ૨૪૫૦ કંપનીઓ - લગભગ ૨.૫ લાખ કર્મચારીઓ - તૈનાત કરવામાં આવી છે અને ૮૦૦૦થી વધુ મતદાન મથકોને અત્યંત સંવેદનશીલ તરીકે ઓળખવામાં આવ્યા છે. બે-પગલાની મતદાર ચકાસણી સિસ્ટમ શરૂ કરવામાં આવી છે, જેમાં CAPF કર્મચારીઓ પ્રવેશ બિંદુઓ પર ઓળખ દસ્તાવેજોની તપાસ કરે છે અને બૂથ-સ્તરના અધિકારીઓ (BLO) મતદારોની વિગતોની ચકાસણી કરે છે. BNSSની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધક આદેશો મતદાન મથકોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં અમલમાં છે. ભાજપ ચૂંટણીને ભ્રષ્ટાચાર, ઘૂસણખોરી અને પરિવર્તન પર લોકમતમાં ફેરવવા માંગે છે, જ્યારે TMC તેના કલ્યાણકારી વિતરણ અને પાયાના નેટવર્ક પર આધાર રાખે છે. મતદારોની ભાવના વેતન, રોજગાર અને માળખાગત સુવિધાઓ જેવી રોજિંદા ચિંતાઓ પર પણ આધારિત રહેશે.

# TMCએ ભાજપના નેતા સુવેન્દુ અધિકારી વિરુદ્ધ ચૂંટણી આચારસંહિતા ભંગનો આરોપ લગાવ્યો

## TMCએ ચૂંટણી પંચને ભાજપ નેતાઓ અને અધિકારી સામે કાર્યવાહી કરવા વિનંતી કરી છે

(એજન્સી) તા.૨૨

ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ બુધવારે પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીને ભાજપના વરિષ્ઠ નેતા સુવેન્દુ અધિકારી સામે ફરિયાદ નોંધાવી હતી, જેમાં દક્ષિણ ૨૪ પરગણામાં એક રેલી દરમિયાન આદર્શ આચારસંહિતા (MCC)ના ઉલ્લંઘનનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ભારતના ચૂંટણી પંચને લખેલા પત્રમાં TMCએ જણાવ્યું હતું કે, નંદીગ્રામ અને ભવાનીપુરથી ચૂંટણી લડી રહેલા સ્ટાર પ્રચારક અધિકારીએ ૨૦ એપ્રિલના રોજ સોનાખલી હાઈસ્કૂલ મેદાનમાં ભાજપના ઉમેદવાર તપન દત્તાના સમર્થનમાં જાહેર સભા યોજી હતી, જેમાં મંજૂરી આપવામાં આવેલા સમયનો ભંગ કરવામાં આવ્યો હતો. આ ફરિયાદ મુજબ રેલીને બપોરે ૧:૩૦ વાગ્યા સુધી જ મંજૂરી મળી હતી. જો કે, અધિકારીનું હેલિકોપ્ટર કથિત રીતે બપોરે ૩:૧૦ વાગ્યે ઉતર્યું હતું અને બેઠક લગભગ પાંચ વાગ્યા સુધી ચાલુ રહી હતી. નિયત સમય કરતાં વધુ સમય પસાર કરીને, સુવેન્દુ અધિકારી, તપન દત્તા અને અન્ય ભાજપના સભ્યોએ MCC અને હાલના ECI માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કર્યું છે. TMCએ આરોપ લગાવ્યો કે, પોલીસ અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોએ કાર્યક્રમ દરમિયાન નજીકના રસ્તાઓ અવરોધિત કર્યા હતા, જેનાથી શાસક પક્ષના પૂર્વ-મંજૂર કાર્યક્રમમાં ખલેલ પહોંચી હતી તેણે આ પગલાને 'જાહેર જગ્યાઓનું એકાધિકાર' ગણાવ્યું, જે MCC હેઠળ પ્રતિબંધિત છે. ECના ૨૦૨૩ના બળ તૈનાતી માર્ગદર્શિકા અને પોલીસ નિરીક્ષકો માટેની હેન્ડબુકમાંથી જોગવાઈઓ ટાંકીને, પક્ષે વહીવટ અને કેન્દ્રીય દળો પર 'પક્ષપાતી' વર્તનનો પણ આરોપ લગાવ્યો, જે તેમની તટસ્થતા પર પ્રશ્ન ઉઠાવે છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, આવા પગલાં મુક્ત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓની નિષ્પક્ષતા પર ગંભીર ચિંતાઓ ઊભી કરે છે.' TMCએ ચૂંટણી પેનલને સામેલ ભાજપના નેતાઓ અને અધિકારીઓ સામે પગલાં લેવા વિનંતી કરી છે. ટિપ્પણી માટે અધિકારીનો સંપર્ક થઈ શક્યો નથી.

# પશ્ચિમ બંગાળમાં ૩૭ વર્ષથી સેવા આપતા એક બંગાળી મુસ્લિમ પોલીસ કર્મચારીનું નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું

## ચૂંટણીઓમાં સુરક્ષા માટે તૈનાત, બંગાળના એક સબ-ઈન્સ્પેક્ટરનું નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું છે જેમને રક્ષણ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે

(એજન્સી) કોલકાતા, તા.૨૨

સુતીના દેવીપુર ગામમાં, જે સ્થાનિક રીતે મિકેનિક્સ અને કારીગરોની પેઢીઓ માટે "મિસ્ત્રી પરા" તરીકે ઓળખાય છે, રેજાઉલ કરીમ તેમના પિતા, નૈમુદ્દીન બિશ્વાસને "ગોરૂર ગરીર ચાકા" અથવા બળદગાડા માટે લાકડાના પૈડા બનાવતા જોતા મોટા થયા હતા. કોઈપણ ભૌતિક વારસા કરતાં, કરીમનો આ રાજકીય વંશ ૧૯૫૨ સુધીનો છે, જે ભારતની પ્રથમ મતદાર યાદીનો વર્ષ હતો, જ્યાં તેમના દાદા અને પિતા બંને સ્વતંત્રતા પછીના મુર્શિદાબાદમાં નોંધાયેલા મતદારો તરીકે સૂચિબદ્ધ હતા.



હાલમાં પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાના પનરૂઈ પોલીસ સ્ટેશનમાં તૈનાત, કરીમ ચૂંટણી ફરજ પર તૈનાત છે, રૂટ માર્ચ કરે છે અને સરળ મતદાન પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય દળો સાથે સંકલન કરે છે. આ સબ-ઈન્સ્પેક્ટરના પદ પરથી નિવૃત્ત થવાને ૨૧ મહિના બાકી છે, જ્યારે મતદાન થશે, ત્યારે તેઓ મતદાન કરી શકશે નહીં.

૫૭-સુતી વિધાનસભા મતવિસ્તારના બૂથ નંબર ૧૧૧૫૨, તેમનું નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું છે. ૩૭ વર્ષની સેવા, જેમાં તેમના નામે ઘણા બધા સન્માન છે, હવે તેઓ મતદાનના અધિકારથી વંચિત છે, જ્યારે કરીમ મુક્ત અને ન્યાયી ચૂંટણીનું સંચાલન સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય દળો સાથે રૂટ માર્ચમાં સક્રિય રીતે વ્યસ્ત છે.

કરીમ કહે છે કે, હું ૧૯૯૧થી સેવામાં છું, મારૂં નામ ૨૦૦૨ની મતદાર યાદીમાં હતું. મારા પિતા અને દાદાના નામ તે પહેલાં હતા. છતાં, મારૂં નામ હવે ત્યાં નથી. મને ખબર નથી કે શા માટે આવું છે. તેમનું નામ ૨૦૦૨ ની ચૂંટણી માટે મતદાર યાદીમાં હતું; વધુમાં, તેમના પિતા, માતા, મોટા ભાઈ અને છતાં, તેમને હવે મનસ્વી રીતે "શંકાસ્પદ મતદાર" તરીકે લેબલ કરવામાં આવ્યા છે અને તેમના મતદાન અધિકારો રદ કરવામાં આવ્યા છે. કરીમના પરિવારમાં પાંચ નોંધાયેલા મતદારો છે - તેમની પત્ની, બે પુત્રો અને પુત્રી - જેમના નામ યાદીમાં છે. કરીમના પોતાના ૨૦૦૨ના મતદાર રેકોર્ડનો ઉપયોગ કરીને તેમની એન્ટ્રીઓ સફળતાપૂર્વક લિંક કરવામાં આવી હતી. છતાં તે જ રેકોર્ડને તેમનું પોતાનું નામ જાળવી રાખવા માટે પૂરતું માનવામાં આવ્યું નથી. કરિમની કારકિર્દીમાં બહાદુરીના અનેક ઉદાહરણો છે. ૧૯૯૧માં કોન્સ્ટેબલ તરીકે દળમાં જોડાયા પછી, કરીમ ૨૦૧૫ માં સહાયક સબ-ઈન્સ્પેક્ટર બન્યા અને આ વર્ષની શરૂઆતમાં સબ-ઈન્સ્પેક્ટર તરીકે બઢતી પામ્યા. ત્રણ દાયકાથી વધુ સમય દરમિયાન, તેમણે જિલ્લાઓમાં અનેક ઉચ્ચ-જોખમી કામગીરીમાં સેવા આપી છે. ૨૦૦૯માં, માલદાના ઈંગ્લિશ બજારમાં પોસ્ટિંગ દરમિયાન, તેમને એક ઓપરેશન દરમિયાન સશસ્ત્ર બાઈકરો દ્વારા ગોળી વાગી હતી. એક ગોળી તેમના માથામાં વાગી હતી, જેના કારણે તેમને ટાંકા લેવાની જરૂર પડી હતી. સારવાર પછી તેઓ ફરજ પર પાછા ફર્યા હતા. ૨૦૧૬માં, માલદાના ચંચલમાં છ સશસ્ત્ર લૂંટારૂઓની ટોળકી વિશે ગુપ્ત માહિતીના આધારે, કરીમે માનવશક્તિની મર્યાદાને કારણે માત્ર ચાર હોમગાર્ડ્સ સાથે એક ઓપરેશનનું નેતૃત્વ કર્યું. આ એન્કાઉન્ટરમાં તેના પર ૧૮ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું. તેની છાતી પાસે વાહનમાં ગોળીઓ વાગી હોવા છતાં, તેણે બધા છ લૂંટારૂઓની ધરપકડ કરી અને તેમનું વાહન પોલીસ સ્ટેશન પાછું લાવ્યું હતું. ૨૦૨૫માં, તેણે ફરીથી ઝારખંડ પોલીસ સાથે એક દાણચોરી નેટવર્ક સામે આંતરરાજ્ય કાર્યવાહીમાં સંકલન કર્યું. તેમણે ૧૯૯૨, ૧૯૯૩ અને ૧૯૯૪ની ઓલ ઈન્ડિયા પોલીસ મીટમાં પશ્ચિમ બંગાળ પોલીસનું પ્રતિનિધિત્વ પણ કર્યું છે અને રાષ્ટ્રપતિનું સન્માન મેળવ્યું છે. હવે તેમની નિવૃત્તિને બે વર્ષથી ઓછા સમય બાકી છે, તેઓ ચૂંટણી દરમિયાન સક્રિય ક્ષેત્રમાં તૈનાત છે.

આ વિરોધાભાસ જ તેમની વર્તમાન સ્થિતિને વ્યાખ્યાયિત કરે છે : સમજૂતી વિના મતદાર યાદીમાંથી તેમનું નામ દૂર કરી દીધું છે. કરિમ મક્તુબને કહે છે કે તેમના માટે, ભલે તે ખૂબ જ દુઃખી હોય અને અપમાનિત હોય, ફરજ પ્રથમ આવે છે, જેના માટે તે પોતાનો જીવ આપવા તૈયાર છે. પરંતુ ફરજ ઉપરાંત, કરીમ સાંપ્રદાયિક સંવાદિતા જાળવવાના હેતુ માટે પણ પ્રતિબદ્ધ છે, અને ECI અને દેશના ન્યાયતંત્રમાં વિશ્વાસ રાખે છે. તે ભારતને "અમાર દેશ (મારો દેશ)" કહે છે.

### પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમોની દોડધામ

# સુરતમાં માતાના પડખામાંથી બાળકીને ઉઠાવી અજાણ્યો શખ્સ અપહરણ કરી લઈ ગયો

## ઈન્દોર તરફ જતી એક ટ્રેનમાં જતો દેખાયો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા. ૨૨

શહેરના નાના વરાછા વિસ્તારમાં બ્રિજ નીચે ફૂટપાથ પર રહેતી શ્રમજીવી મહિલાની ત્રણ વર્ષીય માસુમ પુત્રીના અપહરણની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે, જ્યારે આ ઘટના બાદથી સ્થાનિક પોલીસ સાથે ક્રાઈમ બ્રાન્ચ પણ હરકતમાં આવી ગઈ છે. એટલું જ નહીં અપહરણકર્તા બાળકીને લઈને જતો સીસીટીવી કેમેરાઓમાં પણ કેદ થયો છે અને મધ્યપ્રદેશના ઈન્દોર તરફ જતી એક ટ્રેનમાં જતો દેખાય છે. ત્યારે અપહરણકારને પકડી લાવવા અને બાળકીને હેમખેમ છોડાવવા માટે કાપોદ્રા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે કમર કસી છે. અલગ અલગ ટીમો બનાવીને આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે તેમજ અલગ અલગ ટીમો બનાવીને મધ્યપ્રદેશની બાજુ પણ રવાના કરવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ દ્વારકાના મીઠાપુર તાલુકાની ૩૦ વર્ષીય મહિલા પતિ સાથે ઝઘડો થતા બે દિવસ પહેલા જ ત્રણ વર્ષની દીકરીને લઈ સુરત આવી હતી. અહીં તે તેના પરિચિત વિક્કી સાથે નાના વરાછા બ્રિજ નીચે શૌચાલય પાસે ફૂટપાથ પર રહેતી હતી. ૨૦ એપ્રિલના રોજ કડિયા કામની મજૂરી કરી થાકેલી માતા રાત્રે ૮ વાગ્યાની આસપાસ બાળકી સાથે ભર ઊંઘમાં સરી પડી હતી રાત્રે ૧ વાગ્યાના અરસામાં જ્યારે તેની આંખ ખૂલી ત્યારે પડખામાં સૂતેલી બાળકી ગાયબ જણાતા તેના હોશ ઉડી ગયા હતા. અજાણ્યો ઈસમ માસુમ બાળકીને માતાના પડખામાંથી ઉઠાવીને લઈ ગયો હતો. બીજી તરફ પોતાની બાળકી ન મળતા તાત્કાલિક કાપોદ્રા પોલીસને જાણ કરી હતી. બાળકીના અપહરણની ઘટનાને પગલે સ્થાનિક પોલીસ હરકતમાં આવી ગઈ હતી. આ બનાવ-ગંભરતાથી લઈને પોલીસે અપહરણનો ગુનો નોંધવાની સાથે તપાસ હાથ ધરી છે.

# વરાછામાં પરિચિત યુવક દ્વારા પરિણીતાનું દોઢ વર્ષ શારીરિક શોષણ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા. ૨૨

મૂળ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના બોરાળા ગામના વતની અને સુરતના વરાછા વિસ્તારમાં એલએચ રોડ પર મારૂતિ ચોક પાસે આવેલ સંતોષ નગર સોસાયટીમાં રહેતા મનુભાઈ ખોડાભાઈ વાઘેલા ખાનગી બસના ક્લીનર તરીકેનું કામ કરે છે. આ દરમિયાન તેમના વતનમાં રહેતી એક પરિણીતા બસની મુસાફરી દરમિયાન તેમના સંપર્કમાં આવી હતી. જો કે, ત્યારબાદ પરિણીતાએ એક વાર તેમની પાસે વતનથી એક પાર્સલ મંગાવ્યું હતું. જે પાર્સલ આપવા માટે મનુભાઈ પરણીતાને મળ્યા હતા અને ત્યારબાદ પરિણીતાએ મનુભાઈ અને તેની પત્ની લાખુબેનને જમવા માટે પોતાના ઘરે આમંત્રણ આપ્યું હતું અને ત્યારબાદ પારિવારિક સંબંધો બંધાયા હતા. જો કે, આ દરમિયાન એક દિવસ મનુભાઈ પરિણીતાના ઘરે પહોંચી ગયા હતા અને તેની એકલતાનો લાભ ઉઠાવી બળજબરીથી શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. આ સમયે પોતાના મોબાઈલમાં તેમણે વીડિયો પણ ઉતારી લીધો હતો. જો કે, ત્યારબાદ મનુભાઈ વાઘેલાએ પરિણીતાને અવારનવાર ફોન કરી હું તારા ઘરે આવીશ અને તારો વીડિયો ઘરમાં તમામ લોકોને બતાવી દઈશ તેવી ધમકી આપી અવારનવાર શારીરિક સંબંધો બાંધી તેમનું શારીરિક શોષણ કર્યું હતું. જો કે, આ વાતની જાણ મનુભાઈની પત્ની લાખુબેનને હોવા છતાં પણ તેઓએ મનુભાઈને સમજાવવા ને બદલે તેમની મદદગારી કરી હતી. જેથી આખરે પરણીતાએ કંટાળી જઈ થોડા દિવસ પહેલા પરિણીતાએ પોતાના ભાઈ તથા બહેન સહિત પરિવારજનોને આ બાબતે સઘળી હકીકત જણાવી દીધી હતી. જો કે, ત્યારબાદ તારીખ ૧૩/૪/૨૦૨૬ના રોજ બપોરના ૧૨:૦૦ વાગ્યાના અરસામાં ઘરે હાજર હતી ત્યારે મનુભાઈ વાઘેલા નશાની હાલતમાં તેમના ઘરે આવ્યા હતા અને પરિણીતાને સાથે શારીરિક અડપલા કરી એલફેલ ગાળો આપી હતી. જેથી ફરિયાદ નોંધાવતા પોલીસે મનુ વાઘેલા અને લાખુ મનુભાઈ વાઘેલા સામે બળાત્કારનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ડીસા-ધાનેરા હાઈવે પર ધોળે દિવસે ફિલ્મી ઢબે લૂંટ, ટેટોડા ગામ પાસે અમદાવાદના સેલ્સમેનો લૂંટાયા

### "પોલીસ સ્ટેશન આવી જજો" કહી ૩ લૂંટારૂઓ ૧૩ કિલો ચાંદીના દાગીના અને મોબાઈલ લઈ ફરાર

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા. ૨૨

ડીસા-ધાનેરા હાઈવે પર ચૂંટણી ટાણે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક ચોંકાવનારી લૂંટની ઘટના પ્રકાશમાં આવી છે. અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલી 'મેક્સિમમ એન્ટરપ્રાઈઝીસ' નામની ચાંદીની હોલસેલ પેઢીના બે સેલ્સમેનો જિતેન્દ્રકુમાર ખરાડી અને મહેશભાઈ દેસાઈ પોતાની અલ્ટો કાર (નં.GJ-13-AB-7167)માં ચાંદીના દાગીનાનો મોટો જથ્થો ભરી ધાનેરાના વેપારીઓને ડિલિવરી આપવા જઈ રહ્યા હતા. બપોરે આશરે દોઢ વાગ્યાના સુમારે તેઓ ટેટોડા ગામ પાસે એક હોટલ પર જમીને જેવી પોતાની ગાડી આગળ વધારી, કે તરત જ પાછળથી પૂરઝડપે આવેલી ડાર્ક બ્લ્યુ કલરની ટાટા અલ્ટ્રોઝ (નં.GJ-27-CB-7786) ગાડીએ તેમને ઓવરટેક કરી રસ્તો રોકી લીધો હતો. ગાડીમાંથી ઉતરેલા ત્રણ અજાણ્યા શખ્સોએ હાથમાં લાકડીઓ સાથે સેલ્સમેનો પર હુમલો કરી આતંક મચાવ્યો હતો. લૂંટારૂઓએ કારની પાછળની સીટ પર રાખેલા ચાંદીની વીંટી, ચેઈન, બ્રેસ્લેટ અને મંગળસૂત્ર ભરેલા ત્રણ થેલા (કુલ વજન ૧૩.૩૨૧ કિલો) જેની અંદાજિત કિંમત રૂા.૨૯,૯૭,૬૮૮/- છે, તેની લૂંટ ચલાવી હતી. આ સાથે સેલ્સમેનોના ૩ મોબાઈલ ફોન પણ આંચકી લીધા હતા. લૂંટ ચલાવ્યા બાદ લૂંટારૂઓ "ધાનેરા પોલીસ સ્ટેશન આવજો" તેમ કહી બિન્ધાસ્તપણે ફરાર થઈ ગયા હતા. ભોગ બનેલા સેલ્સમેનોએ તાત્કાલિક ૧૧૨ પર ફોન કરી પોલીસને જાણ કરી હતી. બનાવના પગલે સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે. સનસનીખેજ લૂંટની ઘટનાની ગંભીરતાને જોતા ડીસા રૂરલ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ત્યારબાદ જિલ્લામાંથી દોડી આવેલી પોલીસે આરોપીઓની અલ્ટ્રોઝ ગાડીના નંબર અને હાઈવે પરના સીસીટીવી ફૂટેજ એકત્ર કરી તપાસ તેજ કરી છે. લૂંટારૂઓને ઝડપી પાડવા માટે અલગ- અલગ ટીમો બનાવી જિલ્લાભરમાં નાકાબંધીના આદેશ પણ આપી દેવામાં આવ્યા છે.

# વિવાદાસ્પદ નિવેદન કરનાર સાંસદ વિરૂદ્ધ પગલા ભરવા કોંગ્રેસે ફરિયાદ કરી



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા. ૨૨

આંકલાવ ખાતે આયોજિત ભાજપની વિકાસ સંકલ્પ ચૂંટણી પ્રચાર સભામાં સભામાં ભાજપના સાંસદ મિતેશ પટેલે કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોને એક રૂપિયાની પણ ગ્રાન્ટ ફાળવવામાં નહીં આવે તેવુ વિવાદાસ્પદ નિવેદન કર્યા બાદ રાજકીય માહોલ ગરમાયો છે ત્યારે કોંગ્રેસના પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરત સોલંકીએ પ્રતિક્રિયા આપી હતી. જ્યારે સાંસદ મિતેશ પટેલે પણ નિવેદન અંગે સ્પષ્ટતા કરી હતી.

સાંસદ મિતેશ પટેલના વિવાદાસ્પદ નિવેદન અંગે કોંગ્રેસના નેતા ભરત સોલંકીએ કહ્યું હતું કે, દેશની સૌથી મોટી પંચાયત પાર્લામેન્ટ, જ્યાં ભારતીય જનતા પાર્ટીની પોતાની સરકાર છે કેન્દ્રમાં. રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. જિલ્લા પંચાયત ભારતીય જનતા પાર્ટી પાસે છે અને એવા સંજોગોમાં ૧૮ લાખ મતદારોના મતની વચ્ચે ચૂંટાયેલી વ્યક્તિ સાંસદ તરીકે શું ૧૮ લાખ મતદારોને ધમકી દ્વારા એ કહેવા માંગે છે કે 'તમે મત નહીં આપો તો તમને ગ્રાન્ટ નહીં મળે' ?' 'તો શું આ લોકશાહીમાં છાજે એવી વ્યક્તિત્વની વાત છે, એવી વિચારધારાની વાત છે ? કે જે આ હિટલરશાહી, દાદાગીરી, લોકોને દબાવી ભય, ડર દ્વારા મત નખાવડાવવા માટેની એમને ચીમકી આપવામાં આવે છે. લોકશાહી માટે ખૂબ દુઃખદ, ખેદજનક બાબત છે. બંધારણ માટે બહુ જ દુઃખદને ખેદજનક છે.' અને મને તો એ લાગે છે કે આવા જ પ્રકારના ઉમેદવારો શું ભારતીય જનતા પાર્ટી સંસદમાં, વિધાનસભામાં, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા, નગરપાલિકા કે તાલુકા પંચાયતમાં લાવવા માંગે છે ? જે દેશની આઝાદીમાં એમનો કોઈ ભાગ નથી, એમનો કોઈ રોલ નથી અને આઝાદી મળ્યા પછી જ્યારે પ્રજાએ જનતાએ જે સત્તા આપી છે, એ સત્તામાં ચૂંટાયેલી વ્યક્તિએ જનતાનો આવો અનાદર કરે, નાગરિકોનો અનાદર કરે અને એને ધમકીઓ આપે, મને લાગે છે કે જનતા એનો જડબાતોડ જવાબ આપશે.'

# ડીસાના ગંજીપુરા વિસ્તારમાં છેલ્લા ૧૦ વર્ષથી રોડ, ભૂગર્ભ ગટરોના કામ ન થતાં રોષ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા. ૨૨

ડીસાના ગંજીપુરા વિસ્તારમાં છેલ્લા ૧૦ વર્ષથી રોડ, ભૂગર્ભ ગટરો તથા સફાઈના કામો ન થતાં લોકોએ ચૂંટણી બહિષ્કાર કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

મળતી માહિતી મુજબ, છેલ્લા ૧૦ વર્ષથી દરેક ઉમેદવારો મસ મોટા વચનો આપીને જતાં રહે છે પરંતુ વિકાસના કોઈપણ કાર્યો ગંજીપુરા વિસ્તારમાં ન થતાં લોકોએ નગરપાલિકા સામે રોષ વ્યક્ત કરી ચૂંટણીનો બહિષ્કાર કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો આ અંગે સ્થાનિક રેહવાસી અંનવર ભાઈ શેખે જણાવ્યું કે, આખા ડીસામાં દરેક વોર્ડમાં વિકાસના કાર્યો કરવામાં આવ્યા છે ત્યારે ગંજીપુરા વિસ્તારમાં ભૂગર્ભ ગટરો રોડ તથા સફાઈ ન થતાં વારંવાર અમારા બાળકો બીમાર પડે છે રોગના ભરડામાં ફસાઈ જાય છે આ અંગે જશવંત ભાઈ દેવી પૂજકે જણાવ્યું કે, અમે કેટલીય વાર ચીફ ઓફિસર નગરપાલિકાને લેખિતમાં રજૂઆત કરી છે. થઈ જશે તેવા પોકળ વચન આપ્યા પરંતુ કોઈ વિકાસના કાર્યો ન થતાં લોકોએ મત ન આપવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો ત્યારે જાગૃત ધારાસભ્ય પ્રવીણ ભાઈ માંળી ગંજીપુરા વિસ્તારની રૂબરૂ મુલાકાત લઈ સફાઈ કરાવી લોકોને બીમારીમાં ભરડામાંથી બહાર લાવે તેવી જન માંગ છે.

### વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે પૂર્વ કેબિનેટ મંત્રીનો સંદેશ

# વધુમાં વધુ વૃક્ષારોપણ કરી પૃથ્વીને પ્રદૂષણ મુક્ત કરીએ : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા



અમદાવાદ, તા. ૨૨

આજે વિશ્વ પૃથ્વી દિવસ છે. ત્યારે પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સૌને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનવા પ્રતિજ્ઞા લેવા અને વધુમાં વધુ વૃક્ષારોપણ કરી પૃથ્વીને પ્રદૂષણ મુક્ત કરવા હાકલ કરી છે. તેમણે જણાવ્યું છે કે જેને આપણે ધરતી પણ કહીએ છીએ, જેની જાળવણી અને માવજત કરવી પૃથ્વી ઉપરના દરેક વ્યક્તિની ફરજ છે, તો આપણે સૌ આટલું કરીએ.

- પોલિથીન નહીં કપડાની થેલીનો ઉપયોગ કરીએ. અનુભવ અને સંશોધન કહે છે કે પોલિથીન બેગ ઓગળતા વર્ષો લાગે છે.
- પાણીનું લીકેજ, નાનું કે મોટું હોય એને ઠીક કરીએ. દર સેકન્ડે એક ટીપું એટલે વર્ષમાં ૧૧ હજાર લીટર પાણીની બચત થશે.
- ઘરના આંગણામાં કે અગાસીમાં છોડ વાવો, શુદ્ધ હવા મળશે.
- આસપાસના જળ સ્રોતોને ચકાશો, ૬૦ ટકા જળસ્ત્રોત્ર બેદરકારીનો શિકાર છે.
- જાહેર સ્થળોએ વૃક્ષ-છોડ વાવો. એક વૃક્ષ એક વર્ષમાં ૧૧૭ કીલો ઓક્સિજન આપે છે.
- પર્યાવરણ માટે કામ કરતા લોકો અને સંસ્થાઓનો આભાર માનો, અને તેમના કામની કદર કરો.
- સારા મોળા પ્રસંગની યાદગીરીમાં છોડ ભેટમાં આપીએ.
- સોલરની પેનલ એક નાની પેનલ દર વર્ષે ૧૫થી ૨૦ વૃક્ષો જેટલું કાર્બન ઓછું કરે છે.
- આપણે સૌ આ બધું કરીશું તો વહેલું પરિણામ આવશે, સૌને શુદ્ધ હવા પાણી મળશે અને આળસ કરીશું કે "મારે શું" તો બધા ભોગ બનીશું.

# સુરત શહેર - જિલ્લાના ૯ હજાર જવાનો દ્વારા પોસ્ટલ બેલેટ મતદાન

(સંવાદદાતા દ્વારા) સુરત, તા. ૨૨

સુરત સહિત મહાનગર પાલિકાઓ અને સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીને આડે હવે ગણતરીનાં કલાકો બાકી છે ત્યારે ચુંટણી માટેની તડામાર તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. એક તરફ ભાજપ સહિતનાં રાજકીય પક્ષો દ્વારા પ્રચાર-પ્રસારમાં કોઈ કસર છોડવામાં આવી રહી નથી ત્યારે બીજી તરફ આજે ચુંટણી પંચ દ્વારા પોસ્ટલ બેલેટ મતદાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ચુંટણી પ્રક્રિયામાં જોતરાયેલા પોલીસ જવાનો સહિતનાં કર્મચારીઓમાં આજે સુરત હેડ ક્વાર્ટર ખાતે પોલીસ બેલેટ માટે સવારથી જ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

અઠવા લાઈન્સ ખાતે આવેલ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આજે સવારે ૯ કલાકથી જ પોસ્ટલ બેલેટ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ચુંટણીની તડામાર તૈયારીઓ વચ્ચે સુરક્ષા વ્યવસ્થા સાથે સંકળાયેલા જવાનો દ્વારા સવારથી જ ભારે ઉત્સાહ સાથે પોસ્ટલ બેલેટ કેન્દ્ર પર પહોંચ્યા હતા. અંદાજે સુરત શહેર - જિલ્લામાં ૯ હજાર જેટલા જવાનો - કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટ થકી મતદાનનો ઉપયોગ કરવામાં આવશે. આગામી ૨૬મી એપ્રિલનાં રોજ સુરત મહાનગર પાલિકા સહિત તાલુકા અને જિલ્લા પંચાયતની ચુંટણીને પગલે વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ દરમિયાન આજરોજ સાંજે નિર્ધારિત સમય સુધી પોસ્ટલ બેલેટ મતદાન પૂર્ણ થયા બાદ આગામી મત ગણતરીનાં સમયે સૌ પ્રથમ પોસ્ટલ બેલેટ દ્વારા કરવામાં આવેલ મતદાનની ગણતરી કરવામાં આવશે.

### ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન દ્વારા

# અમરેલી : ગર્ભવતી મહિલાનું પરિવાર સાથે મિલન કરાવાયું

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા. ૨૨

એક જાગૃત નાગરિકે ગર્ભવતી મહિલાની મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પ લાઇન પર ફોન કરેલ. જેના પગલે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનના કાઉન્સિલર પૂનમ ભૂવા અને મહિલા કોન્સ્ટેબલ મીરાબેન દેવમુરારી તથા પાઇલોટ હાર્દિકભાઇ ઘટનાસ્થળ પર પહોંચ્યા જ્યાં હાજર રહેલ જાગૃત નાગરિકે મહિલાને સુરક્ષિત જગ્યાએ બેસાડી રાખેલ હતા ત્યારબાદ ૧૮૧ મહિલા હેલ્પ લાઇનની ટીમે મહિલા સાથે વાતચીત કરતા મહિલાએ જણાવેલું કે તેઓ રાજસ્થાનના વતની છે અને અહીં તે તેના પતિ સાથે રહેતા અને મજૂરી કામ કરતા હતા અને તેના પતિને અન્ય મહિલા સાથે સબંધ હતા જેથી ૬ મહિના પહેલા તેના પતિએ તે અન્ય મહિલાને લયને જતા રહ્યા છે ત્યારબાદ બહેન જણાવેલું કે અહીંયા તેના કોઇ બીજા સબંધી પણ રહેતા અને તેને એક ત્રણ વર્ષનું નાનું બાળક છે અને હાલ પીડિત મહિલા ૬ મહિનાથી ગર્ભવતી પણ છે. વધુમાં પીડિત મહિલાએ જણાવેલું કે તેમણે લવ મેરેજ કર્યા છે તેથી તેનાં માતા પિતા સાથે તેને કોઇ સંબધ નથી તેમજ તેમના પરીવારને કે તેના પતિના કોઇના સંર્પક નંબર પણ નથી જેના પગલે પીડિત ૧૮૧ મહિલા હેલ્પલાઇનની ટીમે મહિલાએ તેમનુ જે સરનામું જણાવ્યું હતું ત્યાના સ્થાનિક પોલીસ સ્ટેશનની મદદથી મહિલાના પરિવારનો સંપર્ક કર્યો અને મહિલાના ભાઇ સાથે વાતચીત કરી અને તેમને મહિલાને લય જવા અંગે કાઉન્સિલિંગ કરેલ જેથી મહિલાનો ભાઇ તેને લેવાં આવવા સહમત થયો જેથી જ્યાં સુધી પીડિત મહિલાનો ભાઇ ન આવે ત્યા સુધી મહિલાને આશ્રયની જરૂર હોવાથી હાલ મહિલાને સુરક્ષિત સખી વન સ્ટોપ સેન્ટરમાં રાખવામાં આવેલ છે.

# અમરેલી નગરપાલિકા ચૂંટણી પહેલાં કોંગ્રેસ ઉમેદવારની ધરપકડ



(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા. ૨૨

અમરેલી નગરપાલિકા ચૂંટણી પહેલાં કોંગ્રેસ ઉમેદવારની ધરપકડ મતદાન પહેલા રાજકીય ગરમાવો તેજ, અમરેલી નગરપાલિકા વોર્ડ નં.૧ના કોંગ્રેસના ઉમેદવાર હસન ઉમરભાઈ બ્લોચની મતદાનના માત્ર ત્રણ દિવસ પહેલાં ધરપકડ થતાં રાજકીય માહોલ ગરમાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમરેલી નગરપાલિકા ના વોર્ડ નંબર ૧ના કોંગ્રેસના ઉમેદવાર હસન બ્લોચે અગાઉ નાગરિક બેંકમાંથી લોન લીધી હતી, જેના હપ્તા નિયમિત ન ભરાતા ચેક રિટર્ન થયાનો મામલો સામે આવ્યો હતો. આ અંગે નાગરિક બેંક દ્વારા કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કેસની કાર્યવાહી દરમિયાન કોર્ટના આદેશ અનુસાર પોલીસે તેમની ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે. ઉમેદવારની ધરપકડથી સ્થાનિક રાજકારણમાં ચકચાર મચી ગઈ છે અને ચૂંટણી પૂર્વે આ ઘટનાએ મતદારોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### જિલ્લા કોંગ્રેસ મહામંત્રી વી.ટી. સીડાએ મુખ્ય ચૂંટણી અધિકારીને કરી રજૂઆત

# જૂનાગઢ જિલ્લામાં બોગસ વોટિંગ રોકવા મતદાન મથકો પર કડક સુરક્ષા ગોઠવો

જૂનાગઢ, તા. ૨૨

જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી.સીડાએ મુખ્ય નિર્વાચન અધિકારી ચૂંટણી પ્રભાગ, ગાંધીનગરને લેખિત રજૂઆત કરી જૂનાગઢ જિલ્લામાં બોગસ વોટિંગ અટકાવવા મતદાન મથકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવા અને સીસીટીવી કેમેરા લગાવવા માગણી કરી છે.

આ રજૂઆતમાં જણાવાયું છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ના અનુસંધાને જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના નીચે મુજબના વિવિધ મતદાન મથકોને કાયદા અને વ્યવસ્થાની સ્થીતિને ધ્યાને લઈ સંવેદનશીલ જાહેર કરવા તે મતદાન મથકની વિગતો નીચે મુજબ છે.

(૧) મેંદરડા તાલુકા પંચાયત સીટ નીચે આવતા મેંદરડા પ્રોપરના : (૧) મતદાન મથક નં.૧/૬ સીમ શાળા મેંદરડા, (૨) મતદાન મથક નં.૨/૬ સીમ શાળા રૂમ નં.૨ (૩) મતદાન મથક નં.૩/૬ જી.પી. હાઈસ્કૂલ દક્ષિણ પાંખ રૂમ નં.૨ (૪) મતદાન મથક નં.૪/૬ જીપી હાઈસ્કૂલ દક્ષિણ પાંખ રૂમ.૩ (૫) મતદાન મથક નં.૫/૬ જીપી હાઈસ્કૂલ દક્ષિણ પાંચ રૂમ નં.૪ (૬) માલણકા, મોટી ખોડિયાર, નાગલપુર, સમઢિયાણાના તમામ મતદાન મથકો.

(૨) માણવદાર તાલુકાના સમેગા, સરદારગઢ, વાડાસડા, ગણા, ભીંડોરા આ ગામોના તમામ મતદાન મથકો કોયલાણા જી.પં.સીટ નીચે આવતા કતકપરા અને કોયલાણા ગામના તમામ મતદાન મથકો.

(૩) વંથલી તાલુકાના કણઝા જી.પં. સીટ નીચે આવતા સેંદરડા, ખોરાસા, લુંશાળા તથા શાપુર જિ.પં. નીચે આવતા ધણફૂલિયા, ધંધુસર જિ. પં., સીટ નીચે આવતા ધંધુસર, બાલોટ, વગેરે તમામ મતદાન મથકો.

(૪) જૂનાગઢ તાલુકાના ખલીલપુર, ડુંગરપુર, ગલીયાવાડા, તોરણિયા તથા ખડિયા, આણંદપુર આ ગામોના તમામ મતદાન મથકો.

(૫) માળિયા તાલુકાના ખંભાળિયા, ઘુમલી, કાણેક, કડાયા, ગળોદર, લાઠોદ્રા, ઘૂમટી આ ગામોના તમામ મતદાન મથકો

ઉપરોક્ત ગ્રામ્ય વિસ્તારોમાં આવતા મતદાન મથકોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે અને બુથ કેમ્પ્ચરીંગ તથા બોગસ મતદાન થવાની શક્યતાઓ છે.

(૬) કેશોદ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં.૯ના ૧/૬ આંગણવાડી ગંગનાથપરા કેન્દ્ર નં.૩૩ કોડ નં.૧૧૬ તેમજ વોર્ડ નં.૩ના તમામ મતદાન મથકો અને વોર્ડ નં.૮ના તમામ મતદાન મથકો.

# આણંદમાં ભૂકંપનો હળવો આંચકો, કેન્દ્રબિંદુ ૩૬ કિલોમીટર દૂર

### ૩.૪ની તીવ્રતાના આંચકાથી ભયનો માહોલ, પાંચ વર્ષમાં બીજી વખત ચરોતરમાં ભૂકંપનું કેન્દ્રબિંદુ જોવા મળ્યું

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા. ૨૨

આણંદ શહેર અને ઉમરેઠ પંથકમાં આજે સાંજનાં સુમારે ભુકંપનો હળવો આંચકો અનુભવાતા લોકોમાં ભય પ્રસરી જવા પામ્યો હતો, ભુંકપનો આ આંચકો આણંદથી ૩૬ કિલોમીટર દૂર ખેડા જિલ્લાનાં ઠાસરા તાલુકામાં હોવાનું જાણવા મળ્યું છે. આણંદ શહેર અને ઉમરેઠ તાલુકામાં આજે સાંજનાં ૪.૩૫ કલાકે ભુંકપનો હળવો આંચકો આવ્યો હતો, રીકટર સ્કેલ પર ૩.૪નો હળવો આંચકો અનુભવાયો છે. આણંદ, ઉમરેઠ અને ઠાસરા પંથક વચ્ચે આવેલા કાલસર, સુરેલી, બાજીપુરા, ડાકોર, સહિત આસપાસ ૪૦ વધુ ગામોમાં બુધવાર સાંજના સમયે ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ફાળ પડી હતી. જોકે, રાહતની વાત એ છે કે રહેણાંક વિસ્તારોમાં કોઈ જાન-માલનું નુકસાન થયું નથી, ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો ખેતરોમાં વૃક્ષ નીચે આરામ ફરમાવતા ખેડૂતો ધરાધ્રુજારીનો અનુભવ સાથે વૃક્ષોમાં હચચલ અનુભવ વર્તાયો હતો. આ ઘટનાએ ભૂસ્તરશાસ્ત્રીઓ અને સ્થાનિકોમાં ચિંતા જગાવી છે. ખાસ કરીને ઉમરેઠ તાલુકા ૨૦ અને ઠાસરા તાલુકા ૩૦ વધુ ગામોમાં ભૂકંપના સાંજના સમયે સામાન્ય આંચકાની અનુભવ વર્તાઈ હતી. ચરોતર માટે ચિંતાનો વિષય એ છે કે ભૂકંપ કેન્દ્ર ઠાસરાથી ૭ કિમી દૂર કાલસર વચ્ચે દર્શાવવામાં આવ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં બીજી વખત ચરોતરના વિસ્તારમાં ભૂંકપ કેન્દ્ર બિંદુ જોવા મળ્યું છે. જે ચિંતાનો વિષય બની ગયો છે. આ અંગે ડીઝાસ્ટર મામલતદાર જયકિશન સાધુએ કહ્યું હતું કે ભુંકપનાં હળવા આંચકાનો મેસેજ મળતા જ જિલ્લાનાં તમામ તાલુકાઓમાં મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને જાણ કરવામાં આવી હતી જો કે જિલ્લામાં કયાંય કોઈ નુકશાન થયું નથી.

### દિલ્હી અને સુરત વચ્ચે આમ આદમી પાર્ટીના ફંડિંગ પ્રકરણમાં તપાસ તેજ

# પોલિટિકલ ફંડિંગ કેસ : મુખ્ય સૂત્રધાર દિલ્હી ફરાર

### ફંડના વિતરણની જવાબદારી સંભાળતા ૮થી ૧૦ શંકાસ્પદ વ્યક્તિઓ ફરતે તપાસનો ગાળિયો કસાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા. ૨૨

દિલ્હી અને સુરત વચ્ચે આમ આદમી પાર્ટીના પોલિટિકલ ફંડિંગ પ્રકરણમાં સુરત પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. દિલ્હીથી મોકલવામાં આવતા ફંડના વિતરણની જવાબદારી સંભાળતા ૮થી ૧૦ વ્યક્તિઓ ફરતે પોલીસે તપાસ કેન્દ્રીત કરી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા જ આમ આદમી પાર્ટી પર સકંજો કસવાનું શરૂ કર્યું છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, આ તમામ વ્યક્તિઓ અલગ-અલગ જવાબદારીઓ નિભાવતા હતા. જોકે, દિલ્હીથી આંગડિયા મારફતે આવતું ફંડ રિસીવ કરનાર પીપલોદનો આકાશ મિશ્રા સુરત પોલીસને હાથતાળી આપીને દિલ્હી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે. સુરત ક્રાઈમ બ્રાંચ અને ઉમરા પોલીસે સ્થાનિક સ્વરાજની ચૂંટણી પ્રચાર વચ્ચે આ પોલિટિકલ ફંડિંગ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો હતો. ફંડ મોકલનાર દિલ્હીના માજી આરોગ્ય મંત્રીના વિશ્વાસુ હિમાંશુ પાહુજાનું નામ મુખ્ય સૂત્રધાર તરીકે ખુલ્યું છે. ફંડ રિસીવર તરીકે પીપલોદના આકાશ મિશ્રા અને અજય તિવારી દ્વારા ફંડ લેવામાં આવતું હતું. પ્રાથમિક તપાસમાં છેલ્લા પાંચ-છ મહિનામાં આંગડિયા મારફતે આશરે રૂા.૧.૨૫ કરોડ મોકલવામાં આવ્યા હોવાની વિગતો બહાર આવી છે. આ કેસમાં ઈક્મટેક્સ વિભાગે પણ ઝંપલાવ્યું છે અને સુરત પોલીસ પાસેથી માહિતી મેળવી અલગથી તપાસ શરૂ કરી છે. પોલીસે આ મામલે આંગડિયા પેઢીના માલિકની પણ પૂછપરછ હાથ ધરી છે.

### સુરત બાદ પંચમહાલમાં આમ આદમી પાર્ટીના ૫૦ લાખ રૂપિયાની હેરાફેરી ઝડપાઈ

આમ આદમી પાર્ટીના ફંડિંગ અને હવાલા કૌભાંડમાં પોલીસ અને ઈક્મટેક્સ વિભાગ તલસ્પર્શી તપાસ કરી રહ્યો છે. દિલ્હીથી સુરત ફંડિંગ કરવા માટે ૮થી ૧૦ જણાની સિન્ડિકેટ સક્રિય હતી. પોલીસે આ સિન્ડિકેટ ફરતે તપાસ કેન્દ્રિત કરી હોવાનું જાણવા મળે છે. ત્યારે પંચમહાલમાં પણ આમ આદમી પાર્ટીના લાખો રૂપિયાની હેરાફેરીનો મામલો સામે આવ્યો છે. ગોધરાની આંગડિયા પેઢી દ્વારા હવાલા મારફતે રૂપિયાની હેરાફેરી મુદ્દે કાર્યવાહી કરવામાં આવી છે. પંચમહાલમાં આમ આદમી પાર્ટીના લાખો રૂપિયાની હેરાફેરીનો મામલો સામે આવ્યો છે. ગોધરાની આંગડિયા પેઢી દ્વારા હવાલા મારફતે રૂપિયાની હેરાફરી પકડાઈ છે. છેલ્લા ૧૫ દિવસમાં ૫૦ લાખથી વધુની રકમની હેરાફેરી નોંધાઈ છે. ગોધરામાં પીએમ આંગડિયા અને એમ પટેલ આંગડિયા મારફતે હેરાફેરી કરવામાં આવતી હતી. મતદારોને પ્રલોભન આપવા હવાલા મારફતે રકમ આવી હોવાની વિગતો સામે આવી છે. આ મુદ્દે વોર્ડ નંબર ૧૧ના ઉમેદવાર અજય વસંતાણી સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. રમણ બારિયા સહિતના કાર્યકરો સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

# મતદાનના અધિકારનું સન્માન : હાઈકોર્ટે દાહોદના સરપંચ અને 'આપ'ના ઉમેદવારોને મતદાન માટે આપી ગામમાં પ્રવેશની છૂટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત હાઈકોર્ટે લોકશાહી પ્રણાલીમાં મતાધિકારના મહત્વને સર્વોપરી ગણતા એક મહત્વનો ચુકાદો આપ્યો છે. દાહોદ જિલ્લાના કાલીમહુડી ગામના સરપંચ રોહિતભાઈ નીનામા સહિત 'આપ'ના બે ઉમેદવારોને આગામી ૨૬મી એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન કરવા માટે જામીનની શરતોમાં મોટી રાહત આપવામાં આવી છે. જસ્ટિસ નિખિલ એસ. કેરીયલે આ મામલે સુનાવણી હાથ ધરીને અરજદારોને નિયત સમય મર્યાદામાં ગામમાં પ્રવેશવાની મંજૂરી આપી છે. સમગ્ર વિવાદની વિગત એવી છે કે, અગાઉ રાજકીય અદાવતને કારણે થયેલા ઘર્ષણ અને મારામારીના કેસમાં દાહોદ સેશન્સ કોર્ટે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ આ તમામ આરોપીઓના શરતી જામીન મંજૂર કર્યા હતા. જોકે, કોર્ટે એવી કડક શરત મૂકી હતી કે ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી આ તમામ લોકોએ કાલીમહુડી ગામમાં પ્રવેશ કરવો નહીં. આ શરતને કારણે ૨૬ એપ્રિલે યોજાનારી ચૂંટણીમાં તેઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તેમ નહોતા, જેને પગલે તેઓએ હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. અરજદારો વતી હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે મતદાન એ બંધારણીય જોગવાઈ હેઠળનો અત્યંત મહત્વનો અધિકાર છે. જે લોકશાહીના પાયામાં છે, તેથી તેમને માત્ર મતદાનના દિવસે ગામમાં પ્રવેશવાની છૂટ મળવી જોઈએ. અદાલતે આ દલીલોને ગ્રાહ્ય રાખતા માનવતાવાદી અને લોકતાંત્રિક અભિગમ અપનાવ્યો હતો. હાઈકોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટતા કરી છે કે ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી અરજદારો મતદાન કરવા માટે ગામમાં પ્રવેશી શકશે. જોકે, અદાલતે આ રાહત આપવાની સાથે કડક તાકીદ પણ કરી છે કે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અરજદારોએ તાત્કાલિક ગામની હદ છોડી દેવાની રહેશે. હાઈકોર્ટે જામીનની આ એક શરતમાં ફેરફાર કર્યો છે, જ્યારે સેશન્સ કોર્ટ દ્વારા લાદવામાં આવેલી અન્ય તમામ શરતો યથાવત રાખવામાં આવી છે. આ ચુકાદાને કારણે હવે રાજકીય અદાવતમાં સંડોવાયેલા આ પ્રતિનિધિઓ પણ લોકશાહીના પર્વમાં સહભાગી થઈ શકશે.

# 'બંગાળમાં આશરે બે લાખ કેન્દ્રીય દળો મોકલવામાં આવ્યા છે, શું તેઓ મને ડરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે ?' : ચૂંટણી પહેલા મમતાનો કેન્દ્ર પર પ્રહાર

(એજન્સી) કોલકાતા, તા.૨૨



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ બુધવારે વિધાનસભા ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે રાજ્યમાં સીઆરપીએફ સશસ્ત્ર વાહનોની તૈનાતી પર આશ્ચર્ય વ્યક્ત કરતા આરોપ લગાવ્યો કે, ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની તમામ પાંખોને તેના પક્ષ માટે કામ કરવા માટે રોકી દીધી છે. ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં TMCની રેલીને સંબોધતા તેમણે

## મતદાન પહેલા ધરપકડ માટે ૧૦૦૦ TMC નેતાઓ અને કાર્યકરોની યાદી તૈયાર કરવામાં આવી હોવાનો દાવો કરતા બેનરજીએ ચેતવણી આપી કે, 'જો એક પણ TMC કાર્યકરની ધરપકડ કરવામાં આવશે તો મારી હજારો માતાઓ અને બહેનો બહાર આવશે'

દાવો કર્યો કે, સીઆરપીએફ, આઈટીબીપી, સીઆઈએસએફ અને બીએસએફ જેવા કેન્દ્રીય દળો, રેલવે સહિત અન્ય કેન્દ્રીય સંસ્થાઓને ચૂંટણી માટે તૈનાત કરવામાં આવ્યા છે.

તેણીએ કહ્યું કે, ચૂંટણીઓ લોકશાહીનો ઉત્સવ છે, કોઈની હત્યા કરવા માટેનો સમય નહીં. તેઓએ સમર્થકોને જો તેઓને કોઈ અત્યાચારનો સામનો કરવો પડે તો એફઆઈઆર નોંધાવવા વિનંતી કરી હતી. ચૂંટણી માટે બંગાળમાં લગભગ બે લાખ કેન્દ્રીય દળોના કર્મચારીઓને લાવવામાં આવ્યા છે. આ અભૂતપૂર્વ છે. શું તેઓ આટલા બધા દળો તૈનાત કરીને મને ડરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે ? ભાજપને પડકાર ફેંકતા બેનરજીએ કહ્યું કે, હું જોવા માંગુ છું કે, કોની પાસે વધુ શક્તિ છે - બખ્તરબંધ વાહનો પાસે કે લોકો પાસે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, તેઓ ભાજપ પાર્ટીથી ડરતા નથી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની તાજેતરની ટિપ્પણીનો ઉલ્લેખ કરતા, તેમણે મુશ્કેલી ઊભી કરનારાઓ સામે કડક કાર્યવાહીની ચેતવણી આપતા કહ્યું કે, આવા નિવેદનો ચૂંટણી જીત્યા પછી જ આપવા જોઈએ. તમારી જીતની કોઈ શક્યતા નથી. મુખ્યમંત્રીએ આરોપ લગાવ્યો કે, રાજ્ય પોલીસ ભાજપની તરફેણમાં કામ કરી રહી છે. આપણી પોલીસ તેમની સહયોગી બની ગઈ છે; તેઓ હવે મને ઓળખતા નથી, તેઓ ભાજપને ઓળખે છે. તેમણે IAS, IPS અને અન્ય અધિકારીઓને નિષ્પક્ષ રીતે કામ કરવા વિનંતી કરી હતી. કોલકાતાના એકબલપોરમાં TMC અને BJP કાર્યકરો વચ્ચે તાજેતરમાં થયેલી અથડામણનો ઉલ્લેખ કરતા તેમણે પોલીસ પર તેમના પક્ષના કાર્યકરોને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો અને પ્રશ્ન કર્યો કે કોલકાતા પોર્ટ માટે BJP ઉમેદવાર રાકેશ સિંહની ધરપકડ કેમ કરવામાં આવી નથી.

મતદાન પહેલા ધરપકડ માટે ૧૦૦૦ TMC નેતાઓ અને કાર્યકરોની યાદી તૈયાર કરવામાં આવી હોવાનો દાવો કરીને, બેનરજીએ ચેતવણી આપી કે જો TMCના એક કાર્યકરની ધરપકડ કરવામાં આવે છે, તો મારી હજારો માતાઓ અને બહેનો બહાર આવશે. લોકોને ભાજપને મત ન આપવા વિનંતી કરતા, તેમણે આરોપ લગાવ્યો કે જો પક્ષ સત્તામાં આવશે તો મતદાર યાદીમાંથી મોટા પાયે નામ કાઢી નાખવાથી દેશનિકાલ થઈ શકે છે. જો SIR કવાયતમાં મતદાર યાદીમાંથી ૯૦ લાખ નામ કાઢી શકાય છે, તો જો ભાજપ સત્તામાં આવશે તો બંગાળના અડધા લોકોને NRC દ્વારા દેશનિકાલ કરવામાં આવશે.

તેમણે રાજ્યમાંથી હજ યાત્રા માટે નોંધણી કરાવનારા દરેકને મક્કાની યાત્રા પહેલા મતદાન કરવા કહ્યું હતું. હું તમને ખાતરી આપું છું કે, અમારી હજ સમિતિ તમારી યાત્રાનું ધ્યાન રાખશે. બેનરજીએ ભાજપ પર મતદાનને પ્રભાવિત કરવા માટે સ્થળાંતરિત કામદારોને એકત્ર કરવાનો આરોપ લગાવ્યો અને આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ મતદાન પહેલા મોટરબાઈકની અવરજવર પર પ્રતિબંધ જેવા નિયંત્રણો લાદીને લોકોને ડરાવી રહ્યું છે.

ભાજપ પ્રચાર માટે વ્યાપક સંસાધનોનો ઉપયોગ કરી રહી હોવાનો દાવો કરતા તેમણે કહ્યું કે, તેઓ ૧૦૦ વિમાન અને અનેક સો હેલિકોપ્ટર સાથે બંગાળ આવ્યા છે પરંતુ મતદાન પૂર્ણ થયા પછી તેઓ દેખાશે નહીં.

# પીએમ મોદીને 'આતંકવાદી' કહેવા બદલ ખડગેને નોટિસ મોદી સામેની ફરિયાદ પર ચૂંટણી પંચે શું કાર્યવાહી કરી ?

## ભાજપે વડાપ્રધાન મોદીને 'આતંકવાદી' કહેવાના નિવેદનને આટલો મોટો મુદ્દો કેમ બનાવ્યો ? ત્રણ મંત્રીઓ ફરિયાદ કરવા માટે કેમ પહોંચ્યા ? અને ચૂંટણી પંચે ખડગેને નોટિસ ફટકારી તો શું પીએમ મોદીને આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ નોટિસ ફટકારી હતી ?

(એજન્સી) તા.૨૨

ચૂંટણી પંચે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'આતંકવાદી' કહેવા બદલ નોટિસ ફટકારી છે. ચૂંટણી પંચે આ નિવેદનને ખૂબ જ ગંભીર ગણાવ્યું છે અને ખડગે પાસેથી ૨૪ કલાકમાં જવાબ માંગ્યો છે. પંચે તેમને પૂછ્યું છે કે, તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'આતંકવાદી' કેમ કહ્યા. ચૂંટણી પંચ દ્વારા આ કાર્યવાહી બુધવારે ભાજપની ફરિયાદના થોડા કલાકો પછી જ કરવામાં આવી છે. જો કે, ચૂંટણી પંચે હજુ સુધી પીએમ મોદી સામે વિવિધ વિપક્ષી પક્ષો દ્વારા દાખલ કરવામાં આવેલી અગાઉની ફરિયાદો પર લેવામાં આવેલી કાર્યવાહી અંગે કોઈ માહિતી જાહેર કરી નથી. પીએમ મોદી પર રાષ્ટ્રને સંબોધનનો ઉપયોગ ચૂંટણીને પ્રભાવિત કરવા માટે કરવાનો આરોપ હતો, આમ ચૂંટણી આચારસંહિતાનું ઉલ્લંઘન થયું હતું. તો, શું ચૂંટણી પંચ પીએમ વિરુદ્ધ ફરિયાદો પર જાણી જોઈને ચૂપ છે ? પહેલા, ખડગે વિરૂદ્ધ ફરિયાદની આસપાસના સંજોગો સમજીએ. ખડગેએ મંગળવારે ચેન્નાઈ, તમિલનાડુમાં ચૂંટણી પત્રકાર પરિષદ દરમિયાન પીએમ મોદી વિશે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'તેઓ આતંકવાદી છે.' ભાજપે બુધવારે ચૂંટણી પંચમાં આ નિવેદન અંગે ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહ સહિત ભાજપનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ ચૂંટણી પંચ પહોંચ્યું



હતું. તેમણે આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ પાર્ટીએ વડાપ્રધાન વિરૂદ્ધ દુરૂપયોગ કરવામાં બધી હદો વટાવી દીધી છે. ભાજપે માંગ કરી છે કે, ચૂંટણી પંચ ખડગે વિરૂદ્ધ તાત્કાલિક કડક કાર્યવાહી કરે. ભાજપે ચૂંટણી પંચને માંગ કરી છે કે ખડગે અને કોંગ્રેસ પાર્ટીને જાહેરમાં માફી માંગવા અને જો જરૂરી હોય તો તેમના પ્રચાર પર પ્રતિબંધ મૂકવા અને ચૂંટણીમાં લોકોની સ્વતંત્રતાને પ્રભાવિત કરવા સંબંધિત કાયદાકીય જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવા નિર્દેશ આપે.

**કિરેન રિજિજુએ શું કહ્યું ?** બેઠક બાદ રિજિજુએ પત્રકારોને જણાવ્યું હતું કે, 'કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાનનું અપમાન કરવા માટે જે શબ્દોનો ઉપયોગ કર્યો હતો તે હવે ફક્ત ભાજપનો મુદ્દો નથી. તે સમગ્ર દેશ અને લોકશાહીનો મુદ્દો છે. વડાપ્રધાન ફક્ત ભાજપના વડા પ્રધાન નથી, પરંતુ બધા ૧.૪ અબજ ભારતીયોનો છે. તેમને આતંકવાદી કહેવાથી કોંગ્રેસની માનસિકતા પ્રતિબિંબિત થાય છે. તેઓ આજે બધી હદો પાર કરી ચૂક્યા છે.' સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ એ પણ નોંધ્યું હતું કે આ નિવેદન પહેલગામ આતંકવાદી હુમલાની પહેલી વર્ષગાંઠ પહેલા આવ્યું છે.

**નિર્મલા સીતારમણે શું કહ્યું ?** નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, કોંગ્રેસ પ્રમુખ જેવા વરિષ્ઠ નેતા ચૂંટણીલક્ષી રાજ્યમાં વડાપ્રધાન સામે આવી અપમાનજનક ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, આ એક વખતની ઘટના નથી; ખડગે અને કોંગ્રેસે વારંવાર વડાપ્રધાન સામે અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો છે. સીતારમણે કહ્યું, 'જ્યારે દેશના વડાપ્રધાન આતંકવાદ પર 'ઝીરો ટોલરન્સ' ની વાત કરે છે, ત્યારે કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુપીએ શાસન દરમિયાન આતંકવાદીઓ સાથે સમાધાન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ હવે ભયાવહ છે.'

**ખડગેએ ખરેખર શું કહ્યું ?** તમિલનાડુમાં પ્રચારના છેલ્લા દિવસે ખડગેએ કહ્યું, 'પેરિયાર, ડૉ. આંબેડકર, અન્નાદુરાઈ, કામરાજ અને કલાઈનાર - આ લોકો મહિલા અનામત, ન્યાય, સમાનતા અને ભાઈચારાના પક્ષમાં ઊભા હતા. મોદી આ સિદ્ધાંતોને સમર્થન આપતા નથી. અન્નાદુરાઈ દ્વારા સ્થાપિત પક્ષના લોકો મોદી સાથે કેવી રીતે હાથ મિલાવી શકે ? તેઓ આતંકવાદી છે. તેમની પાર્ટી સમાનતા અને ન્યાયમાં વિશ્વાસ રાખતી નથી.'

**ખડગેએ પાછળથી સ્પષ્ટતા કરી :** ખડગેના નિવેદન પર વિવાદ ઊભો થયા પછી, તેમણે સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું, 'હું ફક્ત મારા કહેવાની સ્પષ્ટતા કરવા માંગુ છું - મોદી હંમેશા લોકોને અને રાજકીય પક્ષોને ધમકાવવા અને ડરાવવા માટે ED અને આવકવેરા વિભાગ જેવી એજન્સીઓનો ઉપયોગ કરે છે. આ બધી સંસ્થાઓ તેમના હાથમાં છે.' તેઓ સીમા ફરીથી દોરવાનું પણ કબજે કરવા માંગે છે. તેથી જ મેં કહ્યું કે તેઓ લોકો અને પક્ષોને આતંકિત કરી રહ્યા છે. મેં ક્યારેય કહ્યું નથી કે તેઓ આતંકવાદી છે.

**પીએમ સામે ફરિયાદ પર ચૂંટણી પંચ :** પીએમ મોદીના રાષ્ટ્રને સંબોધન બાદ, ચૂંટણી પંચે આદર્શ આચારસંહિતાના ઉલ્લંઘનના આરોપોની તપાસ શરૂ કરી હોવાનું કહેવાય છે. કેટલાક અહેવાલો અનુસાર ચૂંટણી પંચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે વિપક્ષની ફરિયાદની તપાસ કરવાનો નિર્ણય લીધો છે. વિપક્ષની ફરિયાદ બાદ પંચે આ નિર્ણય લીધો હતો. હકીકતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૮ એપ્રિલે રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. વિરોધ પક્ષોનું કહેવું છે કે આ સંબોધન ચૂંટણી દરમિયાન આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન કરે છે. સીપીઆઈ(એમ)ના મહાસચિવ એમ.એ. બેબીએ લખ્યું હતું કે, વડાપ્રધાનનું સંબોધન ચૂંટણીલક્ષી રાજ્યોમાં જનમતને પ્રભાવિત કરે તેવી શક્યતા છે. આ ચૂંટણીમાં સમાન રમતનું મેદાન અટકાવશે અને લોકશાહીના પાયાને હચમચાવી નાખશે. મીડિયા અહેવાલોએ ચૂંટણી પંચના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે, આદર્શ આચારસંહિતા વિભાગ ફરિયાદની તપાસ કરશે. આદર્શ આચારસંહિતા ૧૫ માર્ચથી અમલમાં છે. આ પ્રતિબંધ અમલમાં છે અને ૪ મે સુધી અમલમાં રહેશે, જ્યારે પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી માટે મત ગણતરી કરવામાં આવશે.

# કોંગ્રેસે કહ્યું કે, મલ્લિકાર્જુન ખડગેને નોટિસ બંધારણ પર હુમલો

## આ નિવેદન ચૂંટણી પંચ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર 'આતંકવાદી' ટિપ્પણી બદલ પક્ષના વડા મલ્લિકાર્જુન ખડગેને 'કડક નોટિસ' ફટકાર્યા બાદ આવ્યું છે

(એજન્સી) તા.૨૨

કોંગ્રેસે બુધવારે આરોપ લગાવ્યો હતો કે, ચૂંટણી પંચ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સંલગ્ન કાર્યાલય તરીકે કાર્ય કરી રહ્યું છે અને તેનું વર્તન બંધારણ પર હુમલો છે. ચૂંટણી પંચ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર 'આતંકવાદી' ટિપ્પણી બદલ પક્ષના વડા મલ્લિકાર્જુન ખડગેને 'કડક નોટિસ' ફટકાર્યા બાદ આ નિવેદન આવ્યું છે. કોંગ્રેસના સંદેશાવ્યવહાર પ્રભારી મહાસચિવ જયરામ રમેશે બુધવારે ચૂંટણી પંચ દ્વારા વડાપ્રધાન મોદીને 'આતંકવાદી' ગણાવ્યાની 'ગંભીર નોંધ' લીધા બાદ અને તેમને 'કડક નોટિસ' ફટકાર્યા બાદ આ ટિપ્પણી કરી હતી, જેમાં તેમને ૨૪ કલાકની અંદર પોતાનું વલણ સ્પષ્ટ કરવા જણાવ્યું હતું. 'ચૂંટણી પંચ પીએમ અને ગૃહમંત્રીના સૂર પર નાચે છે તે છેલ્લા કેટલાક સમયથી સ્પષ્ટ છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં લાખો લોકો 'વોટ ચોરી' કર્યા પછી આજે તેણે ગૃહ મંત્રાલય સાથે જોડાયેલા કાર્યાલય તરીકે તેની કામગીરીના નવા પુરાવા આપ્યા છે,' રમેશે X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું. 'ચૂંટણી પંચ એક બંધારણીય સંસ્થા છે પરંતુ તેનું વર્તન બંધારણ પર હુમલો છે અને તેના માટે આ CEC (મુખ્ય ચૂંટણી કમિશનર) સૌથી મોટી જવાબદારી ધરાવે છે,' કોંગ્રેસના નેતાએ કહ્યું. તમિલનાડુમાં મતદાન અને પશ્ચિમ બંગાળમાં ચૂંટણીના પ્રથમ તબક્કાના એક દિવસ પહેલા EC નોટિસ આવી હતી. ખડગેએ મંગળવારે વડાપ્રધાન મોદી પર સરકારી મશીનરી અને કેન્દ્રીય એજન્સીઓનો દુરૂપયોગ કરીને વિપક્ષને દબાવીને રાજકીય પક્ષોને 'આતંકિત' કરવાનો આરોપ મૂક્યો હતો, જેના કારણે ભાજપે આકરી પ્રતિક્રિયા આપી હતી, જેમણે મોદીને 'આતંકવાદી' કહેવા બદલ વિપક્ષી નેતા પર હુમલો કર્યો હતો. જો કે, પત્રકારો દ્વારા તેમની ટિપ્પણીના સંદર્ભમાં સ્પષ્ટતા કરવા માટે પૂછવામાં આવતા, ખડગેએ કહ્યું કે તેમનો અર્થ એ હતો કે વડાપ્રધાન દેશના લોકશાહી માળખાને 'આતંકિત' કરી રહ્યા છે. 'તેઓ લોકો અને રાજકીય પક્ષોને આતંકિત કરી રહ્યા છે. મેં ક્યારેય કહ્યું નથી કે તેઓ (શાબ્દિક અર્થમાં) આતંકવાદી છે. તેઓ વિરોધી પક્ષોનો દુરૂપયોગ કરવા અને તેમને બદનામ કરવા માટે તેમની શક્તિ અને સરકારી મશીનરીનો દુરૂપયોગ કરી રહ્યા છે,' ખડગેએ દાવો કર્યો.

# ભાજપની યુક્તિઓનો શિકાર ન બનો અને મતદાનના દિવસે સતર્ક રહો, મમતાએ મતદારોને કહ્યું

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ બુધવારે દાવો કર્યો હતો કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ચાલુ વિધાનસભા ચૂંટણી દરમિયાન ખોટા મતદાનમાં સામેલ થવા માટે કેન્દ્રીય દળોનો ઉપયોગ કરશે અને તેમને આવી રાજકીય પ્રવૃત્તિઓનો ભાગ ન બનવા વિનંતી કરી હતી. બુધવારે હુગલી જિલ્લાના હરિપાલ ખાતે એક ચૂંટણી રેલીને સંબોધતા, બેનરજીએ લોકોને મતદાનના દિવસે સતર્ક અને સતર્ક રહેવા અને કોઈપણ દખલ કે ધાકધમકી વિના તેમના મતદાન અધિકારનો ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા કહ્યું. ''કેન્દ્રીય દળો ટોળામાં મતદાન કરશે. ભાજપ ખોટા મતદાનને માટે તેમનો ઉપયોગ કરશે. હું તેમને કહીશ, રાજકારણ ન કરો. અમે તમને સલામ કરીએ છીએ. તમે દેશનું રક્ષણ કરો છો. પરંતુ કેન્દ્રીય દળો હવે 'ભાજપ ઝિંદાબાદ' કહી રહ્યા છે ! તેઓ આટલું બધું કરવાની હિંમત કેવી રીતે કરી શકે છે ?'' મુખ્યમંત્રી બેનરજીએ સભાને સંબોધતા આરોપ લગાવ્યો. તેમણે વધુમાં કહ્યું, ''કેન્દ્રીય દળો મતદાન મથક પર તમારી તપાસ કરશે. જો તેઓ મહિલાઓને સ્પર્શ કરશે, તો તમે કાનૂની માર્ગ અપનાવશો. કોઈ હથિયાર ઉપાડશે નહીં કે હિંસાનો આશરો લેશે નહીં. આવી પરિસ્થિતિઓમાં શું કરવું તે તમે જાણો છો.'' મુખ્યમંત્રીએ એવો પણ દાવો કર્યો હતો કે, ભાજપ કેન્દ્રમાં લઘુમતી સરકાર ચલાવી રહી છે અને નજીકના ભવિષ્યમાં ગમે ત્યારે પડી શકે છે. ''અમે થોડા દિવસો પહેલા લોકસભા ચૂંટણીમાં ભાજપને હરાવ્યું હતું. ભાજપ સરકાર આ વર્ષે જ પડી જશે. આ લઘુમતી સરકાર છે. તે કેટલાક લોકોની દયા પર ટકી રહી છે,'' તેમણે પોતાનું સંબોધન ચાલુ રાખતા કહ્યું. મમતા બેનરજીએ લઘુમતી સમુદાયના લોકોને હજ યાત્રા પર નીકળતા પહેલા મતદાન કરવાની પણ અપીલ કરી હતી. 'તેઓએ ૨૭ એપ્રિલથી હજ માટે ફ્લાઈટ સેવાઓ શરૂ કરી છે. તે ખૂબ જ ચાલાકીપૂર્વક કરવામાં આવ્યું છે. ૨૯ એપ્રિલે અહીં ચૂંટણી છે, અને તે પહેલાં તેમણે આ કર્યું છે. હું તમને વિનંતી કરીશ કે મતદાન કર્યા વિના હજ ન જાઓ. પહેલા તમારો મત આપો અને પછી હજ પર જાઓ. જો તમે તમારો મત નહીં આપો, તો તેઓ તમને NRC દ્વારા બહાર કાઢી મૂકશે. તમારો મત બગાડો નહીં. હું હજ માટે બધી વ્યવસ્થા કરીશ,' CM બેનરજીએ કહ્યું. પશ્ચિમ બંગાળમાં બે તબક્કાની વિધાનસભા ચૂંટણીનો પ્રથમ તબક્કો ગુરૂવારે યોજાશે. ચુસ્ત અને વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ઘણા જિલ્લાઓમાં ૧૫૨ વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન હાથ ધરવામાં આવશે.

# જ્ઞાનેશ કુમાર ખુદ 'તાર્કિક વિસંગતતા, રાષ્ટ્રીય શરમ' છે : કપિલ સિબ્બલે બંગાળમાં 'સત્તાના દુરૂપયોગ' માટે CECની ટીકા કરી

## CEC પર આકરા પ્રહારો કરતા સિબ્બલે દાવો કર્યો કે, તેઓ જે કંઈ કરે છે તે 'તાર્કિક' નથી અને તેમને 'રાષ્ટ્રીય શરમ' ગણાવ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

રાજ્યસભાના સાંસદ અને પૂર્વ કાયદા પ્રધાન કપિલ સિબ્બલે બુધવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની ટીકા કરી અને તેમના પર ભાજપ માટે કામ કરવાનો અને પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં તેમની જીતને સરળ બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. ગુરૂવારે પશ્ચિમ બંગાળના ૧૫૨ મતવિસ્તારોમાં મતદાન થવાનું છે તેના એક દિવસ પહેલા નવી દિલ્હી ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા સિબ્બલે ચૂંટણી પંચ દ્વારા વિવાદાસ્પદ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કવાયત દરમિયાન 'લોજિકલ ડિસએન્ક્રિયા' કેટેગરીના ઉપયોગ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. સિબ્બલે આરોપ લગાવ્યો કે, ECI દ્વારા બંગાળમાં મતદારોને મતાધિકારથી વંચિત રાખવા માટે આ કેટેગરીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને CEC જ્ઞાનેશ કુમાર આ દેશમાં 'તાર્કિક વિસંગતતા' છે. તેઓએ મહારાષ્ટ્ર અને હરિયાણામાં આનો ઉપયોગ કર્યો ન હતો પરંતુ પશ્ચિમ બંગાળમાં તેનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓ મતદારોને મતાધિકારથી વંચિત રાખવા માટે તાર્કિક ડિસએન્ક્રિયા દલીલનો ઉપયોગ કરી રહ્યા છે, એટલે કે જો મતદાર અને તેના પિતા વચ્ચે ૧૫ વર્ષથી ઓછો તફાવત હોય તો તેનું નામ કાઢી નાખવામાં આવે છે, જો ૫૦ વર્ષથી વધુનો તફાવત હોય તો નામ કાઢી નાખવામાં આવે છે અને આ બધું AI દ્વારા કરવામાં આવે છે. CEC પર આકરા પ્રહાર કરતા સિબ્બલે દાવો કર્યો કે તેઓ જે કંઈ કહે છે તે 'તાર્કિક' નથી અને તેમને 'રાષ્ટ્રીય શરમ' ગણાવ્યા હતા. તેમની આ વિસંગતતા સમગ્ર પશ્ચિમ બંગાળમાં છે. આ શરમજનક છે કે, આપણી પાસે આ પ્રકારના ચૂંટણી કમિશનર છે. તે એક સંપૂર્ણ રાષ્ટ્રીય શરમ છે. CEC અને ભાજપ વચ્ચે સાઠગાંઠ હોવાનો આરોપ લગાવતા સિબ્બલે કહ્યું કે, કુમારનું 'વ્યવસાય' એ સુનિશ્ચિત કરવાનું છે કે, ભાજપ કોઈક રીતે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી જીતી શકે. સિબ્બલે બંગાળની ચૂંટણી માટે સુરક્ષા કર્મચારીઓની વિશાળ તૈનાતી પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, તે આઘાતજનક છે. એવું લાગે છે કે, ભારતના બંધારણની બહાર પશ્ચિમ બંગાળમાં કટોકટીની સ્થિતિ છે. આ કટોકટીમાં સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ દળો (CAPF)ની ૨૪૦૦ કંપનીઓ ત્યાં મૂકવામાં આવી છે, જેનો અર્થ એ છે કે, દર ૧૦૦ લોકો માટે એક CAPF વ્યક્તિ અને કુલ ૨.૪ લાખ CAPF કર્મચારીઓ છે. એવું લાગે છે કે, CAPF અને ચૂંટણી પંચ આ ચૂંટણી લડી રહ્યા છે, સિબ્બલે તેને 'રાજ્ય મશીનરીનો ઘોર દુરૂપયોગ' ગણાવતા કહ્યું કે, આટલા બધા CAPF જવાનો જમ્મુ અને કાશ્મીરમાં પણ નહીં હોય અને આ બધું ત્યારે થઈ રહ્યું છે જ્યારે મણિપુરમાં હિંસા ચાલી રહી છે. આપણા દેશનું શું થઈ રહ્યું છે ? બધા લોકો શાંત છે, કોઈ સંસ્થા પ્રતિક્રિયા આપી રહી નથી. શું આપણે મુખ્ય ચૂંટણી કમિશનર (જ્ઞાનેશ કુમાર) પાસેથી પ્રતિક્રિયાની અપેક્ષા રાખીએ છીએ ? તેઓ જ ભાજપ માટે ચૂંટણી લડી રહ્યા છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે ચૂંટણીમાં મતદાન કરવા માટે લોકોને પશ્ચિમ બંગાળ લાવવા માટે ખાસ ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. પક્ષો ચૂંટણી લડે છે, સરકાર નહીં પણ અહીં સરકાર ચૂંટણી લડી રહી છે. ગુજરાતના ૫૦૦૦ જેટલા લોકોને ખાસ ટ્રેનોમાં પશ્ચિમ બંગાળ લઈ જવામાં આવી રહ્યા છે. જે લોકો ઘરે જવા માંગતા હતા તેમના પર લાઠીચાર્જ કરવામાં આવ્યો, જ્યારે ભાજપના લોકોને બંગાળ લઈ જવા માટે એક ખાસ ટ્રેન ચલાવવામાં આવી હતી. જો રેલવે ભાજપના લોકોને પશ્ચિમ બંગાળ લઈ જઈ રહી છે, તો તે આદર્શ આચારસંહિતાનું સીધું ઉલ્લંઘન છે. બંગાળ ભાજપના વરિષ્ઠ નેતા સુવેન્દુ અધિકારી અને ગૃહમંત્રી અમિત શાહ દ્વારા રાજ્યમાં કેટલાક વિવાદાસ્પદ નિવેદનોનો ઉલ્લેખ કરતા સિબ્બલે કહ્યું કે, તેઓ જે પ્રકારના ભાષણો આપી રહ્યા છે તે અવિશ્વસનીય છે.

# બંગાળ ચૂંટણી : શું ચૂંટણી પંચ યોગી આદિત્યનાથના સાંપ્રદાયિક ભાષણો સાંભળી રહ્યું છે ?

## યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ બંગાળની ચૂંટણી દરમિયાન હિન્દુઓ અને મુસ્લિમોનું ધ્રુવીકરણ કરવા માટે વારંવાર કાબા, ઉર્દૂ, નમાઝ અને મદ્રેસાઓનો ઉલ્લેખ કરી રહ્યા છે, આ અંગેની ફરિયાદો ચૂંટણી પંચ સુધી પહોંચી હતી; જો કે, ચૂંટણી પંચે યોગીના કોઈપણ ભાષણો સામે વાંધો ઉઠાવ્યો નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બુધવાર, ૨૨ એપ્રિલના રોજ કોલકાતામાં એક ચૂંટણી રેલીમાં કહ્યું : 'તમે જોયું હશે કે, કોલકાતાના મેયર કહી રહ્યા છે કે અહીં ઉર્દૂનો ઉપયોગ કરવામાં આવશે. અમે અહીં કહેવા આવ્યા છીએ કે કોઈ બંગાળી ઓળખ સાથે છેડછાડ કરી શકે નહીં... બંગાળની ઓળખ કાબા સાથે નહીં, પણ મા કાલીબારી સાથે જોડાયેલી છે... બંગાળમાં ગૌહત્યા મોટા પાયે થાય છે. મમતા દીદી ભગવાન રામના નામથી ચિડાઈ જાય છે. દુર્ગા પૂજા દરમિયાન પરવાનગી આપવામાં આવતી નથી...' કોલકાતામાં આ જ રેલીમાં યોગી આદિત્યનાથે કહ્યું, 'અહીં આપણે જે અરાજકતા જોઈ રહ્યા છીએ તે ૨૦૧૭ પહેલા ઉત્તર પ્રદેશમાં પ્રવર્તતી અરાજકતા જેવી જ છે. આજે, ઉત્તર પ્રદેશમાં કોઈ અશાંતિ નથી. દરેક જગ્યાએ ઉજવણીનું વાતાવરણ છે. આજે, ઉત્તર પ્રદેશના લોકો 'રામ રાજ્ય'ના નવા યુગમાં જીવી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં એક અવાજ, એક સૂત્ર છે : અમે ન તો ગાયની હત્યા થવા દઈશું અને ન તો હિન્દુઓને વિભાજીત થવા દઈશું. આ ભારતના વારસા પ્રત્યે આદરની લાગણી છે અને આ ત્યારે જ શક્ય છે જ્યારે ભાજપની ડબલ-એન્જિન સરકાર હોય.' યોગી આદિત્યનાથ બંગાળમાં ભાજપના સ્ટાર પ્રચારક છે. આ તેમનું આ પ્રકારનું પહેલું ભાષણ નથી. તેમણે અત્યાર સુધીમાં લગભગ સાત ચૂંટણી રેલીઓને સંબોધિત કરી છે. બંગાળના મુખ્ય રાજકીય પક્ષ તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ યોગીના ભાષણો અંગે ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી છે. ૧૭ એપ્રિલથી દરેક રેલીમાં આ ભાષણો વારંવાર કરવામાં આવ્યા છે. દરમિયાન, મતદાનનો પ્રથમ તબક્કો ગુરુવાર, ૨૩ એપ્રિલના રોજ યોજાવાનો છે. કેન્દ્રીય ચૂંટણી પંચ (MCC)એ ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ ચૂંટણીની તારીખો જાહેર થતાં જ પશ્ચિમ બંગાળમાં આદર્શ આચારસંહિતા (MCC) લાગુ કરી દીધી. ચૂંટણી પંચના નિયમો સ્પષ્ટપણે જણાવે છેઃ કોઈપણ પક્ષ કે ઉમેદવારે જાતિ, સમુદાય કે ધર્મના આધારે તણાવ, નફરત કે સાંપ્રદાયિક લાગણીઓ ભડકાવતી પ્રવૃત્તિઓ કે ભાષણોમાં ભાગ લેવો જોઈએ નહીં. પ્રચાર માટે ધાર્મિક સ્થળો (મંદિરો, મસ્જિદો વગેરે) નો ઉપયોગ પ્રતિબંધિત છે. આ ચૂંટણી જાહેરાત સાથે અમલમાં આવે છે અને દરેક વ્યક્તિ (વડાપ્રધાન, મુખ્યમંત્રી અને મંત્રીઓ સહિત) માટે બંધનકર્તા છે. આ નિયમોના ઉલ્લંઘન પર ECI દ્વારા નોટિસ, ચેતવણીઓ અથવા કડક કાર્યવાહી થઈ શકે છે.

**શું કોઈ નેતાને તેમના સાંપ્રદાયિક ભાષણ માટે કોઈ નોટિસ જારી કરવામાં આવી છે ? :** ૨૨ એપ્રિલ સુધીમાં પશ્ચિમ બંગાળમાં કોઈપણ પક્ષના નેતાને કોઈ નોટિસ જારી કરવામાં આવી નથી. વિપક્ષે યોગીના 'કાબા' નિવેદન પર ECI પાસેથી કાર્યવાહીની માંગ કરી છે, પરંતુ ECIએ હજુ સુધી કોઈ નોંધ કે કાર્યવાહી કરી નથી. અન્ય પક્ષોના નેતાઓ સામે પણ કોઈ નોંધાયેલ નોટિસ મળી નથી.

**૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કમિશનનું વલણ :** ૨૦૨૪ ની લોકસભા (અને કેટલીક વિધાનસભા) ચૂંટણી દરમિયાન ECIની કાર્યવાહી જાણવી રસપ્રદ રહેશે. ચૂંટણી પંચને કેટલીક ફરિયાદો મળી અને નોટિસ જારી કરવામાં આવી. ઉદાહરણ તરીકે, તેણે રાજસ્થાનમાં રેલીઓમાં PM મોદીના નિવેદનો, જેમ કે, 'મુસ્લિમો તમારૂં મંગળસૂત્ર છીનવી લેશે, તેઓ તમારી ભેંસ છીનવી લેશે..." વગેરે માટે BJP પ્રમુખને નોટિસ જારી કરી. જો કે, કમિશને કોઈ કડક કાર્યવાહી કરી નથી. તેણે PM મોદી સામે ખાસ નોટિસ પણ જારી કરી નથી. હ્યુમન રાઈટ્સ વોચ અને નાગરિક સમાજે જણાવ્યું હતું કે ચૂંટણી પંચ BJP નેતાઓના 'દ્વેષપૂર્ણ ભાષણ' પર નરમ રહ્યો હતો. સુપ્રીમ કોર્ટે કમિશનને કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપતી અરજીને પણ ફગાવી દીધી હતી. એકંદરે, નોટિસો જારી કરવામાં આવી હતી પરંતુ તેમાંથી કોઈ 'નોંધપાત્ર સજા' થઈ ન હતી. કમિશન ચેતવણી પણ જારી કરવામાં નિષ્ફળ ગયું.

**શું બંગાળમાં મુસ્લિમ મતદારોને નિશાન બનાવવામાં આવ્યા છે ? :** ધ ગાર્ડિયનએ ૨૩ એપ્રિલના રોજ આ મુદ્દા પર ટીએમસી સાંસદ સાગરિકા ઘોષની ટિપ્પણીઓ પ્રકાશિત કરી હતી. સાગરિકા ઘોષે કહ્યું હતું કે, 'બંગાળમાં જે બન્યું છે તે બંધારણીય ગુનો છે. તે ભારતના લોકો સામે, બંગાળના લોકો વિરુદ્ધ ગુનો છે.' સાગરિકા ઘોષે કહ્યું, ''આઝાદી પછીના ભારતના ઈતિહાસમાં આ એક મોટા કૌભાંડ તરીકે યાદ રાખવામાં આવશે. એક વ્યક્તિ, એક મતનો અધિકાર એ ભારતીય લોકોને બંધારણ દ્વારા આપવામાં આવેલ એક મહાન અધિકાર છે.

# બંગાળમાં 'કટોકટી' : ચૂંટણી પહેલા ભારે કેન્દ્રીય દળો પર કપિલ સિબ્બલે ચૂંટણી પંચની ટીકા કરી

## પહેલા તબક્કામાં નક્કી થઈ શકે છે કે, ભાજપ હજુ પણ ઉત્તર બંગાળ પર સત્તાના મુખ્ય પ્રવેશદ્વાર તરીકે આધાર રાખી શકે છે કે પછી ટીએમસી પોતાની ખોવાયેલી તાકાત પાછી મેળવવામાં સફળ રહી છે

(એજન્સી) તા.૨૨

રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે બુધવારે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે સુરક્ષા કર્મચારીઓની મોટી સંખ્યામાં તૈનાત કરવા બદલ ભાજપની આગેવાની હેઠળના કેન્દ્ર અને ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા હતા અને તેને રાજ્ય મશીનરીનો 'ઘણો દુરૂપયોગ' ગણાવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે આ તૈનાતી બંગાળમાં 'કટોકટી'ની સ્થિતિ દર્શાવે છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર ભાજપ સાથે સાંઠગાંઠ હોવાનો આરોપ લગાવતા, સિબ્બલે કહ્યું કે સીઈસીનું 'કાર્ય'એ સુનિશ્ચિત કરવા માટે છે કે ભાજપ કોઈક રીતે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી જીતે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા નેતાજી સુભાષ ચંદ્ર બોઝના વાક્યને સ્વામી વિવેકાનંદ સાથે જોડવા બદલ કથિત રીતે તેમની ટીકા કરતા સિબ્બલે કહ્યું કે, યુપીના મુખ્યમંત્રીને ઈતિહાસ અને બંધારણ વિશે કોઈ ખ્યાલ નથી કારણ કે તેઓ ફક્ત બુલડોઝર વિશે જાણે છે. 'ચૂંટણીમાં પક્ષો સરકાર સામે લડતા નથી. અહીં સરકાર ચૂંટણી લડી રહી છે. ગુજરાતના ૫,૦૦૦ લોકોને ખાસ ટ્રેનોમાં પશ્ચિમ બંગાળ લઈ જવામાં આવી રહ્યા છે. જે લોકો ઘરે જવા માંગતા હતા તેમના પર લાઠીચાર્જ કરવામાં આવ્યો, જ્યારે ભાજપના લોકોને પશ્ચિમ બંગાળ લઈ જવા માટે એક ખાસ ટ્રેન ચલાવવામાં આવી,' અપક્ષ રાજ્યસભા સાંસદે અહીં એક પત્રકાર પરિષદમાં આરોપ લગાવ્યો. જો રેલ્વે ભાજપના લોકોને પશ્ચિમ બંગાળ લઈ જઈ રહી છે તો તે સીધી રીતે આદર્શ



આચારસંહિતાનું ઉલ્લંઘન છે, સિબ્બલે કહ્યું. 'આ આઘાતજનક છે. એવું લાગે છે કે ભારતના બંધારણની બહાર પશ્ચિમ બંગાળમાં કટોકટીની સ્થિતિ છે. આ કટોકટીમાં સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ દળો (CAPF)ની ૨,૪૦૦ પ્લાટૂન ત્યાં મૂકવામાં આવી છે, જેનો અર્થ ૨.૪ લાખ CAPF જવાનો છે, જેનો અર્થ દર ૧૦૦ લોકો માટે, એક CAPF જવાન તૈનાત કરવામાં આવ્યો છે,' તેમણે કહ્યું. એવું લાગે છે કે, ભાજપ નહીં, પરંતુ CAPF અને ચૂંટણી પંચ, આ ચૂંટણી લડી રહ્યા છે, સિબ્બલે કહ્યું અને આરોપ લગાવ્યો કે આ 'રાજ્ય મશીનરીનો ઘોર દુરૂપયોગ' છે. 'આટલા બધા CAPF જવાનો જમ્મુ અને કાશ્મીરમાં નહીં હોય. આ બધું થઈ રહ્યું છે, જ્યારે મણિપુરમાં હિંસા ચાલી રહી છે. આપણા દેશનું શું થઈ રહ્યું છે ?' વરિષ્ઠ વકીલે કહ્યું. 'બધા શાંત છે, કોઈ સંસ્થા પ્રતિક્રિયા આપી રહી નથી. શું આપણે અપેક્ષા રાખીએ છીએ કે મુખ્ય ચૂંટણી કમિશનર (જ્ઞાનેશ કુમાર) જવાબ આપે...તેઓ જ ભાજપની ચૂંટણી લડી રહ્યા છે,' સિબ્બલે આરોપ લગાવ્યો. પશ્ચિમ બંગાળમાં ભાજપના નેતા સુવેન્દુ અધિકારી અને ગૃહમંત્રી અમિત શાહના કેટલાક વિવાદાસ્પદ નિવેદનોનો ઉલ્લેખ કરતા સિબ્બલે કહ્યું કે તેઓ જે પ્રકારના ભાષણો આપી રહ્યા છે તે અવિશ્વસનીય છે. 'તમારી વિરૂદ્ધ એક મહિલા (મમતા બેનરજી) ઊભી છે અને તમે દેશની સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. આ લોકશાહી માટે ખૂબ જ ખતરનાક બાબત છે,' સિબ્બલે કહ્યું. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે, દેશની સંપૂર્ણ સત્તાવાર તાકાતનો ઉપયોગ પશ્ચિમ બંગાળમાં વાતાવરણને અસ્થિર કરવા માટે થઈ રહ્યો છે. 'CECને આ સત્તાઓ ક્યાંથી મળે છે. ૪૮૩ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. આ દેશમાં કોઈની પાસે અમર્યાદિત શક્તિ નથી,' સિબ્બલે કહ્યું. 'CECનું કામ એ સુનિશ્ચિત કરવાનું છે કે BJP કોઈક રીતે આ ચૂંટણી જીતે,' તેમણે આરોપ લગાવ્યો. સિબ્બલે પશ્ચિમ બંગાળમાં લોકોને 'મતાધિકારથી વંચિત' રાખવા માટે તાર્કિક વિસંગતતા દલીલના ઉપયોગ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો. ચૂંટણીના પરિણામો વિશે પૂછવામાં આવતા, સિબ્બલે કહ્યું કે જે પ્રતિસાદ આવી રહ્યો છે તે એ છે કે આ બધા છતાં બેનરજી વિજયી બનશે. પશ્ચિમ બંગાળમાં ગુરૂવારે વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાન થવાનું છે, જેમાં ભ્રષ્ટાચાર અને નોકરીઓ જેવા મુદ્દાઓ ઓળખ, નાગરિકતા અને મતદાર યાદીમાંથી નામો કાઢી નાખવાના વિવાદને સ્થાન આપી રહ્યા છે.

પરવાનગી વગર જહાજ હોર્મુઝમાંથી પસાર થઈ રહ્યું હોવાનો આરોપ

# હોર્મુઝ સ્ટ્રેટથી ગુજરાત આવી રહેલા જહાજને ઈરાને રોકી કબજામાં લીધું

## જહાજની નેવિગેશન સિસ્ટમમાં છેડછાડ થઈ હતી : ઈરાની નૌકાદળ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC)એ હોર્મુઝ સ્ટ્રેટમાં ભારત આવી રહેલા એક જહાજને રોકીને કબજે કર્યું છે. ઈરાને આરોપ લગાવ્યો છે કે આ જહાજ પરવાનગી વગર હોર્મુઝમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહ્યું હતું.



(પ્રતિકાત્મક તસવીર)

લાઈબેરિયાના ફ્લેગવાળું એપામિનોડેસ નામનું આ કન્ટેનર શિપ ગુજરાતના મુંદ્રા પોર્ટ તરફ જઈ રહ્યું હતું. ઈરાની નૌકાદળના જણાવ્યા અનુસાર, જહાજની નેવિગેશન સિસ્ટમમાં છેડછાડ કરવામાં આવી હતી, જેનાથી દરિયાઈ સુરક્ષા માટે જોખમ ઊભું થયું હતું. કાર્યવાહી દરમિયાન IRGCએ જહાજને ઈન્ટરસેપ્ટ કરી પોતાના કબજામાં લીધું અને તેને તટ તરફ લઈ ગયા. આ ઉપરાંત, ઈઝરાયેલ સાથે જોડાયેલા ફ્રાન્સેસ્કા નામના બીજા જહાજને પણ જપ્ત કરવામાં આવ્યું છે. તેમજ યૂફોરિયા નામના જહાજ પર હુમલો પણ કરવામાં આવ્યો છે.

આ પહેલા એવા અહેવાલો આવ્યા હતા કે એક જહાજ પર ઈરાન પાસે ફાયરિંગ થયું હતું, જ્યારે બીજું જહાજ ઓમાનના તટ પાસે થયેલા હુમલામાં ક્ષતિગ્રસ્ત થયું હતું.

હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનની સરહદ નજીક કોમર્શિયલ જહાજ પર ગોળીબારની ઘટના સામે આવી છે. રોયટર્સના રિપોર્ટ મુજબ આ હુમલામાં કોઈ પણ ક્રૂ મેમ્બરને ઈજા થયાના સમાચાર નથી. આ પૈકી એક જહાજ ભારતનું છે, જે ગુજરાતના મુંદ્રા પોર્ટ પર આવતું હતું.

રોયટર્સના હવાલાથી પ્રાપ્ત માહિતી મુજબ, હોર્મુઝની ખાડીમાં ઈરાનના IRGC દ્વારા ત્રણ જહાજો પર ફાયરિંગ કરાયું હતું. જેમાં ભારતીય ધ્વજ ધરાવતા જહાજ સહિત એક પનામા અને એક લાઈબેરિયાનું જહાજ હતું. ઈરાનના સરકારી ટીવીના અનુસાર, જહાજોને કબજે કરીને ઈરાન લઈ જવાઈ રહ્યા છે. ભારતીય જહાજ એપામિનોંડાસ દુબઈથી ગુજરાતના મુંદ્રા આવી રહ્યું હતું. સૂત્રોના અહેવાલ અનુસાર, ઈરાને કબજે કરેલા જહાજમાં ભારતીય જહાજ પણ સામેલ છે.

એક જહાજે રિપોર્ટ આપ્યો છે કે ફાયરિંગ પહેલા એક IRGC (ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ) ગનબોટ તેની ખૂબ નજીક આવી ગઈ હતી. આ ઘટનાઓએ આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માર્ગ પર સુરક્ષા સંબંધી ચિંતાઓને ફરી વધારી દીધી છે, ખાસ કરીને એવા સમયે જ્યારે મધ્ય પૂર્વમાં પહેલેથી જ અસ્થિરતા પ્રવર્તી રહી છે. રોયટર્સના જણાવ્યા અનુસાર, ઓમાનના ઉત્તર-પૂર્વમાં ગોળીબાર અને રોકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેડ (RPG)થી હુમલો થયા બાદ, લાઈબેરિયાના ધ્વજ ધરાવતા એક કન્ટેનર જહાજના બ્રિજને નુકસાન પહોંચ્યું છે. UKMTOએ જણાવ્યું કે જહાજના કેપ્ટને માહિતી આપી છે કે IRGCની એક ગનબોટ તેમના જહાજની નજીક આવી રહી હતી. UKMTO મુજબ, ત્યારબાદ જહાજ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. જહાજના તમામ ક્રૂ સભ્યો સુરક્ષિત છે અને આ ઘટનાને કારણે જહાજમાં આગ લાગવાની કે પર્યાવરણને કોઈ નુકસાન પહોંચવાની કોઈ ઘટના બની નથી. દરિયાઈ સુરક્ષા સૂત્રોએ જણાવ્યું કે તે ગનબોટ પર ત્રણ લોકો સવાર હતા. ગ્રીક સંચાલિત કન્ટેનર જહાજના કેપ્ટને એમ પણ જણાવ્યું હતું કે ઘટના પહેલા કોઈ રેડિયો સંપર્ક થયો ન હતો અને જહાજને શરૂઆતમાં એવી જાણકારી આપવામાં આવી હતી કે તેને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી છે.

વીરક્ષેત્ર નજીક મોતની ચિચિયારીઓ ગુંજી, ભારે નાસભાગ મચી

# પ્રસંગ શોકમાં ફેરવાયો : કપરાડામાં પીકઅપ પલટી જતાં ૭નાં મોત, ૨૦થી વધુ ઈજાગ્રસ્ત

## તમામ મૃતકો ગિરનાર ગામના, ઘાયલોને હોસ્પિટલ ખસેડાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

વલસાડના કપરાડા તાલુકાના વીરક્ષેત્ર ગામે બુધવારે એક ભયાનક રોડ અકસ્માત સર્જાયો છે. પ્રસંગમાં હાજરી આપીને પરત ફરી રહેલા મહેમાનો પીકઅપ વાન દુર્ઘટનાનો શિકાર બન્યા હતા. મુસાફરો ભરીને જતી એક પીકઅપ ગાડી અચાનક પલટી મારી જતાં ૭ લોકોના કરૂણ મોત નિપજયા છે. આ અકસ્માતને પગલે સ્થાનિક પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. અકસ્માતનો ભોગ બનેલી આ પીકઅપ ગાડીમાં કુલ ૨૮ જેટલા વ્યક્તિઓ સવાર હતા. એકસાથે આટલી મોટી સંખ્યામાં લોકો મુસાફરી કરી રહ્યા હોવાથી ગાડી પલટી મારતા જ ચીસાચીસ મચી ગઈ હતી અને ભારે નાસભાગના દશ્યો સર્જાયા હતા.



વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના વીરક્ષેત્ર નજીક સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં મૃત્યુઆંક ૭ પર પહોંચતા સમગ્ર પંથકમાં શોકની લહેર છવાઈ ગઈ છે. આ ભયાનક દુર્ઘટનામાં ભોગ બનનાર તમામ મૃતકો ગિરનાર ગામના હોવાનું સામે આવ્યું છે, જેમના અકાળે અવસાનથી ગામમાં માતમ છવાયો છે. પીકઅપ પલટી જવાની આ ઘટનામાં હજુ પણ અનેક લોકોની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક કપરાડા ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ, વધુ ગંભીર રીતે ઘાયલ થયેલા મુસાફરોને વધુ સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ, આ પરિવાર આણું વાળવા માટે જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં જ આ કાળમુખો અકસ્માત નડ્યો હતો. ખુશીના પ્રસંગે જઈ રહેલા પરિવારના સભ્યો માટે આ સફર અંતિમ સફર સાબિત થઈ હતી અને પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ગંભીર ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, પીકઅપ ગાડીના ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો, જેના કારણે ગાડી બેકાબૂ બનીને રોડ પર પલટી ગઈ હતી. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિસ્તારોમાં વર્ષોથી વણઉકેલ્યા પ્રશ્નો મુદ્દે સ્થાનિકોમાં રોષ

# ભાજપના ઉમેદવારને જનતાએ ગંદકી બતાવતા કાર્યકરોએ 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા

## લોકોએ કહ્યું : રામના ૧૦ નામ બોલો, સવાલ કરીએ એટલે 'ભારત માતા કી જય', 'વંદે માતરમ' યાદ આવે છે ?

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

પાલિકા-પંચાયતની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થવાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે રાજકીય પક્ષો મતદારોને રિઝવવા માટે કોઈ કચાશ રાખવા માગતા ન હોય તે રીતે પ્રચારમાં તેજી આવી છે.

ચૂંટાયા બાદ ૫ વર્ષ સુધી અદૃશ્ય થઈ ગયેલા નેતાઓ ચૂંટણી નજીક આવતા ફરી પાછા બહાર નીકળી આવ્યા છે. જનતાની નાની-મોટી અનેક સમસ્યાઓને અવગણીને કે તેની સામે આંખ આડા કાન કરી ACમાં આરામ કરતાં નેતાઓ અને કાર્યકરો હવે ખરા તડકે વચનોની લ્હાણી કરી રહ્યા છે, લાગે છે મતદાનની તારીખ નજીક છે. પણ આ નેતાઓને ક્યાં ખબર છે જ્યારે અધૂરા કામો મત માગવા જાઓ ત્યારે સામે આવીને ઊભા હોય ત્યારે ૫ વર્ષમાં કરેલા કર્મ સામે આવે અને ફજેતી પણ થાય, આવું જ બન્યું અમદાવાદના શાહપુરમાં વોર્ડમાં જ્યાં ભાજપના ઉમેદવારો વોટ માગવા એક સોસાયટીમાં પહોંચ્યા તો ત્યાં સ્થાનિકો અને કોંગ્રેસના કાર્યકરોએ સત્યથી સામનો કરાવ્યો હતો, પણ નકટા બનેલા નેતાઓ સ્થાનિક લોકોની સમસ્યા સાંભળવાના બદલે અને સત્યનો સામનો કરવાને બદલે જય શ્રી રામના નારા લગાવતા ત્યાંથી ચાલ્યા ગયા હતા.

વડોદરામાં ભાજપના ઉમેદવારને જનતાએ ગંદકી બતાવતા કાર્યકરોએ 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા. નારા લાગતા જ સ્થાનિકો અકળાયા અને કહ્યું કે, રામના ૧૦ નામ બોલો, સવાલ કરીએ એટલે 'જય શ્રી રામ' યાદ આવે છે ? આવતાની સાથે જ 'ભારત માતા કી જય'- 'વંદે માતરમ' કરવા માંડો છો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈને તમામ વોર્ડમાં ઉમેદવારોનો પ્રચાર હવે જોર પકડી રહ્યો છે, ત્યારે શાહપુર વોર્ડમાં ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. શાહપુર દરવાજા પાસે પ્રચાર માટે પહોંચેલા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો આમને-સામને આવી જતાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પોતાના વિસ્તારમાં વોટ માંગવા માટે આવેલા ભાજપના ઉમેદવારોને સ્થાનિક લોકોએ અને કોંગ્રેસના ઉમેદવારોએ ભેગા મળીને વિસ્તારના અધૂરા અને પડતર કામો બતાવીને અરીસો બતાવવાનો પ્રયાસ કર્યો હતો.

સ્થાનિક લોકોએ પોતાના વિસ્તારની સમસ્યાઓ અને અધૂરા વિકાસ કાર્યો અંગે સવાલોનો મારો ચલાવ્યો હતો, જેના કારણે વાતાવરણ ગરમાયું હતું. જોકે, લોકોના આકરા સવાલોનો જવાબ આપવાના બદલે ભાજપના ઉમેદવારો ત્યાંથી 'જય શ્રી રામ'ના નારા લગાવીને ચાલતી પકડી હતી. ઉમેદવારોને આ રીતે જતા જોઈને સ્થાનિકો અને કોંગ્રેસના ઉમેદવારોએ પાછળથી 'ભાગ્યા... ભાગ્યા...' ના નારા લગાવીને ભારે હોબાળો મચાવ્યો હતો. ચૂંટણીના માહોલ વચ્ચે બનેલી આ ઘટના સમગ્ર શાહપુર વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે ભાજપના નેતાઓ માત્ર ચૂંટણી વખતે જ મોટા વાયદાઓ કરવા આવે છે, પરંતુ પાંચ વર્ષ સુધી કોઈ ડોકાતું નથી. આવી જ સ્થિતિ શહેરના અન્ય વિસ્તારોમાં પણ જોવા મળી રહી છે. અનિલ સ્ટાર્ચ મિલ વિસ્તારમાં જ્યારે ભાજપના ઉમેદવારો મત માંગવા પહોંચ્યા, ત્યારે રહીશોએ રોડ, ગટર અને પાણીના પ્રશ્નો મુદ્દે તેમને ઘેરાવો કરી 'ભાજપ હાય-હાય'ના સૂત્રોચ્ચાર કર્યા હતા. સ્થિતિ વણસતી જોઈ ઉમેદવારોએ પ્રચાર અધૂરો છોડીને ભાગવાની ફરજ પડી હતી. હાથીજણમાં પણ મહિલાઓએ ભાજપના ઉમેદવારો સામે હંગામો મચાવ્યો હતો. જ્યારે ભાજપના સમર્થકોએ દાદાગીરી કરવાનો પ્રયાસ કર્યો તો મહિલાઓએ તેમને આકરી ભાષામાં ખરીખોટી સંભળાવી હતી.

# આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા ભાન ભૂલ્યા, ભાવનગરની સભામાં ગાળો બોલી

ભેંસાણમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ભાન ભૂલી જાહેર સભામાં અપશબ્દો બોલ્યા છે. બેશરમીની હદ તો ત્યાં છે કે માફી માગવાને બદલે ધારાસભ્ય ઈટાલિયા એવું કહે છે કે, ભાવનગરમાં ભાઈઓ-બહેનો આવું બોલતાં હોય છે અને તે સામાન્ય છે.

દિલ્હીથી આપના કાર્યકર દ્વારા સુરત ખાતે પૈસા મોકલવાનું હવાલા કૌભાંડ સામે આવ્યું છે ત્યાં હવે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય નવા વિવાદમાં સપડાયા છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ઈટાલિયા જાહેરમાં બોલી ન શકાય તેવા અપશબ્દો બોલ્યા છે. એ પછી પાછા તેઓ કહે છે કે, ભાવનગર અને સુરતમાં પણ આમ બોલાતું હોય છે. ઈટાલિયાના લવારાના કારણે ચૂંટણી જાહેરસભા વખતે લોકોને ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ જવું પડ્યું હતું. જાહેરસભામાં ગાળ બોલવાનો ઘટનાક્રમ સામે આવતાં ઈટાલિયા વિરૂદ્ધ ચોમેરથી ટીકાઓનો મારો શરૂ થયો હતો.

# ઉમરેઠ વિધાનસભાની પેટાચૂંટણીમાં આજે મતદારો છ ઉમેદવારોનું ભાવિ ઈવીએમ મશીનમાં સીલ કરશે

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૨

ઉમરેઠ વિધાનસભામાં ભાજપના ધારાસભ્ય ગોવિંદ પરમારના નિધનથી ખાલી પડેલી ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે આવતીકાલે ૪૬ ગામોનાં ૩૦૬ મતદાન મથકો ખાતે ૨,૪૫,૬૨૩ મતદારો મતદાન કરી છ ઉમેદવારોનું ભાવી ઈવીએમ મશીનમાં સીલ કરશે. પોલીસ વિભાગ દ્વારા પણ મતદાન મથકો ખાતે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત તૈનાત કરાયો છે.

ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપે દિવંગત ધારાસભ્ય ગોવિંદ પરમારનાં પુત્ર હર્ષદ પરમારને ચુંટણીમાં ઉતાર્યા છે. જ્યારે કોંગ્રેસે રાજકરણમાં ૪૦ વર્ષનો અનુભવ ધરાવતા ભૃગરાજસિંહ ચૌહાણને મેદાનમાં ઉતાર્યા.

પેટા ચૂંટણીમાં કુલ છ ઉમેદવારોમાં ભૃગુરાજસિંહ ચૌહાણ (કોંગ્રેસ), હર્ષદ ગોવિંદભાઈ પરમાર (ભારતીય જનતા પાર્ટી), મૌલિક વિનુભાઈ શાહ (ભારતીય નેશનલ જનતા દળ), જીતેશકુમાર ઘનશ્યામભાઈ સેવક-જીતુભાઈ સેવક (અપક્ષ) નિરૂપાબેન નટવરલાલ માધુ (અપક્ષ) મહેન્દ્રભાઈ નટવરભાઈ પરમાર (અપક્ષ) જો કે મુખ્ય મુકાબલો ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવાર વચ્ચે છે.

રાજ્ય ચૂંટણી આયોગમાં સાંસદ વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે ફરિયાદ કરાઈ

# કોંગ્રેસની જીત પર ગ્રાન્ટ બંધ કરવાની ધમકી આપનાર ભાજપ સાંસદ સામે કરાઈ રજૂઆત

## જાહેર સભામાં આપેલ નિવેદનથી ચૂંટણી આચારસંહિતાનો થયો ભંગ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં ચૂંટણીનો માહોલ ગરમ છે ત્યારે પ્રચાર યુદ્ધમાં રાજકીય નેતાઓ કેટલીય વાર ભાન ભૂલી બેફામ વાણી-વિલાસ કરતા હોય છે. તેવું જ કંઈક આણંદમાં બન્યું હતું. ભાજપના સાંસદે ગ્રાન્ટ કાપી લેવા અંગેનું વિવાદસ્પદ નિવેદન કરતાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે. જેને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વચ્ચે રાજ્ય ચૂંટણી આયોગને પત્ર લખી મહત્વપૂર્ણ રજૂઆત કરી છે. આ પત્રમાં કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે ભાજપના સાંસદ મિતેશ પટેલ દ્વારા આણંદ જિલ્લામાં યોજાયેલ જાહેર સભામાં આપેલા નિવેદનોથી ચૂંટણી આચારસંહિતાનો ભંગ થયો છે.

કોંગ્રેસના પત્ર મુજબ, ૨૦ એપ્રિલે આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના એક કાર્યક્રમ દરમિયાન ભાજપના નેતાઓએ મતદારોને પ્રભાવિત કરવા માટે સરકારી સહાય અને ગ્રાન્ટ બાબતે ભ્રામક અને પ્રલોભન આપતા નિવેદનો આપ્યા હતા. કોંગ્રેસે આ નિવેદનને ગંભીર ગણાવી જણાવ્યું છે કે આવી ભાષા ચૂંટણી પ્રક્રિયાને અસર કરે છે અને મતદારો પર અયોગ્ય દબાણ સર્જે છે. પત્રમાં વધુમાં જણાવાયું છે કે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે રાજ્યમાં આદર્શ આચારસંહિતા અમલમાં છે, છતાં ભાજપના નેતાઓ દ્વારા જાહેરમાં આવા નિવેદનો આપવામાં આવતાં ચૂંટણીની નિષ્પક્ષતા પર પ્રશ્નો ઊભા થાય છે. કોંગ્રેસે રાજ્ય ચૂંટણી આયોગને વિનંતી કરી છે કે આ મામલે તાત્કાલિક તપાસ કરીને જવાબદાર વ્યક્તિઓ સામે કડક પગલાં લેવામાં આવે. કોંગ્રેસે માંગણી કરી છે કે આ પ્રકારના નિવેદનો દ્વારા મતદારોને ભયભીત કરવા અથવા લોભ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે લોકશાહી પ્રક્રિયાને નુકસાન પહોંચાડે છે. અંતે, કોંગ્રેસે ચૂંટણી આયોગને નિષ્પક્ષતા જાળવવા માટે સખત કાર્યવાહી કરવાની અપીલ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જાહેર સભામાં સંબોધન કરતાં સાંસદ મિતેશ પટેલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, જો આંકલાવ વિસ્તારમાં કોંગ્રેસ એકપણ બેઠક જીતશે તો તે વિસ્તારોને ગ્રાન્ટ આપવામાં નહીં આવે. તેમણે વધુમાં જણાવ્યું કે જિલ્લા પંચાયત અથવા તાલુકા પંચાયતની એકપણ બેઠક કોંગ્રેસ જીતશે તો તેઓ એક રૂપિયાની પણ ગ્રાન્ટ મંજૂર નહીં થવા દે. આ રીતના તેમના નિવેદનથી રાજ્યમાં વિવાદ ઊભો થવા પામ્યો છે.

# ક્રિકેટ ટીમની પસંદગી પ્રક્રિયામાં ગેરરીતિના આક્ષેપ : હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સ્પોર્ટ્સ ઓથોરિટીને નોટિસ પાઠવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

ગુજરાત હાઈકોર્ટે રાષ્ટ્રીય અંડર-૧૭ પુરૂષ ક્રિકેટ ટીમની પસંદગી પ્રક્રિયાને પડકારતી અરજીના સંદર્ભમાં ગુજરાત રાજ્ય અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતને નોટિસ પાઠવી છે. આ કાનૂની પડકાર મહેસાણાના સગીર વિદ્યાર્થી-ખેલાડી દ્વારા તેના પિતા મારફતે કરવામાં આવ્યો છે.

અરજદાર, જે બેટિંગ, બોલિંગ અને વિકેટ-કીપિંગમાં નિપુણ ઓલરાઉન્ડર છે, તેણે આક્ષેપ કર્યો છે કે અમદાવાદમાં પ્રી-નેશનલ કેમ્પ દરમિયાન હાથ ધરવામાં આવેલી પસંદગી પ્રક્રિયા મનસ્વી અને પારદર્શિતાના અભાવવાળી હતી. પિટિશન મુજબ, જોકે ૬૨ ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા અને નિકોલ સ્થિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના મેદાન પર પ્રેક્ટિસ કરવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ કોઈ સત્તાવાર ઓન-ફિલ્ડ કૌશલ્ય પરીક્ષણ, ફિટનેસ મૂલ્યાંકન અથવા તુલનાત્મક આકારણી કરવામાં આવી ન હતી. અરજદારનો દાવો છે કે ચાર દિવસની પ્રેક્ટિસ પછી, તેની પસંદગી ન થવા અંગેની કોઈ પણ સત્તાવાર જાણકારી આપ્યા વિના તેને કેમ્પ છોડી દેવા માટે કહેવામાં આવ્યું હતું. પિટિશનમાં વધુમાં જણાવાયું છે કે જ્યારે આ બાબતે પૂછપરછ કરવામાં આવી ત્યારે પ્રતિવાદી સત્તાવાળાઓએ દાવો કર્યો હતો કે પસંદગીની વિગતો આંતરિક છે અને તે શેર કરી શકાય નહીં. પસંદગીના માપદંડો, સ્કોર શીટ્સ અને મૂલ્યાંકનની વિગતો જાહેર ન કરવાને અરજદાર દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતો અને બંધારણની કલમ ૧૪ હેઠળ મળેલા નિષ્પક્ષતાના આદેશનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

અરજદારના પિતા દ્વારા ૧૫ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ફરીથી મૂલ્યાંકન કરવાની વિનંતી સાથે રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ સત્તાવાળાઓએ કથિત રીતે તેલંગાણામાં રાષ્ટ્રીય કેમ્પ માટે ૧૬-સભ્યોની અંતિમ ટીમ પસંદ કરવાની પ્રક્રિયા આગળ ધપાવી હતી. રાષ્ટ્રીય સ્તરે રાજ્યનું પ્રતિનિધિત્વ કરવાની તક કાયમ માટે ગુમાવી દેવાના ડરથી, અરજદારે વર્તમાન પસંદગીને રદ કરવા અને નવેસરથી ગુણવત્તા આધારિત ટ્રાયલની માંગ સાથે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. કોર્ટે હવે આ આક્ષેપો અંગે જવાબદાર સત્તાવાળાઓ પાસે જવાબ માંગ્યો છે.


## શિક્ષકો જોઈએ છે

**મદ્રસા-એ-મિફ્તાહુલ ઈસ્લામ નાપા ટ્રસ્ટ** સંચાલિત (લઘુમતી શાળા) "મદ્રસા પ્રાથમિક શાળા" તથા "બચ્ચોં કા ઘર હાઈસ્કૂલ" માટે નીચે પ્રમાણે શિક્ષકો જોઈએ છે. દિન-૧૫માં નીચેના સરનામે સ્વ હસ્તાક્ષરે, તાજેતરના ફોટા સાથે અરજી રૂબરૂ અથવા પોસ્ટથી મોકલવાની રહેશે.

| ક્રમ | વિભાગ | વિષય | લાયકાત | જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | બાલવાડી વિભાગ | બધા વિષય | Pri. P.T.C./P.T.C./D.El.Ed./ B.A./B.Ed. | ૬ |
| ૨ | પ્રાથમિક વિભાગ | બધા વિષય | P.T.C./D.El.Ed./B.A./B.Ed. | ૫ |
| | | અંગ્રેજી | B.A./M.A.B.Ed. (ENGLISH) | ૨ |
| | | પી.ટી.શિક્ષક | D.P.Ed./B.P.Ed./C.P.Ed. | ૧ |
| ૩ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ | ગણિત-વિજ્ઞાન | B.Sc./M.Sc./B.Ed. | ૧ |
| | | અંગ્રેજી | B.A./M.A., B.Ed. (ENGLISH) | ૧ |
| | | ગુજરાતી | B.A./M.A.B.Ed. | ૧ |
| | | કમ્પ્યૂટર | C.C.C./DCA/PGDCA/B.C.A/M.C.A (ગુજરાતી ટાઈપિંગ જાણકાર) | ૨ |

નોંધ : (૧) યોગ્ય ઉમેદવારને આકર્ષક પગાર આપવામાં આવશે. (૨) બપોરના ભોજનની સુવિધા આપવામાં આવશે. (૩) ફેમિલી કવોર્ટસની સુવિધા ઉપલબ્ધ છે.

- : અરજી મોકલવાનું સરનામું : -

મેનેજિંગ ટ્રસ્ટી : બચ્ચોં કા ઘર શૈક્ષણિક સંકુલ, નાપા ટોલ બસ સ્ટેન્ડ પાસે, મુ.પો.- નાપા તળપદ, તા.બોરસદ, જિ.આણંદ, પીન-૩૮૮૫૬૦

Email - bachchokaghar@gmail.com

Whatsapp No. +91 95740 83453




● આધસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com